શ્રી જૈન ગ્રંથાવલી નં. ૧૭.

तिर्थयात्रा वर्णन.

ભગુભાઈ ફતેહચંદ કારભારી.

“જૈન”

જૈન ગ્રન્થાવળી નં ૧૭.

શ્રીજૈન તીર્થયાત્રા વર્ણન.

જૈન પત્રની ઓફીસ તરફથી
તૈયાર કરી છપાવી પ્રસિદ્ધ કર્તા,
ભગુભાઈ ફતેહચંદ કારભારી.

પ્રત-૨૫૦૦. પ્રથમાવૃત્તિ.

વીરસંવત ૨૪૩૮. વિક્રમાબ્દ ૧૯૬૮.
ઇસુખ્રિસ્તનો સન ૧૯૧૧.

કાલબાદેવી ઉપર હાથીબીલ્ડીંગમાં આવેલા શ્રી કોરોનેશન પ્રેસમાં
ભગુભાઈ ફતેહચંદ કારભારીએ છાપી.

મૂલ્ય-જૈનપત્ર ખરિદનારને ભેટ.

જૈન પત્રની ઓફીસ તરફથી બહાર પડેલાં પુસ્તકો.

૧ શ્રીપાળ	૧-૮-૦	૧૦ અહેવાલે કોન્ફરન્સ. મુંબઇ	૦-૫-૦
૨ શ્રાદ્ધવિધિ	૨-૦-૦	૧૧ ,, પાટણ	૦-૫-૦
૩ અર્હન્નીતિ	૧-૮-૦	૧૨ ,, અમદાવાદ	૦-૫-૦
૪ શત્રુંજય મહાત્મ	૨-૦-૦	૧૩ ,, ભાવનગર	૦-૬-૦
૫ હરિવિક્રમ ચરિત્ર	૧-૮-૦	૧૪ ,, પૂના	૦-૫-૦
૬ સ્ત્રીનો સાથી	૧-૦-૦	૧૫ નિબંધ સંગ્રહ	૦-૮-૦
૭ પ્રદ્યુમ્ન ચરિત્ર	૧-૮-૦	૧૬ વિવેક વિલાસ	૦-૧૨-૦
		છપાય છે,	
		૧૭ ચિત્રમાળા	૧-૦-૦
૮ ગિરનાર મહાત્મ	૧-૮-૦	ધર્મબિન્દુ; કુમારપાળ ચરિત્ર,	
૯ વ્યાખ્યાન સંગ્રહ	૧-૮-૦	જ્ઞાનામૃત; સ્તવન સાગર.	

રા. રા. ભગુભાઇ ફતેહચંદ કારભારી કૃત પુસ્તકો.

૧ લંગડો જરવાસ	૦-૮-૦	૧૧ સદ્‌ગુણી સુશીલા	૦-૬-૦
૨ લંડન રાજ્ય રહસ્ય	૧-૮-૦	૧૨ પંચબાલિકા	૦-૬-૦
૩ લંડન રહસ્ય	૧-૪-૦	૧૩ રાજસ્થાન	૧૦-૦-૦
૪ કુમુદ (૩)	૦-૮-૦	૧૪ સ્ટુડન્ટસ અં. ગું. ડિ	૩-૦-૦
૫ નશીબ અને ઉદ્યોગ	૦-૩-૦	૧૫ ,, ન્હાની	૨-૦-૦
૬ હિન્દના દેશ જનનો ભોમિયો	૦-૪-૦	૧૬ સ્ટાર ,,	૦-૧૦-૦
૭ સનાતન હિંદુ ધર્મ	૦-૧-૦	૧૭ સ્ટુડન્ટસ ગુ. અં. ડિ	૩-૮-૦
૮ કર્મયોગ	૦-૧૦-૦	૧૮ સ્ટાર ,,	૧-૮-૦
૯ રાજયોગ	૧-૪-૦	19 Jain philosophi	I-8-0
૧૦ પ્રાતાંજલ યોગદર્શન	૦-૧૨-૦	૨૦ રાજભાષા	૧-૪-૦

અર્પણ પત્રીકા.

બાબુ સાહેબ શેઠ જીવણજી પન્નાલાલજી ઝવેરી.

મુંબઈ.

નામવર શેઠજી સાહેબ ?

આપ વિદ્યાવિલાસી હોઇ મારા પ્રત્યે જે અપૂર્વ પ્રેમ લાગણી ધરાવો છો તેમજ તિર્થોની ઉન્નતિ માટે જે ઉત્તમ લાગણી દર્શાવો છો તેની યાદમાં, આ સર્વોપયોગી ન્હાનું પુસ્તક "જૈનતીર્થયાત્રા વર્ણન" આપને પ્રેમસહિત અર્પું છું, જે સ્વીકારી મનેઆભારી કરશો.

'જૈન' પત્ર ઓફીસ
મુંબઇ.

દેવદીવાળી
૧૯૬૮.

હું છું,

આપનો અજ્ઞાંકિત,

ભગુ ફતેહચંદ કારભારી.

બે બોલ.

આ "શ્રી જૈન તીર્થયાત્રા વર્ણન." સર્વ યાત્રાળુઓને તીર્થોની માહીતી અને રસ્તાની સુગમતાને માટે ઉપયોગી જાણી "જૈન" પત્રના ગ્રાહકોને ભેટ આપવા માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અમો તરફથી વખતો વખત તીર્થ મહીમા, અને તીર્થોના બહુમાન્ય જાળવવાના પુસ્તકો અમારા ગ્રાહકોને ભેટ આપવામાં આવેલ છે, જેવાં કે 'ગિરનાર મહાત્મ્ય' 'શત્રુંજય મહાત્મ્ય' વિગેરે. પણ આ પુસ્તક એવું છે કે આની અંદર તમામ તીર્થોના વર્ણન સાથે, જૈન યાત્રિઓને પણ ઉપયોગી થવા માટે રસ્તા વિગેરેની માહીતી સહિતનું છે.

જૈન કોમમાં ચાલુ ચલવલનો મામલો, તેમજ પ્રેસ વિગેરેની અગવડતાના લીધે જો કે આ પુસ્તક બહુ ઉત્તમ રીતેતો છાપી શકાયું નથી જ ! તોપણ અમારો વિચાર આ પુસ્તકની બીજી આવૃતિ બહુજ સારી છાપ અને કાગલો સાથે બહાર પાડવાનો છે, એટલુંજ નહિ પણ દર વર્ષે આ પુસ્તકની નવીન સુધારેલી આવૃત્તિ માત્ર નામની કિમતે પ્રસિદ્ધ કરવાનો વિચાર છે. આ પુસ્તક બનાવવામાં નીચેના પુસ્તકોનો ઉપયોગ ખાસ કરવામાં આવેલો હોવાથી તેઓના કર્તાનો આભાર માનું છું.

૧–કિતાબ જૈન તીર્થ ગાઇડ, હિન્દી, મુનિશ્રી શાંતિવિજયજી કૃત.
૨–તીર્થાટનપ્રદીપિકા, હિન્દી, અમદુરશાહ, લાયબ્રરીયન રેલ્વેબોર્ડ.
૩–ઇમપિરિયલ ગેઝેટીયર ઓવ ઇન્ડિયા, ઇંગ્લીશ.
૪ જૈન પત્રમાં આવતાં છુટાં લેખો અને
૫–રેલ્વેગાઇડ, નકશાઓ વિગેરે.

'જૈન' પત્ર ઓફીસ, મુંબઇ.
કાર્તિકી પૂર્ણિમા, ૧૯૬૮

ભગુ ફતેહચંદ કારભારી.
એડીટર 'જૈન' પત્ર.

અનુક્રમણિકા.

૧

अर्हम्

तीर्थ यात्रा वर्णन.

શરૂઆત.

ભારતમાં આ વખતે જૈન ધર્મનાં જેટલાં તીર્થો છે, એ બધાંની તવારીખ આ પુસ્તકમાં આપવામાં આવી છે. પણ મુંબઇ આજકાલ વ્યાપાર વગેરે બાબતમાં સર્વોપરીપણું ભોગવતું હોવાથી આ પુસ્તકની શરૂઆત આ સ્થળથી કરી છે. અહિંથી ગૂજરાત, સોરઠ, કચ્છ, મારવાડ, સિંધ, પંજાબ, કાશ્મિર, આબુ, બંગાળ, સેંટ્રલ ઇન્ડીઆ, રાજપૂતાના, માળવા, મેવાડ, વરાડ, ખાનદેશ, દક્ષિણ, મદ્રાસ, લંકા, મલબાર, મૈસુર, કર્ણાટક, અને કોકણ ફરીને પાછું મુમ્બાઇ લાવવામાં આવ્યું છે. તે શિવાય અફગાનિસ્તાન, તિબેટ, નેપાળ, ભૂતાન, બર્મા, વિગેરેમાં તીર્થો હતાં, તે પણ બતાવ્યું છે. કઇ કઇ જગ્યાએ કયા કયા તીર્થંકરો થયા? કલ્યાણક ક્યાં થયા? કયા કયા મુનિવર્યો કયા દેશમાં મોક્ષે ગયા! અને કયા કયા રાજાઓના વખતમાં તે દેશોની કેવી ચડતી હતી, વિગેરે બાબતો પણ ટુંકમાં બની એટલી દર્શાવી છે.

મુમ્બઈ શહેર.

અરેબીયન સમુદ્રના કિનારે જાહોજલાલી ભોગવતું મુમ્બઇ સહેર છે. અહીં ઘણા જૈન શ્વેતાંબરી મંદિરો છે. જેમાં મૂખ્ય શ્રી ગોડી-પાર્શ્વનાથજીનું મંદિર બહારકોટ પાયધોણી પર છે તથા નજીક નજીક બીજાં પાંચ મંદિરો છે. વળી એક જવેરી બજારમાં, એક

કોટમાં, એક કોલાબે, બે માંડવી બંદરપર, ત્રણ વાલકેશ્વરમાં, એક ભાયખાળે અને એક પાંજરાપોળ પાસે લાલબાગમાં એમ બધાં મળી ૧૯ દેરાસર છે. લાલબાગમાં હમણાં કેટલોક વખત થયાં મુનિ મહારાજ મોહનલાલજીના નામથી એક જઇન સેન્ટ્રલ લાયબ્રેરી તથા પાઠશાલા ખોલવામાં આવેલી છે. મુસાફરોને ઉતરવાને વાસ્તે બહાર કોટમાં એક ધર્મશાળા શેઠ માધવદાસની, એક શેઠ હીરાચંદ ગુમાનજીની કાવસજી પટેલ તલાવ ઉપર તથા એક ધર્મશાળા લાલબાગમાં શેઠ ભાઇચંદ તલકચંદની છે. અહિં શેઠ પ્રેમચંદ રાયચંદ તરફથી મુંબાઇ ધંધાર્થે આવનાર જઇનોને વાસ્તે ભોજનગૃહ પણ કરવામાં આવેલું છે, જેમાં અમુક વખત જમવાની પરવાનગી મળે છે. તથા કોલેજોમાં શીખતાં જઇનોને સારૂ એક બોર્ડીન્ગ હાઉસ શેઠ માણેકચંદ હીરાચંદ તરફથી તારદેવ પર, અને એક શેઠ ગોકળભાઇ મૂળચંદ તરફથી એલફીસ્ટન રોડપર કરવામાં આવેલી છે. અહિં બાબુ પન્નાલાલ પુરનચંદ તરફથી સ્કુલ, તથા દવાખાનું, ત્રાંબ કાંટા પાસે કરવામાં આવેલાંછે જે જોવા લાયકછે.

જોવા લાયક સ્થળોમાં પાલવાબંદર, તાજમહાલ હોટલ, બેન્ડ સ્ટેંડ, રાજાબાઇ ટાવર,હાઇકોર્ટ,ટંકશાળ,ટાઉનહોલ, ગોદીઓ,બોરીબંદર સ્ટેશન, જનરલ પોસ્ટ ઓફીસ, મ્યુનિસિપલ હોલ, ક્રેફર્ડ મારકેટ, વિકટોર્યા ગાર્ડન, ચોપાટી, તોપખાના, કોલાબા તરફ દરિયામાં ૧૦ માઇલ દૂર દીવાદાંડી, એલ્ફીસ્ટન કોલેજ, વિહારનુ તલાવ, અંધશાળા, લેડી નાર્થકોટ ઓર્ફનેજ, પીટીટ ઓર્ફનેજ વિગેરે છે. અહિં ઉતારૂઓને માટે, ત્રામ, મોટર, વિકટોરીયા, રેંકડા વિગેરે ભાડે મળે છે. આ શહેર ધંધા રોજગારથી પૂર્ણ હોવાને લીધે દેશે દેશની વસ્તુઓ જે જોઇએ તે મળે છે, તથા દેશ દેશના તરાહ તરાહના પોષ.કવાળા મનુષ્યો નજરે પડે છે. અહીંથી બી૦ બી૦ એન્ડ સી૦ આઇ૦ રેલવેનાં કોલાબા સ્ટેશનથી ચર્ચગેટ, મરીન લાઇન્સ, ચર્ની રોડ,

ગ્રાંટરોડ, મહાલક્ષ્મી, પરેલ, એલ્ફીનસ્ટન રોડ,[1] દાદર,[1] માટુંગા-રોડ, માહીમ,[1] વાંદરા,[1] શાન્તાક્રુઝ,[1] વીલે પારલે,[1] અંધેરી,[1] ગોરેગાંવ, માલાડ, બોરીવલી, કાંદીવલી, ભાઇંદર, વસઇ રોડ,[1] નાલા સોપારા, વીરાર=, સોપારા, પાલઘર, બોઇસર, વાનગામ, દહેણુ રોડ[1], ઘોળવડ, વેવજી, સંજાન, બીલાડ, દમણ રોડ, ઉદવાડા, પારડી, વલસાડ, ડુંગરી, બીલ્લીમોરા, અમલસાર, વેડછા, નવસારી ૧, મરોલી અને સચીન થઇને યાત્રાળુએ

સુરત ×

આવવું. આ શહેર સમુદ્રથી ૧૦ માઇલ દૂર તાપી કિનારેછે. વસ્તી આશરે લાખેક મનુષ્યનીછે. અહીં સ્ટેશનપાસે મુસાફરને માટેએક શેઠ પ્રેમચંદ રાયચંદની ધર્મશાળા છે. જઇનો વાસ્તે ગોપીપુરામાં ધર્મશાળા શેઠ પ્રેમચંદ રાયચંદની, શેઠ દેવચંદ લાલભાઇની તથા શેઠ રૂપચંદ લલ્લુભાઇની એમ ત્રણ છે, તથા બહારગામના ધંધાર્થે આવતા નિરાશ્રીતો માટે જમવાને સારૂ એક ભોજનશાળા છે, જેમાં અમુક દિવસ જમવાની પરવાનગી મળે છે. અહીંનું લાકડા ઉપરનું નકસી કામ, રેશમી કાપડ, ભુક ચલકનું કામ, ભરત કામ વિગેરે બહુ વખણાય છે. ૩૭ રૂપીઆભારનું ચલણ છે. જઇન શ્વેતાંબર

મંન્દિરો

શાહપુર, વડા ચઉટા, નાણાવટ, ન્હાનપુરા, દેશાઇ પોલ, ગોપીપુરા, સઘરામ પુરા, છાપરીઆ શેરી, અઠી પુરા, નવા• પુરા, વિગેરેમાં આશરે પચાશેક છે. અહીંથી ૧૦ માઇલ દૂર પર કુમસ ગામ

---

૧ અહીં એક જઇન મંદિર છે..

= અહીંથી ૪॥ માઇલ દૂર અગાશીમાં ભવ્ય દેરાસર છે.

× કોલાબાથી ૧૬૭ માઇલ ઉત્તરે દિશામાં.

સચિનના નવાબનું છે ત્યાં એક દેરાશર છે. ત્યાં દરિયો હોવાથી આબો હવા ઘણી સારી હોવાને લીધે શીયાળા અને ઉનાળામાં ઘણાએ હવા ખાવા આવે છે. ડુમસ જવાને રસ્તે લાઇન્સમાં એક દહેરૂં અત્યંત સુશોભિત છે. સુરતથી ૨ માઇલ દૂર કતારગામમાં પણ ભવ્ય દેરાસરો છે. અહીં રાંદેર કસ્બો ત્રણેક માઇલ છે. પુરાણું શહેર છે ઘણાં દહેરાંઓ છે, તથા ઘણા મુસલમીન વખતમાં બદલાઇ ને મસજીદ થઇ ગયાં છે.

જોવા લાયક સ્થળો.

ડુમસ લાઇન્સ અને કતારગામના મંદિરો, અશ્વની કુમાર, કબ્રસ્તાન, રાણીનો બાગ. ૧૫૧૫ ઇ૦ માં બંધાયલો[1] કિલ્લો, તાપી નદીનો પુલ,ઇ.સ. ૧૮૭૧માં બંધાયલું ૮૦ફુટ ટાવર વિગેરે.અહીંઅગાડી આઠથી નવલાખ માણસોની વસ્તી હતી. પરન્તુ સુરતપર ઘણી આફતો આવવાને લીધે ધંધો રોજગાર નરમ પડયાં અને સુરત તુટીને મુમ્બઇ વસ્યુ. ઇ૦ સ૦ ૧૩૪૭ માં મહમ્મદ તઘલકે, ૧૩૭૩ માં ફીરોઝશાહ તઘલકે, અને ૧૫૯૩ માં શાહ અકબરે સુરતને જીતી લીધું હતું. પછી જહાંગીર અને શાહજહાંના સમયમાં પણ આબાદી હતી.[2] ત્યારબાદ ઇસ્વી૦ ૧૬૧૬ માં હોલાન્ડવાળાઓએ, અને ૧૬૬૮ માં ફ્રાન્સ લોકોએ કોઠી કરી હતી. પછી અંગ્રેજ સરકારને તાબે સુરત આવ્યું. સંવત્ ૧૮૯૩ માં અહિં મ્હોટી આગ લાગી, તેથી સત્તર લાખનું નુકશાન થયું, તથા કેટલીક મ્હોટી રેલો આવી, અને શિવાજી ત્રણ વખત લૂંટી ગયો, તેથી પ્રજાને ઘણું ખમવું પડયુ.

---

૧ આકિલ્લો રાંદેરના સોદાગર લોકોની અરજથી મુઝફ્ફરશાહે પોતાના ગુલામ 'સગરાક' મારફતે બાંધ્યો હતો.

૨ પોર્ટુગલ લોકોએ અહિં આ વખતમાં વેપાર કરવા માંડયો હતો.

અહીંથી અમરોલી, સાયન, કીમ, કોસંબા, પાનોલી, અને અંકુ-
લેશ્વર,૧ થઈ:—

ભરૂચ૨ (અશ્વાવબોધ તીર્થ—અને શકુનિકા વિહાર.)

આવવું. વીશમાં મુનિવ્રતસ્વામીએ અહીં ઘોડાને ધર્મબોધ દીધો હતો તેથી, આ તીર્થનું નામ 'અશ્વાવબોધ' પણ કહેવાય છે. ૨૦ માં તીર્થંકરે ઘોડાને બોધ દીધો, પછી તે મરી સ્વર્ગે ગયો. અવધિજ્ઞાનથી પૂર્વ વૃત્તાન્ત જણાયો, તેથી તુર્ત અહિં આવી એક મુનિવ્રત સ્વામીનું દહેરૂં બંધાવ્યું, અને સામે અશ્વમૂર્તિને મુનિ-સુવ્રત સ્વામી દેશના દે છે એવું બિંબ કરાવ્યું.૩

ભરૂચનું ત્રીજું નામ શકુનિકા વિહાર છે, અગાડી સિંહલ દ્વીપમાં શ્રીપુર નામનું શહેર હતું. ત્યાંના રાજાને સાત છોકરાં તથા સુદર્શના નામની છોકરી હતી. એક વખત સુદર્શના રાજા પાસે બેઠી હતી, તે વખતે ભરૂચનો ધનેશ્વર શેઠ ત્યાં આવ્યો, રાજાને નજરાણું કર્યું, અને રાજાના પૂછવાથી મુસાફરીની વાર્તા કહેતાં કહેતાં છીંક આવી, છીંક આવતાંની સાથે મુખમાંથી 'નમો અરિહન્તાણમ્' બોલાયું, અને તેથી સુદર્શનાને નમો અરિહંતાણું સાંભલતાંજ મૂર્છા આવી લોકો સમજ્યા વાણિયો કોઇ જાદુગર છે, તેથી વાણિયાને મારવાને તૈયાર થયા. સુદર્શનાને જાતિ સ્મરણ જ્ઞાન થવાથી પૂર્વ ભવ જોયો, મૂર્છા ઉતરી અને જોવા લાગી તો વાણિયા ઉપર સઘળાંને નારાજ થયેલાં જોયા. તેઓને પૂછ્યું કે વાણિયાપર ગુસ્સે કેમ થયાં છો ? ત્યારે "આને તમારાપર

---

૧ અહિંથી નાની રેલ્વેમાં ઝગડીઆ જવું ત્યાં યાત્રા કરવા લાયક મંદિર તથા ઉતરવાને ધર્મશાળા છે.

૨ સુરતથી ઉત્તરમાં ૩૭ માઇલ.

૩ આ મન્દિર નષ્ટ થયેલું છે.

જાદુ કર્યું" જવાબ મળ્યો. સુદર્શનાએ કહ્યું "વાણિયાએ જાદુ કર્યું નથી પણ જે પદ બોલ્યો, તે સાંભલતાંજ મને મૂર્છા આવી, તેમાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું."

રાજાના પૂછવાથી સુદર્શનાએ કહ્યું "મને જાતિ સ્મરણ થવાથી હું પૂર્વભવ દેખું છું. હું નર્મદા કિનારે ભરૂચ શહેરમાં કોરંટવનમાં એક શકુનિકા પક્ષી ઝાડપર રહેતી હતી. એક વખત સાત દિવસ સુધી સખ્ત વર્ષા પડવાથી ખાવાનું નમલ્યું. એટલી ભૂખ લાગી કે જીવવું મુસ્કેલ હતું. આઠમે દિવસે શહેરમાં ગઇ, ત્યાં કોઇ શિકારીના ઘરમાંથી માંસનો એક ટુકડો ઉઠાવીને કોરંટવનમાં આવી. શિકારી મ્હારી પછાડી આવ્યો, અને તીર માર્યું, જેથી હું જમીનપર પડી ચિલ્લાવા લાગી. તે વખતે કોઇ જઇનાચાર્ય એ રસ્તેથી જતાં હતાં, તેણે મને પરમેષ્ઠિ મન્ત્ર સંભળાવ્યો. ત્યારે મેં પણ ધર્મપ્રીયગણી પરમેષ્ઠિ મન્ત્રનું ધ્યાન ધર્યું, ત્યાંથી મરીને હું આપને ત્યાં પુત્રી થઇ." રાજાએ પ્રશંસા કરી. સુદર્શનાએ ભરૂચ જવા ઉમેદ બતાવી. રાજાએ પણ ઘણાં નોકરો, પ્રધાન, અને ધનેશ્વર શેઠ સાથે; હથિયાર, ફોજ, વિગેરે સહિત જવા રજા આપવાથી તે ભરૂચ આવી. ફોજ વિગેરે ઘણા દમામથી સુદર્શના આવેલી હોવાથી ભરૂચના રાજાએ કોઇ દુસ્મન ચઢી આવ્યો છે તેમ જાણ્યું, અને તઇયારી કરવા માંડી. પણ જ્યારે સિંહલ દ્વીપનો દિવાન નજરાણું લઇ રાજાપાસે આવ્યો ત્યારે દુસ્મન નથી તેમ સમજાયું. રાજાએ સઘળો વૃત્તાંત જાણવા ઇચ્છા બતાવી ત્યારે ભરૂચ આવવાની સુદર્શનાની ઇચ્છા, નવું મંદિર કરાવવાની મરજી વિગેરે જણાવ્યું. રાજા અત્યંત રાજી થયો. સુદર્શનાંને મહોત્સવ સહિત પ્રવેશ કરાવી મહેલમાં ઉતારો આપ્યો.

સુદર્શનાએ ૧ મુનિસુવ્રતસ્વામીને નમન કર્યું. તથા રાજા

---

૧ મુનિસુવ્રતસ્વામીનું મંદિર આ વખતે હતું.

પાસેથી જમીન ખરીદી મન્દિર બંધાવવું શરૂ કર્યું અને ત્યાં ઘણો વખત સુધી રહી. એક વખતે શકુનિકાના ભવમાં જે ગુરૂએ સુદર્શનાને બોધ આપ્યો હતો, તેજ ગુરૂને પૂછ્યું "હું કયા પાપથી પૂર્વમાં શકુનિકા થઇ ? અને શું કારણથી શિકારીએ મ્હારો જીવ લીધો." જઇનાચાર્યે પૂર્વ ભવ કહયો, તે વખતથી પૂર્ણપણે સુદર્શન જઇન ધર્મને માનવા લાગી. સુદર્શનાએ જે મન્દિર બનાવવા માંડયુ હતું તે પૂરૂં કરાવ્યું, અને તેમાં નર્મદા તટ, કોરંટવન, શકુનિકા અને ઝાડનો આકાર, શિકારીના તીરથી કેવી રીતે શકુનિકાનું મૃત્યુ થયું તે, અને જઇનાચાર્યનો મંત્ર બોધ વખતનો દેખાવ વિગેરે કોતરાવી ત્યાં કરાવ્યું. પોતાના પૂર્વના નામથી દેવાલયનું નામ 'શકુનિકા વિહાર' રાખ્યું. તથા ફરતી ધર્મશાળા વિગેરે કરાવી ખર્ચને વાસ્તે થાપણ મૂકી સ્વદેશ ગઇ.

અશ્વાવબોધ—અને શકુનિકા વિહાર તીર્થ, વીશમા મુનિસુવ્રત સ્વામીના વખતમાં શરૂ થયું. જેને આજ આશરે ૧૧,૮૬,૪૩૬ વર્ષો થયાં. તેથી આ જુના મન્દિરો તો હમણાં નથી, પણ શ્રીમુનિસુવ્રત સ્વામીનું એક દેવાલય હમણાં મોજુદ છે. અહિં મન્ત્ર વિદ્યાના ચક્રવર્તી શ્રીમત્ ખપુટાચાર્યજી પણ પધાર્યા હતા, અને મન્ત્ર વિદ્યાથી ચમત્કાર દેખાડયો હતો. પછી કુમારપાળના સમયમાં શ્રીહેમાચાર્યજીએ મન્ત્ર બળથી મિથ્યા દ્રષ્ટિ સૈંધવાદેવીને, કે જે યાત્રિકોને હેરાન કરતી હતી તેને હઠાવી હતી. એ પ્રમાણે આ તીર્થ ઘણું પ્રાચીન છે.

ઇ૦ સ૦ ૬૦થી ૨૧૦ સુધી જૈન રાજાઓ અહીં રાજ્ય કરતાં હતાં. ચિના મુસાફર હુયેન્ગસેંગ જે સને ૬૨૯થી ૬૪૫ સુધી ઇન્ડીયામાં હતો, તે લખે છે કે "મેં ભરૂચ જોયું, તે વખતે બૌદ્ધ લોકોની પણ અહીં આબાદી હતી, અને કંઇક મન્દિરો પણ બૌધ્ધોના હતાં." સને ૭૪૬થી સને ૧૨૯૭ સુધી આ શહેર અણુહિલપુર પાટણ

ના રજપૂત રાજાઓના તાબામાં હતું. બાદ મુસલમીન વખતમાં તેઓના તાબામાં રહ્યું.

મન્દિર

શ્રીમાલી મહોલામાં તથા પુરામાં છે, અને શ્રીમાલી મહોલામાં યાત્રાળુઓ માટે એક ધર્મશાલા છે.

જોવા લાયક સ્થળો.

નર્મદા નદીનો પુલ. પુરાણા શહેરના કોટનો દક્ષિણ તરફનો ભાગ, નદી પાસે પહાડ પર એક કિલ્લો જેમાં હોસ્પીટાલ, ગીરજાઘર, મ્યુનીસીપાલીટી, લાયબ્રેરી, કચેરી અને હોલાન્ડ વાળાની કોઠી વિગેરે છે તે, વિગેરે. અહીંથી ચમારગામ, પાલેજ ॥, લાકોદરા, મિયાંગાંવ ॥, કાશીપુરા, ઇટોલા, વરણામા, મકરપુરા અને વિશ્વામિત્રી [1] થઇ—

વડોદરા *

આવવું. આ શહેરમાં મહારાજા સિયાજીરાવ ગાયકવાડ સરકારનું રાજ્ય છે. સ્ટેશન પાસે મુસાફરોને માટે બે ધર્મશાળાઓ છે. ભાડુતી ગાડી, તથા ત્રામ ફરવા હરવા મળે છે.

મન્દિરોઃ—

ઘડીયાલી પોળ, વિગેરેમાં લગભગ દશેક છે.

॥ મંદિર છે.

૧ અહીંથી એક નાની લાઇન જાય છે. જેમાં જંબુસર ઉતરવું અને ત્યાંથી કાવિ ગન્ધાર જવું. તીર્થ કરવા લાયક છે. જંબુસરમાં પણ દહેરાં છે.

* ભરૂચથી ઉત્તરે ૪૪ માઇલ.

સ્ટેશન પાસે કોલેજ, મ્હોટો બાગ, નજરબાગ, લક્ષમિવિલાસ મહેલ, વિગેરે. અહીંથી ૧૪ માઇલ દૂર બ્રાંચ લાઇનમાં ડભોઇ જવાય છે. ડભોઇમાં પણ જૈન મન્દિરો છે. વડોદરાથી બાજુવા,[1] વાસદ, નાવલી, આણંદ જંકશન, આગાસ, પેટલાદ, નાર, તારાપુર, અને સયામાં થઇ

શહેર ખંભાત

આવવું. મુમ્બાઇ ઇલાકામાં આ શહેર દરિયા કિનારે ઘણું પ્રાચીન છે. આશરે ઇ० સ० ૧૨૦૦ લગભગ આ શહેર અણહિલપુરના રાજાઓના તાબામાં હતું. ૧૨૯૭ ઇ० માં મુસલમાનોએ અણુહિલપુર જીત્યું, તે વખતે આ શહેર બહુ આબાદી ભોગવતું હતું. ઇસ્વી० સત્તરમાં સૈકામાં જ્યારે ઇંગ્રેજોની ચઢતી થવા લગી, તે વખતે પોર્ચુગલ અને હોલાન્ડવાળાઓની કોઠી અહીં હતી. જે વખતે સુરતની ચઢતી થવા લાગી તે વખતથી અહીંની આબાદી નબળી થતી ગઇ. હાલમાં અહિં નવાબ સાહેબનું રાજ્ય છે. તથા લાકડા કામ અને પત્થર કામ વખણાય છે.

મન્દિરો:—

માં સ્થંભન-પાર્શ્વનાથજીનું ઘણું ભવ્ય મંદિર છે. કુમારપાળ રાજાનો કરાવેલો જ્ઞાન ભણ્ડાર તથા ધર્મશાળા છે. અહિંથી વહાણમાં સમુદ્ર રસ્તે સાત કોશ દૂર

કાવિ—ગન્ધાર

જવું. કાવિ અને ગન્ધાર બન્ને જુદા જુદા કસ્બાઓ છે. પણ તીર્થ કાવિ ગંધારના નામથી ઓળખાય છે. કાવિમાં સાસુ વહુના બે

---

૧ અહીંથી લગભગ ત્રણ માઇલપર છાણી ગામ છે ત્યાં બે મન્દિરો છે. અને વડોદરેથી પણ ટાંગા વિગેરેમાં જઇ શકાય છે. છાણીમાં પ્રવર્ત્તક કાંતિવિજયજીના ઉપદેશથી એક ભવ્ય 'જ્ઞાન મન્દિર' તૈયાર થયેલું છે.

મંદિરો છે જેને વાસ્તે કહેવાય છે કે સાસુએ વહુને મ્હેણું મારવાથી પીયરથી રૂપીઆ લાવી સાસુના કરતાં સારૂ મંદિર કરાવ્યું બન્ને જગ્યાએ કિમતી મન્દિરો અને ધર્મશાળા છે. ખંબાતથી આણંદ જંકશન આવી બોરીયાવી, નડીયાદ, મહેમ્મદાબાદ, અને બારેજડી થઇ

અમદાવાદ ૧

જવું. અમદાવાદ સાબરમતી નદીના ડાબા કિનારપર ગૂજરાતની રાજધાની છે, તેથી રાજનગર પણ કહેવાય છે. સ્ટેશન સામે ધર્મશાળા છે તથા ભાડુતી ગાડીઓ મળે છે. ઇસ્વી. ૧૪૧૧ માં આ શહેર સુલતાન અહમ્મદશાહે બાંધ્યું હતું. ૧૪૮૬ માં મહમ્મુદ બેગડાએ દુરૂસ્ત કરાવ્યું, બાદ ૧૫૭૩ માં અકબરે જીત્યું. સને ૧૭૩૮ માં મહારાજ દામાજી—ગાયકવાડે અહિં પોતાની આણ ફેરવી, અને હમણાં ગવર્નમેન્ટ રાજ્ય છે. અહિંનું સુના રૂપાનું કામ, કાપડ, રેશમી ધોતીઆ, મગીઆ કીનખાબ, જઇન મુનિઓના ઉપકરણ, કાગળો, છાપવાનું કામ વિગેરે વખણાય છે. અહિં ડોશીવાડાની પોળ, પતાશાની પોળ, માંડવીની પોળ, બહારની વાડી વિગેરે મલી આસરે ૧૨૫ મન્દિરો છે તથા પુસ્તકાલય, વિદ્યાશાળા, પાઠશાળા, જઇન બોર્ડીંગ, શ્રાવિકાશાળા, જઇન હોસ્પીટલ, વિગેરે પણ ઘણાં છે.

જોવાલાયક સ્થળોમાં

શેઠ હઠીભાઇનું સને ૧૮૪૮ માં રૂ. ૧,૦૦,૦૦૦ ખર્ચી બાંધેલુ મન્દિર, ભદ્રનો કિલ્લા, સાબરમતીનો પુલ તથા જેલખાનું, કોલેજ, કાંકરીયા તળાવ, જુમા મસીદ, શાહઆલમનો રોજો વિગેરે છે. અમદાવાદથી[૨] સાબરમતી, આંબલીરોડ, સાનંદ, છારોડી, અને જખવાડા થઇ

---

૧. કોલાબાથી ઉત્તરમાં ૩૧૦ અને વડોદરાથી ઉત્તરમાં ૬૨ માઇલ છે.

૨ અહિંથી પ્રાંતિજ લાઇનમાં ઇડરરોડ જવું. ત્યાંનું ગઢ ઉપરનું મન્દિર યાત્રા કરવા લાયક છે. હમણાં રાજ્યપર પ્રતાપસિંહજી તખ્ત નશીન છે.

વિરમગાંમ ૧

આવવું. સ્ટેશન પાસે સરકારી ધર્મશાલા છે. અહિં કેટલાંક મન્દિર છે. તથા શહેરને ફરતો કોટ જોવા લાયક છે. અહિંથી સાબલીરોડ, લીલાપુરરોડ, અને લખતર થઇ

વઢવાણ જંક્શન ૨

ઉતરવું. કાઠીયાવાડમાં આ શહેર ઘણું પુરાણું છે. અહિં ઝાલા રજપૂતોનું રાજ્ય છે, ઉતરવાને ધર્મશાળા છે. વઢવાણ કેમ્પમાં પણ ૧ મન્દિર ને ધર્મશાળાછે. જોવા લાયક મકાનોમાં જેલખાનું, કચેરી, ગરાશીઆ કોલેજ, હોસ્પીટાલ, વિગેરે. અહિંથી એક લાઇન રાજકોટ, મોરબી, પોરબંદર, વેરાવળ વિગેરે ઠેકાણે જાય છે. વઢવાણ જંક્શનથી:-

લીંબડી

ઉતરવું. લીંબડી ઝાલાવાડમાં એક ન્હાની નદી કિનારે આવેલું છે. અહીંના રાજાઓ ઝાલા રજપૂત કહેવાય છે. અહિં મંદિર તથા ધર્મશાલા છે, જોવાલાયકમાં રાજ્ય મહેલ, હોસ્પીટાલ વિગેરે. અહીંથી ચૂડા, રામપર, કુંડલા, બોટાદ, ઉજળવાવ, ધોળાજંક્શન ૩, સનોસરા અને સોનગઢ થઇ સિહોર૪ સ્ટેશને ઉતરવું. અહિંથી સિહોર પાલીતાણા

---

૧ અમદાવાદથી પશ્ચિમમાં ૪૦ માઇલ.

૨ વિરમગામથી દક્ષિણે ૩૯ અને અમદાવાદથી પશ્ચિમે ૭૯ માઇલ.

૩ અહીંથી લગભગ ૧૦ માઇલ પર વળા ગામ છે. જે પ્રાચીનમાં વલ્લભિપુર કહેવાતું હતું તેજ. ત્યાં એક મન્દિર છે. તથા ધર્મશાળા છે. પગ રસ્તે સંઘ લઇ આવનારને અહિં થઇનેજ પાલીતાણા જવું પડેછે.

૪ જૈન મંદિર તથા ધર્મશાળા છે. સિહોરનાં ત્રાંબા પીતુલના વાસણ તથા તપખીર વખણાય છે. સિદ્ધરાજનું બાંધેલ બ્રહ્મકુંડ. ગૌતમકુંડ, અને પહાડ ઉપરના દેવાલયો જોવા લાયક છે.

રેલ્વેમાં બેશી પાલીતાણા * જવું. પાલીતાનામાં આશરે ૩૦ ધર્મશાળા તથા ઘણા મન્દિરોછે. એકપેઢી શેઠ આણંદજી કલ્યાણજીના નામથી સ્થપાયલી છે, જે શત્રુંજય તીર્થનો વહીવટ ચલાવે છે. રાજ્ય રજપૂત રાજાનું, પણ રાજા સગીર હોવાથી એડમીનીસ્ટ્રેટર રાજ્ય ચલાવે છે.

શત્રુંજય પહાડ:—

ઉપર ૨૨ માં તીર્થંકર નેમનાથ વિના ૨૩ તીર્થપતિઓ, અગણિત મહર્ષિઓ, રાજર્ષિઓ, અને સાધુઓ મોક્ષે ગયેલાં છે. વેદ ધર્મને પણ માન્ય રામ–લક્ષ્મણ, કૃષ્ણની કેટલીક પત્નિઓ, પાંચ પાણ્ડવો, દેવકીજીના ૭ પુત્રો, તથા શામ્બ અને પ્રધુમ્ન કુમારો અહિં સિધ્ધ પદવી પામ્યા છે વિ. સં. ૧૦૮ માં કાશ્મિરના વ્યાપારી જાવડશાહે, ૨,૫૭,૦૦,૦૦૦ ના ખર્ચે કુમારપાલના મંત્રિ બાહડે૧, સં. ૧૩૭૧ માં સમરાશાહ ઓશવાળે, અને ૧૫૭૮ માં કર્માશાહ શેઠે ૨ આ પહાડપર અઢલક દ્રવ્ય ખર્ચી ઉધ્ધાર કર્યા હતાં. શત્રુંજયની તવારિખ ભદ્રબાહુ સ્વામીએ, વજ્રસ્વામીએ, અને પાદલિપ્તાચાર્યે લખી હતી. પણ તે હમણાં નષ્ટ થયેલી જણાય છે. પરન્તુ આચાર્ય ધનેશ્વર સૂરિકૃત તવારિખ–શંત્રુજ્ય મહાત્મ હાલમાં મોજુદ છે. પાંચમા આરાને અંતે તમામ તીર્થ નષ્ટ થશે, તે વખતે પણ આ તીર્થનું રિષભકુટ શિખર આબાદ રહેશે.

---

* શ્રી મહાવીરસ્વામી પછી ૪૬૭ વર્ષે અને વિક્રમ સં૦ પહેલાં ૩ વર્ષે પાદલિપ્તાચાર્ય અહિં પધાર્યા હતાં તેઓના નામથી પાલીતાના આબાદ થયું છે.

૧ પ્રબન્ધ ચિન્તામણિમાં ૧,૬૦,૦૦,૦૦૦ રૂા. લખ્યાં છે. (સં. ૧૨૧૧) અને શાન્તિવિજય ૨,૫૭,૦૦,૦૦૦ બતાવે છે.

૨ ચિતોડના દિવાને એક કરોડથી વધારે ખર્ચી ઉધ્ધાર કરાવ્યો હતો.

પાલિતાનાથી દક્ષિણમાં એક કોશ દૂરથી શત્રુંજય શરૂ થાય છે. શત્રુંજયપર જતાં પહેલાં જુની તલાટી, ચોવીશ તીર્થંકરોના ચરણ, તથા છત્રી આવે છે. આગળ ચાલતાં સુરતવાળા શેઠ ભૂખણદાસની બનાવેલી વાવડી તથા પગલાં આવે છે. (આ વાવને રાનાવાવ પણ કહે છે.) અગાડી ચાલતાં તલાટી, ધર્મશાળા, બગીચો, ચરણ છત્રીઓ તથા વાડી વિગેરે આવે છે. કોઇને ખાવું પીવું, અને જંગલ જવું વિગેરે કરવું હોય તે અહિં કરી લઇ ઉપર ચઢવું. કેમકે આખો પહાડ પવિત્ર હોવાથી તે પર કાંઇ કરવું નહિ. પહાડ પાણીની સપાટીથી ૧૫૮૦ ફુટ ઉંચો છે. તે પર રહેલથી ચઢવાને માટે પાઝ બાંધેલી છે(આ પાઝ વિક્રમના તેરમા સૈકામાં થયેલાં તેજપાળે બંધાવેલી જણાય છે.) રસ્તો શરૂ થતાં બન્ને બાજુએ ન્હાંની મ્હોટી ૨૮ પાદુકાની છત્રીઓ આવે છે. પછી મુર્શિદાબાદવાળા રાયબહાદૂર ધનપતસિંહજીનું બંધાવેલું મંદિર આવે છે, અને તેની સામે પશ્ચિમ બાજુએ શ્રુતદેવીની એક ગુફા બનાવેલી છે. આગળ લગભગ પોણો કોશ ચઢયા પછી સં૦ ૧૮૩૧ માં સુરતવાળા ઇચ્છાભાઇનો બંધાવેલો ઇચ્છાકુંડ, તથા તેથી અગાડી ૦। કોશ વધતાં મહારાજા કુંમારપાળનો બનાવેલો કુમારકુંડ[1], તેથી અગાડી ઘણો સખ્ત ચઢાણ હીંગલાજનો હાંડો[2] તથા કલીકુંડ પાર્શ્વનાથજીના ચરણ, તેથી અગાડી શાલાકુંડ અને ચાર તીર્થપતિઓનાં ચરણો આવે છે. જગ્યા અતી શાંત અને રમણીય છે. અહીંથી બે રસ્તા છે તેમાં જમણી બાજુનો રસ્તો તપગચ્છના શ્રીપૂજોના ચરણ, ગૌતમ સ્વામી, પદમાવતી દેવી વિગેરેની છત્રીઓ તરફ જાય છે, અને ડાબી બાજુનો સિધો દહેરાંઓ તરફ જાય છે. થોડે

---

૧ અજ્ઞાની લોકોને કુંભારકુંડ નામે ઓળખાવે છે તે.

૨ હિંગળાજ દેવી.

અગાડી ચાલવાથી અતિમુક્તક મુનિની છત્રી. દ્રાવિડ અને વારિખિલ્લની છત્રી, હીરાબાઇનો કુંડ અને પાંચ પાણ્ડવોની છત્રી આગળથી થઇ સુરતવાળા શેઠ ભૂખણુશાહના ભૂખણુ કુંડ પાસે અવાય છે. તેથી અગાડી શૈલગરાજાૠષની, શુકદેવની અને થાવચ્ચામુનિની છત્રીઓ પાસે થઇ હનુમાન પાસે અવાય છે. અહીંથી બે રસ્તા છે તેમાં જમણી બાજુને રસ્તેથી ચૌમુખજીના મંદિર પાસે અને ડાબી બાજુને રસ્તેથી રિષભદેવ ભગવાનની ટુંકપર જવાય છે તે રસ્તામાં જાળિ, મયાલિ, અને ઉવયાલિની ગુફા આવે છે, જેમાં ત્રણે મૂર્તિઓ કોતરેલી છે. અગાડી કિલ્લાની રામપોળ બારી આવે છે, કેજ્યાંથી

મન્દિરોની શરૂઆત

થાય છે. તેમાં પેસતાં વિમળવશી ટુંક, કે જેમાં રાયણના ઝાડ નીચે પૂર્વનવાણું વાર રિષભદેવસ્વામી પધાર્યા હતા તે આવે છે. ત્યાં રાયણ ઝાડ પણ ઘણું મ્હોટું જોવાલાયક છે. ફાગણ શુદ ૮ ને દિવસે ભગવાન પહેલ વહેલાં અહિં આવ્યાં હતાં, તેથી તે દિવસની અહિં મ્હોટી યાત્રા ભરાય છે. રામપોલથી આગલ જતાં મોતીશાહ શેઠની ટુંકપર જવાનો રસ્તો આવે છે. અને તે પછી એક દરવાજો મૂકી વાઘણપોલ૧ કે જ્યાં વાઘણની મૂર્તિ બનાવીને બેસાડી છે, તે છોડયા પછી સં૦ ૧૮૬૦ માં દમણ વાળા શેઠ હીરાચંદ રાયચંદનું પ્રતિષ્ઠિત કરાવેલું મંદિર આવે છે. તેની બાજુમાં સં૦ ૧૫૭૮ માં શેઠ કરમાશાહે ઉદ્ધાર વખતે કરાવેલું ચક્રેશ્વરીનું મંદિર, તથા તે જોડે વાઘેશ્વરીનું૨

---

૧ ઘણા એક વખત ઊપર અહિ એક વાઘણ આવી રહી હતી અને ધર્મ પામી ગતિએ ગઇ હોવાથી વાઘેણપોલ નામ પડયું.

૨ આ વાઘેશ્વરી નથી, પણ ચક્રેશ્વરીજ છે. ચક્રેશ્વરીનું વાહન વાઘ હોવાથી ભાટો અને પૂજારીઓ વાઘેશ્વરી સમજાવે છે. પણ

મંદિર આવે છે. આગલ જતાં શ્રી નેમનાથજીનું એક દેવલ કે જેમાં નેમનાથજીની ચોરી, સમવસરણની રચના વિગેરે આવે છે. તેથી અ-અગાડી જગતશેઠનું બંધાવેલું મંદિર, કુમારપાળ રાજાનું મંદિર કેટલીક ન્હાની ન્હાની છત્રીઓ તથા દેરી, અને સૂરજ કુંડપર જવાનો રસ્તો વિગેરે મૂકયા બાદ હાથી પોલમાં થઇ શેઠ કરમાશાહના બંધાવેલા તીર્થપતિ શ્રી રિષભદેવ સ્વામીના મંદિરમાં અવાય છે. અહિં બહાર મ્હોટો ચોક તથા સેંકડો મન્દિરોનો ઘેરાવ જોવાથી જીવને ઘણોજ આનન્દ મળે છે. મન્દિરના શિખરપર સુનેરી કલશ તથા ધ્વજાપતાકા સહિતનું શ્રીશત્રુંજય તીર્થનું આમૂલ મન્દિર છે, કે જેમાં ૬ હાથ ઉંચી સાક્ષાત રિષભ દેવના જેવીજ રિષભદેવ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. અહિં રંગ મણ્ડપમાં હાથી ઉપર શ્રી ભરત ચક્રવર્તી તથા મરૂદેવા માતાની મુર્તિ પધરાવેલા જોવામાં આવતાંજ, રિષભદેવને કેવળ જ્ઞાન ઉપજ્યું અને ભરત તથા માતા વાજતે ગાજતે વંદનાર્થે આવ્યા તે સમય યાદ આવે છે. મુખ્ય દહેરાની સામે ગણુધર પુણ્ડરિકસ્વામીજીનું જમણા હાથપર નવા આદીશ્વર ભગવાનનું પછાડી રાયનવૃક્ષ અને તીર્થપતિની પાદુકાનું મન્દિર છે. આજ ટુંકમાં આસપાસ બીજા નંદીશ્વર દ્વીપનું, સહસ્ત્ર કૂટનું, મેરૂશિખરના પહાડની રચનાનું, અષ્ટાપદની રચનાનું, સમેત શિખરની રચનાનું, બે સામ-

---

જે વખતે નવા આદીશ્વર ભગવાનની પ્રતિમા શત્રુંજય પર બિરાજમાન કરવાને લાવવામાં આવી, તે વખતે આ નવી ચક્રેશ્વરીની પ્રતિમા લાવવામાં આવી હતી પણ નવાં આદીશ્વર ભગવાન જુદા મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા તે સાથે આ ચક્રેશ્વરીની મૂર્તિ પણ જુના ચક્રેશ્વરી પાસે જુદાં ગંભારામાં બેસાડવામાં આવેલી છે.

આમા સુરતવાલાના અને ફરતી ભમતીઓ વિગેરે ઘણાં મન્દિરો છે. આ વિમળવશી ટુંકમાં કાર્તિક સુદિ પુર્ણિમાને રોજ રથયાત્રા મ્હોટી ધામધુમથી થાય છે અને હજારો ભાવિક યાત્રિકો એકઠાં મલી તેનો લાભ લેછે. દિવાન વસ્તુપાળ–તેજપાળના વિક્રમ સં૦ તેરમા સઇકામાં બંધાવેલા મંદિરો પણ આજ ટુંકમાં છે. વિમળવશી ટુંકમાંથી બહાર નીકલતાં વાઘણપોલ આવવું. અહિં કચ્છવાળા શેઠ નરસિંહ કેશવજીના બંધાવેલ મન્દિર છે. અહિથી બહાર નીકલતાં.

બીજી ટુંક શેઠ મોતીશાહની

કે જેને ઘણાં શ્રમ અને દ્રવ્યથી બંધાવવામાં આવી છે તેમાં જવું. આ ટુંકની જગ્યાએ પહેલાં 'કુન્તાસાર' નામે મ્હોટો ખાડો અથવા પહાડની ખોહ હતી. શેઠ મોતીશાહે એને રૂ૦ ૯,૫૩,૦૦૦ ખર્ચીને પૂરાવી તે ઉપર આ ટુંક બનાવી. સં૦ ૧૮૯૩ માં પ્રતિષ્ટા કરી. આ ટુંકનો ખર્ચ આજ પર્યન્ત પણ તેઓના વારસો તરફથી ચલાવવામાં આવે છે. દમણવાળા શાહ અમરચંદ ખીમચંદ કે જે મોતીશાહ શેઠના દિવાન હતા તેને પણ આ ટુંકમાં એક મન્દિર બંધાવ્યું, તથા તેમાં એક સાથીયો નવ રત્નનો કરાવ્યો. શેઠ મોતીશાહના દેવલની ચારે બાજુ ફરતી ભમતી ઘણીજ સુશોભીત છે તથા શેઠની અને તેમનાં પત્નિની મૂર્તિઓ પણ સામે બેસાડેલી છે.

ત્રીજી ટુંક શેઠ બાલાભાઈની

સં૦ ૧૮૯૩ માં બંધાઈ હતી. આનું બીજું નામ બાળાવશી પણ છે. શ્રી રિષભદેવ સ્વામીની પ્રતિમા સ્થાપન કરેલી છે તથા આસ પાસ પણ ન્હાના મ્હોટા દેવલો છે. ખર્ચો શત્રુંજય તીર્થના ભણ્ડારમાંથી ચાલે છે. અહીંથી અગાડી ચાલતાં થોડીક પહાડની ઉંચાઇ પર સં૦ ૧૬૮૬ માં બનાવેલું અદ્‌ભૂતજીનું મન્દિર આવે છે, આમાં રૂ-

ષભદેવ સ્વામીની મૂર્તિ સાત હાથ ઉંચી પધરાવેલી છે. અસલ આ મૂર્તિ પહાડમાંજ કોતરી કહાડી, તેપર કિમતી વસ્તુઓનો લેપ લગાડવામાં આવ્યો હતો.

ચોથી ટુંક પ્રેમચંદ મોદીની,

પહાડપર ઉંચી ભૂમિમાં બનાવેલીછે. જેમાં મૂળનાયકજી આદીશ્વર ભગવાન્ બિરાજમાનછે. તે સામે પુણ્ડરિક સ્વામીનુ, સહસ્ત્રફણાપાર્શ્વનાથજીનુ, ત્રણ મજલાવાળું દેરાણી–જેઠાણીનું બંધાવેલુ ચૌમુખજીનું. વિગેરે ઘણાં ન્હાના મ્હોટાં મન્દિરો છે. પછીઃ—

પાંચમી ટુંક શેઠ હેમાભાઈની

આવે છે તેમાં જવું. આ ટુંક અમદાવાદવાળા શેઠ હેમાભાઇ વખતચન્દે સં. ૧૮૮૨ માં બંધાવી હતી. આમાં મુખ્ય મંદિરમાં સં. ૧૬૮૬ માં ભરાયલી શ્રીઅજીતનાથ મહારાજની પ્રતિમા સ્થાપન કરેલીછે. આ ટુંકમાં પુણ્ડરિકસ્વામી અને ચૌમુખજી વિગેરે મન્દિરો, ઝીંઝુનો કુંડ, અને બાગ વિગેરે છે.

છઠ્ઠી ટુંક શ્રીનંદીશ્વરદ્વીપની

શેઠ હેમાભાઇની બહેન ઉજમબાઇએ સં. ૧૮૮૩ માં બંધાવી છે. આ ટુંકમાં મુખ્ય શ્રીકુન્થુનાથજીનું, નન્દીશ્વરદ્વીપનું તથા બીજા ન્હાના ન્હાના બાવન મન્દિરો, અને ૨૨૮ પ્રતિમાઓ બિરાજમાન. છે. તથા એક દેવાલવ પરશન બાઇનું બંધાવેલું પણ મોજુદ છે.

સાતમી ટુંક સાકરચંદ પ્રેચંદની ૧

સં. ૧૮૯૩ માં બાંધેલી છે. શ્રીચિન્તામણિપાર્શ્વનાથની ધાતુમય મૂર્તિ તખ્તનશીન કરેલી છે, તથા પાર્શ્વનાથજીનું, પદ્મપ્રભજીનુ અને બીજાં કેટલાંક મંદિરો છે. આ ટુંકથી પૂર્વ તરફઃ—

---

૧ અમદાવાદવાળાં.

આઠમી ટુંક છીપાવશીની

સં. ૧૭૯૧ માં તૈયાર થયેલી આવે છે. જેમાં રિષભદેવસ્વામી-નું મૂળ દહેરાસર, રાયનઝાડ નીચે પગલાં, આજુ બાજુમાં શ્રીઅજિ-તનાથજી અને શાન્તિનાથજીના દેહેરાસર, અને સં. ૧૭૯૪માં બનેલું શ્રીનેમનાથજીનું દહેરાસર વિગેરે છે. અગાડી નવમી ટુંક તરફ જતાં રસ્તે પાંચ પાણ્ડવોનું મંદિર, તથા તે પછાડી સં૦ ૧૮૬૦ માં સુરત વાળા શેઠ ખૂબચંદ મયાચંદનું બંધાવેલું સહસ્ત્રકૂટનું મન્દિર કે જેમાં સમવસરણ, સિદ્ધચક્રજીનો નકશો, ને ચોવીસ મૂર્તિઓ સ્થાપિત કરેલી છે. તે મલેછે.

નવમી ટુંક શ્રી ચૌમુખજીની

અમદાવાદવાલા સદા સોમજીએ બેશુમાર દોલત ખર્ચી સં. ૧૬૭૫ માં તૈયાર કરાવી, અને તેમાં મુખ્ય મંદિરમાં પાંચ પાંચ હાથ ઉંચા શ્રીરિષભદેવસ્વામીની ચાર પ્રતિમા ચારે તરફ પધરાવી. આ ટુંકમાં પુંડરિકસ્વામી વિગેરે બીજા ન્હાના મહોટા મંદિરો ઘણાં છે, જેમાં એક સાંપ્રતિ રાજાનું આશરે ૨૧૨૬ વર્ષપર બનેલું છે. આ ટુંક શત્રુંજય પહાડની ઊંચામા ઉંચી ટેકરી ઊપર બનેલી હોવાથી લગભગ ૨૫ માઇલ દૂરથી પણ અતિ રળિઆમણી દેખાય છે. આ પહાડપર આ મંદિરના શિખરથી વધારે ઉંચુ કોઇપણ શિખર, કે પહાડની ટોંચ વિગેરે૦ કાંઇપણ નથી. ત્રણ કોશના ઘેરાવમાં નવ ટુંક અને નાનાં મોટાં ત્રણ હજાર મંદિરો આ પહાડપર કાયમ છે. તથા તેને ફરતો કોટ, અઢાર દરવાજા, તથા ઝાડો બગીચા વિગેરે છે. આ પહાડપર સર્વથી જૂનું મંદિર મહારાજા શ્રેણીકના વંશમાં થયેલાં સંપ્રતિ રાજાનું બંધાવેલું છે. હિંદમાં અત્યારે ૩૬૦૦૦ શ્વેતામ્બર મંદિરો છે, તેમાં મ્હોટો ભાગ આર્યસુહસ્તીજીનાં ઉપદે-શથી સંપ્રતિ રાજાનાં બંધાવેલાં છે. ચોમુખજીનાં મંદિરમાં એક

શિલા લેખ છે જેમાં લખેલું છે કે " સુલતાન નુરૂદીન જહાંગીરના જમાનામાં સવાઇ વિજય રાજા, સુલતાન ખુશરૂ અને ખુરમાના વખતમાં સંવત ૧૬૭૫ નાં વૈશાખ સુદી તેરસને દિવસે દેવરાજ, સોમજી અને તેની સ્ત્રી રાજળદેવીએ આ મંદિર બંધાવ્યું."

ઘેટી પાગ.

જે કોઇ યાત્રિને એક દિવસમાં બેવાર યાત્રા કરવી હોય, તેને વિમળવશી અને મોતીશાહ શેઠની ટુંકની વચેથી નીચે ઉતરવાનો રસ્તો છે, ત્યાંથી ઉતરી આદિપુર ગામડે જવું. ત્યાં શ્રીનેમિનાથજીના ચરણપાદ છે, (જેને ઘેટી પાગ કહેછે તે) તેના દર્શન કરી પાછા ઉપર આવી વિમળવશી ટુંકમાં દર્શન કરી પાલીતાણાની તલાટીને રસ્તે નીચે ઉતરી જવાથી બે યાત્રા થશે. જો કોઇ યાત્રાળુને છ ગાઉની પ્રદક્ષિણા કરવાની ઇચ્છા થાય તો, રામપોલના દરવાજાની જમણી બાજુના રસ્તાથી શરૂઆત કરવી. ત્યાંથી પહેલાં દેવકીજીના ખટ-નંદનનાં દર્શન કરવા, ત્યાંથી અગાડી ચંદનતલાવડી, ૧ સિદ્ધશિલા, અને તીર્થંકર અજિતનાથ તથા શાંતિનાથની બે પાદુકાઓ આવે છે. ત્યાંથી બાડવાનો પહાડ આવે છે, કે જ્યાં તીર્થંકર અજિતનાથ તથા શાંતિનાથજી ચોમાસુ રહ્યાં હતાં. ત્યાંથી આગળ નીચે ઉતરી સિદ્ધ વડ આવવું ત્યાં એકવિશાળ વડ છે જેની નીચે કેટલાંક મુનિઓ ધ્યાન સમાધીષ્ટ થઇ મુકિતપદને વર્યા હતા, જેથી તેનું નામ સિદ્ધવડ પડયું છે. અહિં બે પાદુકાઓની છત્રી છે. અહિંથી પાલીતાણા જવાનો સીધો રસ્તોછે. આવી રીતે છ ગ.ઉની પરકમ્મા પૂરી થાય છે.

---

૧ આ જગ્યાપર કેટલાક મુનિઓએ અનશન કરી મુકિત પ્રાપ્ત કરી હતી. જેથી તેનું નામ સિધ્ધશિલા પડયું છે. આથી કેટલાંક યાત્રાળુ ત્યાં ધ્યાનસમાધિ કરે છે.

બાર ગાઉની પરકમ્મા કરવા માટે બળદગાડીમાં બેસીને અગર ચાલીને પણ જઇ શકાય છે. પાલીતાણાથી શત્રુંજય નદી તરફ જવું. ત્યાં એક નાનું મંદિર છે, જેની અંદર રૂષભદેવભગવાનનાં પગલાં છે. ત્યાંથી ચાર ગાઉ પર ભંડારીયા ગામ આવે છે. ત્યાંથી [1] કદંબગિરિ પહાડ થઇ ચોક ગામ જવું, ત્યાં રોકાવું, ને રાત્રી ત્યાંજ ગાળવી. બીજે દિવસે પ્રાતઃકાળમાં હસ્તગિરિ પહાડની યાત્રા માટે જવું, ત્યાંથી ઘેટીગામ થઇ પાલીતાણે પાછા ફરવું. બાર ગાઉની યાત્રા પુરી થાય છે. આવી રીતે કોટ પ્રદક્ષિણા પણ થાય છે. જેને દોઢગાઉની યાત્ર કહેવામાં આવે છે.

શત્રંજય પહાડપર વિમલવશીની ટુંકમાં ફકત એક મંદિર પાછળથી દિગંબર ભાઈઓએ બનાવ્યું છે. પાલીતાણા શહેરમાં પણ એક દિગંબરભાઇનું મંદિર અને ધર્મશાળાછે. બાકી તમામ શ્વેતાંબર જૈનોનાંજ છે.

શત્રુંજયની યાત્રા કરી અહિંયાથી રેલ્વેમાં બેસી વરતેજ (વરતેજમાં પણ એક ભવ્ય મંદિર યાત્રાકરવા લાયકનુ છે.) થઇ ભાવનગર જવું.

ભાવનગર.

શિહોર સ્ટેશનથી ૧૪ માઇલ ને સોનગઢ સ્ટેશનથી ૧૯ માઇલ દૂર છે,આ શહેર કાઠીયાવાડનાં પૂર્વ કિનારપર સને ૧૭૨૩માં ભાવસિંહજીએ બાંધ્યુહતું. ભાવનગરનાં તખ્તપર મર્હુમ રાજાસાહેબ બહાદૂર તખ્તસિંહજી ધર્માત્મા પુરૂષ થઇ ગયાં છે. તેમણે પ્રજાનો પૂર્ણ પ્રેમ મેળવ્યો હતો. હાલ તેમનાં પુત્ર ભાવસિંહજી તખ્તપર બીરાજે છે. વસ્તી સંખ્યા

---

૧ આ પહાડ પર કદમ્બગણધર મુકત થયેલાં હોવાથી કદમ્બગિરિ નામથી પહાડ ઓળખાય છે, અને તે પર તેઓનાં ચરણ પણ સ્થાપેલાં છે.

આશરે ૯૦ હજારનીછે. પેદાશમાં રૂ, અનાજ વધારે થાયછે. આ રાજ્યમાં ૧૧૭ સ્કુલ છે. શેહરમાં-રાજમહેલ, મીલ, હોસ્પીટાલ, છાપખાનું, હાઇસ્કુલ, કોલેજ, દિવાની ફોજદારી કચેરીઓ વિગેરે જોવા જેવા સ્થળો છે. સમુદ્ર કિનારે મોટા વહાણો-સ્ટીમરો આવે છે. ગોદી કામ ઘણું સારૂં છે. ભાવનગર શહેરને ફરતો કોટ છે.

જમાનાને અનુસરતો દિન પ્રતિદિન શહેરમાં ફેરફાર થતો જાય છે, અને ખૂબસુરતીમાં વધારો થયાં કરે છે. શહેરની મધ્યમાં જૂદે જૂદે જઇન શ્વેતાંબર મંદિરો આવી રહેતાં છે જેમાં દાદાવાડીજીનુ નવુ મદિર ભવ્ય ને વિશાળ છે. કુલ દેરાસર ચાર છે, ને ઘર દેરાસર ત્રણ છે. જૈન પુસ્તકાલય મોટા મંદિરમાં છે. યાત્રાળુઓ માટે દાદાવાડીમાં ઉતરવાને સુગમતા પડેછે. અત્રે જઇનપાઠશાળા, આત્માનંદ સભા અને તેનું મકાન, જૈનધર્મ પ્રસારક સભા, અને બોર્ડીંગ વગેરે છે. ભાવનગરની યાત્રા કરી ૭ માઇલ પર ઘોઘા બંદર જે યાત્રા કરવા લાયક છે, ત્યાં જવું.

ઘોઘા.

સમુદ્રના કિનારાપર ઘોઘા બંદર આવ્યું છે. ભાવનગરથી ઘોઘા ધીસુ પાકી સડક બાંધેલી છે. જઇન વસ્તી પહેલા ઘણી હતી પણ કેટલાંક વર્ષોથી વસ્તી ઘટીને લગભગ ઘણી ઓછી થઇ ગઇ છે. અહીંયા ધનોઘમંડનપાર્શ્વનાથ મહારાજનું ઘણુ જ વિશાળ ને દેદિપ્યમાન જોવા જેવું જિનાલય છે, જેને નવખંડાપાર્શ્વનાથજી પણ કહે છે. પ્રતિમા શ્યામરંગની બે હાથ મોટી પ્રકાશીત તેજનો ભંડાર છે. દર્શન કરતાં હૃદય આનંદમાં ગરક થઇ જાય છે. ધર્મશાળા પણ યાત્રાળુને ઉતરવા માટે છે. ઘોઘાથી ચાર ગાઉ ઉપર પીરમ ટાપુ છે, જ્યાં વહાણમા બેસી જવાય છે. થોડા વર્ષ પહેલા જમીન ખોદતા

૧૦ પ્રતિમાજી નીકળ્યાં હતાં જે હાલ નવખંડાપાર્શ્વનાથનાં મંદિરમાં પધરાવેલાં છે. ઘોઘાની યાત્રા કરી ભાવનગર પાછા ફરી રેલ્વે માર્ગે ધોલા જંકશન આવી, ત્યાંથી ૬ ગાઉપર પગરસ્તે વલ્લભી શહેર જે પુરાણી નગરી છે, ત્યાં જવું.

ચરમ તીર્થંકર મહાવીરસ્વામીનાં નિર્વાણથી ૯૮૦ વર્ષ પછી દુષમાં-ધકારતરણી જૈનાચાર્ય- દેવાર્દ્ધિગણિક્ષમાશ્રમણ મહારાજે અહિં તાડ પત્રપર જઇન આગમ લખ્યાં હતાં. જઇનશ્વેતાંર મંદિર—અને દે-વર્દ્ધિગણિક્ષમાશ્રમણ મહારાજની મૂર્તિ છે. અહિંની જાત્રા કરી ધોલા જંકશનથી જાલીયા, ઢંસા, લાઠી, ચીતલ, લુનીધર, કુંકાવાવ, ખાખરીયા, વાવડી, જેતપર, જેતલસર જંકશન અને વડાલ થઇ જૂના-ગઢ જવું.

જૂનાગઢ.

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ નવાબ સાહેબનું શહેર અને પહેલા નંબરનું સ્ટેટ છે. અહિંના નવાબ સાહેબ રસુલખાનજી હમણાં—જાનેવારી-૧૯૧૧ માં ગુજરી જવાથી હાલ એડમીની સ્ટ્રેટર રાજ્ય કારોબાર ચલાવે-છે. આ રાજ્યને વર્ષે દિવસે ઇમ્પીરીયલ ગેઝીટીયરના જણાવવા પ્રમાણે ખંડણીની આવક રૂ૦ ૯૨,૪૨૧ ની આવે છે, જેમાંથી વડોદરાના ગાયકવાડ સરકારને રૂ૦ ૮૫, ૬૦૪ ભરવા પડે છે. રાજ્યની કુલ ઉપજ રૂ૦ ૨૬.૨૫,૦૦૦ ની છે, જે પૈકી રૂ૦ ૧૯,૦૦,૦૦૦ ની આવક જમીનની છે. જૂનાગઢમાં ગવર્નમે-ન્ટ અને જૂનાગઢ સ્ટેટના એમ મલી બે જાતના સિક્કાઓનું ચલણ છે. સ્ટેટના સિક્કાઓ અહીંનીજ ટંકશાળમાં પાડવામાં આવે છે. સ્ટે-શન પાસેથીજ ગામની શરૂઆત થાય છે, અને દરવાજા નજીકજ મુ-સાફરખાનું બનાવવામાં આવેલું છે. પરન્તુ જૈન યાત્રીએ તો શહે-

રમાં ઉપરકોટ પાસેની જૈન ધર્મશાળાઓમાં, અગર તલાટી ઉપરની ધર્મશાળામાં જ જવું.

જોવાલાયક સ્થળો—

માં, રાજમહેલ, ગ્રીનચોક, હોસ્પીટલ, ટંકશાળ, કચેરી, સકકરબાગ, સિરદારબાગ, પાણીનું નાળું, ઉપરકોટ ધર્મશાળા પાસે રાયખેંગારનો કિલ્લો, કિલ્લામાં વોટરવર્કસ, રાય ખેંગારના વખતનો કુવો કે જેની આસપાસ છેક કૂવાની ઉંડાઇ સુધી પગથીઆ બનાવી ગાળે ગાળે મજલાઓ બનાવવામાં આવ્યાં છે તે, કિલ્લામાં જૂના લેખો, દરવાજા પર ઇસ્વી૰ ૧૪૫૦નો લેખ, બે જૂની તોપો, વાવડીઓ વિગેરે છે. અહીં—

મન્દિરો—

માં એક શિખરબંધી અને એક લાધાજી, ગોરજીનું છે. ગોરજીના મંદિરની આવક વિગેરેનો વહિવટ ગોરજીજ કરે છે, પણ તે યોગ્ય થાય છે કે નહીં તે હમો સમજી શકતાં નથી. આ ગોરજી પાસે ત્રણેક પેટારા જેટલો પુસ્તક ભંડાર પણ છે. શિખરબંધી મંદિરનો અને ગિરનાર પહાડનો વહિવટ શેઠ દેવચંદ લખમીચંદની પેઢીના નામથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ચલાવે છે.

તીર્થંકર નેમનાથસ્વામીના વખતમાં અહીં આલીશાન દેવળો, મહેલો, અને કિલ્લા વિગેરે હતું. અહીં ઘણાં વરસો પર 'ગઢ' નામનો પૂર્વ દિશા તરફ એક કિલ્લો હતો, જેનાં 'ઉગ્રસેનગઢ, જીર્ણગઢ, અને ખેંગારગઢ, એવાં ત્રણ નામ હતાં. જેમાનાંજ જીર્ણગઢનું નામ કેટલોક સમયથી જૂનાગઢ કહેવાય છે. યાદવ વંશીઓએ અહીં ઘણાં જૈન મંદિરો કરાવ્યા હતાં, પણ તે સઘળાં જમીન દોસ્ત થઇ પડયાં હતાં. 'વિવિધ તીર્થકલ્પ' માં લખ્યું છે કે, રાજા જયસિંહદેવે ખેંગારરાયને પરાસ્ત કરી અહીં પોતાની અમલદારી ચલાવી, અને

સંવત ૧૧૮૫ માં નેમનાથસ્વામીનું મંદિર બનાવ્યું કે જે અદ્યાપિ પર્યન્ત મોજુદ છે.
રાજા વીરધવળના દિવાન તેજપાળે ખેંગાર દુર્ગપાસે તેજલપુર નામથી શહેર વસાવી, પોતાના પિતાના નામથી "આસરાજ વિહાર" નામનું દેવળ ચણાવી પાર્શ્વનાથસ્વામીની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી, અને માતા કુમરદેવીના નામથી "કુમરસરોવર" પણ બનાવ્યું હતું. જૂનાગઢ અને તેજલપુર બન્ને નજીક હોવાથી જૂનાગઢ એક નામથીજ પ્રસિદ્ધ છે.

ગિરનાર તીર્થ.

શહેર જૂનાગઢથી પૂર્વમાં આશરે બે ગાઉપર ગિરનાર પહાડની તલાટી આવેલી છે, અને ત્યાં જવ.સારૂ એકકા, બગી, બેલગાડા વિગેરેમાં; અથવા પૈદલ જઇ શકાય છે. આખે રસ્તે ઝાડઝુંડો હોવાથી મુસાફરોને બીલકુલ તાપ સ્હેવો પડતો નથી. રસ્તામાં એક બાજુ જમણી તરફ "પ્રીયદર્શી રાજા અશોકના" શિલાલેખોનું મકાન, દામોદર કુંડ, સુવર્ણરેખાનદી, અને પહાડોની હારો આવવાથી યાત્રાળુઓને આનંદ થયાવિના રહેતો નથી. ગિરનારની તલાટીપર તળાવ, ન્હાનીન્હાની છત્રીઓ, અને વિશાળ ઝાડો હોવાથી અદ્વિતીય રળિયામણો દેખાવ નજરે પડે છે. બરોબર પહાડની પાસેજ એક શેઠ પ્રેમચંદ રાયચંદની, અને એક શેઠ ફુલચંદ લખ્તરવાલાની ધર્મશાળા અને મંદિર છે. યાત્રાળુઓને અહીં પણ રહેવું હોયતો રહી શકાય છે, અને કોઇપણ જાતની તકલીફ ખમવી પડતી નથી.

ગિરનાર પહાડપર ચઢતાં દરેક યાત્રિને રાજ્યકર ભરવો પડે છે, અને તે વિના ઉપર જઇ શકાતું નથી, માટે દરેક નવીન યાત્રિયે કર ભરવા ચૂકવું નહીં. અહીંની ડોલીઓના ભાવ રાજ્ય તરફથી દરેક સ્થળે જવા માટે મુકરર કરવામાં આવેલા છે, જેથી પાલીતાણા જેટલી ભાંજગડ

કરવી પડતી નથી. ગિરનાર પર્વતની પગથી સંવત ૧૨૨૦ માં ગુર્જરપતિ કુમારપાળના કોટવાલ દંડાધિપતિએ ..બનાવી હતી કે જે, 'શ્રીશ્રી માલ જ્ઞાતીય' હતાં. તે પગથીને ફરીથી લૉટરીની મદદથી નવી રીત બનાવવામાં આવેલી છે, જેનાં શિલાલેખો પગથીપર ચઢતાં બન્ને બાજુએ ઉભા કરવામાં આવેલાં છે.

ગિરનાર પહાડની ઉંચાઇ સમુદ્રથી—૩૬૭૫ ફુટની અને તેનું બીજું નામ 'રૈવતાચળ પર્વત' છે. તીર્થંકર નેમનાથસ્વામીએ આજ પહાડપર મોક્ષ મેળવ્યું હતું, એટલુંજ નહીં, પણ, દીક્ષા, અને કેવળ-કલ્યાણક પણ અહીંજ થયાં હતાં. આ પહાડપર "જ્ઞાનશિલા, છત્રશિલા, અને અજંનશિલા" વિગેરે કંઇક શિલાઓ ધ્યાન સમાધિના માટે મશહુર હતી, પણ, નામાન્તર થઇ જવાથી હમણા તે ઓળખવામાં આવતી નથી. તલાટીથી લગભગ ત્રણેક માઇલપર નેમનાથસ્વામીની ટુંક આવે છે, કે જેને પહેલી ટુંક કહેછે. પહેલી ટુંકમાં મંદિરની સામેજ હમણાં કેટલોક વખતથી રાજ્ય તરફથી બંગલો બાંધવામાં આવેલો છે. મંદિરમાં પેસ્તાંજ બહારની ભીંતપર શિલાલેખ લખવામાં આવેલો છે તથા અંદર ચોક અને પેઢી વિગેરે મૂકયા બાદ નેમનાથસ્વામીનું ભવ્ય મંદિર નજરે પડે છે. આ ટુંકમાં ન્હાના મ્હોટાં મલી ૧૬ મંદિરો છે, તથા મ્હોટા મંદિરને ભમતીની ન્હાની ૭૦ દેરીઓ છે. મ્હોટા મંદિરની સને ૧૨૭૮ માં મરામત કરાવવામાં આવી હતી. મ્હોટા દેવળની ડાબી બાજુએ એક રિષભદેવ સ્વામીનું, એક પાંચ ભાઇઓનું, પશ્ચિમ બાજુએ પાર્શ્વનાથજીનું, તેની ઉતરે બીજુ પાર્શ્વનાથસ્વામીનું, તે પાસે કુમારપાળ રાજાનું, અને નેમનાથસ્વામીના મંદિર પછાડી દિવાન વસ્તુપાળ-તેજપાળના મંદિરો; કે જે સન ૧૧૯૯ ના અરસામાં બાંધવામા આવ્યા હતા, તે છે.

રાજા સંપ્રતિનું બનાવેલું શિખરબંધી કિંમતી મંદિર મ્હોટી લાગતનું અને જૂનુ જનાય છે, આ મંદિરની શિલ્પ કારીગિરી પર હમણાં બીલકુલ ધ્યાન આપવામાં આવતું જણાતુ નથી, પણ ઉલટો ચુનો છંટાવી કારીગિરીને પૂરી દેવામાં આવે છે, પરન્તુ હવે ખાત્રી છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાથમાં અહીંનો વહિવટ આવવાથી તેનાં બાહોશ કાર્યવાહકો આવી ચાલતી અંધાધુંધીને દૂર કરશે.

નેમનાથજીની ટુંક અને મેકરવશીની ટુંક વચ્ચે મોટાં હર્ફોના શિલા લેખો છે. જો કે તે ઉપપ લાકડાના ઢાંકણો કરવામાં આવેલાં છે, છતા પણ વરસાદ અને તાપથી બચવાને વાસ્તે કાચના ખાસ ઢાંકણો થવાની જરૂર છે. પુરાણા તિર્થો, તે પરના લેખો, પ્રતિમાઓ, અને તેવી ઉપયોગી વસ્તુઓનો લોપ ન થવા દેવો તેનુંજ નામ તીર્થ રક્ષા અને તીર્થ સેવા છે.

સંવત્ ૧૯૩૨ ના અરસામાં નેમનાથજીના મંદિરનો કોટ અને પરકમ્મા, અદ્દ્ભૂતજી; પંચમેરૂ; અને મેકરવશીનાં મંદિર, સંગ્રામ સોનીનું મંદિર અને ચોક, જ્ઞાનવાવડી વાળું અને સંપ્રતિ રાજાનાં મંદિર વિગેરે પર મરામત કરાવવામાં આવી હતી. સંપ્રતિ રાજાના મંદિરનો ચોક બનાવતાં તે નીચેથી ૭૧ મૂર્તિ અને ધાતુનું પરઘર વિગેરે મળ્યું હતું. વસ્તુપાળ-તેજપાળના મંદિરને ફરતો નવો કોટ, સંભવનાથજીના મંદિર અને પાણીનો કુંડ, તથા રાજુલ ગુફા અને રહનેમિજીનું મંદિરનો જીર્ણોદ્ધાર પણ આજ વખતે કરવામાં આવ્યો હતો. તેમજ મુખ્ય દરવાજા પરનો નવો બંગલો અને જ્ઞાનવાવડી વાળા મંદિરનો નવો કોટ પણ આજ સમયે બાંધ્યો હતો. આ સઘળાં કાર્યનો ખર્ચ રૂ. ૪૫,૦૦૦ થયો હતો કે જે સઘળો શેઠ નરસિંહ કેશવજી તરફથી આપવામાં આવ્યો હતો. અર્થાત્ આ સઘળું શેઠ નરસિંહ કેશવજીએ કરાવ્યું હતું.

નેમનાથજીની ટુંકથી આગળ જતાં પાણીના હોજ, મકાનો અને રાજુલ ગુફા વિગેરે આવે છે. પછી બીજી ટુંક આવે છે. સહસ્ત્રામ્ર-વન-સહસાવન જવાનો રસ્તો ત્રીજી ટુંકથી ફાટે છે, અને તે રસ્તેથી પણ તળાટી જવાયછે.

રસ્તો પગ દંડીનો વિકટ છે. સહઆમ્રવનમાં નેમનાથસ્વામીના દીક્ષા કલ્યાણકની જગ્યા છે, તે પર પાદુકા પધરાવી છત્રી બનાવવામાં આવી છે. જે યાત્રિને નીચે ઉતરવું હોય તેને અહીંથી જવું, અને પાંચમી ટુંકે જવું હોય તો પાછા ઉપર આવી આગળ ચાલતાં ચોથી ટુંક કે જ્યાં નેમનાથસ્વામીની અધિષ્ઠાત્રીદેવી અમ્બિકાની આવે છે, ત્યાં જવું. તથા તેથી અગાડી પાંચમી ટુંકપર જવાનો રસ્તો છે રસ્તો પહેલાં સીધો અને સારો તથા પછાડીથી ઘણો કઠીણ અને ભય ઉપજાવનાર છે. આ પાંચમી ટુંક છેક ડુંગરના ઉંચા ટોંચપર આવેલી છે, ત્યાં શ્રીનેમનાથજીના પગલાં તથા પછાડી ભીંતમાં એક મૂર્તિ કોતરી કહાડેલી છે. આ પગલાને અન્ય ધર્મીઓ પણ ગુરૂ દત્તાત્રિના પગલા તરીકે માને-પૂજે છે. જોકે તેઓ પાસેથી ઉપર જવાને માટે ત્યાં બેસનાર બાવાઓ કાંઇ સુડકું લઇનેજ અંદર દાખલ થવા દે છે. આમ તીર્થોમાં ખાસ કર આપવોજ પડે તેવું કાંઇ પણ જૈન ધર્મમાં છેજ નહિં, પણ, અન્ય ધર્મીઓને તેઓના તીર્થ કરતાં આવી હેરાનગતિ વિશેષ ભોગવવી પડે છે. થોડા નીચાણમાં ગજપદકુંડ, સૂર્યકુંડ, તથા વનસ્પતિઓના કુંડ જોવા લાયક છે. તલાટીથી પાંચમી ટુંક સુધીનો રસ્તો ૬ માઇલ હોવાથી આવતા જતાં ૧૨ માઇલનો ફેરાવો થાય છે, તેથી યાત્રિયો સવારના ચઢયા હોય છે તો સાંજના ખુશીથી પાછા નીચે આવી શકે છે.

જૂનાગઢ શહેરથી પોરબંદર સુધી આગગાડીમાં, તથા ત્યાંથી સ્ટીમરમાં થઇ દ્વારિકાથી કચ્છનો રસ્તો, તથા જૂનાગઢથી આગ-

ગાડીમાં રાજકોટથી જામનગર થઇ ત્યાંથી સ્ટીમરમાં તુણાબંદર થઇ કચ્છનો રસ્તો બતાવવામાં આવ્યો છે. અને જૂનાગઢથી પાછા ફરી ધોળા જંકશન, વઢવાણ, વિરમગાંમ અને મહેસાણા થઇ ઉત્તર, પૂર્વ, અને દક્ષિણનો રસ્તો બતાવવામાં આવ્યો છે. જેને જ્યાં જ્યાં જવું હોય તેણે તે તે રસ્તે થઇને જવાથી સુગમ પડશે.

વંથલી-શાહપુર.

જૂનાગઢથી રેલ્વેમાં શાહપુર અને શાહપુરથી બે એક માઇલ પર વંથલી ગામ છે ત્યાં જવું. વંથલીમાં હમણાં થોડોક વખત થયાં જમીનમાંથી આલિશાન પ્રતિમા નીકલી હતી, જેને મંદિર કરી પધરાવી છે. વંથલીથી શાહપુર આવી રેલ્વેમાં લુશાલા, કેશોડ. માલીયાહાટીના, અને ચોરવટ રોડ થઇ વેરાવળ ઉતરવું. કે જ્યાંથી સોમનાથ પાટણ જવાય છે.

વેરાવળ અને સોમનાથ પાટણ

સ્ટેશનથી માઇલેક દૂર ધર્મશાળા છે. અને બે ત્રણ દહેરાસર છે. અહિંથી બે ત્રણ માઇલ દૂર પ્રભાસપાટણ છે. ત્યાં ધર્મશાળા તથા ચારેક મંદિરો છે. " પહેલાં પ્રભાસમાં આખા ગામમાં કિલ્લાની અંદર તમામ જઇન મંદિરો હતાં, " એમ કહેવાય છે. પણ મુસલમાની વખતમાં તમામને મસજીદોના આકારમાં ફેરવી દીધાં હતાં, જેથી અત્યારે ઘણી મસજીદો ત્યાં મોજુદ છે અને ખાસ તે માટે ગામને દરવાજે, તથા કેટલાંક રસ્તાઓ પર લેખો લખવામાં આવ્યાં છે કે "અહિંથી ફલાણા રસ્તા સુધી વાજું વગાડવું નહીં." વિગેરે. અહિં દરિયા કિનારે સોમનાથનું મંદિર ઘણી માઠી સ્થિતિમાં થયેલું જોવામાં આવેછે. અને મ્હોટી દિલગીરીતો એટલીજ છે, કે ઘણાં મુસલમાનો કંપાઉંડમાં ઝાડો ફરાગત પણ કરી જાયછે. આમાં સોમનાથ મહાદેવનું બિંબ નથી પણ ગામમાં કોઇ સ્થળે નવું મંદિર

બાંધ્યું છે અને ત્યાં ભોંયરામાં એક લિંગ સ્થાપેલું છે, તેને સોમનાથ કહેછે. પણ એ નવી બનાવટ જણાય છે. મહારાજા કુમારપાળને મહાદેવના દર્શન, હેમાચર્યજીએ અહિંજ કરાવ્યા હતાં. અને તે જગ્યા જ્યારે વસ્તુપાળ પ્રભાસ ગયાં તે વખતે એક વૃદ્ધ પૂજારીએ દેખાડી હતી, પણ અત્યારે તે ચોકકસ જગો કોઇના ખ્યાલમાં રહી હોય તેમ જણાતું નથી. વેરાવળથી પાછા ફરતાં જૂનાગઢ, વડાલ અને જેતલસર જંકશન થઇ:—

ધોરાજી:—

આવવું. અહિં મંદિર અને શ્વેતાંબરોની આબાદી સારીછે. કાઠિયાવાડમાં ધોરાજી કરઓ વ્યાપારને માટે પ્રખ્યાત છે. આને ફરતો કોટ ચણવામાં આવેલો છે. ધોરાજીથી ઉપલેટ, ભાયાવદર. જામજોધપુર, સાખપુર અને રાનાવાવ થઇ:—

પોરબંદર:—[1]

ઉતરવું. પોરબંદર સમુદ્રકિનારે દેશી રાજ્યની રાજ્યધાની છે. આનું બીજું નામ લોકો સુદામાપુર પણ કહે છે.

અહિંથી સમુદ્ર રસ્તે બલુચિસ્તાન, ફારસની ખાડી, અરબસ્તાન અને આફ્રિકા સુધી તથા હિન્દમાં સિન્ધ, સુરત, ભરૂચ, નવસારી, મુંબાઇ, કોંકણ અને મલબારકોષ્ટા સુધી જવાય છે. અહિં ધર્મશાલા, શ્વે० મંદિરો તથા રાજ્યમહેલ, કચેરી, સ્કુલ, હોસ્પીટાલ, કિલ્લો, • વિગેરે છે. રાજ્યમાં ત્રણચાર ન્હાની નદીઓ પણ વહે છે. મુંબાઇથી જે સ્ટીમર વેરાવળ, માંગરોળ, પોરબંદર અને દ્વારિકા થઇ કરાંચી જાય છે, તે સ્ટીમરમાં દ્વારિકા જનારે ઉપડવું. સેકંડ કલાસ ચાર્જ રૂ. ૨, અને થર્ડ કલાસ રૂ. ૧, લાગેછે, ત્યા હોડીમાં બેસી સ્ટીમરપર જવાનો રૂ. ૦। જુદો પડેછે.

---

[1] જૂનાગઢથી પશ્ચિમમાં ૯૫ માઇલ છે.

તીર્થ દ્વારિકા—

મુંબાઇથી ૩૪૨ અને પોરબંદરથી ૫૬ માઇલ પશ્ચિમોત્તર એક જૂનું તીર્થ છે. પોરબંદરથી અહિંસુધી જમીન માર્ગે પણ અવાય છે, જેને સમુદ્ર માર્ગ અનુકૂલ ન હોય તેણે ખુસ્કી રસ્તે આવવું. નેમનાથજીના વખતમાં મ્હોટા મ્હોટા જૈન મંદિરો, રાજ્ય મંદિરો અને કિલ્લાઓ વિગેરે હતું, પણ, અત્યારે એકબી મંદિર અહિં નથી. પણ અહિંથી આઠ દશ માઇલપર બેટ દ્વારિકામાં એક મંદિર અને ધર્મ—શાલા છે. પહેલાં બેટ દ્વારિકા અને દ્વારિકા એકજ હતું, પણ હાલ જૂદું પરાંઓની માફક થયું છે. દ્વારિકામાં ગોમતી નદી પાણીથી હરહમેશ ભરેલી વહે છે. તેણે કિનારે સંગમઘાટ, વસુદેવઘાટ, અને પાણ્ડવઘાટ વિગેરે નવ ઘાટો જોવાલાયક છે. દ્વારિકાથી બેટ દ્વારિકા જવા સારૂં જમીન માર્ગ છે ત્યાં જવાને બેલગાડીઓ એક રૂપીઆને ભાડેથી મળે છે, અને આરંભડા ગામ સુધી લઇ જાય છે. પછી ત્યાંથી સમુદ્ર રસ્તે હોડીમાં બેસી બેટ દ્વારિકા જવું. હોડીનું ભાડુ માત્ર અડધો આનોજ છે. અહિંપણ તળાવ, તથા કિનારે પાકા ઘાટો જોવા જેવા છે.

કોઇ યાત્રાળુ જૂનાગઢથી આગગાડીમાં જામનગર અને જામનગરથી ખુસ્કી રસ્તે દ્વારિકા આવવા ઇચ્છતો હોય તો તેમ આવવું. અથવા જામનગરથી સમુદ્ર રસ્તે કચ્છમાં આવવું હોય તો નીચે બતાવેલે રસ્તે આવવું. જો કોઇને દ્વારકાથીજ સમુદ્ર રસ્તે માંડવી બંદર થઇ કચ્છના તીર્થ ધૃતકલ્લોલ અને ભદ્રેશ્વર જવા ઇચ્છા હોય તો પણ જઇ શકાય છે.

જૂનાગઢથી રાજકોટ અને જામનગરથી કચ્છઃ—

જવાને જૂનાગઢથી આગગાડીમાં વડાલ, જેતલસર, નવાગઢ, વીરપુર, ગોંડળ અને રીબડા થઇઃ—

રાજકોટ:—

ઉતરવું. રાજય જાડેજા રજપૂત નાજાનું છે. પોલીટીકલ એજન્ટ અહીં રહે છે. રાજકોટમાં જૈન મંદિરો તથા શ્રાવકો આબાદ છે. રાજકુમાર કોલેજ, હાઇસ્કુલ વિગેરે જોવા લાયક છે, રાજકોટથી પડધરી, હડમતીયા, વણુથળી, અને અળિયાવાડા થઇ:—

જામનગર:-૧

કે જેને ઇ૦ સ૦ ૧૫૪૦ મા જામ રાવળજીએ વસાવ્યું હતું ત્યાં આવવું. અહિં જઇનના ૯ મંદિરો, ઉતરવાને આઠ નવ મકાનો, દાદાજીનો બગીચો, અને અજરામર હરજીનો વંડો વગેરે છે. જામનગરનો મોતીનો સુરમો, કારચોબીકામ, કિનખાબ, રેશમ, દુપટા, શેલા, કંકુ વિગેરે વખણાય છે. અહિં રાજય મહેલ અને મકાનો ઘણી ઉમદા બનાવટના છે. હાલાર પ્રાન્તમાં નવાનગર જેવું બીજું કોઇ શહેર નથી. જામગનરથી ખુશ્કી રસ્તે બેડીબંદર અને બેડીબંદરથી દરિયા માર્ગે તુણાબંદર ઉતરવું. તુણાથી ખુશ્કી રસ્તે બળગાડીમાં ભદ્રેશ્વર જવું.

(કચ્છ) તીર્થ ભદ્રેશ્વર.

ભદ્રેશ્વર ગામ મહોટું નથી, પણ તીર્થને લીધે પ્રખ્યાત છે. ઉતરવાને ધર્મશાળા બનેલી છે. બાવન જિનાલય યુક્ત મહોટું શિખરબન્ધ મહાવીરસ્વામીનું મંદિર છે, તથા તેનું કાર્ય કરવાને શેઠ વર્ધમાન કલ્યાણજીના નામથી એક પેઢી સ્થપાયલી છે. વર્ષમાં બે વખત અહિં મેલો ભરાય છે તે વખતે લોકોની ઠઠ ઘણી હોય છે. ભદ્રેશ્વરથી બેલગાડીમાં માંડવી બંદર આવવું. ગાડીભડું ત્રણ રૂપીઆ લાગે છે.

---

૧. રાજકોટથી પશ્ચિમમાં ૫૧ માઇલ તથા બીજું નામ નવાનગર.

માંડવી બંદર,

કચ્છના દક્ષિણ કિનારે એક મ્હોટું શહેર છે. કચ્છનું પાય તખ્ત ભૂજ શહેર છે, તોપણ માંડવી શિવાય બીજું કોઇ પણ મ્હોટું શહેર કચ્છમાં નથી. શહેર બહાર બે સરાય છે ત્યાં મુસાફીરો મુકામ કરે છે, પણ જૈન યાત્રિયોએ ગામમાં જઇ મુકામ કરવો. માંડવીમાં ૫ શ્વે૰ મંદિરો, તથા શ્રાવકોની વસ્તી આબાદ છે. અહિં બંદર પાસે એક લાઇટહાઉસ બનાવવામાં આવેલું છે. માંડવીથી બેલગાડીમાં સુથરીજવું, ગાડીભાડું રૂ. ત્રણ પડે છે.

સુથરી તીર્થ ધૃતકલ્લોલ.

સુથરીમાં ધૃતકલ્લોલપાર્શ્વનાથજીનું જૂનું તીર્થ છે. ઉતરવાને ભવ્ય ધર્મશાળા છે ત્યાં યાત્રિયે ઉતરવું. અહિં દરસાલ કાર્તિક શુદ પૂર્ણિમાનો મ્હોટો મેલો ભરાય છે. સુથરીથી પાછા ફરી માંડવી થઇ ભદ્રેશ્વર આવવું. અને ભદ્રેશ્વરથી ૪ કોશ પર અંજાર છે ત્યાં જવું અંજારથી આગગાડીમાં તુણાબંદર અને તુણાબંદરથી સ્ટીમરમાં પાછા જામનગર (નવાનગર.) આવવું. અગર ભદ્રેશ્વરથી સીધા તુણાબંદર આવી તુણાથી સ્ટીમરમાં જામનગર આવવું.

તુણાબંદરથી કચ્છની મુસાફરી સમાપ્ત થાય છે. કચ્છમાં ભાષા કચ્છી અને કાંઇક ઉર્દુ. રાજા ક્ષત્રિય અને રાજ્યધાની શહેર ભૂજ છે. કચ્છમા એક પણ નદી નથી. પરન્તુ વરસાદના દિનોમાં નહાના નહાના નળાં વહે છે તેનેથી કામ ચાલે છે. કચ્છનું મેદાન મુલ્કોમાં મશહુર છે, જેનાં બે ભાગ બનેલાં છે, તેમાં પહેલો ભાગ ૭૦૦– અને બીજો ૨૦૦– માઇલનો છે. કચ્છમાં પ્રખ્યાત શહેર માંડવી, ભૂજ, મુદ્રા અને અંજાર છે. તથા સુથરી, કોઠારા, નલિયા, તેરા, જખઉ,

અને કોડાય કસ્બા છે. તેમાં જૈન મંદિરો અને દરેક જગ્યાએ શ્રાવકોની આબાદી કાયમ છે. કચ્છમાં જીવોની હત્યા ઘણી ઓછી અને લોકો મીલન સાર છે.

જામનગરથી આગગાડીમાં રાજકોટ, ખોરાના, સીધાવદર, વાંકાનેર, સ્થાન, મુળી અને વઢવાણ જંકશન થઇ વિરમગામ આવવું. વિરમગામથી ખારાગોડા બ્રાંચ લાઇનમાં ઝુંડ સ્ટેશને ઉતરવું, અને બેલ ગાડીમાં આસરે ૧૫ કોશ પર આવેલા શંખેશ્વર ગામ જવું. અથવા ખારાગોડા બ્રાંચમાંજ પાટડી સ્ટેશન છે ત્યાં ઉતરવું. પાટડીમાં જઇન મંદિર અને ધર્મશાળા છે, ત્યાંથી ખુશ્કી રસ્તે શંખેશ્વર જતાં રસ્તામાં પંચાસરા[1] ગામ આવે છે ત્યાં પણ જૈન મંદિર અને ધર્મશાલા છે, ત્યાં થઇ

શંખેશ્વર તીર્થ:—

જવું. શંખેશ્વર ગામ ઘણું ન્હાનું છે પણ તીર્થને લઇને પ્રખ્યાત છે. શ્વે૦ શ્રાવકોના ઘર માત્ર દશ અને મહોટું ભમતીસહિતનું શંખેશ્વરપાર્શ્વનાથજીનું મન્દિર તથા ધર્મશાલા છે. મંદિરમાં તીર્થપતિ પાર્શ્વનાથજીનું[2] બિમ્બ સવાએ હાથ ઉંચુ ગઇ ચોવીસીમાં ૯ મા તીર્થકરના શાસનમાં અષાઢી શ્રાવકે ભરાવેલું પ્રતિષ્ઠિત છે. એક જાણવા લાયક વાત એવી છે કે, જ્યારે જરાસંધની સાથે કૃષ્ણવાસુદેવને યુદ્ધ થયું, અને જરાસંધના બાણુથી કૃષ્ણની ફોજ જઇફ થઈ તે વખતે કૃષ્ણે

---

૧. જયશિખરી વાળું સં૦ ૭૫૨માં મહોટી રાજધાની હતું અત્યારે રાધનપુરના નવાબના તાબામાં છે.

૨ બિમ્બ જીર્ણ થવાથી અને નવાંગેખાડા પડી જવાથી શ્રીયુત વેણીચંદ સુરચંદના૦ પ્રયાસથી કેટલોક વખત થયાં લેપ કરવામાં આવ્યો છે.

ધ્યાન કર્યું તેથી દેવતા પ્રસન્ન થયાં, અને આ મૂર્તિ લાવી કૃષ્ણને આપી. શ્રીકૃષ્ણે આ મૂર્તિનું સ્નાનજળ સૈન્ય પર છાંટયું, એટલે સૈન્ય પૂર્વવત્ હુશિયાર થયું.

યાત્રિઓએ અહિંથી પાછા ફરી વિરમગામ જંકશન આવી ત્યાંથી ભંકોડા અને દેત્રોજ થઇ ઘેલડા સ્ટેશન ઉતરવું. અને બેલગાડીમાં

તીર્થ ભોયણી અથવા મલ્લિનાથજી:—

જવું. આ તીર્થ હાલમાં નવું સં૦ ૧૯૩૦ની સાલમાં થયું છે. તે વખતે હાલ છે તે દેવળ ન હોતું. નવું દેહરાસર પછી બંધાયું અને સં૦ ૧૯૪૩ના માહવદ ૧૦ને દિવસે મલ્લિનાથજી પ્રતિષ્ઠિત થયાં. મલ્લિનાથજીની મૂર્તિ અને બીજી બે પ્રતિમાઓ સં૦ ૧૯૩૦ માં કેવળ પટેલના ખેતરનો કુવો ખોદતાં મલી હતી. ઉતરવાને મહોટી ત્રણ ધર્મશાળાઓ છે. દરપૂનમે ઘણાં યાત્રાળુઓ ભરાય છે. તીર્થ-વહિવટ શેઠ ચુનિલાલ વિગેરે ચલાવે છે. અહિંથી ઘેલડા આવી આગગાડીમાં કટોસણ, જોટાણા અને લીચ[1] થઇ.

મહેસાણા જંકશન:—

જવું. મહેસાણા મહોટું જંકશન છે. અહિં પાંચ તરફની રેલ્વે આવ જાવ કરે છે. એક પાટણથી, બીજી ખેરાળુ (તારંગાથી) ત્રીજી અમદાવાદથી ચોથી આબુરોડ અને મારવાડ તરફની, અને પાંચમી વિરમગામ તથા કાઠીયાવાડથી. દશ મંદિરો, પાઠશાલા, ઉપાશ્રય, શ્રેયસ્કર મંડળ, યશોવિજય–પાઠશાળા વિગેરે અહિં છે. મહેસાણા ગાયકવાડ સરકારનું, કોરટો, કચેરીઓ વિગેરેથી આબાદ છે. મહેસાણાથી ખેરાલુ ધ્રાન્ચમાં વિશનગર[1], વડનગર[1], ખેરાળુ[2] અને વરેઠા થઇ

---

૧ યાત્રા કરવા લાયકનું એક મંદિર છે. ૨. અહિં ૨ જૈન મંદિરો તથા ધર્મશાલા મોજુદ છે.

વરેઠાકુંવારી સાઇડીંગ જવું. કે જે તારંગા પહાડની તલાટીમાં આવેલું છે.

તારંગા પહાડઃ—

નો ચઢાવ આસરે બે કોશનો, તથા કઠીણ છે. ચઢવાને ઘોડા, ટટ્ટુ વિગેરે મળે છે. ઉપર પહોંચ્યા પછી એક ધર્મશાલા તથા મોદીઓની દુકાન છે ત્યાં મુકામ કરવો. રાજા કુમારપાળનું બન્ધાવેલું તારંગાજીનું મંદિર ઘણું ઉંચું અને ભવ્ય છે. રાજા કુમારપાલની મરજી આથી પણ ઉંચું બનાવવાની હતી, પણ આચાર્ય હેમચંદ્રજીએ ઉંચા મંદિરોનું આયુષ્ય ટુંકું જણાવ્યું તેથી ત્રણ માલ જેટલુંજ બનાવી રહેવા દીધું. મંદિરમાં શિલ્પ કારીગિરી સારી છે. વળી એવો નિયમ છે કે રાજાઓના કરાવેલા મંદિરોમાં બહાર ઘોડા, અને હાથીઓની હાર લગાવવી. તેથી બહારની ચારે બાજુની દિવાલમાં અશ્વથર, ગજથર વિગેરે બનાવેલાં નજરે પડેછે. ઉપર જવાનો રંગમણ્ડપમાંથી રસ્તો છે. જે પરથી ઉપર જઇ જોવાથી આદમી હેરત પામે તેવી કારીગિરીથી મંદિર બનાવવામાં આવ્યું છે. મંદિરમાં બીજા અજીતનાથજી મહારાજની પાંચ હાથ ઉંચી મૂર્તિછે, કે જેના મસ્તકે પૂજન સારૂ સીડી ઉપર ચઢવું પડે છે. તીર્થ રક્ષણને માટે વડનગરના શ્રાવકોની દેખરેખ વાળી એક પેઢીછે. પહાડપર બગીચો, તલાવ, કુંડ તથા આજુ બાજુનું મેદાન જોવા લાયક છે. મન્દિરથી થોડેક દૂર એક ન્હાની ટેકરી છે. જેનો ચઢાવ આશરે એક ગાઉનો અને તેપર તીર્થંકરોના ચરણની છત્રી છે. કુંડની અગાડી એક બીજી ટેકરી આશરે અડધા ગાઉના ચઢાણ વાલી છે, તેપર ચરણની દેરી તથા કોટિશિલા નામની એક શિલા છે. તારંગાપર એક તારણ દેવીનું પણ ધામ છે.

આ મંદિર ક્યારે બંધાયું તેપર વિચાર કરીયે તો, હેમાચાર્યજી સં૦ ૧૧૬૬ માં હતાં અને તેઓનો અંતકાળ સં૦ ૧૨૨૯ માં હતો. તે વખતમાં રાજા કુમારપાળે હેમાચાર્યજીથી બોધ પામી આ મંદિર કરાવ્યું હતું. તારંગાજીથી પાછા ફરતાં ખેરાળુ વિગેરે સ્ટેશનોએ થઇ મહેસાણા જંકશન આવવું અને અહિંથી પાટણ લાઇનમાં—

ગૂજરાત પાટણ ૧:—

જવું. આ શહેર વિ૦ સં૦ ૮૦૨ માં વનરાજ ચાવડાએ સ્થાપ્યું અને ત્યાં પોતાની રાજધાની કરી હતી. તે પછી સોળંકી વંશી મૂળ-રાજ, સિદ્ધરાજ અને કુમારપાળ વિગેરે રાજાઓ અને વાઘેલા વંશી કરણ વિગેરે રાજાઓ થઇ ગયાં છે, અને અત્યારે ગાયકવાડ સરકા-રના તાબામાં છે. અહિં લગભગ ૧૦૦ ઉપરાંત જઇન મંદિરો છે, જેમાં મુખ્ય મંદિર વનરાજ ચાવડાએ બાંધેલું પંચાસરા પાર્શ્વનાથજીનું ઘણું જૂનું છે.* ઉતરવાને શેઠ કોટાવાળા વિગેરેની ધર્મશાળાઓ છે. અહિંના માટીના વાસણ, પટોળાં. તલવાર, ભાલા, સુડી વિગેર વખ-ણાય છે. અસલ અહીં ઘણા ચૌટા, ચોક, ટંકશાળો વિગેરે હતું પણ અત્યારે તેમાંનુ કાંઇ નથી. પાટણમાં મ્હોટા છ જ્ઞાન ભણ્ડારો છે, જેમાના થોડાક પુસ્તકોનું મહારાજા સયાજીરાવે ગૂજરાતીમાં ભાષાન્તર કરાવી પ્રસિદ્ધ કરાવ્યું છે. જોવા લાયક વસ્તુઓમાં જૂના ખણ્ડેરો, હેમાચાર્ય લાયબ્રેરી, તળાવો, મંદિરો, કોટ વગેરે છે. અહિંથી પાછા ફરી મહેસાણા જંકશન આવવું અને ત્યાંથી આબુરોડની આર૦ એમ૦

---

૧. મુંબાઇથી ૩૭૮ માઇલ.

* ભમતીને નાકે વનરાજ ચાવડાની છત્ર સહિત મૂર્તિ, સેવકની આકૃતિમાં ઉભેલી જોવામાં આવે છે.

રેલ્વેમાં ભાંડ, અને ઉંઝા, થઇ સિદ્ધપુર, ઉતરવું. સિદ્ધપુર સ્ટેશનથી પાંચ ગાઉ દૂર મેત્રાણુ નામનું ગામ છે. ત્યાં શ્રી ઋષભદેવ પ્રભુનું મોટું દેરાશર છે. સંવત્ ૧૯૦૦ ની સાલમાં સુથારની કોડમાંથી ઋષભદેવ પ્રભુ ત્રણ પ્રતિમાજી સાથે શ્રાવણ વદી ૧૧ સોમવારના સવારના સાડા નવ વાગે પ્રગટ થયા હતા. આ પ્રસંગે આ તીર્થનો મહિમા અલૌકીક હતો, પરન્તુ રેલ્વેનો વિહાર થઇ જતાં આ તીર્થ રેલ્વેથી જરા દૂર હોવાથી જૈનબંધુઓના આવરો જાવરો ઓછો થવાથી આ તીર્થની માહિતી જૈનબંધુઓમાં ઓછી રહી છે. આ તીર્થની યાત્રાએ એક વખત ગયા પછી ફરીફરીને યાત્રા કરવાનું મન થાય છે. ઋષભદેવ ભગવાનની પ્રતિમા બહુજ તેજસ્વી અને મનને શાન્ત પમાડે તેવી છે. કાર્તકી અને ચૈત્રી પૂનેમ પર અહિંયા મોટા જથ્થામાં જાત્રાળુઓ ભેગા થાય છે તેમજ કેટલાંક યાત્રાળુઓ પ્રતિ પૂનેમપર પણ જાય છે. વર્ષગાંઠ મહાશુદી ૧૩ અને વઇશાખ શુદી ૩ ની એમ બે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે પણ મોટા જથ્થામાં જાત્રાળુઓ ભેગા થાય છે. સ્વામી વત્સલ પણ થાય છે. સિદ્ધપુરમાં પણ આપણા બે દેરાશરો છે. સિદ્ધપુર થઇને આ સ્થળે જવાનું અનુકૂળ છે. અહિંયાથી પાટણ તથા પાલનપુર નવ કોશ દૂર છે. સિદ્ધપુરમાં તેમજ પાટણ પાલનપુરથી વાહનો મળેછે. મેત્રાણુમાં ધર્મશાળા છે, સીધાસામાન અને ગોદડાની સગવડ છે. ગોદડાં વાસણ વગેરે કારખાના તરફથી મળી શકે છે. આ સ્થળ જાત્રા કરવા લાયક છે માટે દરેકે તે તરફ જવાં ચૂકવું જોઇએ નહિ. આ તીર્થનો વહિવટ સિદ્ધપુરના શેઠ રવચંદ ટોકરસી કરતાં, કારણ કે મેત્રાણુમાં ફકત જઇનોના બેજ ઘર છે. હાલ તે અપુત્ર મરણ પામવાથી તેમના ભત્રિજા શેઠ નહાલચંદ ડોસાભાઇ ચલાવે છે. મેત્રાણુમાં ટપાલની સગવડ છે અને તે (via Sidhpur) સિદ્ધપુર થઇ ને કરવાથી બરોબર પહોંચે છે. છાપી, અને ઉમરદેશી થઇ:—

પાલનપુરઃ—

ઉતરવું. પાલનપુર અમદાવાદથી ૮૩ માઇલ પર દેશી રાજયની રાજધાની તથા એજન્સીનો મુકામ છે. અહિં જૈન મંદિર ૯ તથા શ્રાવકોની વસ્તી સારી છે. નવાબ સાહેબનો મહેલ, એજન્સી કોઠી, સ્કુલ, લાઇબ્રેરી, હોસ્પીટાલ વિગેરે જોવા લાયક મકાનો છે. અહિંથી સારોત્રા ×, રોહ, અને માવલ થઇ આબુરોડ સ્ટેશને ઉતરવું.

આબુરોડ અથવા ખરેડી. ÷

આબુ અને કુંભારીઆ અહીંથી જવાય છે. ઉતરવાને રાયબહાદૂર બુધસિંહજીની તથા એક બીજી ધર્મશાળા, અને એક મંદિરછે. ગામમાં બનાસ નદી વહે છે. રાજ શિરોહી દરબારનું અને જન સુખાકારી સારી છે. કુંભારીઆ તીર્થ આશરે ૧૨ કોશ પર પહાડપર છે. જવા સારૂ સાડાપાંચ રૂપીએ ડોળી, એક રૂપીઆ અગ્યાર આને ઘોડા અને પોણાચાર રૂપીએ ગાડા મલે છે. પાછા ફરવાને પણ એટલુંજ લાગે છે.

આરાસણ–કુંભારીયા તીર્થ.

કુંભારીયાનું બીજું નામ આરાસણ છે. આરાસણ પહાડ પર હાલ જ્યાં કુંભારીયા છે, ત્યાં પહેલાં આરાસણ નગર હતું. ખરેડીથી કુંભારીયાનો રસ્તો ઘણો કઠીણ નદી નાળા અને ઝાડોથી ભરપૂર છે. ખરેડીથી નીકળી આરાસણ પહાડપર પહોંચતાં પહેલાં અમ્બાદેવીનું ધામ આવે છે, તે પછી એક કોશ દૂર કુંભારીયા તીર્થ છે. ત્યાં મ્હોટા પાંચ મંદિરો અને ધર્મશાળા મોજુદ છે. રાજ્ય દાંતાના રાણા

× અહીંથી ગૂજરાત છૂટી રાજપુતાના શરૂ થાય છે.

÷ પાલનપુરથી ૩૨ અને સારોત્રાથી પૂર્વોત્તર ૧૩ માઇલ.

સાહેબનું અને વસ્તી માત્ર ૬૦–૭૦–ઘરની છે. તીર્થરક્ષણને માટે ગુમાસ્તા વિગેરે નોકરો છે. સહુથી મ્હોટું દેવાલય નેમનાથજીનું છે, તેની બહાર ભમતીમાં જોશો તો દિવાલમાં ગજથર લાગેલો છે, તેથી કોઇ રાજાનુ બન્ધાવેલું હોય એમ જણાય છે. ગભારામાં તીર્થંકર નેમનાથજીની ચાર હાથ ઉંચી પ્રતિમા તખ્તનશીન છે અને તેની નીચે આ મુજબનો લેખ છે. "संवत् १६७५ वर्षे, माघशुद्धचतुर्थ्यां–शनौ–श्री-उपकेशज्ञातीयवृध्दसज्जनाय तपागच्छे भट्टारकश्रीविजयदेवसूरिभिः श्रीनेमिनाथचैत्ये श्रीनेमिबिम्बं कारितं–प्रतिष्ठितं–च-भट्टारकश्रीहिरविजयसूरिश्वरपट्टप्राचीनाचलमार्तंड मंडलायमानभट्टारकश्रीविजयसेनसूरीशर्वरीसार्वभौमपट्टालंकार..........गुणगणारञ्जितमहातपाबिरुदधारितभट्टारकश्रीविजयदेवसूरिभिः पण्डितश्रीकुशलसागरगणि-प्रमुखपरिवार समन्वितैः" સં॰ ૧૬૭૫ માં આ મૂર્તિ બની, અને વિજયદેવ સૂરિમહારાજે પ્રતિષ્ટા કરી. આ મૂર્તિની પાસ બે મૂર્તિ બીજી સવા સવા હાથની છે. ગભારાની બહાર ચાર મૂર્તિ છે તે નીચે લેખ છે, પણ વાંચી શકાતો નથી. આ મૂર્તિઓની સામે સમવસરણનો આકાર જમણી તરફ દિવાલમાં ૧૬૪ મૂર્તિ સહિત સમવસરણ, તથા એકજ પત્થરમાં ૧૯ મૂર્તિ વિગેરે છે. તે નીચે "સં॰ ૧૩૪૫ માં શ્રીપરમાનન્દસૂરિએ પ્રતિષ્ઠા કરી" લખ્યું છે. આ મંદિરમાં બે તરફ બે દરવાજા હતાં પણ કોઇકારણથી બન્ધ કરી દીધેલા માલૂમ પડેછે.

બીજા રંગમણ્ડપમાં એક બાજુ નંદીશ્વરદ્વીપનો આકાર. એક બાજુ દેવીની મૂર્તિ, અને જમણીબાજુ રિષભદેવભગવાનની મૂર્તિ છે, જેનાપર "संवत् १६७५ वर्षे, माघवदि ४, श्रीमालीयज्ञातीय–वृध्धशाखीय–शा० रंगभार्या–किलाभार्या–सत्पत्नीभार्या– संपूरसुतहीरजी–श्रीआदिनाथबिम्बंकारितं–तपागच्छेश्रीविजयदेवसूरिभिः पण्डितश्रीकुशलसागरगणिपरिवारयुतैः प्रतिष्ठितम्."

લખેલું છે. ડાબી તરફ પાર્શ્વનાથભગવાનની મૂર્તિછે તેપર કાંઇ લેખ નથી, પણ સાંપ્રતિરાજાનું નિશાન છે. આ રંગમંડપની શિંગાર ચોકીની જમણી તરફ ત્રીજા થંભામાં લખ્યું છે કે " संवत् १३१० वर्षे-वैशाखवदि ५ गुरौ, प्राग्वाटज्ञातीय-श्रे-बिल्हणमातृ-रुपिणीश्रेयोर्थ-आसपालेन-सिद्धपाल-पद्मसिंहसहितेन-निजविभवानुसारेण-आरासणनगरे-श्रीअरिष्टनेमिमण्डपे-श्रीचन्द्रगच्छीय श्रीपरमाणंदसूरिशिष्यश्रीरत्नप्रभसूरिणामुपदेशेन स्तंभः कारितः " આ લેખથી આ થાંભલો સં. ૧૩૧૦ માં નવો બંધાવેલો જણાયછે.

આ થંભ મુકયા પછી બીજા થંભમાં, તથા તેની પાસેના થંભમાં એક એક લેખ છે. આ નેમિનાથજીના મંદિરની ભમતીમાં ન્હાના ૮ મંદિરોછે; તેમાં પહેલાંના દરવાજાની જમણી બાજુની દિવાલમાં આ મુજબનો એક લેખ છે. " प्राग्वाटवंशे-श्रे-वाहडेन-श्रीजिनचन्द्रसूरिसदुपदेशेन-पादपरामामे-उंदेखसहिकाचैत्यं- श्रीमहावीरप्रतिमायुतंकारितं- तत्पुत्रौ ब्रह्मदेवसरणदेवौ ब्रह्मदेवेन-संवत्-१३७५ अत्रैव श्रीनेमिमन्दिररंगमण्डपे-श्रीडाढा-* घरःकारितः-श्रीरत्नप्रभसूरिसदुपदेशेन-तदनुज-श्रे- सरणदेवभार्या-सहदेवी-तत्पुत्राः श्रे-वीरचन्द-पासड-आंबड रावण-यैः-श्रीपरमाणंदसूरिणामुपदेशेन- सप्ततिशत-तीर्थ-कारितं-संवत् १३१० वर्षे-वीरचन्द्रभार्या-सुखमिणीपुत्रपुना१ भार्यासोहग-पुत्रलूणा झांझण-आंबडपुत्रवीजा-खेतारावणभार्या- हीरुपुत्र- बडाभार्या- कामल-पुत्रकडुआ-द्वि-जयताभार्या-मुंटपुत्रदेवपाल-कुमरपाल-तृ अरिसिंहनागउरदेवी-प्रभृतिकुटुंबसमन्वितैः श्रीपरमाणंदसूरिणामुपदेशेन संवत् १३३८ श्रीवासुपूज्यदेवकुलिकां-संवत् १३४५ श्रीसमेतशिखरतीर्थे-मुख्यप्रतिष्ठां-महातीर्थयात्रां-विधाप्य-जन्मपरंपरया सफलीकृतम्."

---

* दढगृह. १. सुषमिणी.

આ લેખ લખનાર દેવપાલ કુમરપાલે પરિવાર સહિત અહિં આવી શ્રીવાસુપૂજ્યસ્વામીનું આ ન્હાનું દેવાલય સં૦ ૧૩૩૮ માં બન્ધાવ્યું. તથા સં૦ ૧૩૪૫ માં સમેતશિખર તીર્થના મુખ્ય મંદિરની પ્રતિષ્ઠા અને મહાયાત્રા કરી.

આ લેખ પરથી શિખરજી તીર્થપર જૈન શ્વે૦ મંદિરો સં૦ ૧૩૪૫ માં બન્યા હતાં એમ જણાય છે. લેખ લખનાર પોસિના ગામના રહીસ જૈન શ્વે૦ શ્રા૦ હતા. પોસિના ગામ કુંભારીયા તીર્થથી ૧૨ કોશપર આવેલું છે.

બીજું તીર્થંકર મહાવીર સ્વામીનું દેવાલય ઉમદા કારીગિરીથી બનાવેલું છે, જેના ઉપરના લેખ ઉપરથી આ મંદિર ૧૬૭૫ સંવત્માં બન્યું જણાય છે. ત્રીજું દેવાલય તી૦ શાન્તિનાથજીનું નેમનાથજીના મંદિર જેવું તથા બે બાજુ ૧૬ દેવાલયો છે. પરન્તુ પ્રતિમાઓ કશામાં નથી. અહિં ઘણી ઉત્તમ કારીગિરીથી છત, તથા મહેરાબ બનાવેલાં છે પણ અફ્સોસ કે માત્ર એક થોડોજ ભાગ નમુનાને વાસ્તે મહેરાબનો સારો છે બાકી જીર્ણ થયો છે. ચોથું ગોડીપાર્શ્વનાથજીનું મંદિર પ્રતિમાના લેખ ઉપરથી ૧૩૬૫ સંવત્માં થયેલું જણાય છે. પાંચમું શ્રીસંભવનાથજીનું મંદિરછે. તેમાં ગભારા બહાર આઠ ગોખલાછે. પણ એકમાંજ પ્રતિમા જોવામાં આવેછે"

આરાસણ તીર્થના વહિવટ સારૂ એક મુનિમ ત્રણપૂજારી, અને એક પાણી ભરનાર મલી, કુલ પાંચ નોકરો છે. પણ અફ્સોસની વાત છે કે, તેઓને બીજી કોઇપણ જાતની આવક નહોવા છતાં પણ, મુનીમને પગાર રૂ૦ ૮-૦-૦ અને પૂજારીઓને રૂ૦ ૪-૮-૦ પગાર આપવામાં આવે છે. તીર્થ જંગલમાં છે, તેમજ યાત્રાળુઓ વિશેષ આવતાં નથી તેથી તેઓનું ગુજરાન બહુ મહેનતે ચાલે છે. પગાર

વધવા જરૂર છે. ગોદડા વિગેરેની જોગવાઇ પણ દેખવામાં આવતી નથી, તેમજ એક ઘડીઆળ સરખી પણ રાખેલી નથી. દેખરેખ દાંતાના આવકો રાખે છે.

આબુજી.—

જવાને સારૂ આરાસણથી ખરેડી આવી આબુ પહાડપર જવું. રાજપુતાનામા આબુ એક મશહુર પહાડ છે. ઉપલા મેદાનની ઉંચાઇ જમીનથી ૩૦૦૦ અને સમુદ્રથી ૪૦૦૦ ફીટ, તથા સહુથી ઉંચુ શિખર પાણીથી ૫૬૫૦ ફુટ ઉંચું છે. આ પહાડપર ૧૫ ગામડાંઓ છે. તેમાં દેલવાડા, ઓરિયા, અને અચળગઢપર જ જૈન મંદિરો આવેલા છે. ચઢાવ ૧૮ માઇલનો પાકી સડકનો છે. જ્યારે ૧૬ માઇલ ઉપર જવાથી છાવની-કેમ્પ આવે છે પણ કેમ્પવાસીયોને યાત્રાળુઓની હવા તથા સુગ પસંદ ન હોવાથી કેમ્પથી આશરે એક માઇલ દુરથી જ ઊતરી પેદલ દેલવાડે જવું પડે છે. આશરે ૧ માઇલ ઉનારે પણ, જો ડૉકટરનુ તનદુરસ્ત બાબતનું સરટીફીકેટ નીકલતી જગ્યાએથી લેવામાં આવે, અને તે સર્ટીફીકેટ ખરેડી–આબુરોડના ડૉકટરને બતાવી તે પાસેથી પાસ મેળવવામાં આવે, તો પછી કેમ્પમાંથી જઇ શકાય છેતથા કેમ્પમાં રોજ આવજાવ પણ કરી શકાય છે. કેમ્પથી દેલવાડા ગામ ૨૫-૩૦ ઘરોની વસ્તીવાળુ જૈનમંદિરોથી ભરેલું છે. ઉતરવાને વાસ્તે એક ધર્મશાળા અમદાવાળા શેઠ હઠિસિંહ કેશરીસિંહની, એક નવી, તથા એક મંદિરો પાસે કોટની અંદર છે.

તીર્થના કારખાનામાં એક મારવાડી મુનિમ સાધારણ અકકલનો રાખમામાં આવ્યો છે, તેને બદલે સારૂં ઇંગ્રેજી બોલી શકનાર હુશિયાર મુનિમ હોય, તો નિઃસંદેહ અંગ્રેજો અને વીઝીટરોને–કે જે ચમડાના

જોડા પહેરી મંદિરોમાં દાખલ થાય છે, તેને યુકિત પ્રયુકિતથી ચામડાને બદલે કપડાના જોડા પહેરવા સમજાવે.. ખરો ! કારખાનાની દેખરેખ ઘણી અંધાધુની બતાવનારી છે તે માત્ર ભમતીઓના ગભારાને લગાડેલા બએ દોઢીઆના તાળા, છૂટા બલતાં કોડીઆમાં દીવા, યાત્રાળુઓ તરફ બેદરકારી, મુનિમનો તુંડ મિજાજ અને શિખ આપી શકે તેવા યાત્રીકોપર ભાવ, ભમતીઓના ફાટાત્રુટા અને કચરાઓથી ભરાયેલા ચંદુવા, બડવા અને સાંકળોથી રહિત કેટલાંક દરવાજા અને જાળીઓ, છતે બગીચે વિના પુષ્પે રહેતી પ્રતિમાઓ, લેખો તરફ બેપરવા, વિગેરે વિ૦ ઘણી ખામીઓ જોવાથી જણાઇ આવશે.

દેલવાડામાં સહુથી પુરાણું મંદિર ઇતિહાસ વિગેરેથી શેઠ વિમળશાહનું જણાય છે કે જે સંવત ૧૦૮૮ માં બાંધવામાં આવ્યું હતું. પરંતુ તેથી પણ જૂનું દહેરૂં તો વિમળશાહ શેઠના દહેરાની ભમતીમાં જમણા હાથે દેવીની પાસે, કે જેમાં ૩ હાથ ઉંચી સ્યામરંગની સાંપ્રતિરાજાની ભરાવેલી પ્રતિમા તખ્તનશીન છે તે છે. આથી પણ જૂના દેવલો અહિં હતાં, પણ સમયજતાં નાશ થઇ ગયેલાં છે. ઇ૦ સ૦ ૧૦૩૧ માં વિમળશાહે આસરે બે કરોડ રૂ. ખર્ચી—પર—જિનાલય યુકત વિમળવસહિકા નામનું મંદિર ૧૫૦૦ કારીગર અને ૨૦૦૦ મજુરોથી ૩ વર્ષે પૂર્ણ કરાવી ૪ હાથ ઉંચી શ્રીરિષભદેવભગવાનની પ્રતિમાનુ સ્થાપન કર્યું. આ મંદિરમાં બાવન દેરીઓ, અને મૂર્તિઓપર જૂદી જૂદી સાલના ઘણાં લેખો જોવામાં આવે છે. મંદિરના દરવાજા સામે બરોબર ઘોડાપર શેઠ વિમળશાહની મૂર્તિ જોવામાં આવે છે, આને મુસલમાની ટાઇમમાં ખણ્ડિત કરવામાં આવી હતી પણ હાલ ચુના વિગેરેથી બરોબર કરી લીધી છે. તથા તેની અગાડીપછાડી ૧૦ હાથીઓ વિગેરે જોવામાં આવે છે. આબુના દેવળો જેવી કારીગિરી

હિંદુસ્તાનમાં બીજે કોઇપણ સ્થળે જોવામાં આવતી નથી. સંવત્ ૧૮૧૮ માં પદ્મમુનિએ જે આબુજીનું સ્તવન રચ્યું છે, તેમાં તેઓએ વિમળશાહના દેવળમાં ૮૭૬ પ્રતિમાઓ છે એમ લખ્યું છે. મંદિર બનાવવાને ઘણા દૂર દૂરથી હાથીઓપર લાદીને આરસ મંગાવ્યા હતાં.

વિમળવસહિકા પાસે લુણીંગવસહિકા નામનું વસ્તુપાલ તેજપાલે સંવત્ બારસેં નવ્યાસીમાં (૧૨૮૯) નેમનાથનું મંદિર કરાવ્યું. તે મંદિર પણ વિમળશાહ શેઠના મંદિર જેવું સુશોભિત નકસીકામથી ભરેલું છે. આ મંદિરમાંએ ન્હાના ન્હાના બાવન જીનાલય, મૂળ ગભારાની બહાર જમણી અને ડાબી બાજુએ વસ્તુ અને તેજપાલની સ્ત્રીઓના નામથી દેરાણી જેઠાણીનાં ગોખલાં, જૂદી જૂદી સાલના કેટલાંક શિલાલેખો અને પછાડીના ભાગમાં દશ હાથી; વસ્તુપાલ; તેજપાલ; તેઓની સ્ત્રી અને સગાઓની મૂર્તિ વિગેરે છે. મંદિરની જમણી ભમતીમાં અમ્બિકા દેવીના ગંભારા પાસેના વચલા દેવળમાં દવાલ ઉપર શકુનિકાવિહારનો આકાર કોતરેલો છે તેમાં ભરૂચ શહેર, દરિયો, સુદર્શના રાજકુમારી, ઝાડ, શિકારી, જૈન મુનિ વિગેરે છે. અને તેની નીચે સંવત્ ૧૩૩૮ ની સાલનો સંસ્કૃત ભાષામાં લેખ છે તેમાં લખ્યું છે કે, "આરાસણના રહીશ આસપાળે આકરાવ્યું, વીગેરે." પદ્મવિજયજીના સ્તવનમાં તે વખતે આ મંદિરમાં ૪૬૮ પ્રતિમાઓ હતી એમ લખ્યુ છે.

વસ્તુપાલ તેજપાલના મંદિરથી થોડે દૂર ભેંસાશાહનું બનાવેલું ધાતુની પ્રતિમા વાળુ મંદિર છે પ્રતિમાની નીચે "સંવત્ ૧૫૫૨ માં બનાવી, અને સોમસુંદરસૂરિની પાટે ઉતરેલાં લક્ષ્મીસાગર સૂરિએપ્રતિષ્ઠા કરી." વીગેરે લખ્યું છે ચોથું મંદિર ચોમુખજીનું ત્રણ માલનું ઘણું ઉંચુ

છે. (આ મંદિર કારીગરોનું બનાવેલું કહેવાય છે.) આ મંદિરમાં ઘણી કારીગિરી નથી. ઉંચપમાં અહીં, આનાં કરતાં કોઇ ચડે તેવું નથી.

અહીંથી લગભગ પાંચ માઇલ ઉપર અવચળ ગઢ છે. ત્યાં જતાં રસ્તામાં ઓરિઆ ગામ આવે છે તેમાં શ્રાવકોનું એકપી ઘર નથી પણ એક જૂનું મંદિર મહાવીરસ્વામીનું છે. અહીં કઇ લેખ વિગેરે જોવામાં આવતો નથી. ખર્ચ અવચળગઢના કારખાનામાંથી ચાલે છે, અને તે લોકો તપાસ રાખે છે. અહીંથી અવચળગઢ ગયા પછી સૌથી પહેલું કુમારપાળ રાજાનું બંધાવેલું શાન્તનાથ મહારાજનું મંદિર આવે છે. રંગમંડપમા શિલા લખ છે પણ તુટી જવાથી વાંચી શકાતો નથી. આ મંદિરની સાંમે એક મોટું તલાવ, તથા પત્થરની બનાવેલી ત્રણ ભેંસો જોવામાં આવે છે. આગળ પહાડ તરફ જતાં એક દરવાજો, અને તળાવ; તેથી અગાડી બીજો દરવાજો અને અવચળગઢ ગામ આવે છે. ગામમાં માત્ર ૨૦–૨૫ ઘરની વસ્તી, બે ધર્મશાળા અને મંદિરો છે. એક ધર્મશાળા કુંથુનાથજીના મંદિર આગળ અને બીજી મોહટા મંદિર આગળ છે, જે નવી બનાવામાં આવી છે. આ મંદિરોની તપાસ રોહીડા ગામના શ્રાવકો રાખે છે અને તેને વાસ્તે શેઠ અચળશી અમરશી નામની પહેડી સ્થાપેલી છે.

મોટું મંદિર અચળગઢના એકદમ ઉંચા શિખર ઉપર ધાતુની પ્રતિમાઓનું રિષભદેવ ભગવાનનું છે. આ મંદિરમાં ચૌદ પ્રતિમાઓ ધાતુની બનાવેલી આશરે ૧૪૪૪ મણના વજનની છે. મંદિરની છત ઉપર જઇને જોવાથી આખો આબુ પહાડ, નદી નાળાં; નાહાના નાહાના ગામડાઓ વિગેરે જોવામાં આવે છે. આ મંદિરની પાસેના એક પહાડ શિખરંપર કુંભારાણાના મહેલનું ખંડીયેર, શ્રાવણ ભાદરવો તળાવ, ભંર્તૃહરીની ગુફા વિગેરે જોવા લાયક છે.

આબુ પહાડ એક શીતળ ટેકરી છે, કે જેમાં ઉન્હાળાના દિવસોમાં પણ સખ્ત થંડી રહ્યા કરે છે. આ પહાડ પર ગુલ્લાબ, ચંપા જુઇ, જાઇ વિગેરે પુષ્પોના ઢગલા બંધ વનો નજરે પડે છે એટલુંજ નહીં, પણ ઘણા પ્રકારની વનસ્પતિઓ પણ જોવામાં આવે છે. અધરદેવી, નખીતળાવ, ગુરૂશૃંગ, ગુરૂવષિષ્ઠ, ગુફાઓ વિગેરે ઘણાં સ્થળો જોવા લાયકનાંછે અવચલ્લગઢથી પાછા દેલ્લવાડાને રસ્તે થઇ નીચે આબુ રોડ આવી રેલ્વેમાં કિરવળી, ભિમાના, રોહીડા, અને બનાસ થઇ પિંડવાડા સ્ટેશને ઉતરવું. પિંડવાડામાં ધર્મશાલા અને મંદિરો છે. ત્યાંથી ખુશ્કી રસ્તે ૪ કોશ પરઃ—

બંભણવાડા તીર્થઃ—

જવાને બેલ ગાડીઓ મળે છે, તેમાં સ્વાર થઇ સાથે વળાવાઓનો બંદોબસ્ત રાખી બંભણવાડે ઉતરવાને ધર્મશાલા છે ત્યાં આવવું. તીર્થ ગામથી થોડે દૂર જંગલમાં, અને મુનિમ, પૂજારી વિગેરે વ્યવસ્થા હમેશને માટે કાયમ છે. મંદિર મ્હોટું અને ભપકાદાર છે. મંદિરમાં મહાવીર સ્વામીની મૂર્તિ તખ્તનશીન કરેલી છે. કેટલાંકો કહે છે કે મહાવીર સ્વામીના કાનમાં ગોવાલિયાઓએ ખીલા ઠોકયાં હતા, તે ખીલા ખરક વૈદ્યે અહિં કહાડયા હતાં, પણ આવાત ગલત છે. કેમકે કલ્પસૂત્રમાં તો "મધ્યમ અપાપા નગરીમા સિદ્ધાર્થ અને ખરક વૈદ્યે ખીલા કહાડયા જણાવ્યું છે." તો તે સ્થળ પૂર્વ તરફ છે. અહિં એની નકલ કરવામાં આવી હશે એમ લાગે છે. બંભણવાડાથી બે કોશ પર.—

નાદિયાગામઃ—

જવું. ત્યાં પણ મહાવીર સ્વામીનું મંદિર છે, નાદિયાની બહાર એક પહાડની નાની ખોહમા પહાડમા જ કોતરી કહાડેલી મહાવીર-

સ્વામીની મૂર્તિ, પાસે પત્થરમાં ચંડકૌશિક સર્પ જે મહાવીર સ્વામીને પગે કરડયો હતો તે બનાવેલાં છે. આ પણ નકકલજ જણાય છે. કેમકે પૂર્વ તરફ આવેલી શ્વેતામ્બિકા નગરીમાં જ્યારે મહાવીર જતાં હતાં, ત્યારે ચંડકૌશિક કનકખલ તાપસાશ્રમ પાસે કરડયો હતો. છદ્મસ્થપણામાં મહાવીરસ્વામી પૂર્વદેશ તરફજ વિચરેલાં છે, મારવાડમાં કોઇ પણ વખત પધાર્યા નથી તેથી ઉપલી અહિંતો નકલજ બનાવેલી સંભવે છે. નાદિયાની આસપાસ લોટાણા, અંજારિયા અને શિરોહી જઇનોની આબાદીવાળાં ગામ છે. અને મ્હોટાં મ્હોટાં મંદિરો બનેલાં છે. શિરોહીથી પાંચ ગાઉ પર મીરપુર ગામમાં ૪ દહેરાસર છે જેમાં એક તો આબુજીના જેવું કોતરણી વાલું છે. પણ તેમાં હજુ સુધી પ્રતિષ્ઠા થઇ નથી. દહેરાસસમાં એક શિલા લેખ છે જેમાં લખ્યું છે કે "નાથીબાઇ નામની શ્રાવીકાએ સં૦૧૮૫૨ની સાલમાં આ દહેરાની પ્રતિષ્ઠા કરી છે" ત્યારબાદ કેટલેક વખતે પ્રતિમા ચોરાઇ હોય તેમ જણાય છે. દેખરેખ શિરોહીવાલા કસ્તુરચંદ કરે છે. નવી ધર્મશાલા પણ બંધાયેલી છે.

અહિંથી પાછા બંભણવાડે આવી રેલ્વે રસ્તે કેશવગંજ, નાણા, મોરી બેરા, એરનપુરા રોડ, સંદેરાવ, અને ફાલના થઇ પંચતીર્થી જવાને રાની સ્ટેશને ઉતરવું.

પંચતીર્થી, અથવા વરકાણા, નાડોલ, નાડોલાઇ, ધાનેરાય અને રાણકપુર.

મારવાડમાં રાની સ્ટેશનથી ૨૦ ગાઉના ઘેરામાં આ પંચતીર્થી આવેલી છે. જવાને વાસ્તે રૂપીઆ રોજથી બેલગાડીઓ મળે છે, તથા દરેક જગ્યાએ ઉતરવાને ધર્મશાલાઓ છે. રાની સ્ટેશનથી અંદાજ દોઢ ગ.ઉપર વરકાણાજી ગામ છે ત્યાં જવું. વરકાણામાં ઘણું મહોટું

બાવનજિનાલયમંદિર અને કારખાનું વિગેરેછે. તેપર દેખરેખ અહીંથી નજીક આવેલા બીજવાના શ્રાવકોનીછે. મંદિરની બહાર દરવાજા પાસે બે હાથી છે જેમાંના એક હાથીની પાસે શિલાલેખમાં " સં. ૧૬૮૬ ના પોષ વદી ૮ ને શુકરવારે મેવાડનારાણા જગત સિંહજીએ તપગચ્છાચાર્ય વિજયદેવસૂરિના કહેવાથી મેલાના ચાર દિવસોનું મહેસુલ માફ કર્યું." લખ્યુંછે. જે મેલો દરવર્ષ અહિં પોષ વદી ૮–૯–૧૦–૧૧ ને દિવસે ભરાય છે. વરકાણા પાર્શ્વનાથજીનું મંદિર નકશિથી ભરપૂર નવ ચોકીના રંગ મંડપવાળુંછે. અહિંપણ લેખો–વિગેરે છે, જેમાંના એક ભાગાતુટા લેખપરથી સં. ૧૨૧૧ માં મંદિર બનેલું જણાય છે, અને બનાવનાર શેઠ શેઠાણીની મૂર્તિઓ પણ એક હાથીપર નજરે પડેછે.

વરકાણા તીર્થથી નાડોળ ગામ છે ત્યાં જવું. ત્યાં એક પદ્મપ્રભુજીનું અને તે અંદર બે, ચોથું નેમનાથજીનું, પાંચમું શાંતિનાથજીનું અને છઠ્ઠું પાર્શ્વનાથજીનું મંદિર છે. તે શિવાય ઉપાશ્રયમાં પણ દહેરું વિગેરે છે. નાડોલથી ત્રણ ગાઉપર આવેલા નાડુલાઇ જવું.

નાડુલાઇમાં ૨ મંદિર ગામ બહાર અને ૯ ગામની અંદર મલી ૧૧ મંદિરો છે. એક મંદિર દરવાજા પાસે આદીશ્વર ભગવાનનુંછે, જેને વાસ્તે અહિંના લોકોમાં એક વાત જાણીતી છે કે " શ્વેતાંબરાચાર્ય શ્રીયશોભદ્રસૂરિ અને શૈવાચાર્યને મંત્ર વિદ્યામાં અહિં વાદવિવાદ થયો હતો. અહિંના લોકોએ તેઓને કહ્યું આમ વિવાદમાં ફાયદોશું ? કાંઇ એવું કાર્ય કરો કે આપનું નામ હમેશાં કાયમ રહે. આથી યશોભદ્રસૂરિ આ દેહરાને મંત્રબલથી ઉડાવીને અહિં લાવ્યા, અને શૈવાચાર્ય પણ શિવમંદિર લાવ્યા, જે બીજા દરવાજા પાસે મોજુદછે." આ બાબતના કાંઇ લેખ વિગેરે મલતાં નથી, માત્ર અહિંના લોકોજ આમ વાતો કરેછે.

નાડુલાઇથી રવાના થઇ ધાણેરાય આવવું, કે જ્યાં દશ મંદિરો છે. ધાણેરાયથી દોઢ કોશપર જંગલમાં એક મુછાલા મહાવીરસ્વામીનું મ્હોટું દેવાલય છે. પાસે પાણીનો હોજ અને ઝ.ડીઝુખર જોવાલાયક છે. પાસે એક ધર્મશાલા પણ છે. ધાણેરાયથી ૪ કોશપર સાદરી ગામ છે ત્યાં જવું. સાદરીમાં ચિંતામણિપાર્શ્વનાથજીનું મંદિર છે. પછી સાદરીથી ત્રણ કોશપર રાણકપુરજી જતાં સાથે વળાવા, ચોકીવાળા વિગેરેનો બંદોબસ્ત કરી લેવો. કેમકે રસ્તો પહાડી અને જંગલી જનાવરોથી ભરપૂર છે. રાજ્ય તરફથી પણ સખ્ત હુકમ છે કે ચોકીદારો રાખ્યા વિના જવું નહી.

રાણકપુરજી:—

નું મંદિર જ્યારે શેઠ ધરણાશાહે તૈયાર કરાવ્યું તે વખતે ઝળાંઝળાં રોશનીની માફક ભપકાવાળું હતું, તેથી તેનું બીજું નામ "ત્રૈલોકયદીપક" મંદિર કહેવાતું હતું. બાવન જિનાલય યુક્ત ઉંચામાં ઉંચું મંદિર હોય તો તે આ એકજ ત્રણ મજલાનું છે. ચારે તરફ દરવાજા હોવાથી જાણે દેવસમોવસરણજ ન હોય! તેવું જણાય છે. રાણકપુરમાં અત્યારે એક પણ ઘરની વસ્તી નથી, પણ પહેલાં ૧૫૦૦ ની સાલમાં તો શ્રાવકોનાં ઘર ૩૦૦૦ હતાં, કે જે વખતે અહિં રાણકપુર ગામ આબાદીમાં હતું. જ્યારે આબાદી ઓછી થતી ગઇ ત્યારે લોકો અહિંથી સાદરી, પાળી, મેવાડ અને માલવા તરફ ચાલ્યા ગયાં. રાણકપુરના જૂના નિશાનમાં ફક્ત હમણાં મંદિર, ધર્મશાળા, અને જૂના કોટ શિવાય કશું નથી. જૂના કોટની દિવાલ રાણાજીના મંદિર પાસેથી લાંબી ને લાંબી ચાલી ગયેલી જોવામાં આવેછે, તથા તે પાસથી ભાનપુર થઇ મેવાડ જવાનો રસ્તો શરૂ થાયછે.

અહિંનું 'ત્રૈલોક્યદીપક' મંદિર શેઠ ધરણાશાહે રૂ૦ ૯૯,૦૦,૦૦૦ ખર્ચી કરાવ્યું. અંદર ચારે દરવાજા તરફ એક એક મ્હોટો અને ન્હાનો રંગમંડપ તથા ચાર ખૂણાઓમાં ચાર ચાર મળી કુલ્લે ચોવીસ રંગમંડપો છે. તે અંદર છત, થાંભલા, મહેરાબ અને મંડપોમાં કારીગિરી તાજ્જુબ લાયકની છે, પણ, સહુથી વખાણવા લાયક ખૂબસુરતી ડાબી તરફના રંગમંડપની છે. પશ્ચિમ બાજુના મૂળ નાયકજીના સામા દરવાજાની જમણી બાજુ દિવાલમાં એક લેખ છે જેમાં " સંવત્ ૧૪૯૬, શ્રીમેદપાટ રાજાધિરાજ શ્રી બપ્પ, અને શ્રી ગુહિલ વિગેરે રાજાઓની ૪૦ પેઢીના નામો, તેથી અગાડી ૩૯મી લાઇનમાં 'પરમ અર્હંત પોરવાડ ધરણાશાહે આ મંદિર કરાવ્યું,' ૪૧મી લાઇનમાં 'રાણકપુર નગરે રાણા શ્રીકુંભકર્ણ નરેન્દ્રેણ સુનામ્ના—નિવેશિતઃ' ૪૨મી લાઇનમાં 'ત્રૈલોક્યદીપકાભિધાન—શ્રીચતુર્મુખયુગાદીશ્વરવિહારઃ— કારિત' તે અગાડી 'શ્રીબૃહત્તપાગચ્છે—શ્રીજગતચન્દ્રસૂરી શ્રીદેવેન્દ્રસૂરિ' અગાડી, ખંડિત થયું છે તેથી વંચાતું નથી અને છેલ્લી લાટીઓમાં 'તપગચ્છના આચાર્યોએ પ્રતિષ્ઠા કરી લખ્યું છે." રાજ્યના ઉથલાપાથલામાં કોઇએ પ્રતિષ્ઠા કરનાર આચાર્યનું નામ તોડી નાખેલું જણાય છે.

મંદિરમાં ઉપર ત્રણ મજલા સુધી ચૌમુખજીઓ પધરાવેલા છે, અને 'નલિનીગુલ્મ' વિમાનના આકારનું બનાવવામાં આવ્યું છે. ઉપર ત્રીજે મજલે જઇ મુખ્ય શિખર અને નાના ૮૪ શિખરો જોવાથી સાક્ષાત્ દેવ વિમાનજ મોઢાં અગાડી ખડુ થયું હોય ! તેમ જણાય છે. પશ્ચિમ તરફના દરવાજામાંથી અંદર પેસતાં બન્ને તરફ દિવાલમાં શિલા લગાડેલી દેખાય છે. ત્યાંથી ૮૪ ભોંયરામાં જવાનો રસ્તો છે, કે જે આ દેવળમાં મૂળથીજ બનાવેલા છે. પણ, હાલમાં તો માત્ર બે ત્રણજ ખોલવામાં આવે છે, જેની અંદર

કેટલીક પ્રતિમાઓ છે. આ શિવાય સમેતશિખરજી, મેરૂપર્વત, અષ્ટાપદ, નંદીશ્વરદ્વીપ, રાયણ અને પગલા, તથા કેટલાંક લેખો વિગેરે છે.

ધરણાશાહ શેઠના કુટુમ્બીઓ હજુ સુધી પણ દર વર્ષે ચઇત્ર વદી ૧૦ ને દિવસે મેળો ભરાય છે તે વખતે પોતાના તરફથી મંદિરને ધ્વજારોપણ કરી, આંગી પૂજા કરાવે છે. મેલામાં આશરે પાંચસાત હજાર લોકો એકઠાં થાય છે. શેઠના કુટુમ્બીઓ હાલમાં ઘાણેરાય રહે છે. મુખ્ય મંદિર શિવાય એક પાર્શ્વનાથનું, અને બીજું નેમનાથજીનું મળી બે મંદિરો બહાર છે. નેમનાથજીના મંદિર પાસે રાણાનું બંધાવેલું સૂર્યનું મંદિર છે. અહીં વાવડી, બગીચો વગેરે છે. રાણુકપુરથી સાદરી થઇ સીધી સડક રાનીસ્ટેશને જાયછે, તે રસ્તે પાછા રાની સ્ટેશને આવી આગગાડીએ જાબાલી, સોમેસર, વિગેરે સ્ટેશનોએ થઇ મારવાડ જંકશન આવી પાલી, જોધપુર લાઇનમા રવાના થઇ.

પાલી (મારવાડ.)

ઉતરવું. અહિં શ્રીનવલખાપાર્શ્વનાથનું મુખ્ય મંદિર તથા બીજા ઘણાં મંદિરો, અને એક મ્હોટી ધર્મશાલાછે. અહીંના લાકડાના રમકડાં, અને તપખીર વખણાય છે. જૈન મુનિઓને રાખવા લાયકના કાષ્ઠપાત્ર અહિં પણ સારા બનાવવામાં આવેછે. પાલીમાં સંવેગીપાટીનો એક સારો જ્ઞાનભંડાર પણ છે. પાલી સ્ટેશનથી રેલ્વેમાં કેરલા, રોહાન, [1] લુની, અને સાલાવાસ થઇ.

જોધપુરઃ—

આવવું. સ્ટેશન સામેજ મહોટી ધર્મશાળા છે ત્યાં મુકામ કરવો. જોધપુરને સને ૧૪૫૯ માં મહારાજ જોધારાવજીએ વસાવ્યું હતું.

---

૧. લુનીથી સિંધહૈદરાબાદ લાઇનમાં બાલોતરા સ્ટેશન જવું. અહીં નાકોડા પાર્શ્વનાથજીનું તીર્થ છે.

જોધપુરઃ પહાડોની દક્ષિણમાં ૬ માઇલના ઘેરાવનું રાજધાની શહેર છે. શ્રાવકોની વસ્તી સારી છે.

મંદિરોઃ—

ધાનમંડી, કોલમંડી, ગુંદીના મોલ્લો, શીંગીયાચોક, દફ્તરી વાસ, અને નાગોરી દરવાજાની બહાર મલી કુલ નવ છે. જોધપુરથી દોઢ કોશપર ગુરાંના તળાવ પાસે બે મંદિરો અને ધર્મશાળા છે. જેમાંના મ્હોટા મંદિરમાં ધરણેન્દ્ર અને પદ્માવતી સહિત પાર્શ્વનાથજી મૂળનાયક છે. આવી પ્રતિમાઓ ભાગ્યેજ કોઇ સ્થળે જોવા મળે છે. મંદિર પાસે તળાવ, બગીચો વિગેરે છે. જોધપુરથી ત્રણ કોશ ઉત્તરમાં મંડાવરગામ કે જે જોધપુરની પહેલાં મારવાડની રાજ્યધાની હતું ત્યાં બે મંદિરો છે. અત્યારે શ્રાવકની વસ્તી માત્ર એકજ ઘરની છે. મહોટું મંદિર પાર્શ્વનાથજીનું છે. પાર્શ્વનાથપ્રભુની નીચે "સં૦ ૧૨૨૩ માં આ પ્રતિમાનું સ્થાપન કર્યું" લખેલુ છે, તેપરથી મંદિર સં૦ ૧૨૨૩ માં બન્યું જણાય છે.

જોવાલાયક જગ્યાઃ—

એમાં જોધપુરથી ૭ માઇલપર બાલસમન તળાવ, શહેરમાં ગુલાબસાગર અને આનાસાગર તળાવ વિગેરે છે. જોધપુરથી ૧૬ કોશના રસ્તાપર ઓશિયા નગરી છે, ત્યાં જવાને બેલગાડીઓ શિવાય રેતાલ જમીન હોવાથી બીજુ કાંઇ કામ આવતું નથી. ગાડી ભાડુ આવવા જવાનું રૂ૦ ૭ લાગે છે. રસ્તામાં આઠ કોશ પર મથાણીયા ગામ આવે છે, ત્યાં એક રાતનો મુકામ કરવો. પછી બીજે દિવસે ઓશિયા જવું.

૧ ઓશિયા નગરી

ઓશિયામાં અત્યારે ૫૦૦ ઘરનીજ વસ્તી છે. પહેલાં જ્યારે ઓશિયાની પૂર આબાદી હતી, તે વખતે અહિંનો દમામ જૂદોજ હતો, જે જૂના ખંડિયેરો વિગેરે જોવાથી જણાઇ આવે છે. જે ઉપર મથાણિયા ગામ કહ્યું તે, પહેલાં ઓશિયાની ધાનમંડી, અને મથાણિયા પાસે તીવરી ગામ છે તે તેલીવાડો હતો. તીવરીથી ૪ કોશ પર ઘંટીયાલા ગામ છે, ત્યાં એક જમીનમાં દટાયલા શિલાલેખ પર "અહિંઆ ઓશિયા નગરીનો સદર દરવાજો હતો." એમ લખ્યું છે. મહાવીરસ્વામીના નિર્વાણ બાદ ૭૦ વર્ષ પછી શ્રીરત્નપ્રભસૂરી-કે જે શ્રુતકેવળી, અને પાર્શ્વનાથજીના શાસનમાં હતા, અને પછીથી મહાવીર સ્વામીના શાસનમાં આવ્યા હતા, કેમકે જ્યારે કેશીકુમાર અને ગૌતમસ્વામીને ચાર કે પાંચ મહાવ્રતો પર વિવાદ થયો તે વખતે પાંચ મહાવ્રત કબૂલ્યાં હતા, તે રત્નપ્રભસૂરી અહિં ચોમાસુ હતા, તે વખતે મહારાજા ઉપલદેવ પરમાર અહિં રાજ્ય કરતા હતા. સૂરિના ઉપદેશથી ઉપલદેવ પરમાર એક તાલ થયો તથા ૩,૮૪,૦૦૦ શખ્શોએ જિનધર્મ અંગીકાર કર્યો, અને તેઓ ઓશિયાના રહીશ હોવાથી ઓશવાલ કહેવાવા લાગ્યા. ઓશવાલોમાં ઘણા પ્રકારની ગોત છે, જેવી કે કોઠારી, ભંડારી, પારખ, મુતા, ગાંધી, કોચર, શીંગી, ભણુશાલી, નવલખા. સુરાણા, કાસટીયા, દઢા, ડાધા, બડકતીયા, લુણીયા, ગુલેછા, દુગડ, નાહર, દુધેડીયા, ૨ઘીગુડ, મુંણોત, અને સચેતી

---

૧ સંસ્કૃતમાં ઉપકેશ અને પ્રાકૃતમાં ઉવયેશ કહેવાય છે.

૨ ગુજરાતીમાં-ઘીગોળ કહે છે, સુરતના ઓશવાળોમાં ભણુશાલી અને ઘીગોળની ગોત વાળા કેટલાંક કુટુમ્બો જોવામાં આવે છે.

વિગેરે વિગેરે. મારવાડ અને પૂર્વદેશમાં ગોત ચર્ચા વિશેષ છે, અને ગુજરાત તથા પંજાબમાં બીલકુલ જોવામાં આવતી નથી.

ઓશિયામાં મહાવીર સ્વામીનું દહેરૂં હવણાં જે તેને સં૦ ૧૦૩૩ માં સમરાવેલું તથા પ્રતિમા પણ નવી પધરાવેલી છે. મંદિરની સામે સભા મંડપ છે તેની દિવાલમાં એક શિલાલેખ છે, જેમાં લખ્યું છે છે કે "સંવત ૧૦૩૩ માં આ લેખ લગાવ્યો" અને પારિહારવંશ તથા વત્સરાજા કે જેને ઓશીયાને એક વખતે આફતમાંથી બચાવી હતી તેનું નામ વિગેરે છે. લેખ ઘસાઇ ગયેલો હોવાથી વિશેષ વાંચી શકાતો નથી. મંદિરની મહેરાબ પર એક જગ્યાએ લખ્યું છે કે "સં૦ ૧૦૩૪ આષાઢ સુદી દસમી—આદિત્યવાર સ્વાતિનક્ષત્રના દિવસે આ તોરણની પ્રતિષ્ઠા કરી" તોરણ જોવાલાયકનું છે. શ્વે૦ શ્રા૦ ની વસ્તી બીલકુલ નથી પણ ફલોધીના શ્રાવકો દહેરાની તપાસ રાખે છે અને પેઢી વિગેરે છે.

ઓશિયાથી પૂર્વ બાજુ અડધા માઇલને રસ્તે એક ન્હાની ટેકરી ઉપર જમીનમાં દટાયલા એક થાંભલા પર પગલા અને શિલાલેખ છે. લેખમાં "संवत् १२४५ माघ कृष्ण १४ शनिवासरे श्रीमज्जिनभद्रोपाध्यायशिष्यैः—श्रीकनकप्रभमहार्भिः कायोत्सर्गः कृतः" જોવામાં આવે છે. ઓશિયાના મંદિરમાં ૧૨ ન્હાની અને ૩ મ્હોટી મૂર્તિઓ જે લોકોને જોઇએ તેને ખર્ચો લઇ આપવામાં આવે તેવી છે. આવેલો ખર્ચ ઓશિયાના મંદિરમાં જીર્ણોદ્ધારમાં ખર્ચાશે. મંદિર પહેલા ઉંચુ હતું પણ ધીરે ધીરે જમીન ઉંચી ચઢવાથી પગથીયા તમામ દટાઇ ગયાં છે. અહિં દર સાલ ફાગણ શુદી ૩ ને દિવસે મેળો ભરાય છે તથા નવી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ફલોધી તીર્થ.

ઓશિયાથી પાછા જોધપુર આવી રેલ્વે રસ્તે મેરટારોડ સ્ટેશને ઉતરવું. અહિં સં૦ ૧૧૮૧ માં ધુંધલકુમાર નામનો કોઇ શ્રીશ્રીમાળ શ્વે૦ શ્રાવક રહેતો હતો. તેને ત્યાં ઘણી ગાયો હતી, તેમાંથી એક ગાય દરરોજ ચારો ખાઇ ઘેર પાછી આવતી ત્યારે, રસ્તામાં એક બોરના ઝાડ નીચે તેનું દૂધ આપોઆપ ઝરી જતું. ધુંધલકુમાર ગોવાલિયાને પૂછતો કે 'મારી ગાયનું દૂધ કોણ દોહી લે છે?' ત્યારે તે ઉપલી વાત જણાવતો. એક વખતે ધુંધલ નજરે જોવાના મીસથી સાથે ગયો, અને પાછા ફરતા ઉપર પ્રમાણે બીના જોઇ અચંબો પામ્યો. ઘેર આવી સુવા પછી તેને સ્વપ્ન આવ્યું કે "ત્યાં પાર્શ્વનાથની પ્રતિમા છે, તેને તું કહાડ." બીજે દિવસે પોતાના મિત્ર શિવશંકરની સાથે ઝાડ નીચે આવી ખોદયું તો, તેમાંથી શ્યામ રંગની અઢી હાથ ઉંચી પાર્શ્વનાથજીની પ્રતિમા નીકળી. પછી સં૦ ૧૨૨૧માં પ્રાસાદ ૧ તૈયાર કરાવી ધર્મઘોષસૂરી પાસે પ્રતિષ્ટા કરાવી. જે મંદિર અત્યારે મોજુદ છે. તેણે ફરતી ઘણી વિશાળ ધર્મશાળા છે. ફલોધીમાંથી પ્રતિમા નીકળી હોવાથી "ફળવર્ધી પાર્શ્વનાથ" નામ રાખવામાં આવ્યું.

મંદિરના એક ખૂણામાં અષ્ટાપદનો સુનેરી નકશો એવો તો બનાવવામાં આવ્યો છે કે, કોઈ જગ્યાએ એવો નકશો જોવામાં આવતો નથી. શ્રીયુત્ વરધીચન્દ સચેતીએ આવા ત્રણ નકશા તૈયાર કરાવ્યા

---

૧ ગભારાના દરવાજા નીચે બન્ને તરફ લેખો છે. જેમાં "સં૦ ૧૨૨૧ના માગશર શુદી ૬ ને રોજ ફલવર્દ્ધી ગામમાં પાર્શ્વનાથજીનું મંદિર તૈયાર કરાવ્યું." વિગેરે લખેલું છે. ઘણો ખરો લેખ ઘસાઇ ગયો છે.

હતા. જેમાંનો એક શત્રુંજયપર વિમળવશી ટુંકમાં ચક્રેશ્વરી દેવીથી હાથી પોળના વચલા રસ્તામાં એના પોતાનાજ બંધાવેલા મંદિરમાં, બીજો લશ્કર ગવાલિયરના મંદિરમાં, અને ત્રીજો ફલવર્ધીમાં છે બીજા ખૂણામાં નંદીશ્વરદ્વીપનો નકશો પણ એજ રીતનો છે, જેમાં દ્વીપ, સમુદ્ર, અને મૂર્તિઓ અત્યંત ઉમદા કારીગિરીની બનાવેલી છે. મેરૂપર્વત, યુગલીયાક્ષેત્ર, ઉદયાચલ વિગેરે પહાડ, અને વાણુવ્યન્તર દેવતા પણ બહુ ખૂબીદાર બનાવેલાં છે.

ચૌમુખજીનું એક બીજુ મંદિર કોટ બહાર છે, જેના ચારખૂણામાં છત્રીઓ, ચૌદ સ્વપ્ન, દીક્ષા કલ્યાણક, જન્મ કલ્યાણક વિગેરે છે. હરસાલ આશો શુદી ૧૦ ને દિવસે મેળો ભરાય છે, લગભગ દશહજાર આદમીઓ એકઠાં થાય છે, પાર્શ્વનાથજીની સ્વારી કહાડવામાં આવે છે, અને દહેરાને ફરતી ફેરવી તળાવ પર લઇ જઇ પૂજન વિગેરે કરી સાંઝે પાછી ફેરવવામાં આવે છે.

મંદિર પાસે કુવો, અને બગીચો છે. આ તીર્થપર ઘણી વખત મુશ્કેલીઓ આવી પડી હતી પણ બધામાંથી બચવા પામ્યુ છે. ફલોધીથી ખુશ્કીને અથવા રેલ્વેને રસ્તે મેરટાસિટી જવું.

મેરટા.

મેરટામાં જૈન પુસ્તક ભણ્ડાર, ૧૪ દહેરા, ઉપાશ્રય અને ધર્મશાળા વિગેરે છે. શ્રાવકોની વસ્તી માત્ર ૮૦ ઘરની જ છે. ગામ બહાર દાદાજીની છત્રી અને બગીચો છે. મેરટાના હાથીદાંતના ઘરેણા, ખસનાવાળાના પંખા, ઊનનું કાપડ, અને માટીના રમકડાં વિગેરે વખણાય છે. મેરટાના સ્ટેશનથી દેશવાળ, ખજવાણા, અને મુંડવા થઇ:—

નાગોર:—

ઉતરવું. નાગોરમાં ઢાડીવાલાના, દફતરીયોના, અને ઘોડાવતોના મહોલ્લા ગિરેમાં પાંચ મંદિરો છે. જૈનશાસ્ત્રના પુસ્તકો લખનાર લહિયાઓ અહિં ઘણાં છે. માહી દરવાજા બહાર દાદાજીનો બગીચો છે. અહીં:—

જોવાલાયક સ્થળો:—

માં રાજમહેલ, મોતીમહેલ, ત્રીપોલીયા દરવાજો, વખ્તસાગર, ગિનાણી અને શમ્મસ તળાવો વિગેરે છે. અહિં લોખંડના તાળા, લોટના ચોરાગ, ચપ્પુ, છરીઓ, અને કાનસો વિગેરે હથિયારો સારાં બને છે. નાગોરથી રેલ્વેમાં ભુદવાસી, અલાય, ભગ્ગુ, બિકાસર, સુરપુરા અને ગીગાસર થઇ શહેર બીકાનેર જવું.

બીકાનેર.

અહિં સ્ટેશન પાસે ઉતરવા સારૂ ધર્મશાલા અને બગીચો છે. બીકાનેરને વિકારાવજી મહારાજે વસાવેલું હોવાથી બીકાનેર નામ પાડ્યું. વિકારાવજીનો જન્મ સન ૧૪૩૯ ઇસ્વીમાં થયો હતો. શહેરને ફરતો કોટ, પાંચ દરવાજા, ત્રણ તરફ ફરતી ખાઇ, શહેર બાહેર કિલ્લો અને રાજમહેલ વિગેરે છે.

શ્વે૦ શ્રાવકોની વસ્તી ઘણી સારી, આસરે ૨૫–૩૦ મંદિરો, ઉપાશ્રયો, વિગેરે છે. પુસ્તકો લખનાર લહિયાનો મહોટો ભાગ અહિં પણ વસે છે.

આ ભાગમાં નદીઓ ઘણી ઓછી અને લોકો વરસાદ પર આધાર રાખે છે. વરસાદનું પાણી પોલાણો અને કુંડમાં ભરી મૂકે છે, કે જે ઉન્હાળાના દિવસોમાં ઉપયોગી થાય છે. વૈશાખ–જેઠમાં ગરમી ઘણી સખ્ત

પડે છે, અહિં કુવાઓ એટલા ઉંડા છે કે ઓછામાં ઓછી રસી ૧૫૦–૨૦૦ હાથ લાંબી હોય તોજં પાણી મળી શકે. અહિંની હાથીદાંતની ચૂડી, ઘોડા અને કાંબલો મશહૂર છે.

જેસલમેર.

બીકાનેરથી આસરે ૧૫૦–૧૭૫ માઇલ દૂર જેસલમેર છે. ત્યાં શ્રાવકોના દહેરાં ઘણાં છે અને તેને માટે એક સ્તવનમાં પણ કહ્યું છે કે "જેસલમર જૂહારીએ" વિગેરે. અહીં જૂનો જ્ઞાનભંડાર પણ છે. જેસલમેર જવાને ઉંટપર સ્વાર થઈ જવું પડેછે. કેમકે આગગાડી તેમજ ખુસ્કી સડક બંધાએલાં નથી. પણ છેક દિલ્લીથી રાજપુતાના થઇ સિંધમાં ઉમરકોટ સુધી રેલ્વે નાંખવાનો વિચાર રેલ્વે સત્તાવાળાઓ તરફથી ચલાવવામાં આવેછે. તે રેલવે નાગોર અને બીકાનેર વચેના એક સ્ટેસન પરથી પસાર થશે, અને જેસલમેર થઇ ઉમરકોટ પર વધશે.

બીકાનેરથી રેલ્વે લાઇન અગાડી વધી ઉત્તર–પૂર્વમાં લુધીયાના-લાહોર– અને છેક ઉપર લાહોર, અમૃતસર અને કાસ્મિર તરફ જાય છે, કે ત્યાં પણ જૈન તીર્થ છે. પણ રસ્તે જયપુર, દિલ્લી, હસ્તિનાપુર વિગેરે રહી જાય માટે અહિંથીજ પાછા ફરી જયપુરને રસ્તે લાહોર, અમૃતસર, અને કાસ્મિરનો રસ્તો બતાવ્યો છે.

બીકાનેરથી પાછા નાગોર વિગેરે થઇ મેરટારોડ આવવું. મેરટારોડથી ફુલેરાં જંકસન થઇ સીધો જયપુર જવાનો રસ્તો છે, પણ તે રસ્તે અજમેર આવતું નથી- જેને અજમેર જોવાની ખાયેશ હોય તેને તો મેરટારોડથી જોધપુર; લુંનીજંકશન, અને પાલી વિગેરે થઇ પાછું મારવાડ જંકશનજ આવવું પડશે. અને ત્યાંથી અજમેર, અને ફુલેરાં જંકશન થઇ જયપુર જવાશે. અજમેરનો બીજો રસ્તો મેરટાથી ફુલેરાં

જંકશન થઇ આવવાનો છે. અને જયપુર જવાને પાછા ફુલેરાં જં૦ થઇ જવું પડશે. મેરટારોડથી અજમેર આવવાનો ત્રીજો સીધો રસ્તો બનાવવાનો રેલ્વે સત્તાવાળાઓ વિચાર કરે છે. તે રસ્તો થયેથી લોકોને વિશેષ સુગમતા થશે. અજમેર જનારની સુગમતાને વાસ્તે સ્હેજ બયાન કરવું ઠીક લાગવાથી અજમેરેનું બયાન નીચે કર્યુ છે.

અજમેર.

અજમેર મુંબઇથી ૬૧૫ અને દિલ્લીથી ૨૩૫ માઇલ, અને માળવા લાઇનનું જંકશન છે. અજમેરમાં જૈનોનું તીર્થ નથી માત્ર લાખણ કોટડીમાં બે દહેરાંઓ છે. દિગમ્બર શ્રાવકોનું મંદિર બહુ ખૂબસુરત બનાવવામાં આવેલું છે.

અજમેર શહેર ઘણું જૂનું છે. એને રાજા અજાએ ઈ૦ સ૦ ૧૪૫ માં વસાવ્યું હતું. શહેર પહાડ નીચે, પશ્ચિમોત્તરકોટ, દિલ્લી; આગરા; મદાર વિગેરે પાંચ દરવાજા વિગેરેથી સુશોભિત છે. કેટલાંક નાળાઓનું પાણી રોકીને શહેરની પશ્ચિમ બાજુએ અનાસાગર નામનું તળાવ ૬૦૦ ગજ લાંબુ અને ૧૦૦ ગજ પહોળું. બનાવવામાં આવેલું છે. વરસાદના દિવસોમાં એનો ઘેરાવ લગભગ ૭ માઇલનો થાય છે. તારા ગઢની પશ્ચિમ ઘાટી તરફ જૂનું અજમેર હજુ પણ મશહૂર છે.

અહિંથી એક લાઇન ફુલેરાં જંકશન થઇ દિલ્લી તરફ, બીજી મારવાડ જંકશન થઇ ગુજરાતમાં, અને ત્રીજી ચિતોડગઢ જંકશન થઇ ઉદેપુર, અને રતલામ તરફ માળવામાં ગઇ છે.

અહિંથી જેને દિલ્લી તરફ ન જતાં ઉદેપુર અને કેશરીયાજી જવું હોય તેને ચિતોડગઢ જંકશનથી ઉદેપુર જવું. આમાં અમોએ દિલ્લી, પંજાબ, કાશ્મિર, પૂર્વ સાઇદ અને શિખરજી વિગેરે ફરી. માળવામાં

ઈંદોર, ઉજ્જન, રતલામ વિગેરે જઇ, ઉદેપુર અને કેશરિયાજી બતાવ્યું છે. જેને જેજે રસ્તે વિશેષ અનુકૂલતા આવે તે તે રસ્તે ગમન કરવું. અજમેર, દિલ્લી, અને આગ્રાની સરાયોમાં ઉતરતાં પહેલાં, અને ત્યાંના લોકોનો વિશ્વાસ કરવા પહેલાં, ભાડું વિગેરે નકી કરી ચોકસાઇથી કામ કરવું અજાણ્યાઓને વધારે સારૂં છે.

બિકાનેરથી મેરટારોડ આવી, રેન, દેગાના, ગછીપુરા, મકરાના ૧, નારાયણપુરા, કચામનરોડ, ગુઢા, અને સાંભર થઇ ફુલેરાં જંકશન આવવું. અને ફુલેરાંથી હરનોદા, આસલપુર, ઉગરીયાવાસ, ધાંકિયા અને કનકપુરા થઇ જયપુર સ્ટેશને ઉતરવું.

૨ જયપુર શહેર.

સ્ટેશનપર એક ધર્મશાલા છે, યાત્રિયોને શહેરમાં જવું ઠીક છે. ગાડીઓ વિગેરે હરવખત ભાડેથી મલે છે. યાત્રિયોએ સાંગાનેર દરવાજા પાસ શેઠ નથમલજીની ધર્મશાલા છે ત્યાં, અગર શહેરથી થોડે દૂર દાદા સાહેબનો બગીચો છે ત્યાં મુકામ કરવો.

શ્વે૦ ની વસ્તી લગભગ ૧૨૫ ઘરોની, જવેરીબજાર અને મોધીવાલાના રસ્તાપર બે મંદિરો, શહેરબહાર દાદાવાડી; મંદિર; અને ચરણપાદુકા વિગેરે છે. ઘાટ દરવાજાથી બે માઇલ દૂર પણ એક મંદિર છે.

જયપુર શહેર જયપુર રાજ્ય અને અમ્બરની રાજ્યધાનીવાળું હિન્દુસ્તાનમાં સુન્દર શહેર છે. જયપુરને કેટલાકો હિન્દુસ્તાનનું પારીસ

---

૧ મકરાનો આરસ ઘણો મજબૂત ગણાય છે. જૈન મંદિરોમાં ઘણી જગ્યાએ આ આરસ જોવામાં આવે છે.

૨ રજપુતાના–માળવા અને જયપુર સ્ટેટ રેલ્વેનું જંકશન મુંબાઇથી ૬૯૯ અને દિલ્લીથી ૧૯૧ માઇલ દૂર.

શહેર પણ કહે છે. રસ્તા અને બજારો પહોલા ચોડા જોવાલાયક, તથા ઘરોની બાંધણી ઉંચાઇમાં એક સરખા જોવાલાયક છે.

જોવાલાયક.

મહારાણા સાહેબનો મહેલ, જેમાં દિવાને ખાસ; દિવાને આમ; અને સુખનિવાસ વિગેરે બહુ ખૂબસુરત છે. તે શિવાય મેઓ હોસ્પીટાલ, આલબર્ટહોલ અથવા અજાયબઘર, ટંકશાલ, હવામહેલ, રામનિવાસ બાગ અને જનાવરખાતું, કોલેજ, સેન્ટ્રલજેલ, અને ડાક્ટર હિક્ષબેકની તજવીજથી ૭૦ એકર જમીનપર બનેલો બગીચો—કે આવો આખા ઇન્ડીઆમાં આ એકજ છે—તે વિગરે છે.

જીલ્લાની જૂની રાજધાની અમ્બર કે જે અહિંથી ૭ માઇલપર છે તે દેખવા લાયક જગ્યા છે. પણ જોવાને રેસીડેન્ટની પરવાનગી લેવી પડે છે. જયપુરનું ચિત્ર કામ, પાષાણુની મૂર્તિઓ, હથિયારો, લાકડાના રમકડાં, ધાતુની મૂર્તિઓ, વિગેરે વખણાય છે. જયપુરથી ઝાલના, સાંગાનેર, કનૌટા, વસઇઝીર, જટવાડા, ઠાંસા, ભાખરી, આરન, બાંદીકુઇ, વસુવા, રાજગડ, દિગવાડા, માલાખેડા, અને મહવા સ્ટેશનો થઇ:—

અલવાર:—

ઉતરવું. કે જે દિલ્હી જતાં રસ્તામાં આવે છે. શ્રાવકના મંદિરો શહેરમાં છે. અલવાર દિલ્હીથી ૯૮ અને મુંબાઇથી ૭૯૨ માઇલપર રાજા પ્રતાપસિંહનું વસાવેલું રાજપૂત રાજાના તાબાનું ગામ છે. રાજધાની, સ્ટેશનથી ૨ માઇલપર, પાસે ૧૨૦૦ ફીટ ઉંચો કિલ્લો, બગીચો વિગેરે છે.

રાજાના મહેલો, સવાઇ બખતાવર સિંહજીની સમાધી, પુસ્તકશાલા કે જેમાં હસ્ત લિખિત પુસ્તકો મહોટા જથ્થામાં છે—તે, હથિયારઘર.

હાયસ્કુલ, નુરસાહજીની સમાધી, કંપનીબાગ, ફતેજંગ ગુંબજ, ૭ માઇલપર એક ઝીલ (તળાવ) અને પહાડપરનો લેન્સટાઉન મહેલ વિગેરે જોવાલાયક છે. સ્ટેશનથી ૧ માઇલપર ઉતરંવાને મોરેશરાય છે.

અલવારથી પરિસાલ, ખેરસ્થળ, હરશૌલી, અજેરકટ, બાવળ, રેવાડી, ખલીલપુર, જાટૌલી, પાટશી, ગઢીહરસરૂ અને ગુડગાંવ વિગેરે સ્ટેશનો થઇ.

૧ દિલ્લી શહેર:—

ઉતરવું. દિલ્લી જમના નદીના પશ્ચિમ કિનારે બી. બી. સી. આઇ., જી૦ આઇ૦, ઓ૦ અને આર., એન. ડબલ્યુ૦, અને ઈ૦ આઇ૦ પી૦ રેલ્વે લાઇનોનું જંકશન છે.

ઉતરવાને ઘણી સરાયો છે, પણ સ્ટેશનથી થોડે દૂર લાલા છુન્નામલજીની ધર્મશાલા છે, તેમાં ભાડું લેવામાં આવતું નથી, અને જોઇતી ખોરાકીની પણ ચીજો રીતસરને દામે મલે છે. તે શિવાય ઘણા હિન્દુ હોટેલો, ડાક બંગલો વિગેરે છે. સ્વારીને વાસ્તે ભાડેથી ગાડીઓ હરવખત મલ્યાં કરે છે.

મંદિર.

નવઘરોના મહોલ્લામાં, અચેલપુરીમાં અને કિલ્લા પાસે શ્વે૦ શ્રા૦ ના મંદિરો છે. દિલ્લીથી ૪ કોશપર ન્હાના દાદાજીની છત્રી, અને કુતુબ મિનાર પાસ મહોટા દાદાજીની છત્રીઓ બનેલી છે.

દિલ્લી શહેર ઘણું જૂનું અને હિન્દુસ્તાનની રાજ્યધાની હતું. હમણાં પંજાબના સૂબાના તાબામાં, અને દિલ્લીના કમિશ્નરનો અહિં મુકામ છે.

---

૧ પુર્વોત્તર રેવાડીથી પર, ગુડગામથી ૨૦, કલકત્તાથી ૯૦૩. મુંબાઇથી ૯૫૭, અને આગ્રાથી ૧૨૨ માઇલ.

અસલી શહેર દિલ્લીપુર કહેવાતું હતું, તેને રાજા દિલ્લૂએ સં૦ ૬-૭ ની સાલના અરસામાં નવા શહેરથી ૫- માઇલદૂર વસાવ્યું હતું. પણ હિન્દુ મુસલમાન ટાઇમમાં એના પર ઘણી ચઢતી પડતી આવી હતી. જેના ખંડિયેરો નવા શહેરથી દૂર હજુ સુધી પણ મલી આવે છે. નવા શહેરને શાહજહાન બાદશાહે વસાવ્યુ હતું. તેથી તેનું નામ "શાહજહાનાબાદ" પણ કહેવાતુ હતું. ઇસ્વી બારમી સદી સુધી આ શહેર હિન્દુઓના તાબામાં, પછી મુસલમાનોના તાબામાં, અને પછી ઈંગ્રેજના તાબામાં આવ્યું.

સને ૧૮૭૭ ના જાનેવારીમાં અહિં એક્ષ-ઇમ્પિરિયલ-એમ્પ્રેદર-બાર ભરાયો હતો. તે પછી સને ૧૯૦૧ ના જાનેવારીમાં સપ્તમ એડવર્ડનો દરબાર ભારી દબદબાથી ભરાયો હતો અને તાજ લોર્ડ કર્ઝનને પહેરાવવામાં આવ્યો હતો. ફરી આ સાલમાં ૧૯૧૧ ના ડીસેમ્બરમાં પણ પંચમ જ્યોર્જનો રાજ્યાભિષેક દરબાર અહીંજ ભરાવાનો છે, અને પંચમ જ્યોર્જ પોતેજ આવી તાજ પહેરનાર છે.

કુતબુદીનનો કુતુબમિનાર દિલ્લીથી લગભગ ૧૦-૧૧ માઇલ દક્ષિણ તરફ આશરે ૨૪૦ ફુટ ઉંચો, અને ટોચપર જવાને ૩૭૯ પગથીઆંનો બનાવેલો છે. કુતુબમિનાર પહેલાં ૨૫૦ ફીટ ઉંચો ૭ મજલાનો હતો, પણ ધરતીકમ્પને લીધે ઉપરનો થોડો ભાગ તુટી જવાથી સને ૧૮૨૯ માં રીપેર કરાવી પાંચ માળનો રાખવામાં આવ્યો. કુતુબની પાસે ૨૨-૨૩ ફુટ ઉંચો એક ધાતુનો કીર્તિસ્થંભ છે. કહેવાય છે કે એને સને ૩૧૯ માં હિન્દુઓએ બનાવ્યો. એનું વજન ૧૭ ટન અને એને ફીરોજશાહનો મિનારો પણ કહે છે. એનાપર "ધવના રાજા પ્રતાનું બ્યાન અને બીજા લેખમાં સં૦ ૧૧૦૯ બીજા અનંગપાળનું અને આઠમા

સદીના પહેલા અનગપાળનુ નામ છે." તે પરથી કદાચ પહેલા અનંગપાળે પણ એને બનાવ્યો હોય! અહિંના લોકોમાં તો પાણ્ડવોના વખનો બનેલો છે એવી કથા ચાલે છે.

લાલ કિલ્લો જે જમના નદીને કિનારે ૯ વર્ષે બંધાઇ તઇયાર થયો હતો, તેમાં દિવાને ખાસ સંગેમરમર પત્થરનો ઉમદા કારીગરી વાળો છે. તખ્તેતાઉસ આજ દિવાને ખાસમાં રહેતું હતું, કે જેને નાદીરશાહ ૧૭૩૯ માં ઇરાન લઇ ગયો હતો. આ તખ્તની કિંમત રૂ. ૩,૦૦,૦૦,૦૦૦ ની અંકાતી હતી. દિવાને ખાસની પાસ મહોટી મસજીદ પણ દેખવા લાયક છે.

જુમા મસીદ, કંપની બાગ અને અજાયબ ઘર, હુમાયુંની કબર કે જેને હુમાયુની બેગમે સને ૧૫૫૪ માં બાંધવી શરૂ કરી હતી; અને ૧૫૭૦ માં પૂરી થઇ હતી તે, સને ૧૮૬૭ માં બનાવેલો જમુના નદીનો બે માળનો પુલ, સફદરજંગની કબર, પઠાણોના રાજ્યમાં બનેલી કાલી મસીદ, નીકલસન બાગ અને કબ્રસ્તાન વિગેરે જોવા લાયક છે.

દિલ્લીનુ ચૂર્ણ, ભરતકામ, સુખડના લાકડાના રમકડાં, ચાંદી સોનાના વાસણ, રેશમી કપડા અને હાથી દાંતના ડમકડાં વિગેરે વખણાય છે. અહિં ચોખા ઘણી સારી જાતના પાકે છે. દિલ્લીથી હસ્તિનાપુર તીર્થ જવા સારૂ નોર્થવેસ્ટરન રેલ્વેમાં સવાર થઇ ગાજીઆબાદ જંકશન, ગુલધર, મુરાદનગર, બેગમાબાદ, અને મહીઉદીનપુર, થઇ;—

[1] મીરટ સિટી,

ઉતરવું. મીરટમાં એકપણ જઇન મંદિર તેમજ શ્રાવકો નથી, પણ, હસ્તિનાપુર અહિંથી ખુશ્કી રસ્તે જવાય છે. જે અહિંથી આશરે ૧૯

૧. દિલ્લીથી પૂર્વોતર ૪૧ માઇલ.

કોશપર છે. હસ્તિનાપુરમાં પણ માત્ર મંદિર અને ધર્મશાલા શિવાય અત્યારે કાંઈપણ નથી. જે કાંઇ વસ્તુ સાથે જોઇએ તે અહિંથી લઇ લેવી. અહિં ૭ ધર્મશાલા અને ૮ સરાય છે. અહિં માર્ચની આખરે અને એપ્રીલની શરૂઆતમાં ૮ દિવસનો મોટો મેળો થાય છે તેમાં આસરે ૫૦,૦૦૦ માણુસ એકઠું થાય છે.

જોવાલાયક:—

સ્થલોમાં ૧૭૧૪ માં બંધાયલો સૂરજકુંડ, વાલેશ્વરનું મંદિર, મનોહરનું મંદિર, મહેશ્વરનું મંદિર—કે જેને લોકો પાંડવના વંશજોએ બંધાવેલું કહે છે તે વિગેરે છે. અહિંના સાબુ અને મીણબત્તી વખણાય છે.

મીરતથી હસ્તિનાપુર જતા મોહાનાગામ અને ગણેશપુર આવે છે. સડક થોડે સુધી પાકી થોડી કાચી અને પછી રેતાળ આવે છે.

હસ્તિનાપુર તીર્થ.

હસ્તિનાપુરમાં રિષભદેવે સાધુપણામાં વૈશાખ સુદી ૩ ને દિવસે વરસીતપનું પારણું કર્યું હતું. શાન્તિનાથજી અહીં જનમ્યા અને ચાર કલ્યાણક અહીંજ થયા હતા. સત્તરમાં કુંથુનાથજી પણ અહીંજ જનમ્યા હતા, અને તેઓના પણ પહેલા ચાર કલ્યાણક અહીંજ થયા હતા. અઢારમાં અરનાથજી પણ અહીં જનમ્યા અને પહેલા ચાર કલ્યાણક અહીંજ થયા હતા. મલ્લિનાથજી અહિં પધાર્યા હતાં અને સમવસરણ રચાયું હતું. કૌરવ—પાણ્ડવોનું યુદ્ધ અહિંનાજ મેદાનમાં થયું હતું. સમ્ભૂમચક્રવર્તી અહિંનાજ તખ્તપર થયાં હતાં. કાર્તિક શેઠ પણ અહિંનાજ રહીશ હતા.

અગાડી ઘણાં મંદિરો અહિં હતાં, પણ જ્યારે વચલો સમય ખરાબ આવ્યો તે વખતે માત્ર એક ઝાડ નીચે શ્રીશાન્તિ કુન્થુ—અર—

મલ્લિના ચરણોજ રહ્યા હતાં. કલકત્તાના રહીશ જવેરી પ્રતાપચન્દજી જે વખતે અહિં આવ્યા, ત્યારે તેઓને તીર્થ વિચ્છેદ થતું લાગ્યું. તેથી એક લાખ રૂપિઆ ખર્ચી એક ધર્મશાલા અને મન્દિર સં૦ ૧૯૨૫ માં બંધાવી વૈશાખ શુદિ ૩ ને દિવસે પ્રતિષ્ઠા કરી.

રિષભદેવ ભગવાનના પગલાં ઉત્તર તરફ સવા માઇલ પર છે. ત્યાં જતાં રસ્તે નાળું આવે છે ત્યાં ખજૂરી, કાકડી, ખડબુજા અને કુષ્માણ્ડ વિગેરેના ઝાડો છે. અહિં પાણી જમીનથી ઘણું નીચે નથી. માત્ર ચાર-પાંચ હાથ ખોદવાથીજ પાણી મલી આવે છે. અહિંથી લગભગ ૪ કોશપર ગંગા નદી વહે છે. હસ્તિનાપુરમાં કાર્તિકશુદિ ૧૫ ની લગભગ એક મ્હોટો મેળો ભરાય છે, તેમાં લગભગ ૨૦,૦૦૦ માણુસો એકઠાં થાય છે. તીર્થની સંભાળ દિલ્લીના શ્રાવકો રાખે છે.

હસ્તિનાપુરથી પાછા મીરટ આવવું અને પંજાબના તીર્થોમાં જવા સારૂ મીરટ કેન્ટોમેન્ટ, સરધાના, ખટૌલી, મન્સુરપુર, મુજફ્ફરનગર, રોહાના, તાળહરીબુઝારગ, નગાળ, ટાપરી, સહારનપુર જંકશન, પીલખાની, સરસવા, કળાનોર, જગાદ્રી, દરાજપુર, મુસ્તફાબાદ, બરારા, કેશરી અને અમ્બાલા કેન્ટોન્મેન્ટ થઇ અમ્બાલા સિટી ઉતરવું.

૧ શહેર અમ્બાલા.

પંજાબના અંબાલા જીલ્લામાં આ મુખ્ય શહેર છે. ઇસ્વી ૧૪ મી સદીમાં અમ્બા નામના રજપૂતે આ શહેર વસાવેલું હોવાથી અમ્બાલા નામ પડયું. સને ૧૮૦૮ માં અહિંના રાજાએ રાજા રણુ-જીતસિંહથી બચવાને ઇંગ્રેજોની મદદ માગી, તે વખતની કબૂલાત પ્રમાણે ૧૮૨૩ માં દયાકોર-કે જે અમ્બાલાની માલીક અને સરદાર

---

૧ મીરટથી ઉત્તરે ૧૨૬, અને પેશાવરથી ૪૭૦ માઇલ છે.

ગુરબખશ સિંહની સ્ત્રી હતી, તેના મુવાબાદ પછાડી કોઇ માલિક ન હોવાથી અમ્બાલા ઇંગ્રેજોના હાથમાં. આવ્યું. ભાદરવા મહીનાના છેલ્લા દિવસોમાં અહિં મ્હોટો મેળો ભરાય છે, તેમાં આશરે ૨૦-૨૫ હજાર માણુસ ભેગું થાય છે. કેમ્પમાં પબ્લીક બાગ, પેજટ પાર્ક, ઘોડ દોડનું મેદાન જોવાલાયક છે. ઉતરવાને સ્ટેશન પર સરાય છે.

શ્વે૦ મંદિરો તથા શ્વે૦ શ્રા૦ની વસ્તી ઠીક છે. અમ્બાલાથી શમ્બુ, રાજપુરા જંકશન, સરાઇબંજોર, સાધુગઢ, સરહિન્દ, ગોવિન્દગઢ, ખન્ના, ચાવાપાલી, દોરાહા, સનાહવાલ, ઢંઢારી કલાન, લુધિયાના[1] જંકશન, લાધોવાલ, ફિલોર, ગોરાયા, ફગવાડા, જાલન્ધર કેન્ટોન્મેન્ટ[2] અને સિટી[2], સુરાનસી, કરતારપુર, હમીરા ઢીલવાન, બીઆ, બુટારી, જંડીયાલ અને મનનવાલા થઇ અમૃતસર જવું.

અમૃતસર[3]

અમૃતસરમાં આશરે શ્વે૦ ના ૨૫-૩૦ ઘરો, આત્માનંદ લાયબ્રેરી, અને એક મંદિર છે. અમૃતસર જંકશનથી પઠાનકોટ જવાય છે, અને ત્યાંથી ૫૧ માઇલ કાંગડા કસ્બો છે. પાકી સડક બાંધેલી છે. પહેલાં કાંગડામાં જૈન તીર્થ હતું, પણ અત્યારે વિચ્છેદ થયેલું છે.

અમૃતસર પંજાબનું એક મ્હોટું શહેર છે. સને ૧૫૭૪ માં સીખલોકોના ગુરૂ રામદાસે એને આબાદ કર્યું, અને અમૃતસર નામનું તળાવ બંધાવ્યું તેપરથી શહેરનું નામ અમૃતસર પડ્યું. સને ૧૮૦૯ માં અહિં રાજા રણજીતસિંહે ગોવિન્દગઢ કિલ્લો બનાવ્યો હતો. અહિં

---

૧ અહીં મંદિરોછે. ૨ અહિંથી ૧૮ કોશ હોશિયારપુરમાં જૈન મંદિરો અને આત્માનંદ જૈન પુસ્તકાલય વિગેરે છે.

૩ પેશાવરથી ૩૨૦ માઇલ, અને દિલ્લીથી ૩૦૭ માઇલ.

શીખ લોકોનું પવિત્ર સ્થળ 'દરબાર સાહેબ' બહુજ જોવાલાયક છે. દરબાર સાહેબને આસપાસ ફરતું મ્હોટું તળાવ તમામ આરસના પગથીયાનું બનાવેલું છે. તેની વચ્ચે દરબાર સાહેબ પર ત્રાંબાના પતરાં અને સુવર્ણ મઢેલું હોવાથી તેને 'સુનેરિ મન્દિર' પણ કહે છે. એની બાજુમાં શીખોના ધર્મપુસ્તકનું મકાન-કે જેને તેઓ 'ગ્રન્થ સાહેબ' કહેછે, તેછે. તળાવમાં જવાનો પુલ, શિશમહેલ, બાબાટલ્લા, અને ઘંટાઘર પણ જોવા લાયક છે. અમૃતસરના દુશાલા, શાલ, દોપટ્ટા, ઉનના તથા રેશમી કપડા, કારચોબી કામ, અને ગાલીચા બહુ પ્રખ્યાત છે. શાલ-દુશાલા લગભગ રૂ. ૮૦૦ની કિમ્મત સુધીના અહિં બને છે અને ઓછામાં ઓછા આસરે ચાર હજાર કારિગરો શાલ બનાવવાનું કામ કરે છે.

મુસાફરોને વાસ્તે શહેરમાં અને સ્ટેશનો પર કેટલીક સરાયો છે, જેમાંની એક બે શિવાય બધી વગર ભાડાનીજ છે. અમૃતસરથી છહેરટા, ખાસા, ગુરૂસર, અટારી, જાલો, અને લાહોર કેન્ટોન્મેન્ટ થઇ:—

લાહોર [1]:—

જંકશન ઉતરવું. અત્રે શ્રાવકોની વસ્તી ઘણી જુજ, આત્માનંદ જૈન-સભા; અને માત્ર બે દેહરા છે. ઉતરવાને સ્ટેશન પાસ અને શહેરમાં ધર્મશાળા અને સરાયો છે. પંજાબમાં રાવી નદીના ડાબા કિનારે લાહોર ઘણું જૂનું શહેર છે. સને ૯૭૭માં રાજા જયપાળનું રાજ હતું. ત્યાર પછી અકબર વિગેરે બાદશાહોનું, અને ૧૭૯૯માં રણજીતસિંહનું રાજ્ય થયું. લાહોરથી ૭ માઇલ દૂર સને ૧૬૩૭માં શાહજહાનની બાંધેલી ટંકશાળ, અજાયબ ઘર, અનારકલ્લીમાં અહમદશાહના પાનીપતના

---

૧ અમૃતસરથી પશ્ચિમમાં ૩૨ માઇલ.

યુદ્ધ વખતની મ્હોટી તોપ; કે જેને અહમદશાહે પાછા વલતી વખતે ઘણી ભારી હોવાથી લાહોર છોડી દીધી હતી; તે, કોર્ટો, ચિડીયાખાનું, પોસ્ટ ઓફીસ, મેઓ હોસ્પીટલ, ગવર્નમેન્ટ કોલેજ, લાયબ્રેરી, સ્ટેશન ચર્ચ અથવા ગિર્જો; કે જેમાં સને ૧૬૦૦માં બાંધેલી અનારકલ્લીની કબર હતી તે, લાહોરથી ત્રણ માઇલ પર શાલેમાર બાગ, અને અનારકલ્લી રસ્તો વિગેરે જોવા લાયક છે. અનારકલ્લી નામ અકબરની પ્યારી લુંડી નાદીરા બેગમનું હતું. એક વખત જહાંગીર તરફ જોઈ હસવાના શક ઉપરથી અકબરે તેને જીવતીજ ધરતીમાં દટાવી દીધી હતી. પછી તેના પર જહાંગીરે સને ૧૬૦૦ માં કબર બાંધી હતી.

અહિંના ગાલીચા તથા સોનેરી રૂપેરી અને રેશમી લેશ-પટ્ટા ઘણા પ્રસિદ્ધ છે. લાહોરથી રાવિંડ અને ખાનાવાલ જંકશન થઈ એક રેલ્વે લાઇન મુલતાન, સિંધહૈદરાબાદ અને કરાંચી ગઇ છે. મુલતાન શહેરમાં શ્રાવકોની ૨૦-૨૫ ઘરની વસ્તી અને એક મંદિર ચૂડીસરાય બજારમાં છે. મુલતાનથી ગાજીખાન જે ઘણું નજીક છે, ત્યાં પણ જૈન મંદિર, અને કરાંચીમાં પણ એક મંદિર તથા ધર્મશાલા છે.

લાહોરથી વિતભયપત્તન તીર્થ જવા સારૂ રેલ્વે રસ્તે બદામીબાગ, શાહાદરા જંકશન, મુરીદકી, કામોકી, અને અમીનાબાદ થઇ રસ્તામાં;-

ગુજરાનવાળા શહેર ૧ :—

આવે છે ત્યાં ઉતરવું. એક શ્વે૦ મંદિર તથા શ્રાવકોની વસ્તી આબાદ છે. શ્રીમદાચાર્ય ન્યાયામ્ભોનિધિ મહારાજ શ્રીઆત્મારામજીએ (આનંદવિજય સૂરિ) સંવત્ ૧૯૫૨ ના જેઠશુદિ આઠમે અહિં દેહ

---

૧. લાહોરથી ઉતરે ૪૨ માઇલ.

ત્યાગ કર્યો હતો. તેઓની ચરણપાદુકાની છત્રી આસરે૦ાા માઇલ ઉપર બહુ રોનકદાર બનાવવામાં આવી છે.

ગુજરાનવાલાથી વિતભયપત્તન જવા સારૂ રાહવાલી, ગક્કર, કોટખીજરી, વઝીરાબાદ જંકશન, કેથલા, અને ગુજરાત [1], થઇ લાલામુસા જંકશન ઉતરવું. ત્યાંથી સિન્ધસાગર બ્રેંચ લાઇનમાં જઉરાહ, ડિંગા, ચિલીયાનવાલા, બહુદ્દીન, આલા, અરિઆહ, માલુવાલ જંકશન, મિયાની, અને હજુરપુર સ્ટેશનો થઇ ભેરા સ્ટેશને ઉતરવું,

ભેરા. (વિતભયપત્તન-તીર્થ [2].)

આવશ્યકસૂત્રમાં આનું નામ વિતભયપત્તન લખ્યું છે. મહાવીરસ્વામીના સમયમાં રાજા ઉદયન રાજ્ય કરતો હતો, કે જે વિતભય ઉદયનના [3] નામથી પ્રસિદ્ધ હતો. તે વખતે ભેરા શહેર ગુલઝાર, મહોટા મહોટા જિન મંદિરો, અને પુષ્કળ દ્રવ્યવાન હતું. રાજા ઉદયન પહેલાંથી જૈન નહોતો પણ પછીથી થયો હતો. એની રાણી પ્રભાવતી કે જે વિશાલા નગરીના 'ચેંડા રાજાની' પુત્રી હતી, તે જૈન ધર્મ પાળતી. એક વખત જ્યારે 'ગાંધાર શ્રાવક' જૈન તીર્થો કરતો અહિં આવ્યો તે વખતે તેની પાસે ચંદન કાષ્ટની મહાવીરસ્વામીની મૂર્તિ હતી, કે જે તેને રાણી પ્રભાવતીને આપી અને રાણીયે દેવાલય બનાવી તેમાં પધરાવી. જ્યારે પ્રભાવતી સાધવી થઇ અને પછી કાળ ધર્મ પામી ત્યારે ઉજ્જનના રાજા 'ચંડપ્રદ્યોતે' અહિં આવી, મહા-

---

૧. શીખ લોકોની બીજીવારની લઢાઇથી આ શહેર પ્રખ્યાત છે. અહિંની લડાઇથી આખું પંજાબ ઇંગ્રજોના તાબામાં આવ્યું હતું.

૨ લાલામુસા જંકશનથી પશ્ચિમે ૫૩ માઇલ.

૩ કૌશામ્બીનો ઉદયન વત્સઉદયન કહેવાતો હતો.

વીર મૂર્તિ અને 'સ્વર્ણ ગુલિકા' નામની દાસીને ઉપાડી ઉજ્જન લઇ ગયો. આથી રાજા ઉદયન ફોજ લઇ મારવાડને રસ્તે માળવામાં દાખલ થઇ ઉજ્જનને ઘેરી બેઠો. ચંડપ્રદ્યોત સામા થવા તઇયાર થયો. મોટું યુદ્ધ થયું, ચંડપ્રદ્યોત હાર્યો, અને પછી ઉદયન વિતભયપત્તન પાછો ફર્યો.[1]

અત્યારે માત્ર અહિં એકજ જૈન મંદિર છે અને દેખરેખ પુજારી રાખે છે, તથા ખર્ચો આવેલા યાત્રિઓથી ચાલે છે. શ્રાવકોની વસ્તી બીલકુલ નથી થોડી ઘણી થોડા વખત ઉપર હતી. પરન્તુ તે લોકો પણ ગુજરાનવાલા શહેર તરફ ચાલી ગયેલાં છે.

ભેરાથી રેલ્વેમાં પાછા ફરતાં લાલામુસા જંકશન, ગુજરાત, [2]વઝીરાબાદ જંકશન, ગુજરાનવાલા, લાહોર, અમૃતસર, જાલન્ધર, લુધિયાના, અમ્બાલા, સરસવા, શહારનપુર જંકશન, અને મીરટ વિગેરે સ્ટેશનો થઇ પાછા ગાજીયાબાદ જંકશન ઉતરી આવવું.

સરસવા લગભગથી પંજાબ પ્રદેશની મુસાફરીનો અંત આવે છે. પંજાબમાં સતલજ, વ્યાસા, રાવી, ચીનાબ, અને જેહલમ, એ પાંચ

---

૧. વિશેષ હકીકત, અહિં આટલીજ ઠીક લાગવાથી–ઉજ્જનના વર્ણનમાં બતાવી છે.

૨. વઝીરાબાદ જંકશનથી, "વઝીરાબાદ શિયાલકોટ જામુ બ્રાંચ" લાઇન જાય છે, જેમાંના જામુ સ્ટેશનથી ખુશ્કી રસ્તે કાશ્મિર જવાય છે. પહેલાં કાશ્મિરમાં જૈન મંદિરો અને જૈનો હતાં પણ હમણાં નથી. કાશ્મિરમાં શ્રીનગર મુખ્ય શહેર છે. કાશ્મિર પ્રદેશ ઘણો ઠંડો અને નદી નાળાઓથી ભરાયેલો છે. જેમાં જેહલમ નદી સર્વથી મ્હોટી છે. અહિંના પહાડોપર બરફ જામી રહે છે, અને બદામ, પીસ્તા, અખરોટ વિગેરે મેવાનો પાક પુષ્કળ છે.

મ્હોટી નદીઓ છે, કે જેના સબબથીજ સંસ્કૃતમાં પાંચાલ અને ભાષામાં પંજાબ કહેવાય છે. ..

ગાજીઆ-બાદ જંકશનથી કંપિલપુર તીર્થ જવા સારૂ ઇસ્ટ ઇન્ડીઆ રેલ્વેમાં મારીપટ, દાદ્રી, અજાયબપુર, ડાનકુર, વાયર, ચોલા, સિકન્દરપુર, ખુર્જાજંકશન, ડામર, સોમના, કુલવા, અલિગઢ, દાઉદખાન, માદ્રક અને સાસની સ્ટેશને થઇ હાથરસ જંકશન આવવું. અને ત્યાંથી બી૦ બી૦ એન્ડ સી૦ આઇ૦ રેલ્વેમાં રતિકા નાગલા, સિકન્દરા રોડ, અગસાઉલી, મરેહરા, કાશગંજ જં૦, બધારીકલાન, શાહાવાર, ગંજ કુંડવારા, પટીયાલી અને રૂદાઇન થઇ કાયમગંજ સ્ટેશને ઉતરવું.

કમ્પિલપુર તીર્થ—અને કાયમગંજ[1].

કાયમગંજથી ત્રણ કોશપર કંપિલપુર તીર્થ જવાને ઘોડાગાડી એક રૂપીઆના અને બેલગાડી બાર આનાના ભાડાથી મલે છે. કાયમગંજમાં ધર્મશાલા અને સરાયો છે. અહિં ચપ્પુ અને તાલા બને છે, તથા દેશાવર જાય છે. કાયમગંજ અને કંપિલમાં તમાકુનો પાક જથ્થામાં, અને દેશાવર ઘણો જાય છે. કંપિલપુર જતાં પહેલાં ખાદ્યખોરાકીની વસ્તુઓની જરૂર હોય તે કાયમગંજથી વસાવી લેવી, કેમકે ત્યાં સારી મલી શકતી નથી.

તેરમાં વિમળનાથજીનો જન્મ અને પહેલા ચાર કલ્યાણક, દશમાં હરિષેણુ અને બારમાં બ્રહ્મદત્ત ચક્રવર્તી વિગેરે અહિં કંપિલપુરમાં થયાં હતાં. મહાવીર નિર્વાણ પછી ૨૨૦ વર્ષે ચોથા નિન્હવ અશ્વમિત્ર

---

૧. કાનપુરથી ઉતર પશ્ચિમ ૧૦૬ માઇલ.

અહિં આવીને સુધર્યાં હતા. [1] ચંપાનગરીના શાલ-માહાશાલ રાજાનો ભાણેજ ગાંગલીકુમાર આ કંપિલપુરનો રહીશ હતો. જ્યારે શાલ-મહાશાલ રાજાએ મહાવીર સ્વામી પાસે દીક્ષા લીધી, તેવખતે ગાંગલીકુમારને અહિંથી બોલાવી પોતાના રાજ્યપર બેસાડયો હતો. કંપિલપુર દક્ષિણ પંજાબમાં રાજા દ્રૈપદની રાજધાની હતું, તેણે દ્રૌપદી પુત્રીનો સ્વયંવર અહિં રચાવ્યો હતો અને દ્રૌપદી પાંચ પાણ્ડવોને પરણી હતી.

કંપિલમાં શ્વેતામ્બરોનું એક પણ ઘર નથી. લખનૌવાલા બાબૂ છોટાલાલ સરૂપચંદે આસરે ૫૦ વર્ષ પર બંધાવેલું વિમલનાથજીનું મંદિર, અને ફુરૂકાબાદવાળા ભંડારી મુન્નાલાલની એક જુની ધર્મશાલા તથા એક નવી ધર્મશાલા છે. મંદિરમાં વિમલનાથજીના ચાર કલ્યાણક વિગેરે બનાવેલું છે, તથા સાર સંભાલ લખનૌના શ્રાવકો રાખે છે. અહિંથી પાછા કાયમગંજ આવી હાથરસ જંકશન આવવું અને ત્યાંથી મેંડુ, હાથરસસિટી, મુરસાન, રાયા, અને મથુરા જંકશન થઇ મથુરા સિટી ઉતરવું.

[2] મથુરા.

જમના નદીના જમણે કિનારે મથુરા એક જૂનું શહેર છે. જૈનશાસ્ત્રમાં એની આસપાસની ભૂમિને 'સુરસેનદેશ' લખ્યો છે. તીર્થંકર સુપાર્શ્વનાથના વખતમાં અહિં બહુ જૈન મંદિરો હતા. યાદવકુલમાં સમુદ્રવિજય, ઉગ્રસેન અને વસુદેવજી વિગેરે દશદશારવર વીર પુરૂષ, કૃષ્ણ વાસુદેવ અને બળભદ્રજી વિગેરે અહિં થયાં હતાં. ૧-અર્ક, ૨-ચીર, ૩-પદ્મ, ૪-કુરૂ, અને ૫-મહા નામના પાંચ સ્થળો; ૧-લોહ, ૨-મધુ, ૩-છિલ્લ,

---

૧ ચંપાનગરી હિમાલયની ઉત્તરે ટિબેટમાં હતી.

૨ દિલ્લીથી ૮૯ અને આગ્રાથી ૨૫ માઇલ.

૪-તાલ, ૫-કુમુદ, ૬-વૃન્દા, ૭-ભણ્ડી, ૨ ૮-ખદીર, ૯-કામિત, ૧૦-કોલ, ૧૧-બહુલ, અને ૧૨-મહા નામના ૧૨ વનો અહિં હતાં, જેમાંના કેટલાક આજ મોજુદ છે, અને વૃન્દાવન તો આજકાલ બહુ ચડતીપર છે.

જૈનાચાર્ય 'આર્યરક્ષિતસૂરિ' જ્યારે અહિં પધાર્યા હતાં, તે વખતે જૈનોની ઝાહોઝલાલી ઘણી હતી. મથુરામાં 'સ્કંદિલાચાર્યે' જૈન સંઘ એકત્ર કરી 'જૈનાગમનો' અનુયોગ પ્રવર્તાવ્યો—અને 'જિનભદ્ર-ગણિ ક્ષમાશ્રમણે મહાનિશીથસૂત્રનું' અનુસંધાન કર્યું હતું

ચીના મુસાફીર ફાહિયાન અને હયુયેન્ગસેન્ગ હિંદુસ્તાનની મુસાફરીએ આવ્યા હતા. તેમાં હયુયેન્ગસેન્ગ પોતાની મુસાફરીમાં લખે છે કે "મેં મથુરા જોયું, તે વખતે મથુરામાં ૨૦ બૌદ્ધમઠ હતાં." ફાહિયાનના પછી ૨૫૦ વર્ષે હયુયેન્ગસેન્ગ હિંદુસ્તાન આવ્યો હતો.

મંદિર :—

માત્ર ધિયામંડિમાં પાર્શ્વનાથ મહારાજનું એકજ છે. મથુરામાં શ્રાવકો ન હોવાથી તેની તપાસ લશ્કર—ગ્વાલિયરના શ્રાવકો રાખે છે. મથુરાથી થોડે દૂર 'જૈનટીલા' નામની જૂની જગ્યા છે, તેને વાસ્તે કહેવાય છે કે "જૈનોની વસ્તી અને મંદિરો અહિ હતાં" પણ હમણાં કંઇ નથી.

જૂના શિલા લેખો:—

ની જ્યારે સર કનિંગહામે તપાશ કરી ત્યારે કંઇક લેખો તેને મળ્યા હતાં જેમાનાં થોડાક નીચે ગુજરાતી ભાષામાં ટાંગ્યા છે.

૧-સિદ્ધં૦ સં૦ ૨૦ ગૃષ્મ રૂતુનો પેહલો મહિનો તિથિ-પૂનમને દિને જયપાલની માતા—વિ—ની—શ્રી—દત્તિલની પુત્રી દત્તાએ આ કીર્તિ-માન્ વર્ધમાન-સ્વામીની મૂર્તિ ચતુર્વિધ સંઘને અર્પણ કરી, અને

કૌટિકગચ્છ—વાણિજ્યકુલ વજ્રિશાખાના સીરી ભાગના આર્યસિંહ આચાર્યે પ્રતિષ્ઠા કરી.

કૌટિક ગચ્છ, વાણિજ્ય કુલ, વજ્રિશાખા વગેરે નામ છે તે કલ્પ-સૂત્ર સાથે સમ્બન્ધ ધરાવતા જણાય છે.

૨—અરિહન્તને નમસ્કાર, સિદ્ધને નમસ્કાર, સં૦ ૬૦ ઉષ્ન ઋતુને ત્રીજો મહિનો તિથિ પંચમીને રોજ આસ્થાન એ સમુદાયના ઉપભોગને વાસ્તે આપવામાં આવ્યું કે જેમાં ચાર વર્ગને સમા-વેશ થાય છે.

બીજો અર્થ એમ પણ નીકળે કે, એનો એક એક ભાગ એક એક સમુદાયને વાસ્તે આપ્યો. (એટલે સાધુ—સાધ્વી—શ્રાવક—શ્રાવિકા હોવા જોઇએ.)

૩—સિદ્ધમ્૦ મહારાજ [૧] કનિષ્ક રાજાને સં૦ ૯૦ મહિનો પહેલો તિથિ પાંચમને દિવસે વત્સાની પુત્રી—ભટ્ટિમિત્રની સ્ત્રી વિકટાએ સર્વ જીવોના ફાયદા સારૂ આ કીતિમાન્ વર્ધમાનની પ્રતિમા બનાવી. એની પ્રતિષ્ઠા કૌટિકગણ, વાણિજ્યકુલ અને વયરીશાખાના આચાર્ય નાગનંદીએ કરી.

આપણ કૌટિકગણ, વયરીશાખા, આચાર્ય નાગનંદી કલ્પસૂત્ર સાથ સમ્બન્ધ ધરાવતાં જણાય છે.

૪—આ લેખનું પુરેપુરૂં સમાધાન મલવું મુસ્કેલ છે. પણ પહેલી લીટીના એક ટુકડાપરથી જણાય છે કે “ અર્પણ કરવાનું કાર્ય એક સ્ત્રીથી થયું હતું અને અમુકની સ્ત્રી હતી. ” અગાડી બીજી પંકિતઓમાં “ કૌટિકગણુતઃ પ્રશ્નવાહનતઃકુલતો મધ્યમાતઃ શાખાતઃ ” લખ્યું છે.

---

૧ ૪૦ સન પહેલો સૈકો.

૫—પાંચમાની મતલબ એ છે કે, "વર્ષ ૪૭ ઉષ્ન ૠતુનો બીજો મહીનો, મિતિ વિસમીને દિવસે આ પાણી પીવાનું સ્થાન અર્પણ કરવામાં આવ્યું."

૬—અરિહન્ત મહાવીરને નમસ્કાર થાઓ. રાજા વાસુદેવનો સં૦ ૯૮, વર્ષા ૠતુનો ચોથો મહિનો, ૧૧ ને દિવસે આ એક સ્ત્રી તરફથી બનાવવામાં આવી અને પારિહાસિક કુલની પૌર્ણપત્રિની શાખાના આચાર્ય આર્યરોહે સ્થાપન કરી.

આ લેખ એક જૂદા પાષાણુપર હોવાથી નિશ્ચય કરાતો નથી કે શું વસ્તુ સ્થાપન કરવામાં આવી હતી.

ચોથા લેખના કોટિકગચ્છ, પ્રશ્નવાહન કુલ, મધ્યમ-શાખા અને પાંચમાં લેખના પૌર્ણપત્રિનીશાખા, પારિહાસિક કુલ વિગેરે પણ કલ્પસૂત્ર જોડે સંબંધ ધરાવતાં જણાય છે

લેખોમાં જેજે સંવત્ લખ્યો છે તે, હિંદુસ્તાન અને સીથિયા દેશની વચેના રાજા કનિષ્ક અને વાસુદેવના જમાનાના છે. અત્યાર સુધી આ સંવત્સરોની શરૂઆત માલુમ પડી નથી, પણ એટલું જણાય છે કે ઉપલા રાજાઓનું રાજ્ય ઇસ્વીસન, પહેલાં શતકની આખીરથી બીજા શતકના પોણા ભાગથી ઓછું નહીં હોય! કેમકે ઇસ્વી૦ ૭૮-૭૯માં કનિષ્ક રાજા તખ્તનશીન થયેલો નક્કી થઇ ચુકયું છે.

મથુરામાં હારડિંગ દરવાજે, ભરતપુર દરવાજે અને દિગ દરવાજે અગણિત ધર્મશાળાઓ છે. અહિં ઇ૦સ૦ ૪૦૦માં ઘણાં બૈદ્ધો હતાં, જેના કેટલાંક નિશાનો મલી આવે છે. મથુરા પર મહમ્મદ ગીજનવી ૧૦૧૭ માં, અને સીકન્દર લોદી ૧૫૦૦માં ચઢી આવ્યા હતા, તેથી શહેરને બહુ નુકશાન થયુ હતું. મથુરાના ચોબા-અને પેંડા પ્રખ્યાત છે.

મથુરાથી ૬ માઇલે મ્હાવન છે, કે જ્યાં કૃષ્ણને પોષવામા આવ્યા હતા. નન્દના મહેલમાં મટકીઓ હજુ મોજુદ છે, કે જેમાં નન્દ ની માખણ બનાવતી હતી, અને દિવાલમાં એક જગ્યા છે કે જેમાં ગોપિયો મશ્કરી કરવાને કૃષ્ણની વાંસલી-બંસરી છુપાવતી હતી. આ મહેલને ઘણી સ્ત્રીઓ સંતતિ થયાં પછી ૬ દિવસ સુધી પૂજે છે, આ સબબથી તેને 'છઠ્ઠીપાલના' કહે છે. મહાવનથી એકાદ માઇલ પર ગોકુલ ગામ છે, કે જ્યાં કૃષ્ણ આવ્યા હતા.

મથુરાથી ૬ માઇલ ઉત્તરે જમુના તીરે વૃન્દાવન છે, જેમાં ઘણાં (જૈનોના નહિં) મંદિરો છે. વૃન્દાવનને માટે મથુરા કેંપથી એક બીન્દ્રાબન રેલ્વે બ્રાંચ લાઇન છે, તે રસ્તે ૮ માઇલ થાય છે. વૃન્દાવનમાં નિજવન, સેવાકુંજ, કાલીરહદ કે જ્યાં કાલિનાગનો વાસ હતો અને તેને કૃષ્ણે દમ્યો હતો તે, ચીરઘાટ કે જ્યાં કૃષ્ણે ગોપિયોના ચીર હર્યા હતા તે, તથા ગોવિંદનું, ગોપિનાથનું, અને મકકઇના સાંઠાનું બનાવેલું મંદિર વિગેરે જોવા લાયક છે.

મથુરાથી બાઇનસા, પારખામ, અને અચનેરા જંક્શન થઇ આગ્રા ફોર્ટ સ્ટેશને ઉતરવું.

આગ્રા શહેર.

આગ્રા મુંબઇના બોરીબંદર સ્ટેશનથી ૮૩૫, અને દિલ્લીથી ૧૨૨ માઇલપર જમુના નદીના જમણે કિનારે જી૦ આઇ૦ પી૦, બી૦ બી૦ સી૦ આઇ૦, અને ઇ૦ ઇ૦ રેલ્વેનું જંકશન છે, અહિંથી એક રેલ્વે લાઇન બાન્ડીકુઇ, જયપુર અને અજમેર વિગેરે થઇ માળવા, ગુજરાત, અને મારવાડમાં; બીજી ગવાલિયર, ઝાંશી, અને ભોપાળ વિગેરે થઇ માળવા, મુંબઇ અને દક્ષિણમાં; અને ત્રીજી કાનપોર અને અલ્હાબાદ વિગેરે થઇ બંગાળ અને દારજીલીંગ તથા કુચબિહાર તરફ ગઇ છે.

સ્ટેશન પાસે ધર્મશાલા છે, તથા ભાડાના ઘરો પણ અહિં ઘણા મળે છે. જેને જ્યાં અનુકૂળ આવે ત્યાં ઉતરવું. અહિં શોનમંડી અને રાશન મહોલ્લામાં નવ જૈન મંદિરો છે. શ્રાવકોના ઘર માત્ર ૨૦–૨૫ જ છે. જયારે 'સૂરિહિરવિજયજી' અહિં પધાર્યા હતા તે વખતે જૈન ધર્મનો ફેલાવો અહિં ઘણો હતો.

આગ્રાને સને ૧૫૬૬ માં અકબર બાદશાહે આબાદ કર્યું હતું, તેથી તેનું બીજું નામ "અકબરાબાદ" પણ કહેવાય છે, અને ત્યાર પછી ત્યાં લગભગ ૧૦૦ વર્ષ કરતાં પણ વધારે વર્ષ મુગલોનું રાજ્ય રહ્યું હતું.

જોવાલાયક સ્થળો.

આગ્રાનો તાજમહેલ કે જેને શાહજાને સન ૧૬૪૮ માં મુમતાજ બેગમની કબરપર બંધાવ્યો હતો તે ૧૭ વર્ષે પુરો થયો હતો. આગ્રાનો કિલ્લો કે જેને સને ૧૫૬૬ માં અકબરે બાંધ્યો હતો. કિલ્લામાં દિવાને આમ, દિવાને ખાસ, સાયબાન, અંગુરિબાગ, અને શિશમહેલ વિગેરે. શહેર બહાર જુમામસીદ, શાહજહાનના સસરા અને એતમાદુદ્દૌલાની કબર અને શિશમહેલ. નદી કિનારે ઘાટ તથા બે મજલાનો પુલ અને સિકન્દરામાં અકબરની કબર વિગેરે છે.

આગ્રાનું ચૂરણ, સેતરંજીઓ, આરસના રમકડાંઓ અને ગોટી કિનારીનો સામાન વખણાય છે. આગ્રાથી શૌરીપુર તીર્થ જવા સારૂ ઇસ્ટ ઇંડીયા લાઇનમાં જમના બ્રીજ, કુબેરપુર, એતમાદપુર અને ટુંડલા જંકશન આવવું, અને ત્યાંથી હરનગામ, ફિરોજાબાદ અને મકનપુર સ્ટેશનનો થઇ સિકોહાબાદ જંકશન ઉતરવું.

શૌરીપુર તીર્થ.

શૌરીપુર સિકોહાબાદથી ખુશકી રસ્તે ૭ કોશપર જમુના નદીના કિનારે છે. જવાને એક્કા આવતા જવાના આશરે રૂ. ૩ ના ભાડાથી

મલે છે. શૌરીપુરમાં રહેવાની મરજીવાળાએ ખાધખોરાકીનો બંદોબસ્ત સિકોહાબાદથી કરી લેવો, કેમકે ત્યાં સારી વસ્તુ મલતી નથી. તે દિવસેજ પાછા ફરવાની ઇચ્છા હોય તો ફરી શકાય છે. સિકોહાબાદથી ચાર કોશ સુધી પાકી અને પછી કાચી સડક છે.

૨૨ મા નેમનાથજીનો જન્મ આ શૌરીપુરીમાં થયો હતો. શૌરીપુરી અગાઉ એક મ્હોટું શહેર હતું, પણ અત્યારે માત્ર એકાદ હજાર માણસની વસ્તીનો ન્હાનો કસ્બો છે. અહિં શ્રાવકોની વસ્તી તેમજ ઉતરવાને ધર્મશાળા નથી. યાત્રિઓને અનુકૂળ આવે તે સ્થળ શોધી લઇ ત્યાં મુકામ કરવો.

જમનાના વીહડમાં એક પહાડી પર વિના ઉદ્ધારનાં પાંચ મંદિરો છે, જેમાં ચાર તદન ખાલી અને એકમાં માત્ર નેમનાથજીના ચરણ છે. ચરણ પ્રાચીન પ્રતિષ્ઠિત નથી, પણ સં૦ ૧૯૦૫ માં કોઇ ભાગ્યશાલીના પધરાવેલાં છે. ચાર ખાલી પડેલા મંદિરોની કારીગિરી અને ખૂબસુરતી ઉમદા છે, પણ વિના પ્રતિમાઓથી વિરાન જેવાં દેખાય છે. શ્રીમદાચાર્ય 'હિરવિજયસૂરી' જે વખતેઅહિં પધાર્યા હતા તે વખતે મંદિરોનો જીર્ણોદ્ધાર થયો હતો, જેને આજ લગભગ ૩૫૦ વર્ષ થઇ ગયા છે. આ મંદિરોની સાર સંભાળ લશ્કર ગ્વાલિયરના શ્રાવકો રાખે છે, અને શૌરીપુરનો શહીશ એક પૂજારી ત્યાં જઇ પૂજન વિગેરે કરે છે. તેનો પગાર પણ તેઓ આપે છે. તીર્થ જોકે જંગલમાં છે તોપણ તે જગ્યા ઘણી રમ્ય, અને આનંદ આપનારી છે.

શૌરીપુરથી પાછા સિકોહાબાદ આવી, ત્યાંથી રેલ્વેમાં કરોરા, ભદન, બાલરાઇ, જશવન્તનગર, સરાયભોપટ, ઇટાવા, એકદીલ, ભરથના, સામહોનં, અચલ્દા, પેટા, ફફુન્દ, કાનચૌસી, ઝીનઝક, અંબીયાપુર, રૂરા, મેથા, ભાવપુર અને પાંકી સ્ટેશન થઇ કાનપુર ઉતરવું.

કાનપુર[1]

અહિં ઘણી ધર્મશાળા તથા સરાયો છે, પણ સ્ટેશનથી થોડે દૂર વૈજનાથ સિંધાનીયાની અને લાલા તુલસીરામ શિવપ્રસાદની ધર્મશાલામાં યાત્રિઓ પાસે ભાડુ લેવામાં આવતું નથી. જૈન યાત્રિયોને મહેશરી મહોલ્લામાં ઉપાશ્રય છે તેમાં પણ, સાધુઓ ન હોય તો ઉતરવાની સગવડ બને છે. મહેશરી મહોલ્લામાં ભંડારી રૂગનાથ પ્રસાદજીનું બંધાવેલું જૈન મંદિર જોવા લાયકનું છે. હિંદુસ્તાનમાં આ મંદિરનો પણ બીજો નમૂનો નીકળવો મુસ્કેલ છે. શ્રાવકોની વસ્તી ૨૦–૨૫ ઘરની અને ઉપર જણાવેલું એક મંદિરજ છે.

સને ૧૮૫૭ માં મહોટુ હુલ્લડ થયું હતું, તેથી આ શહેર પ્રખ્યાત છે. જયાં જનરલ વીલરનો મોરચો હતો ત્યાં એક સુંદર ગીરજા બનેલી છે. કતલની જગ્યાએ જે કુવામાં લાસો મારીને નાખવામાં આવી હતી તેપર એક ખૂબસુરત દૂતનું પુતલુ બનાવામાં આવેલું છે. આ શિવાય કલબઘર, તોપખાનું, ચર્ચ, હોસપીટાલ, કેમ્પ અને જૈનોનું મંદિર વિગેરે જોવાલાયક છે. કાનપુરના જોડા તથા ચામડાનું બીજું કામ, ગરમ કપડાં, અને ચીની કામ વખણાય છે. કાનપુરથી ગંગાકિનારે આસરે ૨-૩ માઇલપર જૂનું કાનપુર છે, અને નવા તથા તેની વચ્ચે ખેતરો, બગીચા વિગેરે છે.

કાનપુર ઇ૦ આઇ૦, બી૦ બી૦ સી૦ આઇ૦, જી૦ આઇ૦ પી૦, અને ઓ૦ એન્ડ આર. રેલ્વેનું જંકશન છે. અહિંથી એક રેલ્વે લાઇન અલાહાબાદ જંકશન થઇ ફૈઝાબાદ અને અયોધ્યા જાય છે, તથા બીજી લખનૌ થઇ ફૈઝાબાદ અને અયોધ્યા જાય છે.

---

૧. હાથરસજંકશનથી પૂર્વ દક્ષિણ ૧૭૩ માઇલ ગંગા નદીને જમણે કિનારે.

અલાહાબાદને રસ્તે જતાં એક કૌશાંબી અને બીજું પ્રયાગ એમ બે જૈન તીર્થો વિચ્છેદ થયેલાં આવે છે, તેથી અલાહાબાદને રસ્તે થઇ અયોધ્યા ન બતાવતાં અમે લખનૌથી સીધો અને સ્હેલો રસ્તો અયોધ્યાનો બતાવ્યો છે. જો ઉપલા બે તીર્થો વિચ્છેદ થયાં ન હતે, અને કાંઇ ચરણ પાદુકા જેવું પણ ત્યાં હતે, તો જરૂર હમો ફેરાવાનો રસ્તો છે તો પણ, અલાહાબાદ થઇ અયોધ્યાનોજ બતાવતે. જો કે કૌશાંબી અને પ્રયાગ તીર્થનો વિચ્છેદ થયો છે, તો પણ તીર્થ પ્રાચીનતા જાળવવા અને દર્શાવવા માટે નીચે પ્રયત્ન કર્યો છે. કોઇ યાત્રિને તીર્થ ફરસના કરવી હોય અગર દેશ જોવો હોય તો ત્યાં જવું નહિં તો લખનૌ તરફથી અયોધ્યા જવું.

૧ વિચ્છેદ તીર્થ કૌશાંબી.

ઇસ્ટ ઇન્ડીયા રેલ્વેમાં કાનપુર અને અલાહાબાદ લાઇનમાં ભરવારી સ્ટેશન આવે છે ત્યાંથી કૌશાંબી કે, જેને હમણાં કોસંબપાલી કહેવામાં આવે છે ત્યાં જવાય છે. ભરવારીથી ખુશ્કી રસ્તે દશ કોશ પર કૌશાંબી છે, જ્યાં જવાની ૮ કોશ સુધી પાકી સડક અને બે આઉ ચાલતાંજ જવાય છે.

તીર્થંકર પદ્મપ્રભુજીની જન્મભૂમી કૌશાંબી છે. પહેલાં અહિં કસુંબના ઝાડો ઘણાં થતાં હોવાથી નગરીનું નામ કૌશાંબી પડ્યું હતું. શ્રીપાલ વાલા ધવલ શેઠ અહિંનાજ રહીશ હતાં. શ્રીપાલની મા શ્રીપાલનો કોઢ દૂર કરવાને વૈદની તલાસમાં અહિંજ આવી હતી, અને જ્ઞાની વૈદ્ય અહિંજ મળ્યા હતાં. મહાવીરસ્વામીને તપનું પારણું ચંદનબાલાએ અહિં કરાવ્યું હતું. ઉજ્જનપતિ ચંડપ્રદ્યોતે રાજા શતાનિકની રાણી મૃગાવતીને પોતાની સ્ત્રી બનાવવા સારૂ અહિંજ યુદ્ધ કર્યું હતું.

શતાનિક પુત્ર વત્સઉદયન[1] સંગીતકળામાં ઘણો પ્રવીણ હોવાથી, ઉજ્જનના ચંડપ્રદ્યોતે પોતાની પુત્રી વાસવદત્તાને સંગીત શિખવવા સારૂ દગાથી તેને ઉજ્જન બોલાવ્યો હતો. પછી વાસવદત્તાને તેની મરજીથી ઉદયન અહીં લાવ્યો હતો, અને તે માટે ચંડપ્રદ્યોત કંઈ પણ કરી શકયો નહોતો.

કૌશામ્બી પહેલાં અઢળક ધનવાળું હોવાથી, અત્યારે વરસાદના દિવસમાં કંઈક વખત ઝવેરાત, વીંટીઓ, સોનામહોરો વિગેરે મલી આવે છે, તેથી કેટલાંકો રત્નભુમિ પણ કહે છે. કૌશામ્બીમાં પહેલો કોટ હતો, તેની નિશાનીમાં અત્યારે કેટલીક જગ્યાએથી દોઢ દોઢ ફુટ લાંબી અને એક ફુટ પહોળી ત્રાંબા જેવી લાલચોળ ઇંટો મલી આવેછે.

૨–વિચ્છેદ તીર્થ પ્રયાગ. (અલાહાબાદ.)

બરવારી સ્ટેશનથી અલાહાબાદ આવવું કે જે, કલકત્તાથી પશ્ચિમોત્તર ૫૧૪, અને મુંબઇથી ૮૪૪ માઇલ પૂર્વોત્તર ગંગા–જમુનાના સંગમપર મ્હોટું રેલ્વે જંકશન, તથા તેનું બીજું નામ પ્રયાગ છે. પ્રયાગ નામ અકબર બાદશાહના ઘણાં પહેલાંના વખતનું છે, પણ જ્યારે સને ૧૫૭૫ માં અકબરે અહીં આબાદી વધારી તે વખતે, તેને બીજું નામ 'અલાહાબાદ આપ્યું. અહીં ગંગા–જમુનાના વચલા ભાગમાં કિલ્લામાં અપસરાનું મકાન, મેગઝીન, તોપોની હાર અને અશોક સ્થંભ કે જે એકજ પથ્થરનો બનાવેલો છે, તથા તેમાં અશોકનું હુકમનામુ લખેલું છે તે, વિગેરે જોવા લાયક છે.

---

૧ વિતભયપત્તનનો ઉદયન, 'વિતભય ઉદયન' ના નામથી, અને કૌશાંબીનો ઉદયન 'વત્સ ઉદયન' ના નામથી ઓલખાતાં હતાં. જુઓ પાનું ૭૦, ૩ જી ટીપ.

ચૈત્ય સ્તવમાં—

" अङ्गे वङ्गे कलिङ्गे सुगतजनपदे सत्प्रयागे तिलङ्गे,
गौडे चौडे मुरीण्डे वरतरद्रविडे उद्रियाणे च पौंड्रे ;" વિગેરે

લખેલું છે. આમાં જે 'સત્પ્રયાગે ઉલ્લેખ છે, તે પરથી પ્રયાગમાં તીર્થ હતું એમ સાબીત થાય છે.

ગંગા—જમુના—અને સરસ્વતીનો અહિં મેળાપ થાય છે, તેને વૈસ્નવ સંપ્રદાય વાળાઓ ત્રિવેણી કહે છે, અને ત્યાં માહ મહિનામાં મ્હોટો મેળો ભરાય છે તેમાં, આસરે અઢી લાખ માણસ, અને બીજો બારબાર વર્ષે મેળો ભરાય છે તેમાં દશ દશ લાખ માણસ એકઠાં થાય છે.

કાનપુરથી તીર્થ રત્નપુરી અને અયોધ્યા જવાસારૂ લખનૌ કાનપુર બ્રાન્ચ લાઇનમાં ઉનાઓ, અજગાઇન, હરાઉની, અને અમાઉસ્ત સ્ટેશનો થઇ લખનૌ જંકશન ઉતરવું.

[1] લખનૌ.

લખનૌ હિંદુસ્તાનમાં મુંબાઇ, કલકત્તા અને મદ્રાસ કરતાં બધા શહેરોથી મ્હોટું, અને અવધ પ્રદેશમાં આવેલું છે. સાદતખાં કે જેને અવધ રાજ્યનો પાયો ૧૭૩૨ માં નાખ્યો હતો, તેને લખનૌમાં પોતાની રાજ્યધાની બનાવી હતી. ઇસ્વી. ૧૮૫૬ માં નવાબોની ખરાબી હોવાને લીધે અવધ પ્રદેશ ઈંગ્રેજોના હાથમાં આવ્યું હતું.

---

૧ કાનપુરથી પૂર્વોત્તર ૪૬ માઇલ તથા મુગલી શરાયથી ૧૯૭ અને બનારસથી ૧૮૭ માઇલ પશ્ચિમોત્તર.

લખનૌ ઓ૦ એન્ડ આર., અને આર. એન્ડ કો., રેલ્વેનું એક મ્હોટું જંકશન છે. અહિંથી એક રેલ્વે છેક ઉંચે નાનીટાલ સુધી, બીજી બનારસ વિગેરે થઇ કલકત્તા, અને ત્રીજી ગોંડ જંકશન વિગેરે થઇ છેક હિમાલયની તળાટી સુધી જાય છે.

મન્દિરો.

બહોરનટોલા, ચુડીવાલીગલી, સોંદીટોલા અને ફુલવાલીગલી વિગેરેમાં મલી ચૌદ મન્દિરો, અને શ્રાવકોની વસ્તી ૫૦ ઘરોના આસરાની છે. અહિં બેલીગાર્ડ દરવાજો, માચીબાવન, હમામવાડો, હુસેનાબાદ, મારટીનીયર કોલેજ, વિંગફિલ્ડ પાર્ક, અજાયબઘર, આકાશલોચન, લોઢાનો પુલ, આલમબાગ, દિલકુશા, શાહનજફ અને કેશરબાગ વિગેરે જોવાલાયક છે. લખનૌમા માટીના રમકડાં, ચાંદીનો સામાન, અને અત્તર ઘણાંસારાં બને છે.

લખનૌથી રત્નપુરી અને અયોધ્યા માટે આઉધ એન્ડ રોહીલખંડ રેલ્વેમાં માલહોર, જગૌર, બારાબાંકી જંકશન, રાસાઉલી, સફદારગંજ સૈદખાનપુર, દરયાબાદ. મખદમપુર, રૌઝાગામ, રૂદાઉલી, અને બારાગામ થઇ સોહાવલ સ્ટેશન ઉતરવું, કે જ્યાંથી તીર્થઃ—

રત્નપુરીઃ—

માત્ર ૦ાા ગાઉજ છે. જવાને બેલગાડીઓ મલે છે. રત્નપુરીમાં બે ધર્મશાલા રાયબહાદૂર ધનપતસિંહજીની, એક લખનૌ વાળા છોટનલાલજીની, એક ધર્મશાળા, સંઘની એક બગીચો અને બે મન્દિરો છે. તીર્થંકર ધર્મનાથજીનું જન્મસ્થલ આજ છે, તથા તેઓના પહેલા ચાર કલ્યાણક પણ અહિંજ થયા હતા. એક મહોટું મંદિર પાર્શ્વનાથજીનુ છે, તેમાં તીર્થંકરના કલ્યાણ વિગેરેની સ્થાપના પણ મોજુદ છે, અને બીજું મંદિર રિષભદેવજીનું છે. જોકે એકજ તીર્થમાં બે મંદિરો છે, છતાં પણ બન્નેનાં હિસાબો--ચોપડા વિગેરે જૂદા જૂદા છે.

રત્નપુરીથી પાછા સોહાવળ આવી, ત્યાંથી આગાડી પહેલું જ સ્ટેશન ફૈઝાબાદ જંકશન છે ત્યાં થઇને—

ફૈઝાબાદ સિટી;—

ઉતરવું. અહિં ચોકબજાર ત્રિપોલીયા દરવાજા પાસે પાલખી ખાનામાં એક ભવ્ય મંદિર છે. અવધ પ્રદેશમાં ફૈઝાબાદ જીલ્લાનું મુખ્ય શહેર ફૈઈજાબાદ છે. અહિંથી પણ કેટલીક રેલ્વે લાઇનો ફાટે છે. ફૈઇજાબાદથી અયોધ્યા બે ત્રણ ગાઉ છે. ત્યાં આગગાડી જાય છે. અને ઘોડાગાડી પણ જાય છે જેને જેમ ફાવે તેમ જવું.

અયોધ્યા.

અયોધ્યા અલ્હાબાદથી ઉત્તરે ૧૦૪, લખનૌથી પૂર્વમાં ૮૪, અને મુગલસરાયથી પશ્ચિમોત્તર ૧૨૬ માઇલ "ઘાગરા-સર્યુ" નદીપર ફૈઝાબાદ જીલ્લાનું એક ઘણું જૂનું શહેર છે.

તીર્થંકર રિષભદેવનો જન્મ તથા પહેલા ત્રણ કલ્યાણક, અજિતનાથ સ્વામીનો જન્મ અને પહેલા ચાર કલ્યાણક, અને અભિનંદનજિન; સુમતિનાથસ્વામી; તથા અનંતનાથજીના પણ ચવન, જન્મ, વિગેરે ચાર ચાર કલ્યાણક અયોધ્યામાં થયેલા છે.

'દશરથ અને રામચંદ્રજી' વિગેરે રઘુવંશીઓ, સત્યવાદી 'હરિશ્ચંદ્રરાજા' 'ચન્દ્રાવતંસ'-કે જેને એક સંધ્યા સમયે નિયમ લીધો હતો કે, દીપક બુઝાય નહીં ત્યાં સુધી પરમાત્માનું ધ્યાન ધરવું. દીપકમાં ત્રણ કલાક ચાલે તેટલું ઘી હતું, તે ખલાસ થવા આવ્યું તે વખતે એક નોકરે 'રાજાને અંધારામાં ન રહેવું પડે' એમ વિચારી ફરી ઘી પૂર્યું. એવી રીતે નોકર ઘી પૂરતો રહ્યો અને તેથી દીપક આખી રાત સળગતો રહ્યો. રાજાનો વિચાર ઘી બળી રહે અને દીપક બુઝાઇ જાય ત્યાંસુધી વ્રત પાળવાનો

હતો, તોપણ, નોકરના પ્રયાસથી આખી રાત્રિ પર્યન્ત દીપક ચાલ્યો ત્યાં સુધી ધર્મપાવંદ રાજા ' ચંદ્રાવતંસે ' પોતાનો નિયમ છોડયો નહીં, તેમજ નોકર પર ગુસ્સો સરખો પણ આવ્યો નહિ, તે, અને મહાવીરના નવમા ગણધર આ અયોધ્યાના રહીશો હતા. અહિં જૈન;—

મંદિર :—

કટરા મહોલ્લામાં અજીતનાથ મહારાજનુ છે. જેમાં જૂદા જૂદા તીર્થંકરોના કલ્યાણકોની સ્થાપના વિગેરે મોજુદ છે. મન્દિરની પાસેજ એ ધર્મશાલા, મંદિરનુ કારખાનું વિગેરે છે. અહિં:—

જોવા લાયક:—

સર્યુ કિનારે ઘાટ, અવધ નરેશનો બગીચો, રામકોટ અથવા રાજ મહેલ, મની પર્વત દર્શનસિંહનુ મંદિર, અને હનુમાનગઢી વિગેરે છે. ચીનો મુસાફીર કે જે સાતમી સદીમાં હિન્દુસ્તાન આવ્યો હતો તે મુસાફર નામામાં લખે છે કે, મેં અયોધ્યા જોયું ત્યારે ૨૦ બુધ્ધોના મંદિર અને ૩૦૦૦ યોગીઓની આબાદી હતી,

અહિં વાંદરાઓ એટલાંતો ચાલાક છે કે, નજર ચુકાવી પડેલી વસ્તુ ઉપાડી જાય છે એટલુંજ નહીં, પણ હાથમાંથી ઝુંટાવી જતાં પણ વાર લગાડતાં નથી. આપણા હાથમાંથી પણ ચણા, બોર વિગેરે ખવાડીયે તો આસપાસ ચપલતાથી નજર રાખી ખાય તેવા છે. રામ નવમીનો મેલો હરસાલ ભરાય છે. અને તેમાં આશરે પાંચલાખ માણસો એકઠાં થાય છે. અયોધ્યાના બીજા નામો વિનિતા–કૌશલ્યા અને સાકેતપુર છે. વૈદિક ધર્મવાલાઓ પણ અયોધ્યાને પવિત્ર તીર્થ માને છે. તથા તેઓના ઘણાં મંદિરો છે.

અયોધ્યાથી એક રેલ્વે લાઇન બનારસ તરફ જાય છે તથા એક મનકાપુર જંકશન, ગોંડા જંકશન વિગેરે થઇ સાવથ્થી નગરી તથા મુલ્ક નયપાળ

તરફ જાય છે. જો કે પહેલાં નેપાલ અને સાવથ્થીમાં તીર્થ હતાં, પણ અત્યારે વિચ્છેદ થયલાં હોવાથી ખાસ જવા જેવું નથી, તો પણ ક્ષેત્ર ફરસના, અને પ્રદેશ દેખવાવાલાઓને રસ્તો સ્હેલો થઇ પડે તેથી ઉપલા વિચ્છેદ તીર્થો પહેલાં બતાવી પછી બનારસ તરફ જવાનો રસ્તો દાખવ્યો છે. જેને સાવથ્થી અને નયપાળ જવા ઇચ્છા હોય તેને નીચેને રસ્તેથી જવાથી સુગમ પડશે.

૧ વિચ્છેદ તીર્થ સાવથ્થી નગરી.

અયોધ્યાથી ઉત્તરે સાવથ્થી છે. અયોધ્યાથી લકડાવાટ રેલ્વેમાં મનકાપુર જંકશન, મનકાપુરથી ગોંડ જંકશન, ગોંડ જંકશનથી બલરામપુર સ્ટેશન, બલરામથી ખુસ્કી રસ્તે ૭ કોશ ગાડીમાં અને એક કોશ પાયદલ જવાથી સાવથ્થી કે જેને હમણાં 'સહેટ મહેટનો' કિલ્લો કહે છે, ત્યાં જવાય છે. સહેટમહેટનો કિલ્લો તદન જંગલમાં છે, અને કિલ્લાની અંદર ખાલી–પ્રતિમા વિનાનું શ્રીસંભવનાથજીનું મન્દિર છે. અહિ કોઇ શ્રાવક તેમજ અન્યનીવસ્તી નથી પણ ચારે તરફ ઝાડોના ઝુંડ અને વિરાન છે. 'સહેટમહેટના' કિલ્લાથી થોડે છેટે ચક્રભંડાર અને કાનભારી નામના બે ગામડા મોજુદ છે, જે પૂર્વે સાવથ્થીનાજ કોઇ ભાગો હશે.

ત્રીજા સમ્ભવનાથજી મહારાજ અહિં જનમ્યા હતા તથા ચાર પ્રથમના કલ્યાણક પણ અહિંજ થયા હતા. મહાવીરસ્વામીએ એક વખત અહિં ચોમાસુ કર્યું હતું તથા કઇંક વખત પધાર્યા હતાં. પાર્શ્વનાથજી શાસનના કેશીકુમાર અને મહાવીર શાશનના ગૌતમ ગણધરની મુલાકાત અને ધર્મ ચર્ચા અહિંના 'તેન્દુકવનમાં' થઇ હતી.

૨–વિચ્છેદ તીર્થ નયપાલ અને હિમાલય :

બલરામપુરથી પાછા ગોંડ જંકશન આવવું, અને ત્યાંથી નેપાલ ગંજરોડ જવા વાલી લાઇનમાં નેપાલગંજ રોડ જવું. નેપાલ રાજ્યમાં

પરવાનગી વિના જવાતું નથી, માટે જવા પહેલાં પરવાનગી મેલવવા ગોઠવણુ કરવી. નેપાલ હિમાલયની તલાટીમાં છે, અને હિમાલયનો આખો રસ્તો પહાડોનોજછે.

નયપાલના લોકો ઘણાં તાકાતવાન અને નયપાલી ભાષા બોલનારા છે. સાગવાન, સફેદ હાથી, કસ્તૂરીમૃગ, ચમરી ગાય[1], દેવદાર, સૂકોમેવો, કેશર, મયુરશિખા, કાકજંઘા, લક્ષમણા, વિદ્યાબ્રાહ્મી, શિલાજીત, અને સાલમ વિગેરે અહિં પેદા થાય છે. ચૈત્યસ્તવમાં કહ્યું છે કેઃ—

श्रीमाले मालवे वा मलयजनिखिले मेखले पीच्छले वा,
नेपाले नांहलेवा कुवलयतिलके सिंहले मैथिले वा;॥५॥વિગેરે,તથાઃ—
चित्रे शैले विचित्रे यमकगिरिवरे चक्रवाले हिमाद्रौ,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानिवन्दे ॥ २ ॥

આમાં જે 'નેપાલે' અને 'હિમાદ્રૌ' ઉલ્લેખ છે તે પરથી તે સ્થળે તીર્થો હતા તેની સાબીતી મલે છે. હિમાલયને માટે તો વિવિધ તીર્થકલ્પમાં લખ્યું છે કે "हिमालये छायापार्श्वो–मन्त्राधिराजः श्रीस्फुलिंगः" વિગેરે, તે પરથી જણાય છે કે હિમાલયમાં છાયાપાર્શ્વનાથ, મન્ત્રાધિરાજ, અને સ્ફુલિંગપાર્શ્વનાથનું તીર્થ હતું.

અયોધ્યાથી બનારસ જવા સારૂ દર્શન નગર, બીલ્હારપુર, ટાંડોલી, ગોસાઈગંજ, કહહરી, અકબરપુર, જાફરગંજ, માલીપુર, બીલવાઇ, શાહગંજ જંકશન, ખેટાસરાય, મેહરાવન, જોનપુર જંકશન, જાફરાબાદ, જલાલગંજ, ખલીશપુર, બાબતપુર, અને શિવપુર થઇ બનારસ આવવું.

---

૧. ચમરીગાયના વાળની ચમરી બનાવવામાં આવે છે.

વાણારસી. (બનારસ)

બનારસ આઉધ એન રોહીલખંડ, અને બંગાલ નોર્થ વેસ્ટર્ન રેલ્વેનું જંકશન કલકત્તાથી ૪૨૯, અને અલાહાબાદથી પૂર્વમાં ૯૪ માઇલપર પ્રાચીન શહેર છે. બનારસના બીજાનામો કાશી, વાણારસી અને વરનાઅસી છે. વરના અને અસી નામની બે નદીઓ અહિ ગંગાને મળે છે તેથી ' વરનાઅસી ' નામ પડયું હતુ.

સાતમા સુપાર્શ્વનાથ અને ત્રેવીસમાં પાર્શ્વનાથ બનારસમાં જનમ્યા હતાં, તથા તેઓના પ્રથમના ચાર ચાર કલ્યાણક પણ અહિંજ થયાં હતાં. બનારસના "દેવવાણારસી, રાજવાણારસી, મદનવાણારસી, અને વિજયવાણારસી" નામના પહેલાં ચાર ભાગ હતા.

મંદિરો.

બનારસમાં આશરે ૨૫ શ્રાવકોના ઘર, શ્રીમદ્ યશોવિજયજી પાઠશાળા, અને દશ મંદિરો છે. ભેલુપુર મહોલ્લામાં પાર્શ્વનાથજીનું દેવાલય તથા ધર્મશાળા, અને ભદૈની મહોલ્લામાં વછરાજ ઘાટપર સુપાર્શ્વનાથજીનું મંદિર અને ધર્મશાળા છે. યાત્રિઓને જ્યાં ફાવટ આવે ત્યાં ઉતરવું. વછરાજ ઘાટ એવી જગ્યાએ આવેલો છે કે, અહિં ઉભા ઉભા બનારસનાં તમામ ઘાટો જણાઇ આવે છે. મુનિ શ્રીધર્મવિજયજીને અન્ય ધર્મીઓ તરફથી "સર્વશાસ્ત્ર વિશારદ, જૈનાચાર્ય" ની પદવી સને ૧૯૦૮માં અહીંજ આપવામાં આવી હતી. હાલ તેઓશ્રીનાજ પ્રયાસથી એક પશુશાળા—પાંજરાપોળ સ્થાપવામાં આવેલી છે. અને તેમાં જગ્યા વિગેરેની કેટલીક મદદ અહીંના રાજા સર "પ્રભુજી નારાયણસિંહજી"એ આપી છે.

અહિં જયસિંહરાજાનું બનાવેલું ચંદ્ર, સૂર્ય અને તારા દેખવાનું યંત્ર હતું, હાલમાંવો તે તદ્દન જીર્ણ થયેલું પડયું છે. આ યંત્ર જ્યોતિષીલોકો ચંદ્ર, સૂર્ય વિગેરેનું ચાલવું ફરવું જોઇશકે તે માટે બનાવવામાં આવ્યું હતું. બનારસથી ૩ કોશપર બુદ્ધ લોકોનો એક સ્થંભ ૯૦ ફુટ ઉંચો અને ૩૦૦ ફુટના ઘેરાવાવાલો કે જેને બૌદ્ધલોકો 'બુધ્ધનું સમવસરણ' કહે છે તે છે. તથા તે પાસે કેટલીક બૌદ્ધની મૂર્તિઓ જમીનમાંથી નીકળેલી છે. બનારસના દોપટ્ટા, ધોતીઆ, કિનખાબ, ત્રાંબા પિત્તળના વાસણો, અને કારચોબી તથા જરીકામ વિગેરે પ્રસિદ્ધ છે. અહિંઆ દરેક બજારના દલાલો ઘણાં હોય છે. જો કોઇ એક આનાનો સામાન પણ ખરિદ કરે તો દલાલની દલાલી લાગી ચુકે છે. કોઇ પરદેશી દલાલ વિના ખરિદવા નીકળે, તોપણ દલાલો દુકાનપર આવ્યા, કે વેચનાર ધણી તેની દલાલી ચઢાવી સામાન વેચે છે. દલાલી વેચનારને આપવી પડે છે.

બનારસને વાસ્તે અન્ય ધર્માવલંબીઓ કહે છે કે "બનારસ પૃથ્વીપર બન્યું નહોતું, પણ, શિવના ત્રિશૂલપર બન્યું હતું, તથા પહેલા યુગમાં તે સોનાનું હતું." અહિં:—

જોવાલાયક:—

સુનેરી અથવા વિશ્વેશ્વર મંદિર, ભૈરવનાથ અને દુર્ગાનું મંદિર, અસી નદીનો સંગમ. દશાશ્વમેધ ઘાટ, મણિકર્ણિકા, પંચગંગા ઘાટ, વરના સંગમ, કેદારનાથનો ઘાટ, પિશાચમોચન—કે જેમાં ભૂત પ્રેતોથી બચવાને દરવર્ષમાં એકવાર કાશીના લોકો સ્નાન નકરે છે; તે, અગસ્ત્ય, કુણ્ડ, જ્ઞાન વાપી, કરવત મેલવાનું ભોંયરૂં—કે જે હાલમાં બંધ છે તે, અમૃત કુણ્ડ, નાગ કુપ, હોસ્પીટાલ, ટાઉનહોલ, કોલેજ, આંધળા અને કોઢીયાઓની શાળા, પાગલખાનું, જેલ, અને આલમગિરની બાંધેલી મસીદ વિગેરે છે.

બનારસથી સિંહપુરી અને ચંદ્રાવતી થોડા થોડા માઇલ દૂર છે, ત્યાં આગગાડીમાં તથા બનારસથીજ એકા—ગાડા વિગેરેમાં પણ જવાય છે. યાત્રિને જેમ અનુકૂળ આવે તેમ જવું. સિંહપુરી જવાને બનારસ પાસે પાંચ માઇલપર સારનાથ સ્ટેશને ઉતરાય છે. અને સારનાથથી ૧ માઇલ સિંહપુરી છે. સારનાથમાં ગાડી વિગેરે મળતું નથી, તેથી ચાલતાંજ જવું પડે છે. અહિં નીચે પહેલાં સિંહપુરી અને પછી ચંદ્રાવતી બતાવ્યા છે.

સિંહપુરી તીર્થ.

સિંહપુરીની જગ્યાએ અત્યારે હિરાવનપુર ગામ છે. અગ્યારમા તીર્થંકર શ્રેયાંસનાથજીનો જન્મ તથા પ્રથમના ચાર કલ્યાણક અહિં થયાં હતાં.

સિંહપુરીનું મન્દિર ગામથી થોડે છેટે જંગલમાં, તથા એક ધર્મશાલા અને બગીચા છે. મંદિરની વચમાં સમવસરણનો આકાર, કલ્યાણકોની સ્થાપના, વિસ્તુ–માતાની મૂર્તિ, પાષાણમાં કોતરેલું અશોક વૃક્ષ, ચૌદ સ્વપ્ન અને મેરૂપર્વત વિગેરે છે. સમવસરણની પશ્ચિમ દિશાએ ચંદ્રપ્રભુજીનું મંદિર વિગેરે છે, તીર્થ દેખરેખ સારૂ પૂજારી નોકરચાકર અને ચોકીદાર વિગેરે છે. સારનાથથી આગાડી એંજ લાઇનમાં કાદીપુર સ્ટેશનથી ચંદ્રાવતી જવાય છે.

ચન્દ્રાવતી તીર્થ.

ચન્દ્રાવતીમાં ૮ માં તીર્થંકર ચન્દ્રપ્રભજીનો જન્મ અને પ્રથમના ચાર કલ્યાણકો થયાં હતાં. અહિંપણ ઉતરવાને એક ધર્મશાલા મોજુદ છે. ધર્મશાલાથી ૩૦૦ કદમ દૂર ગંગાકિનારે શ્રી ચંદ્રપ્રભજીનુ ખૂબસુરત મંદિર છે. ગંગાનદી પાસેજ વહેતી હોવાથી, તથા મન્દિર ટેકરી ઉપર હોવાથી દેખાવ ઘણો ઉમદા છે.

ચંદ્રાવતી અને સિંહપુરી થઇ પાછા બનારસ આવવું. કેમકે અગાડી બીજા તીર્થો સારૂ રસ્તો બનારસથીજ છે. બનારસથી, ઇસ્ટ ઇંડીઆની ગ્રાન્ડચોર લાઇનમાં કાશી, મોગલસરાય જંકશન, મજવાર સૈયદરાજ, [1] કર્મનાસા, દુર્ઘટી, ભાઉઆરોડ, પુસૌલી, કુદ્રા, સીન-સાગરરોડ, સહસરામ, કરવંડીયા, દેહરીઆન સોન, સોનઇસ્ટ બેંક, પાલમેરગંજ, ફીસાર, જખીમ, રફીગંજ, ઇસમાઇલપુર, અને પરઇયા થઇ ગયા જંકશન આવવું. (ગયા જંકશન ગયા અથવા બુધ્ધ ગયા કહેવાય છે તે ગયા જંકશન મોગલસરાયથી ૧૨૭, અને કલકત્તાથી પશ્ચિમોત્તર ૨૯૨ માઇલપર છે. [2]

---

૧. અહિં લગભગથી યુનાયટેડ પ્રોવીન્સીઝ ખલાસ થઇ બેંગાળ શરૂ થાય છે.

૨—૭ કોશપર ગયામાં બુદ્ધ લોકોનું મ્હોટું મંદિર છે, જેને બુદ્ધગયા કહે છે. ગયાનું મંદિર બ્રાહ્મણોના કબજામાં છે, તથા જૈનેતરો અહિં આવીને શ્રાદ્ધ કરે છે. ગયાથી:—

વિચ્છેદ તીર્થ ભદ્દીલપુરઃ—

જવાય છે, કે જે ૧૬ કોશ ખુશ્કી રસ્તે આવેલું છે. ભદ્દીલપુરમાં કોઇ શ્રાવક તેમજ જૈન મંદિર નથી, પણ ક્ષેત્ર ફરસના કરનારને માટે રસ્તો બતાવ્યો છે. ગયાથી બેરસ્તા ભદ્દીલપુર જાય છે, તેમાં ઘાટી શહેર વાલો રસ્તો સારો છે માટે જનારે તે રસ્તે જવું. દશમા તીર્થંકર શીતલનાથજીનો જન્મ તથા ચાર કલ્યાણક અહિં ભદ્દીલપુરમાં થયાં હતાં. બદીલપુરને હમણાં હટવરીયાં કહેવામાં આવે છે, અને તેની વસ્તી માત્ર ૨૦–૨૫ ઘરોની છે. હટવરીયાં ગામડાની પાસે એક કોશના ચઢાવવાલા કોલુના પહાડપર વિના મૂર્તિનું એક ખાલી પડેલું મંદિર છે. પહાડપર જનારે હટવરીયાંથી જાણીતો ભોમિયો સાથે લઈ જવો, નહીં તો રસ્તો ભૂલા પડાય તેવો છે. પહાડના મથાળે આકાશ લોચન તળાવ, પાતાળ પાણી કુણ્ડ, તથા ઉપર લખેલું મંદિર છે.

ગયા જંકશનથી સાઉથ બીહાર રેલ્વેમા માનપુર, પૈંઘમાર, વજીરગંજ, જામુઆવાન, અને તીલ્યારસ્ટેશનો થઇ નવાદા સ્ટેશને ઉતરવું, કે જ્યાંથી રાજગૃહી વિગેરે પંચતીર્થી જવાયછે.

પંચતીર્થી. અથવા ગુણાયાજી, પાવાપુરી, રાજગૃહી, કુંડળપુર અને બિહાર.

બિહાર પ્રાંતમાં નવાદા સ્ટેશનથી આસપાસ ૨૦ કોશના ઘેરાવામાં આ પંચતીર્થી આવેલી છે. જવાને બેલગાડીઓ મલે છે, તથા બધે ઉતરવાને ધર્મશાલાઓ છે. નવાદા સ્ટેશનથી આસરે એક દોઢ ગાઉપર ગુણાયાજી છે, ત્યાં જવું.

ગુણશીલ ઉદ્યાન. (ગુણાયાજી.)

ગુણાયાજી એક ન્હાનો કસ્બો છે. અહિં તળાવની વચ્ચે મહાવીર સ્વામીનું મંદિર, તથા જવા આવવા સારૂ તળાવપર પુલ બાંધેલો છે. મંદિરમાં મહાવીરસ્વામીના, ગૌતમસ્વામીના તથા બીજા તીર્થંકરોના ચરણ પાદુકા સ્થાપેલાં છે. સંભાલ સારૂ મહેતા, પૂજારી, સીપાઈ વિગેરે રહે છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર રા૦ બા૦ ધનપતસિંહજીએ સં૦ ૧૯૨૪ માં કરાવ્યો હતો. ગુણાયાજીથી આસરે ૬ કોશ પાવાપુરી છે ત્યાં જવું.

પાવાપુરી.

મહાવીરસ્વામીની નિર્વાણ ભુમિ પાવાપુરી, એક તીર્થ છે. ક્ષત્રિય કુંડનગરના રાજા નંદીવર્દ્ધને અહિં કમળ સરોવરમાં એક દેવાલય બંધાવ્યું હતું, કે જે અત્યારે પણ મોજુદ છે. તેનું બીજું નામ "જલમંદિર" પણ કહેવાય છે. બીજું એક મંદિર

ધર્મશાલામાં છે, જેમાં મૂળ નાયકજી મહાવીરસ્વામી, ગણધરોના ચરણ, 'દેવાર્ધ્ધગણિક્ષમાશ્રમણ'ની મૂર્તિ, સ્થુળીભદ્રજીના પગલાં, ચંદનબાળાના પગલાં, અને દાદાજીના ચરણ વિગેરે છે. ત્રીજું એક મંદિર મુરશીદાબાદવાલી બાઇ મહેતાબકુંવરનું બંધાવેલું છે, જેમાં પણ મૂળનાયક મહાવીરસ્વામી છે. કમળ સરોવરની ઉત્તરમાં મહાવીરસ્વામીની પાદુકાનું એક સમવસરણ છે.

અહિં હરસાલ આશો વદી ०)) મેળો ભરાય છે. તથા પાવાપુરીથી કમળ સરોવર સુધીનો ઠાઠમાઠથી વરઘોડો કહાડવામાં આવે છે. તળાવમાં કમળો ઘણાંજ થતાં હોવાથી કમળ સરોવર નામ પડયું હતું. સરોવરમાં ઉતરવાના પગથીઆ અગાડી હમેશાં ૩૦ હાથ પાણી રહે છે. દેખાવ ઘણોજ ખૂબસુરત છે. રક્ષણ સારૂ કારખાનું, નોકર ચાકર વિગેરે છે. પાવાપુરીથી પાંચ કોશપર રાજગૃહી નગરી છે ત્યાં જવું.

રાજગૃહી.

મગધ દેશની રાજધાની રાજગૃહી પહેલાં ઘણી મ્હોટી હતી. ક્ષિતિપ્રતિષ્ઠિત, રિષભપુર, કુશાગ્રપુર વિગેરે રાજગૃહીના બીજાં નામો છે. ૨૦ મા મુનિસુવ્રતસ્વામીનો જન્મ અને કૈવલ્ય અહિં થયાં હતાં, તથા કેટલાંક વર્ષોસુધી મુનિસુવ્રતસ્વામીએ રાજગૃહીનો રાજ્યકારોબાર ચલાવ્યો હતો. શ્રેણીકની રાજધાની, મહાવીરના ૧૧ ગણધરોની મુકિત, જંબુસ્વામી; સાલીભદ્રજી; ધન્ના; અને અભયકુમારની દીક્ષા, શય્યભવસૂરિનું જૈનિપણું, શ્રેણીકને કેદમાંપૂરી કોણિકનુ રાજ્યપર બેસવું, તથા મહાવીરના ઉપદેશથી કોણિકનું સુધરવું, અને મહાવીરના ૧૪ ચોમાસા વિગેરે અહિં થયું હતું.

રાજગૃહીના નાલંદપાડામાં પહેલાં જૈનોની વસ્તી ઘણી હતી. ચીના મુસાફીર હયુયેન્ગસેન્ગ અને સીનયન મુસાફરીમાં લખે છે કે "હમે-

નાલંદ પાડો પણ જોયો તેમાં મ્હોટા મ્હોટા પણ્ડિતો અને શાહુકાર લોકો રહેતાં હતાં." આજકાળ તો રાજગૃહી એક ન્હાનો કસ્બો છે. અહિં એકજ મહોલ્લામાં પાર્શ્વનાથજીનું, આદીશ્વરભગવાનનું અને મુનિસુવ્રતસ્વામીનું મલી ત્રણ મંદિરો, તથા પાંચ પહાડ ઉપર જૂદા જૂદા મંદિરો છે. જવાને રૂ. ૨–૯–૦ ડોલીઓ મળે છે, પણ એક દિવસ અગાડીથી તજવીજ કરી રાખવી.

રાજગૃહીથી થોડે દૂર વિપુલગિરિની બાજુમાં પાંચ ઉના પાણીના કુણ્ડો આવે છે, અને પહાડનો રસ્તો શરૂ થાય છે. પહાડનો રસ્તો વાંકો ચુંકો અને ચઢાવ કઠીણ છે. પહાડપર અઇમન્તા મુનિનું, કમળ દલપર ચરણ સ્થાપેલું મહાવીર સ્વામીનું, ચંદ્રપ્રભસ્વામીનું, સમવસરણની રચનાવાળું મહાવીરસ્વામીનું, મુનિસુવ્રતસ્વામીનું અને રિષભદેવસ્વામીનુ મલી છ મંદિરો છે. છઠ્ઠા રિષભદેવસ્વામીના મંદિરમાં જે બે પાદુકા રિષભદેવજીની સ્થાપેલી છે, તે, પહેલાં વૈભારગિરિ ઉપર હતી. વિપુલગિરિથી ઉતરી રત્નાગિરિ પર જવું.

રત્નાગિરિ પર બે મંદિરો છે જેમાં એક શાન્તિનાથજીનુ અને એક ચિન્તામણિપાર્શ્વનાથજીનું છે. પાર્શ્વનાથજીના ચરણ પણ પહેલાં વૈભારગિરિપર હતાં, અને પછીથી અહિં લાવવામાં આવ્યા છે. રત્નાગિરિથી ઉતરી ઉદયગિરિપર જવું. રસ્તે જતાં એક માઇલનો શીતલ રસ્તો હોવાથી યાત્રિયોને સારો આરામ રહે છે.

ઉદયગિરનો ચઢાવ કઠિણ, તથા તે પર બે મંદિરો છે. શામલિયા પાર્શ્વનાથજીના મંદિરમાં કઇંક ચરણ પાદુકા અને બીજા ન્હાના ન્હાના મંદિરો છે. ઉદયગિરિપર ત્રણ મન્દિરો પડી ગયેલાં છે, તે શિવાય પણ અહિ કેટલાંક દેવાલયો હતાં, જે નષ્ટ થઇ ગયાં છે. ઉદયગિરિથી ઉતરી સુવર્ણગિરિ જવું. લગભગ ૧ કોશનો રસ્તો તથા વચ્ચે પાણીનું નાળું આવે છે.

સુવર્ણગિરિ પર એક રિષભદેવ ભગવાનનું અને બીજું શાન્તિનાથજીનું મન્દિર છે. આદીશ્વર ભગવાનના મન્દિરની પશ્ચિમે એક પડી ગયેલું જીર્ણ મન્દિર છે. પહેલાં અહિં પણ ઘણાં મન્દિરો હતાં, પણ હાલમાં માત્ર બેજ છે. સુવર્ણગિરિથી ઉતરી વૈભારગિરિ કે જેની ખોહમાં રોહિણીયો ચોર રહેતો હતો તે પર જવું.

વૈભારગિરિની તલાટીમાં પાણીના ૧૩ પાકા બાંધેલા કુણ્ડો, 'સુવર્ણભણ્ડાર'—કે જે રાજા શ્રેણીકનો મશહુર ખજાનો હતો તે, પહાડની ખોહમાં મોજુદ છે. 'સ્વર્ણભણ્ડારની' નજીક આદીશ્વરભગવાનની કાયોત્સર્ગમયમૂર્તિ તથા કુમાર નમિ—વિનમિની આજીજી કરતી મૂર્તિઓ જોવાલાયક છે. સુવર્ણભણ્ડારથી પૂર્વ બાજુમાં 'નિર્માલ્યકુંઇ'—કે જેમાં શાલીભદ્રની સ્ત્રીઓ દરરોજ નવા નવા આભૂષણો અને કપડાંઓ બદલી જૂનાને નાંખતી હતી, તે છે. 'નિર્માલ્યકુંઇથી પાછા સુવર્ણભણ્ડાર તરફ આવી, ત્યાંથી પહાડપર ચઢવું. વૈભારગિરિનો ચઢાવ એક કોશનો તથા તે પર નીચે મુજબના સાત દેવાલયો છે. ૧ વાસુપૂજ્યસ્વામીનું. ૨ મહાવીરસ્વામીનું. ૩ મુર્શિદાબાદવાળા પ્રતાપસિંહજીનું મહાવીર સ્વામીનું, કે જે બધા કરતાં સંગીન અને પાયાદાર છે. આ મન્દિરની આજુબાજુ તથા સામે ત્રણ મન્દિરો જીર્ણ થઇ પડી ગયેલાં છે. ૪ ચોવીસે તીર્થંકરોનું. ૫ માણેકચંદ ઓશવાળનું આદીશ્વર ભગવાનનું, કે જેમાં ઉપલે માલે સમવસણ વિગેરે બનાવેલું છે. આ મન્દિરનો રંગમણ્ડપ ઘણો સારો છે. ૬ ગૌતમગણધરનું કે જે લગભગ ઉપલાથી ૦॥ માઇલ પર છે. મૂળનાયક તીર્થંકર મહાવીર સ્વામી, તથા ૧૧ ગણધરોના પગલાં છે. આ પગલાં સં૦ ૧૮૩૦ ના માહ સુદિ ૫ ને શુકરવારે ગહેલડા ગોત્રના ઓશવાલ વંશી જગતશેઠ ફતેહચંદના પૌત્ર મહેતાબરાયની પત્ની 'શિંગારદેવી'એ કરાવેલાં છે.

૭ ધન્નાશાલીભદ્રનું, કે જેમાં ધન્નાશાલીભદ્રની મૂર્તિઓ છે. તે પર લેખમાં લખ્યું છે કે "સં૦ ૧૫૨૪ અષાઢ ૧૩ ને દિવસે શ્રી જિનચંદ્રસૂર્યોપદેશથી–શ્રીકમળસંયમોપાધ્યાયે ધન્નાશાલીભદ્રની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી." એની અગાડી બનાવનાર શ્રાવકનું નામ હશે ! પણ લેખ ઘસાઇ ગયેલો છે. વૈભારગિરિથી ઉતરી પાછા રાજગૃહી આવવું, અને ત્યાંથી ૪ કોશપર કુણ્ડલપુર છે ત્યાં જવું.

કુણ્ડલપુર.

કુંડલપુરને લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાં 'માહણકુંડગામ', અને આજકાલ વડગામ કહે છે. અહિં અત્યારે કોઇ શ્રાવકની વસ્તી નથી, માત્ર આદીશ્વરભગવાનનું એક દેવાલયજ છે. આ મંદિરનો જીર્ણોધ્ધાર ચેતસાવાળા શેઠ રૂપચંદ રંગીલદાસે સંવત્ ૧૯૬૦ માં કરાવ્યો હતો. કુંડલપુરથી ૩ કોશપર સુબેવિહાર છે ત્યાં જવું.

બિહાર.

બિહાર, બખ્તીઆરપુર બિહાર લાઇટ રેલ્વેનું એક સ્ટેશન અને પાંચ સાત શ્રાવકોના ઘરોવાલું ગામ છે, જેને બિહાર અથવા સુબેવિહાર પણ કહે છે. અહિં ધર્મશાલામાં મહાવીરસ્વામીનું, બજારમાં ચંદ્રપ્રભસ્વામીનું અને અજીતનાથજીનું, તથા ચોખંડી મહોલ્લામાં આદીશ્વરભગવાનનું મલી કુલ્લે ચાર મંદિરો છે.

બિહારથી તુંગીગામ–કે જેને 'તુંગીયા નગરી' કહેવામાં આવતી હતી. તે ૨ કોશપર છે. તુંગીયા નગરીના શ્રાવકોનું વર્ણન જૈનશાસ્ત્રમાં ઘણી જગોએ આવેછે. પણ હાલમાં તો તુંગી ગામમાં મંદિર તેમજ શ્રાવકો કોઇ નથી. માત્ર યાત્રિકોની યાદને માટે અહિં લખ્યું છે.

બિહારથી રેલ્વે રસ્તે સોહ, પચાસી, ભગન બીગહા, વેના, હરનાટ અને ચેડો થઇ બખ્તીઆરપુર જંકશન આવવું, અને ત્યાંથી ઇસ્ટ

ઇન્ડીયા રેલ્વેમાં કરૌતા, ખુશરૂપુર, ફતવાહ અને બાંકાઘાટ સ્ટેશન થઇ પટનાસિટી ઉતરવું.

પાટલીપુત્ર [1] (પટના.)

રાજગૃહીના રાજા શ્રેણીકના પુત્ર કૌણીકે રાજગૃહી છોડી ચંપામાં રાજ્યધાની બનાવી હતી. કૌણીક, અશોકચન્દ્ર અને અજાતશતરૂના નામથી પણ પ્રસિદ્ધ છે. કોણિકના મુવા પછી જ્યારે તેનો પુત્ર ઉદાયિન ગાદી પર આવ્યો તે વખતે તેને નવું શહેર વસાવવા વિચાર કર્યો, અને નોકરોને સારી જગ્યા શોધવા આજ્ઞા કરી. નોકરોએ શોધ કરતાં ગંગા કિનારે એક ઝાડ પર પપૈયાના મુખમાં ગંગાની છોલો આપોઆપ ઉડીને પડતી દીઠી, તે પરથી 'આ સ્થળે શહેર બને તો આપોઆપ પરદેશથી દોલત ખેંચાઇ આવે' એવો વિચાર કરી તે સ્થળ ઉદાયિનને જણાવ્યું. પછી ઉદાયિને ત્યાં જઇ પાટલીપુત્ર શહેર વસાવ્યું, કે જેને હમણાં લોકો પટના કહે છે. આ ઉપરથી પટના વસ્યાને લગભગ ૨૩૦૦ વર્ષ થયાં જણાય છે. ઉદાયિન પછી પાટલીપુત્ર પર ઉદાયિનના વંશના નવનંદે રાજ્ય કર્યું, કે જેમાં નવમા નંદનો દિવાન 'શકડાલ મન્ત્રી' હતો. શકડાલ મન્ત્રીને સ્થુલભદ્ર અને સીરીયક નામના બે પુત્રો હતા, કે જેમાંનો મ્હોટો પુત્ર સ્થુલભદ્ર પાટલીપુત્રનીજ રહીશ 'કોશા' વેશ્યાને ત્યાં ૧૨ વર્ષ રહયો હતો.

નવમા નંદ અને મૌર્યવંશી ચન્દ્રગુપ્તને લગભગ ઇ૦સન પહેલાં ૩૦૦ વર્ષ પર પટનાના મેદાનમાં યુદ્ધ થયું, જેમાં નંદને હરાવી ચંદ્રગુપ્ત પટનાનો રાજા થયો. જૈનાચાર્ય ભદ્રબાહુસ્વામી, આર્ય

---

૧ ગયાથી ઉત્તરે ૬૩, કલકત્તાથી પશ્ચિમોત્તર ૩૩૨ અને મોગલસરાયથી પૂર્વોત્તર ૧૩૭ માઇલ.

મહાગિરિ, આર્યસુહાસ્તજી અને વજ્રસ્વામીએ અહિં પધારી જૈન ધર્મની ઉન્નતી ઘણી કરી હતી. કહે છે કે અહિં ૮૪ વાદશાલાઓ હતી, કે જેમાં હમેશાં ધર્મ ચર્ચા ચાલતી હતી. શ્વેતાંબર વાચક ઉમાસ્વાતિજી પાટલીપુત્રના રહીશ હતા, કે જેને "તત્ત્વાર્થાધિગમસૂત્રમ્" રચેલું છે.

યુનાની ઇતિહાસકાર Meghasthenes 'મેઘાસ્થિનીજ' કે જે, 'સેલ્યુકસ નિકટરની' તરફથી ઇ૦સનના ૩૦૦ વર્ષ પહેલાં ચન્દ્રગુપ્ત પાસે રાજ્યદૂત થઇને આવ્યો હતો, તેણે લખ્યું છે કે "પાટલીપુત્રનો એરિયા ૨૪ માઇલનો હતો, તથા નગરને ૩૦ હાથ ઉંડી ખાઇ, ૬૪ દરવાજા, અને ૫૭૦ બુર્જ હતાં." ચીનાયાત્રિ હ્યુયેન્ગસેન્ગે પોતાના વખતમાં ૧૧ માઇલનો ઘેરાવો લખ્યો છે, જ્યારે આજ ઘણો ઓછો છે. મુસલમાની વખતમાં ઔરંગઝેબે અઝીમને પટનાનો સૂબો બનાવ્યો હતો તે વખતથી પટનાને 'અઝીમાબાદ' પણ કહેવામાં આવે છે. પટનાની આબો હવા અને તમાકુ, ગરમ મસાલો, રૂ, નાળિયેર, તથા ચોખાનો પાક ઘણો સારો છે. શીખ લોકો પણ પટનાને પવિત્ર શહેર માને છે, કારણ કે શીખ ગુરૂ 'ગોવિન્દનો' જન્મ અહિં થયો હતો.

મન્દિર.

પટનામાં બાડેનીગલ્લીમાં બે પાર્શ્વનાથજીના મંદિરો અને એક ધર્મશાલા છે. બીજી એક ધર્મશાલા જીર્ણ થઇ તુટી પડેલી છે. શ્રાવકોની વસ્તી માત્ર પાંચ સાત ઘરોનીજ છે.

પટનાથી પશ્ચિમ દિશામાં સ્થુલભદ્રના પગલાંની છત્રી છે, તથા પાસે સુદર્શન શેઠને શૂલીનું સિંહાસન બન્યું તે સ્થળ છે. આ જગ્યાને 'કમળદ્રહ' પણ કહે છે, કેમકે પહેલાં અહિં કમળો ઘણાં થતાં હતાં. પાસે 'કમળદ્રહ' તળાવ વિગેરે જોવા લાયક છે. 'કમળદ્રહ' જવાને

પટનામાં ભાડુતી ગાડીઓ, એકા વિગેરે મળે છે. તથા રેલ્વેમાં પણ જવું હોય તો જવાય છે. રેલ્વેમાં જનારે પટનાથી ગુલજાર બાગ સ્ટેશને ઉતરવું, ત્યાંથી 'કમળદ્રહ' ઘણું નજીક છે.

પટનાથી ૧ માઇલ પર દાદાજીનો બગીચો, ધર્મશાળા તથા સુદર્શન શેઠની પાદુકા છે. દાદાજીના બગીચામાં પણ યાત્રિને ઉતરવું હોય તો ઉતરી શકાય છે. પટનામાં:—

જોવા લાયક:—

શાહ અર્જાની દર્ગાહ, શેરશાહ મસજીદ, સઇફખાંની મદરેસા, મેડીકલ કોલેજ, બિહાર નેશનલ કોલેજ, લાયબ્રેરી અને ખેરાતી હોસ્પીટાલ વિગેરે છે.

પટનાસિટીથી બાંકાઘાટ, ફતવાહ, ખુશરૂપુર, કરોતા, બખ્તીયારપુર જંકશન, અથમળગોલા, બાઢ, પાંડરાક, [1] મોર, મોકામા જંકશન[2], ડર્મા, બર્હી, અને મંકાથા સ્ટેશનો થઇ લખ્ખી-

---

૧ કલ્પસૂત્રમાં જે "मोराकसंनिवेश" લખ્યું છે, કે જ્યાં મહાવીર સ્વામી વિચર્યા હતા તેજ સ્થળ આ 'મોર' છે

૨—અહિંથી મિથિલા નગરી કે જયાં મલ્લિનાથ અને ૨૧ મા તીર્થંકર નમિનાથજીનો જન્મ થયો હતો ત્યાં જવાય છે. મિથિલામાં અત્યારે એક પણ જૈ૦ શ્વે૦ મન્દિર તેમજ શ્રાવક નથી માત્ર ક્ષેત્ર ફરસના કરવા ઇચ્છા હોય તેને ત્યાં જવુ. નીચે રસતો બતાવ્યો છે.

મિથિલા અથવા સીતામઢી.

મોકામા જંકશનથી સીતામઢીની ટીકીટ લેવી અને બ્રાન્ચ લાઇનમાં મોકામાઘાટ આવવું. મોકમાઘાટથી સ્ટીમરમાં ગંગાપાર થઈ સેમરીયા ઘાટથી રેલવેમાં બેસવું. સ્ટીમરનું ભાડું લેવામાં આવતું નથી. એજ

સરાય ઉતરવું, અને લખ્ખીસરાયથી ખુશ્કી રસ્તે ૬ કોશપર:—

કાકંદી તીર્થ:—

જવાને બેલગાડીઓમાં ચાલવું. તીર્થંકર સુવિધિનાથનો જન્મ અને પ્રથમના ચાર કલ્યાણક, તથા 'ધન્નાકાકંદી' નામના સાધુ અહિં થયા હતા. અહિં પાર્શ્વનાથજીનું સં० ૧૫०૪ નું બનેલું એક મંદિર તથા ધર્મશાલા છે. ખાધખોરાકીની વસ્તુનો બંદોબસ્ત લખ્ખીસરાયથી કરી લેવો કેમ કે અહિં સારી વસ્તુ મલતી નથી. કાકંદીથી ૮ કોશપર ખુશ્કી રસ્તે:—

ક્ષત્રિયકુંડ ગામ,

કે જે હમણાં લછવાડ ગામના નામથી ઓલખાય છે ત્યાં જવું. ક્ષત્રિયકુંડ ગામમાં મહાવીરસ્વામીનો જન્મ, તથા પાસેના 'જ્ઞાતવનખડમાં' દીક્ષા કલ્યાણક થયાં હતાં. એક ધર્મશાલા, અને એક મંદિર વિગેરે છે

ટીકટથી જવાય છે. સેમરિયા ધાટથી સમસ્તીપુર જંકશન, અને દરભંગા વિગેરે થઈ સીતામઢી સ્ટેશને ઉતરવું.

વિદેહની રાજધાની મિથિલા નગરી પહેલાં ધણી મ્હોટી હતી મલ્લિનાથ, નમિનાથ, જનકરાજા, સીતા, નમિરાજ નામનો રાજા કે જે, એક વખત સીક હતો તેને ડાકટરોએ ચંદનલેપ લગાડવા કહેવાથી તેની સ્ત્રીઓ ધસવા બેઠી, તેના કંકણોનો સ્વર થવાથી રાજાએ એક એક કંકણ રાખવા કહયું. રાણીઓએ તેમ કર્યું એટલે ખડખડાત ઓછો થવાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તબીયત સારી થવાથી દીક્ષા લીધી—તે, મહાવીરના આઠમા ગણધર, અને ચોથો નિન્હવ, વિગેરે અહિં થયાં હતાં.

પહેલાં મલ્લિનાથ અને નમિનાથના ચરણો અહિં હતાં પણ પાછળથી ભાગલપુરમાં ધરમશાળાની અંદરના મંદિરમાં સ્થાપેવામાં આવ્યાં. અહિંથી થોડે છેટે સીતામઢી, તથા બીજા વૈશ્નવોના મંદિરો છે. હર સાલ બેચાર મેળા ભરાય છે.

ક્ષત્રિયકુંડ ગામથી પહાડપર જવાને ડોલીઓ મલેછે તથા પહાડ સુધી ખટારા પણ મલે છે. પહાડપર જતાં રસ્તામાં એક નદી અને તળાટીપર બે દેવાલયો આવે છે. પહાડનો લગભગ ૧ કોશ ચઢાવ ચઢા પછી મથાળે મહાવીરસ્વામીનું મન્દિર આવે છે. ન્હાવાના પાણીની સગવડ અહિં સારી છે, તેમજ મન્દિર બહાર ખાનપાન પણ કરી શકાય છે. પહાડપર દર્શન પૂજા વિગેરે કરી નીચે ક્ષત્રિયકુંડમાં ઉતરી આવવું. ચીતા, વાઘ. અને રીંછ વિગેરે જંગલી જનાવરોનો ભય હોવાથી રાત્રે ઉપર રહેવું નહીં.

ક્ષત્રિયકુંડથી પાછા લખ્ખીસરાય આવી, રેલ્વેમાં કવીલ જંકશન, કજરા, ધરહરા, જમાલપુર, બારીયારપુર, સુલતાનગંજ, અકબર નગર અને નાથનગર (નાથનગરમાં એક જૈન મન્દિર છે) થઇ ભાગલપુર ઉતરવું. કે જ્યાંથી ચંપાનગરી જવાય છે.

ભાગલપુર.[1]

ગંગાને જમણે કિનારે ભાગલપુર જીલ્લાનું મુખ્ય શહેર ભાગલપુર અસલ સુજાગંજ, નાથનગર, ચંપાનગર અને મસુરગંજ વિગેરેની સાથે વસેલ હતું. અબોટીયા, રેશમી કાપડ, કાંબળો, સેતરંજી, પડદા અને ગાલીચા વિગેરે ભાગલપુરમાં ઉત્તમ બનેછે. સ્ટેશન સામે એક ધર્મશાળા અને વાસુપૂજ્યસ્વામીનું મન્દિર વિગેરે છે. મન્દિરમાં મલ્લિનાથ અને નમિનાથના ચરણો કે જે મિથિલાનગરીમાં હતા તે પણ અહિં પધરાવેલાં છે.

ભાગલપુરથી ૩ માઇલપર ચંપાનગરી, કે જે ચંપાનાળાના નામથી ઓલખાય છે, ત્યાં જવાને ગાડી, એકકા, પાલખી, મ્યાના વિગેરે મલે છે.

---

૧ કલકતાથી ૨૬૫, અને કવીલ જંકશનથી પૂર્વમાં ૬૦ માઇલ

તીર્થ ચંપાનગરી. ૨

શ્રીવાસુપૂજ્યસ્વામીનો જન્મ, તથા પાંચે કલ્યાણક, રાજા શ્રીપાળ, મહાવીર સ્વામીના ૩ ચોમાસા, કામદેવ શ્રાવક, કુમારનંદી સુવર્ણકાર, સુભદ્રા સતી, અને શય્યમ્ભવસૂરિથી દશવૈકાલિકસૂત્રનું રચાવું વિગેરે અહિં થયા હતા. ભાગલપુરથી ચંપાનાલા નજીક પહોચતાંજ ૨ મન્દિર અને ૪ ધર્મશાલા આવે છે. બન્ને મન્દિરમાં વાસુપૂજ્યસ્વામીની મૂર્તિઓ સ્થાપન કરેલી છે. સતી સુભદ્રાએ ખોલેલા ત્રણ દરવાજા જમીનમાં ભોંયરા જેવા અત્યારે મોજુદ છે.

ચંપાપુરીથી પાછા ભાગલપુર આવી રેલ્વેમાં સાબુર, ગોગહા, મીરજાચોકી, સાહેબગંજ, સાકરીગલી, મહારાજપુર, તાલજહારી, ટીનપહાર, બરહારવા, પાકુર, રાજગનર, મુરારઇ, અને છત્રા થઇ નલહટી જંકશન આવવું, અને ત્યાંથી "અજીમગંજ બ્રેન્ચ લાઇનમાં" તાકીપુર, લોહાપુર, ભુખારા, સાગરડીઘી અને બરાલા સ્ટેશન થઇ અજીમગંજ ઉતરવું.

અજીમગંજ—મુરશીદાબાદ.

કલકતાથી ઉત્તરે ૧૨૩ માઇલપર ગંગા કિનારે મુરશીદાબાદ જીલ્લાનું મુખ્ય શહેર છે. અજીમગંજ અને મુરશીદાબાદ ઘણાં નજીક નજીક છે. અજીમગંજમાં સ્ટેશન પાસે યાત્રિયોને સારૂ એક ધર્માશાળા છે. અજીમગંજ અને મુરશીદાબાદ વચ્ચે ગંગા નદી વહેતી હોવાથી પેલી બાજુ મન્દિરોમાં જવા સારૂ હોડીયો મળે છે. અહિંના તથા ગંગાપારના મન્દિરો નીચે મુજબ છે. ૭ અજીમગંજમાં, ૨ રામબાગમાં, ૪ બાલુચરમાં, ૧ કીર્તિબાગમાં, ૧ મહીમાપુરમાં, ૧ કટગોલામાં અને ૧ કાસમ બજારમાં મલી કુલ્લે ૧૭ છે. જગત્ શેઠનું બંધાવેલુ કસોટીના પાષાણનું મન્દિર

---

૧ કર્ણરાજાની રાજધાની 'ચંપકાવતી' પણ કહેવાતું હતું.

અત્યારે વિરાન થયેલું કોઇ દેવીની મૂર્તી સહિત જોવામાં આવે છે. જગત્‌શેઠ મૂળ અહિંના રહીશ હતા, અને હજુ પણ તેઓના વંશજો અહિં મોજુદ છે. તેઓના ઘરમાં રત્નની પ્રતિમાં છે, જેના ખાસ લાગવગ અને ઘણી મહેનતથી દર્શન થાય છે. સાંભલવાપ્રમાણે જગત્‌ શેઠના ત્યાંના બૈરાઓ હજુ પણ જૈન ધર્મ ઉપરજ શ્રદ્ધાવાલા છે.

નિઝામત કોલેજ, મોતીઝીલ, અને નવાબ સાહેબનો મહેલ વિગેરે અહિં જોવા લાયક છે. અબોટીઆ, રૂમાલ, રેશમી કાપડ, કારચોબીકામ અને હાથી દાંતનું કામ વિગેરે અહીંનુ પ્રસિદ્ધ છે.

મુરશીદાબાદ સ્ટેશનથી "ઇસ્ટર્ન બેંગાલ સ્ટેટ રેલ્વેમાં" કાસમ બજાર, બરહામપુર, સેરાગચ્ચી, ભાબતા, બેલદંગા, રાજીનગર, પ્લાસી, ડેબા ગ્રામ, બેથુઆધારી. મુરાગચ્યા, ધુબુલીઆ, કૃષ્ણનગર સિટી, બાદકુલા, બીરનગર, રાનાઘાટ જંકશન, પ્યારાડંગ, ચકદા, શીમુરાલી, મદનપુર, કન્ચ્રપારા, હાલીશહેર, નયહાટી જંકશન, કનકીનરા, શામનગર, ઇચ્છા-પુર. બરાકપુર, તીતાઘર, ખરડાહા, સોદેપુર, અગરપારા, બેલગુરીયા અને ડમડમ જંકશન થઇ કલકત્તા આવવું.

[1]કલકત્તા

બંગાળમાં હુગલી નદીપર નામીશહેર કલકત્તા કે જે હમણાં હિન્દુસ્થાનની રાજધાનીનું શહેર છે તે આવેલું છે. કાલીદેવીના મન્દિર, કાલીઘાટ, અને કાલી મેદાનના સબબથી શહેરનુ નામ કલકતા કહેવાવા લાગ્યું જેમ જેમ ઇંગ્રેજોની આબાદી વધતી ગઇ, તેમ તેમ કલકત્તા વ્યાપાર રોજગાર અને આબાદીમાં ચડતું થયું. યાત્રિયોને માટે બડા બજારમાં

૧—મુંબાઇથી જી૦ આઇ૦ પી૦ અને બેંગાલ નાગપુર રેલ્વેમાં ૧૨૨૧, જી૦ આઇ૦ પી૦ અને ઇસ્ટ ઇંડીયા રેલ્વેમાં ૧૩૪૯, તથા બી૦ બી૦ સી૦ આઇ; આર૦ એમ૦ આર; અને ઇ૦ આઇ૦ રેલ્વેમાં ૧૭૫૨ માઇલ.

બાબુ મોતીચંદની, શામા બાઇની ગલીમાં, અને ગામ બહાર દાદાજીના બગીચામાં, તથા બદ્રીદાસજીના મંદિર પાસે ધર્મશાળા છે. અહિં:—

મન્દિર;—

અપીમચૌરસ્તાપર, દાદાજીના બગીચામાં, રાયબદ્રીદાસજીના બગીચામાં અને દાદાજી બગીચા પાસે વિગેરે જગોપર મલી નવ છે. હરસાલ કાર્તિક શુકલ પૂર્ણિમાને રોજ અપીમચૌરસ્તાના મન્દિરમાંથી મ્હોટી ધામધૂમથી વરઘોડો નીકલી દાદાજીને બગીચે આવી ત્રણ દિવસ સુધી રહે છે.

જોવા લાયક સ્થળો:—

માં, રૂ. ૩, ૦૦, ૦૦, ૦૦૦ના ખર્ચે લાર્ડ કલાઇવનો બંધાવેલો 'ફોર્ટ વિલિયમ' નામનો કિલ્લો, રાય બહાદુર બદ્રિદાસજીનું જૈન મન્દિર, બ્લેક હોલ, કે જેમાં બંગાળના નવાબ સિરાજુદૌલાએ ૧૪૬ અંગ્રેજોને પૂર્યા હતાં; જેમાંથી ફક્ત ૨૩ જ બચવા પામ્યા હતા તે, વ્હાઇટકશાલ, નબાતાતી બાગ, ચિડીયાઘર, અજાયબઘર, અદનબાગ અને અખતરલોનીનો મિનાર, ચૌરંગી બજાર અને એશિયાટીક ઇન્સ્ટીટયુશન, તાર ઓફીસ, ડાકખાનું, મેટકાફ હોલ, સેન્ટચર્ચ, હાઇકોર્ટ, ગવર્નમેન્ટ હાઉસ, ટાઉનહોલ, કસ્ટમ હાઉસ, જનાના હોસ્પીટાલ, હાવરા સ્ટેશન પાસે ઝુલતો પુલ, અને કાલીઘાટ વિગેરે છે.

કલકતાથી ઇસ્ટ ઇન્ડીયા રેલ્વેની ગ્રાન્ડચોર લાઇનમાં લીલુઆ, સેરામપુર, ચન્દ્રનગર, ચીનસુરા, બન્ડેલ જંકશન, બર્ડવાન (વર્દ્ધમાન [1]), ખાના જંકશન, પાનાગર, રાનીગંજ, આસનસોલ

---

૧ કલકત્તાથી ૫૭ માઇલ જીલ્લાનું મુખ્ય શહેર વર્ધ્ધમાન, કેજેને હમણાં બર્ડવાનના નામથી લોકો ઓળખે છે, તે છે. કલ્પસૂત્રમાં મહાવીર સ્વામીની અંતર્વાચનાનું વર્ણન છે ત્યાં લખ્યું છે કે " મોરકસંનીવેશથી મહાવીરે અહીં પધારી કાયોત્સર્ગ ધ્યાન લગાવ્યું, તે વખતે શુલપાણિયક્ષે મહોટા ઉપસર્ગો કર્યા, પણ મહાવીર–મહાવીરસ્વામી જરાપણ ડગ્યા નહિ." પહેલાં અહિં શ્રાવકોની વસ્તી તથા તીર્થ વિગેરે હતું, પણ અત્યારે નથી શ્રાવકો, તેમજ નથી મંદિર। માત્ર ક્ષેત્ર ફરસનાજ કરવાની છે.

જંક્શન, બોરાચોક, સીતારામપુર, કુલતી, બરાકર, મુગમા, કાલુબથાન, છોટા અંબોના, પ્રધાન કુંટા, ધાનવૈદ્ય, તેતુલમરી, મતારી, ગોમાહ જંકશન, અને નીમિયાઘાટ સ્ટેશન થઇ ઇસરી સ્ટેશને ઉતરવું, કે જ્યાંથી શિખરજીની તળાટી મધુવન માત્ર ચાર કોશજ દૂર છે.

મધુબન.

શિખરજી પહાડની તળાટીમાં મધુબન એક રમણીય જગો છે. મધુબનમાં યાત્રિયો સારૂ એક ધર્મશાળા અમદાવાદવાલી બાઇ હરકોર શેઠાણીની, એક મુરશીદાબાદવાલા રાયબહાદૂર લક્ષ્મીપતસિંહજીની. અને બીજી બે સંઘની બાનાવેલી મલી કુલ્લે ચાર; સુરતવાળા શેઠ દેવચંદ લાલભાઇની પૌષધશાલા એક, તથા ૧૦ મંદિરો છે. જેનું વર્ણન નીચે ટુંકું ટુંકું આપ્યું છે.

૧—મુરશીદાબાદવાળા જગતશેઠનું સં૰ ૧૮૭૭ માં બંધાવેલું, જેમાં સામલિયાપાર્શ્વનાથજીની ૩ ફુટ ઉંચી પ્રતિમા પ્રતિષ્ઠિત છે. રંગમંડપની દિવાલમાં શત્રુંજય અને ગિરનાર વિગેરેનો નકશો બનાવેલો છે.

૨—શામલિયાપાર્શ્વનાથજીની ડાબી બાજુએ મુરશીદાબાદવાલી કોઇ બાઇનું બંધાવેલું, જેમાં ૧ હાથ ઉંચી પાર્શ્વનાથજીની પ્રતિમા સ્થાપેલી છે. તથા તેપર લખ્યું છે કે “ सं० १८७७ वैशाखशुक्ल पौर्णिमायां–श्रीपार्श्वबिम्बम्–प्रतिष्ठिम्–श्रीजिनहर्षसूरिणा--गोलवछा–मेहताबोजानि--मूलचन्द्र धर्मचन्द्रेण–कारितं. ”

૩—મુરશીદાબાદ વાળા જશરૂપજી હરખચંદજી નવલખાનું, જેમાં મૂળનાયકજી ચન્દ્રપ્રભસ્વામી છે, અને તેમાં લખ્યું છે કે “ સં૰ ૧૮૮૮ માઘ શુદિ પંચમી ચન્દ્રવારે બિમ્બ કરાવ્યું, અને મેટામલ પુત્ર જશરૂપજીએ પધરાવ્યું.” વિગેરે.

૪—કલકત્તાવાલા જવેરી ભેરૂદાનજીનું, જેમાં પાર્શ્વનાથજી મૂળનાયક છે, તથા તે પર 'સં૦ ૧૯૧૦ માં પ્રતિષ્ઠા કરી' વિગેરે લખ્યું છે.

૫—સં૦ ૧૮૫૪ નું કાનપોરવાળા ભંડારી રૂગનાથપ્રસાદજીનું પાર્શ્વનાથ ભગવાનનું.

૬—ગોડી પાર્શ્વનાથજીનું મિરજાપુરવાલા કોઇ શ્રાવકનું સં૦ ૧૯૦૦ માં બંધાવેલું.

૭—મિરજાપુરવાલા જવેરી ધનસુખદાસજીનું સંવત ૧૮૯૭ ની સાલનું. આ મંદિરમાં ચિન્તામણીપાર્શ્વનાથજીનું બિમ્બ છે, અને તેપર લખ્યું છે કે "આ મૂર્તિ બનારસમાં બનાવવામાં આવી અને મધુબનમાં પ્રતિષ્હિત કરી." વિગેરે.

૮—સં૦ ૧૯૦૦ માં વિકાનેરવાલા શ્રાવકોનું બનાવેલું સુપાર્શ્વસ્વામીનું.

૯—બાલુચરના સંઘે કરાવેલું 'શ્રીશુભસ્વામી' ગણધરનું. કેજે પાર્શ્વનાથજીના ગણધર હતા.

૧૦—સં૦ ૧૮૮૮ માં મુરશીદાબાદવાલા બાબુ પ્રતાપસિંહનું કરાવેલું, કે જેમાં ગોડીપાર્શ્વનાથજીની પ્રતિમા સ્થાપેલી છે.

શિખરજી પહાડપર હરડે, બેડા, આંબલા, ભીલામા, અને વત્સનાગ વિગેરે થાય છે. તેથી કેટલાંકો કહે છે કે "ઉન્હાળાના દિવસોમાં ઝરણનું પાણી બિગડે છે. અને તેથી લોકો હેરાન થાય છે." પણ આ વાત વાસ્તવિક નથી. મીઠા પાણીના કુવા અહિં ઘણાં છે, તેથી જો વહેમ હોય તો કુવાનું પાણી પીવું. ઝરણાનુંજ પીવાની ખાસ જરૂર નથી. મધુબનથી પહાડપર જવું જેનું બ્યાન નીચે દર્શાવ્યું છે.

પહાડ સમેતશિખર—યા પાર્શ્વનાથ.

પૂર્વ પ્રદેશમાં પાણીની સપાટીથી ૪૪૮૮ ફુટ ઉંચો, અને કલકત્તાથી પશ્ચિમોત્તર ૨૦૦ માઇલપર શિખરજી પહાડ જૈનીઓનું જૂનું તીર્થ છે. પહાડપર મથાલા સુધી સડક તથા કેટલેક પગદંડીનો રસ્તો છે. ઉપર જવાને ડોલીઓ મલે છે તેનો બંદોબસ્ત મધુબનથી કરી લેવો. ૧—રિષભદેવ, ૧૨—વાસુપૂજ્ય, ૨૨—નેમનાથ, અને ૨૪—મહાવીર શિવાયના ૨૦ તીર્થંકરો, અને કઇક મુનિ મહર્ષિઓ અહિં મુક્તિપદ પામ્યા હતા. પહેલાં આ પહાડપર હાથીયોનું વન હતું, પણ યાત્રિયોની આવજાવથી તેઓનું રહેવું ઓછું થઇ ગયું છે. તે શિવાય વાઘ, ગેંડા, સાબર, ભેંસાહિરન, રોઝ, અને રીંછ વિગેરે જંગલી જનાવરો પણ ઘણાં હતાં, તે પણ હવે ઓછાં છે. આખો પહાડ વનસ્પતી અને જડીબુટીઓથી ભરેલો હોવાથી પહાડનો દેખાવ ચક્ષુને પ્રિયકર થઇ પડે તેવો છે.

મધુબનથી પહાડપર ચઢતાં જ્યારે એકાદ કોશપર જશો એટલે ચાહનો બગીચો, તેથી અગાડી અડધા કોશપર જવાથી ગંધર્વનાળું અને ધર્મશાલા આવશે. ગંધર્વનાળાથી એકાદ માઇલ જવાથી સીતા નાળુ, અને તેથી અગાડી ૧૭મા કુંથુનાથજી*ની ટુંક આવે છે. આ ટુંક સં૦ ૧૮૨૫ માં શાહ ખુશાલચંદની બનાવેલી છે. તેથી અગાડી ૨૧ માં નમિનાથજીની* બીજી ટુંક, ૧૮ માં અરનાથજીની* ત્રીજી ટુંક, ૧૯ માં મલ્લિનાથજીની* ચોથી ટુંક, ૧૧ માં શ્રેયાંસનાથજીની* પાંચમી ટુંક, અને ૯ માં સુવિધિનાથજી*ની છટ્ટી ટુંક આવે છે. આ બધી ટુંકો પણ શાહ ખુશાલચંદની બનાવેલી છે. તેથી અગાડી છટ્ઠા પદ્મપ્રભુજી*ની સાતમી ટુંક, ૨૦ માં* મુનિસુવ્રત-

---

* આ નિશાનીવાલા તીર્થંકરો અહિં મોક્ષે ગયા છે.

સ્વામીની આઠમી ટુંક, અને નવમી ટુંક આઠમા* શ્રીચન્દ્રપ્રભ સ્વામીની આવે છે. ચંદ્રપ્રભજીની ટુંકનો ચઢાવ ઘણો કઠિણ અને ઉંચો છે. ઉપર ચઢી જોવાથી આખો પહાડ, કેટલાંક નાળાં, વનસ્પતીના ઝાડો વિગેરે દેખાઇ આવે છે. અહિંથી પાછા ઉતરી દશમી ટુંક તરફ જવું.

૧ લાં રિષભદેવ[1] ભગવાનની દશમી ટુંક થોડાં વર્ષોપર વિજળી પડવાથી જીર્ણ થઇ હતી, તેની ફરીથી મરામત કરાવી શાંતિવિજયજી પાસે પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી.

અગ્યારમી ટુંક ૧૦ મા શીતલનાથજી * ની, તેનો ચઢાવ પણ બહુ કઠિણ છે. ત્યાર પછી ૧૪ મા અનંતનાથજી * ની બારમી ટુંક, અને ૩ સંભવનાથજી * ની તેરમી ટુંક આવે છે. આ ત્રણ ટુંકો પણ શાહ ખુશાલચંદે ૧૮૨૫ વિક્રમ સંવત્માં કરાવી છે. ત્યાર પછી ૧૨ મા[2] વાસુપૂજ્યસ્વામીની ચૌદમી ટુંક, ૪ થા અભિનન્દનનાથની * પંદરમી ટુંક આવે છે. આ ટુંકથી પછાડી નીચે ઉતરી શામલિયા-પાર્શ્વનાથજીના મન્દિરમાં જવું.

મ્હોટું મન્દિર.

શામલિયાપાર્શ્વનાથજીનું મન્દિર કિમતી અને ખૂબસુરત છે. આ મન્દિરને ઘણાંઓ 'ધુરમટનું મંદિર' પણ કહે છે. જયારે આ મંદિર જગત્ શેઠ ખુશાલચંદે બંધાવ્યું તે વખતે આગગાડી નહીં હતી, તેથી સઘળો માલ પહાડ ઉપર હાથીઓપર લાદીને લાવવામાં આવ્યો હતો. આ મંદિરને બંધાવતાં ૯,૩૬,૦૦૦ રૂપીઆ લાગ્યા હતા, મંદિરની પછાડી એક શિલાલેખ હતો, જે હાલમાં નથી. મંદિરમાં પર્શ્વનાજીની મૂર્તિ બે

---

૧. અષ્ટાપદપર મોક્ષે ગયા. ૨. ચંપાપુરીમાં મોક્ષે ગયા.

* આ નિશાનીવાલા તીર્થંકરો અહિંમોક્ષે ગયા છે.

નાથની પ્રતિષ્ઠિત છે, તથા તે પર લખ્યું છે કે "सं० १८२२ वर्षे वैशाखशुक्ल १३ गुरौ–शाहखुशालचन्द्रेण–श्रीपार्श्वबिम्बम्–कारापितं–प्रतिष्ठितंच–सर्वसूरिभिः" મૂળ નાયકજીની આસપાસની પ્રતિમાઓ પર "સં० ૧૮૨૨ અને મુરશીદાબાદવાલા ઓશવાલ સુગાલચંદે ભરાવિ" વિગેરે લેખ છે. મંદિર પાસે બે ધર્મશાલા, બે કુંડ, અને એક બગીચો છે, જો કોઇ યાત્રિ અહિં રાતના રહેવા ઇચ્છતા હોય તો ખુશીથી ધર્મશાલામાં રહી શકાય છે, કેમકે ચોકી પહેરો વિગેરે સારો બંદોબસ્ત કરવામાં આવેલો છે. પણ રાત્રિના કઇંક વખતે વાઘ વિગેરે જનાવરો પાણી પીવા આવે છે માટે ખુલ્લા મેદાનમાં સુવું નહિં, પરન્તુ ધર્મશાલામાંજ બંદોબસ્તથી રહેવું. અત્યાર સુધી કોઇપણ યાત્રિને જનાવરો તરફથી નુકશાની પહોંચી નથી, છતાં પણ ચોકસાઇથી રહેવું વધારે સારૂં છે. યાત્રિ બપોરનો તાપનો વખત અહીં ધર્મશાલામાં ગાળી, બે વાગ્યા પછી બાકીની રહેલી ટુંકના દર્શન કરી મધુબન જવા ચાહતો હોયતો ખુશીથી તેમ થઇ શકે છે.

શામલિયાપાર્શ્વનાથજીના મંદિરથી ગૌતમસ્વામીની સોલમી ટુંકે જવું, કે જે બરોબર પહેલી કુંથુનાથજીની ટુંકની સામે છે. આ ટુંકમાં ૨૪ તીર્થંકરોના ચરણો પણ સ્થાપેલાં છે. કુંથુનાથજીની ટુંકથી પૂર્વ તરફ ચંદ્રપ્રભસ્વામીની ટુંક, પશ્ચિમ તરફ પાર્શ્વનાથજીની ટુંક, દક્ષિણ તરફ શામલિયાપાર્શ્વનાથનું મંદિર અને ઉતરે મધુબન છે. અગાડી ચાલતાં ૧૫ માં ધર્મનાથજીની * સત્તરમી ટુંક, ૫ માં સુમતિનાથજીની અઢારમી ટુંક *, ૧૬ મા શાંતિનાથજીની *

---

* આ નિશાનીવાળા તીર્થંકરો અહિં મોક્ષે ગયા છે.

ઓગણીસમી ટુંક, ૨૪ માં [1] મહાવીર સ્વામીની વીસમી ટુંક, ૭ મા સુપાર્શ્વનાથજી*ની એકવીસમી ટુંક, ૧૩ મા વિમળનાથજીની * બાવીસમી ટુંક, ૨ જા અજીતનાથજીની * ત્રેવીસમી ટુંક, ૨૨ મા [2] નેમનાથજીની ચોવીશમી ટુંક, અને ૨૩ મા પાર્શ્વનાથજીની* પચીશમી (છેલ્લી) ટુંક આવે છે.

પચીશમી ટુંક સંઘે બનાવી, સં૰ ૧૮૪૯ના માઘ શુદી ૫ ને બુધવારે પાર્શ્વનાથજીના ચરણ સ્થાપિત કર્યા હતાં. ત્યારબાદ સં૰ ૧૯૫૮ માં રાય બદ્રીદાસજી મુકીમે જીર્ણોદ્ધાર કરી કિમતી શિખરબંધ દહેરૂં બંધાવી પ્રતિષ્ઠા કરી હતી. આ ટુંક શિખરજીની સઘળી ટુંકો કરતાં ઉંચી, ચઢવાને પગથીઆવાળી રમણીય છે. આ ટુંકથી સીધો બીજો રસ્તો મધુબન જવાનો છે, ત્યાંથી નીચે ઉતરી મધુબન જવું.

તીર્થ સમેતશિખરપર મંદિર, ધર્મશાળા, અને ટુંક વિગેરે શ્વેતાંબરી જૈનોનાં બનાવેલાં છે. મધુબનમાં જે જૈનશ્વેતાંબર કોઠી–તીર્થનું કારખાનું છે તેના ખજાનામાંથી સર્વની સંભાળ રાખવામાં જોઇતો ખર્ચ કરવામાં આવે છે. પગથીના મુકદમાના ચુકાદામાં કહ્યું છે કે:—

"The Jains of the Sitamberi sect are in charge and possession of the temples, tonks, and Images, and Idols therein."

શિખરજી પહાડના મંદિર, ટુંક, એમાંની મૂર્તિઓ અને પ્રતિમા, એ બધુંએ શ્વેતાંબર મતવાલા જૈનોના તાબામાં છે.

મધુબનથી ૪ કોશપર બરાકડ ગામ છે, કે જ્યાં મહાવીરસ્વામીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતુ ત્યાં જવું.

---

૧. પાવાપુરીમાં મોક્ષે ગયા. ૨. ગિરનારપર મોક્ષે ગયા.

* આ ચિન્હવાળા તીર્થંકરો અહીં મોક્ષે ગયા છે.

બરાકડ ગામમાં એક ધર્મશાલા અને મંદિર છે. જેમાં મહાવીર સ્વામીના ચરણો સ્થાપેલાં છે. મહાવીર સ્વામીના કદમોથી પવિત્ર થયેલી રિજુવાલુકા નદી અહિં વહે છે. મહાવીરસ્વામી આ નદી કિનારે ઘણો વખત વિચર્યા હતા અને તપ કર્યો હતો, મહાવીરસ્વામીએ 'શ્યામાક કુટુંબીના ક્ષેત્રમાં ધ્યાન કરતાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. અહિના મંદિરમાં સમવસરણનો આકાર છે. તેના લેખમાં લખ્યુ છે કે:—
रिजुबालुकानदीतटे–श्यामाककुटुंबीक्षेत्रे—वैशाखशुक्ल १० तृतीयप्रहरे—केवलज्ञानकल्याणिकसमवसरणमभूत् " વિગેરે.

અહીંની તપાસ પણ મધુબનવાલી જૈનશ્વેતાંબર કોઠી વાલાઓ રાખે છે.

બરાકડ ગામથી ૫ કોશપર ગરીડી છે, કે પહેલાં જ્યારે ઇશરી સ્ટેશન નહોતું ત્યારે ત્યાંથી શિખરજી અવાતું હતું. ગીરીડી સ્ટેશન સામે રાયબહાદૂર ધનપતસિંહજીની ધર્મશાલા, તથા રાયબહાદૂર બુધ્ધસિંહજીનું–સુપાર્શ્વનાથજીનું મંદિર છે. યાત્રિયે બને તો ત્યાં પણ દર્શન કરવા જવું, અને ગીરીડી સ્ટેશનથી રેલ્વેમાં મધુપુર જંકશન આવી, ત્યાંથી ગાડી બદલી પાછા આસનસોલ જંકશને આવવું. અને આસનસોલથી "બેંગાલ નાગપુર રેલ્વેમાં" આડરા જંકશન, સીની જંકશન, અને ચક્રધરપુર વિગેરે સ્ટેશનો થઇ અગાડી નાગપુર જવા ઉપડવું. અગર ઉપર જણાવેલા ઇસરી સ્ટેશનથી પાછા ફરતાં નીમિયા ધાટ થઇ ગોમાહ જંકશન આવવું, અને ત્યાંથી "બેંગાળ નાગપુર" રેલ્વેની ગોમાહ ખરગપુર બ્રેન્ચમાં બેસી ખાનોડી, મહુરા, મુલ્કીરા, ભાગા, ભોજુડીઆ, અને કારગાલી સ્ટેશન થઇ આડરા જંકશન ઉતરી પડવું.

આદરા જંકશનથી ' આસનસોલ-ચક્રધરપુર ' ટ્રેનમાં—અનારા, કુસ્તાર, પુરૂલીઆ, કંટાડીહ, બારભૂમ, નીમડીહ, ચાંડિલ, કાંકરાસીની જંકશન, અમદા, બારાબાંબુ અને ચક્રધરપુર આવવું.[1] ચક્રધરપુરથી ' કલકત્તાથી નાગપુર ' જવાવાળી લાઇનમાં લોટાપહાડ, સોનુઆ, ગોઇલ, કેરા, પોસોઇટા, મનહરપુર, જારાઇકેલા, બીસરા, રાઉરકેલા, પાનપોશ, કાલુગા, રાજગંગપુર, સોનાખાં, બામરા, ધરૂઆડીહી, બાગડેહી, ધુતરા, ઝાડસુગરા, બેલપહાડ, હીમગીર, જમગા[2], રાયગઢ, નહારપાલી, ખરસીયા, સાકટી, બારાડોર, ચંપા, નેળા, અકલતારા, પારાઘાટ. બીલાસપુર જંકશન[3], બિલ્હા, નિપાનીયા, ભાતપાડા, હટબંધ, તીલડા, સીલીયારી, મંઢર, રાયપુર[4], કુમહરી, ભિલાય, ડરૂગ, મુરીપુર, રાજનાંદગામ[4], મુસરા, ડોંગરગઢ, પાન્ચાજોલી, બોરતળાવ, ડરેકાસા, સલેકાસા, આમગામ, ગુડમા, ગોંડીયા[3], ગંગાઝીરી, તીતોરા, તુમસરરોડ, કોકા, ભંડારારોડ, ખટ, થરસા, સાલવા, કામઠી[4], અને મેહદીબાગ થઇ નાગપુર ઉતરવું.

નાગપુર[5].

નાગ નદીના કિનારે નાગપુર, જીલ્લાનું મુખ્ય શહેર, અને બી૦ એન૦, તથા જી૦ આઇ૦ પી૦ રેલ્વેનું જંકશન છે. સ્ટેશન પાસે

---

૧ ગીરીડી સ્ટેશનથી મધુપુર અને આસનસોલ તરફથી આવેલા રેલ્વે અહિં મળે છે.

૨ અહિં લગભગથી બેંગાલની મુસાફરી ખલાશ થાય છે. અને સેન્ટ્રલ પ્રોવીનસીસ શરૂ થાય છે. રાયગઢ સેં૦ પ્રો૦ માં છે.

૩ અહિંથી એક રેલ્વેલાઇન કટની, અને બીના જંકશન થઇ માળવા જાયછે. ૪ અહિં શ્વેતાંબર શ્રાવકોની વસ્તી તથા મન્દિર છે.

૫ કલકત્તાથી ૭૦૧ અને મુમ્બાઇથી ૫૨૦ માઇલ.

ધર્મશાલા છે, ત્યાં ઉતરી ગામમાં બે મંદિરોના દર્શન કરવા જવું. સને ૧૮૧૭ માં નાગપુરના રાજા "આપા સાહેબ ભોંસલાએ" નાગપુરના રેજીડેન્ટપર છાપો માર્યો હતો, પણ ન્હાસી જવું પડયું હતું. ત્યારબાદ બીજી મદદ આવવાથી જેનકીનસ સાહેબે નાગપુરના રાજાને તાબે કરી લીધો હતો. નાગપુરના ધોતીઆ અને સંતરા પ્રસિધ્ધછે. અહીં જોવા લાયકમાં સને ૧૮૧૮માં બંધાયેલો સીતાબર્દીનો કિલ્લો, કિલ્લામાં જૂના હથિયારોનો નમૂનો, અજાયબ ઘર અને પુસ્તકશાલા, મહારાજ બાગ તથા જૂદી જૂદી જાતના જનાવરો, તુલસી બાગ, કોલેજ, અને ટાઉનહોલ વિગેરે છે.

નાગપુરથી જી૦ આઇ૦ પી૦ રેલ્વેમાં ચીચણુવાન, ખપરી, ગુમગામ, બોરી, બોરખેડી, સીન્દી, તુલજાપુર, પૌનાર, [1] વર્દ્ધાજંકશન, ડહેગામ, પુલગામ, તાલની, (અહિંથી બીરાર શરૂ થાય છે.) ધામનગામ, દિપોર, ચાંદુર, માલખેડ, અંજનગામ. બડનેરા [2] જંકશન, તકલી, કુરમ, માન, મુરતાજપુર, કટેપુરના, બોરગામ અને વાયલખેડ થઇ—

[3] આકોલા—

ઉતરવું. બીરાર પ્રાન્તમાં જીલ્લાનું મુખ્ય શહેર આકોલા મોર નદીપર આવેલું છે. પેઠ અને શહેર વચ્ચે નદી વહેતી હોવાથી તે પર પુલ બાંધેલો છે. આકોલામાં શ્રાવકોની આબાદી અને મંદિર તાજના-

---

૧—વર્દ્ધામાં જૈનોની વસ્તી અને મન્દિર છે.

૨—બડનેરા જંકશનથી એક લાઇન ઉમરાવતી જાય છે. ઉમરાવતીમાં શ્રાવકોની વસ્તી તથા મન્દિરો છે. ઉમરાવતીથી પ્રાચીન તીર્થ મુક્તગિરિ જવાય છે

૩—નાગપુરથી પશ્ચિમ દક્ષિણ ૧૫૮ માઇલ

પેઠમાં આવેલાં છે. આકોલાથી ખુસ્કી રસ્તે ૨૨ કોશપર અંતરિક્ષજી છે ત્યાં જવું. બેલગાડા વિગેરે મળે છે. સડક પાકી હોવાથી જવાનું સુખ છે.

આકોલા સ્ટેશનથી અગાડી ડાબકી, અને પછી પારસ સ્ટેશન આવે છે. ત્યાંથી પણ અંતરિક્ષજી જવાય છે, તથા સડક પાકી છે. પારસ સ્ટેશન ઉતરી ૩ ગાઉ બાલાપુર શહેર છે ત્યાં જવું, અને ત્યાંથી ૧૮ ગાઉ અંતરિક્ષજી જવું. બાલાપુરમાં પણ મંદિર અને શ્રાવકોની વસતી મોજુદ છે. યાત્રિને જે રસ્તો અનુકૂલ આવે તે રસ્તે જવુ.

તીર્થ અન્તરિક્ષજી.

પ્રાન્ત બીરારના શ્રીપુર કસ્બામાં અંતરિક્ષજી એક જૈનોનુ જૂનું તીર્થ છે. એક વખતે લંકાના રહીશ "માલી-સુમાલી" નામના બે વિદ્યાધરો ઉત્તર ખણ્ડમાં જવાને વિમાનારૂઢ થઇ નીકલ્યા. તેઓને, કેટલેક ગયા પછી જયારે ખાવાનો વખત થયો, ત્યારે તેઓ એક સ્થળે જમીનપર ઉતર્યાં, કે જયાં સુન્દર તળાવ હતું. માલી—સુમાલીએ સ્નાનથી શુદ્ધ થઇ દેવપૂજનની તૈયારી કરી તો માલુમ પડયું કે દેવમૂર્તીનો કરંડીઓ ઘેર ભૂલી ગયાં, તેમજ અહિં કોઇ મન્દિર પણ નથી. બન્ને દેવોએ વાલુરેત એકઠી કરીને મન્ત્ર બળાથી શુદ્ધ કરી, અને ભાવી તીર્થંકર પાર્શ્વનાથ મહારાજાની પ્રતિમા બનાવી પૂજન કર્યુ ત્યાર બાદ તેઓ ખોરાક લઇ પ્રતિમાને તળાવતટે સ્થાપી અગાડી પોતાને કામે વધ્યા, તથા પ્રતિમા ઘણો વખત સુધી અહિં રહી. એક વખતે કોઇ કાર્ય પ્રસગે "વિંગલ નગરનો" શ્રીપાલ રાજા અહીં આવ્યો હતો, તેણે તળાવમાં સ્નાન કર્યુ. સ્નાન કરતાની સાથેજ પોતાનો કુષ્ઠ રોગ નષ્ટ થયો તેથી ખુશી થઇ પોતાને વતન પાછો ફર્યો, જયાં

રાણી પણ અત્યન્ત ખુશીથઇ. તેજ રાત્રિએ અધિષ્ટાયકે રાણીને સ્વપ્ન આપ્યું કે "પ્રતિમાના મહિમાથી રાજાનો કોઢ ગયો, માટે તે મૂર્તિને જો તમો અહિં લાવવા ઇચ્છતા હોવ તો રથમાં પધરાવી, સાતજ દિવસના બેલ જોડી, કાચા સૂતરની લગામથી લઇ આવવી, પણ યાદ રાખવું કે, રથ લાવતી વખતે પછાડી મોઢુ ફેરવી જોવું નહીં" ભોર સમયે રાણીએ સઘળી વાત રાજાને કહી તેથી રાજા તળાવ પાસે આવી તે પ્રમાણે મૂર્તિને રથારૂઢ કરી પોતાને વતન લાવવા પાછો ફરયો. ચાલતા જયારે શ્રીપુર નજીક આવ્યો તે વખતે રાજાએ પછાડી મોઢુ ફેરવ્યું, તેથી પ્રતિમા અન્તરિક્ષે અધર સ્થંભી ગઇ. રાજાએ નિરૂપાયે વિચાર્યું કે, અહીંજ હવે પ્રતિમાને સ્થાપવી. પછી ત્યાં શ્રીપુર ગામ વસાવી, ભવ્ય પ્રસાદ ચણાવી લીધો અને અન્તરિક્ષપાર્શ્વનાથ નામ પાડ્યું.

અન્તરીક્ષજીમાં બે ધર્મશાળા અને તીર્થ રક્ષણ માટે પેઢી વિગેરે છે. જૂનુ મન્દિર જે ગામ બહાર પશ્ચિમ તરફ છે તે જોવા લાયક છે. બીરારમાં અન્તરીક્ષજી એકજ તીર્થ છે. અન્તરીક્ષથી યાત્રા કરી પાછા આકોલા આવવું. અને ત્યાંથી માંડવગઢ અને માળવા તરફ જવાને આગગાડીમાં સ્વાર થવું. આકોલાથી ડાબકી, ગેગામ, પારસ, નાગઝારી, સેગામ, જેલમ જંકશન, નાન્દુરા, બિસવા, મલ્કાપુર, ખામખેડ, બોડવાડ, અને વારંગામ થઇ [1]ભુસાવળ જંકશન આવવું. અને ત્યાંથી જી. આઇ. પી. રેલ્વેની ઇન્ડિયન મીડલેન્ડ લાઇનમાં દસખેડા, સાવદા, નીંભોડા, વાઘેડા,

---

૧ અહિંથી એક રેલ્વે લાઇન અમલનેર થઇ સુરત. એક મનમાડ થઇ મુંબાઇ, અને એક મનમાડ તથા દક્ષિણ હૈદરાબાદ થઇ મદ્રાસ તરફ જાય છે.

[1] બુરહાનપુર, સુલખાન, ચાંદની, માંડવા, ડોંગરગામ, અને બાગમાર સ્ટેશન થઇ ખંડવા જંક્શન ઉતરી પડવું; અને આર. એમ. રેલ્વેમાં ચાસપુર, અજંટી, સીરાન, અટાર, (અહિંથી સેન્ટ્રલ ઇન્ડીયા–માલવા શરૂ થાય છે.) નીમારખેડી, સાનાવાડ, મોરટાકા, બરવાહા, મુખ્તી-ચારા, ચોરલ, કાલાકુંડ, અને પાતાલપાણી થઇ મહુ છાવની ઉતરવું, કે જ્યાંથી માંડવગઢ જવાય છે.

માણ્ડવગઢ તીર્થ.

મહુ છાવનીમાં એક ધર્મશાલા છે, ત્યાં ઉતરી યાત્રિયોએ માણ્ડવગઢ જવાની તૈયારી કરવી, કે જે મહુથી ૩૦ માઇલપર આવેલું છે. જવાને એક્કા, બગી વિગેરે મળે છે. સવારના નીકળ્યા હોઇએ તો સાંજે પહોંચી શકાય છે. રસ્તામાં પહાડ, નદી નાળાં અને તરેહ તરેહના ઝાડ ઝુંખરો આવે છે.

માંડવગઢમાં એક ધર્મશાલા તથા મંદિર છે. માંડવગઢ પહેલાં મ્હોટું શહેર હતું, પણ હાલ ન્હાનો કસ્બો છે. માંડવગઢમાં જૂના ખંડિયેરો, હિંડોલામહેલ, ચંપા વાવડી વિગેરે જોવા લાયક છે. માંડવગઢની યાત્રા કરી પાછા મહુ આવવું અને ત્યાંથી રેલ્વેમાં રોહ સ્ટેશન થઇ ઇન્દોર ઉતરવું.

[2] ઇન્દોર.

પ્રાંત માળવામાં ઇન્દોર શહેર, મુખ્ય રાજધાની છે. ઇન્દોરના મહારાજા તથા રેસીડેન્ટ અહિં રહે છે. : ઇન્દોરને અહલ્યા બાઇએ કેટલાંક વરસો પર વસાવ્યું હતું. યાત્રિયોને માટે એક સ્ટેશન પાસે તથા એક ગામમાં ધર્મશાલા છે. ગામમાં જૈન

---

૧ અહિં મંદિરો તથા શ્રાવકોની વસ્તી છે.

૨ અજમેરથી ૩૦૭, મુંબાઇથી ૫૪૨, અને ખંડવા જંક્શનથી ૮૭ માઇલ.

મંદિરો ભવ્ય અને ખૂબસુરત છે. અહિંનાં મંદિરો પર કેટલાંક કારણસર ધ્વજાદંડ ચહડાવવામાં આવતો નહોતો, પણ સં. ૧૯૬૨-૬૩ માં પન્યાસ શ્રીમદ્ સિધ્ધવિજયજી મહારાજના ઉપદેશથી તેઓના હાથે ક્રિયાયુક્ત ચઢાવવામાં આવ્યો હતો. ઇન્દોરમાં રાજકુમાર કૉલેજ, લાલબાગ, રાજમહેલ, ચિડીયાઘર, આર્ટ્સ કોલેજ ટંકશાલ, અને બજાર વિગેરે જોવા લાયક છે.

ઇન્દોરથી પાલીયા, અજનોદ, અને ફતીહાબાદ જંકશન થઇ ઉજજન ઉતરવું.

તીર્થ ઉજ્જયિની[1] (અવન્તી નગરી.)

અહિં. ઉતરવાને સારૂ સ્ટેશનથી થોડે દૂર મુસાફીરખાનું ડાક બંગલો વિગેરે છે, પણ જૈન યાત્રિયોએ અવન્તીપાર્શ્વનાથના મંદિર પાસે ધર્મશાલા છે ત્યાં જવું. જવાને એકકા, ટપ્પા વિગેરે મલે છે.

આ નગરી આજકાલ મહારાજા સિન્ધિયા સરકારના રાજ્યમાં ક્ષિપ્રા નદીને જમણે કિનારે આવેલીછે. મહાભારતના વખતમાં ઉજ્જન મહોટું શહેર હતું. તે વખતે અવન્તી અને અવન્તીકા, વિગેરે તેના નામ હતાં. કૃષ્ણ અને બળદેવ વિગેરે 'સાંધીપની' મુનિ પાસે પાઠાભ્યાસ કરવા આવતા હતાં તેથી, તથા મહાકાલ નામનું શિવ મન્દિર અહિં હોવાથી વૈદીક ધર્મવાલાઓનું પણ તીર્થ ગણાય છે. અગાડીના વખતમાં ઉજ્જન હિન્દુસ્થાનની ઓકસફોર્ડ યુનિવર્સીટી હતું.

મહાવીર સ્વામીના જમાનામાં ચણ્ડપ્રદ્યોત રાજા ઉજ્જનપર રાજ્ય કરતો હતો. 'આવસ્યકસૂત્રની ટીકામાં' તેને વાસ્તે આ મુજબ લખ્યું છે કે "[2] ચણ્ડપ્રદ્યોત અને પાંચાલમાં આવેલા વીતભય પત્તનના રાજા

૧-વડોદરાથી પુર્વોત્તર ૨૨૦ અને ઇન્દોરથી ઉત્તરે ૨૯ માઇલપર બી૦ બી૦ સી૦ આઇ અને જી૦ આઇ૦ પી૦ રેલ્વેનું જંકશન.

૨-જુઓ પાનું ૭૦-૭૧.

ઉદાયને ઉજ્જનના મેદાનમાં યુદ્ધ થયું, તેમાં ચણ્ડપ્રદ્યોત હાર્યો. ચંડપ્રદ્યોતને બાંધીને પોતા સાથે લઇ જતાં ઉજ્જનથી થોડે દૂરપર ચોમાસું આવવાથી ઉદાયને પડાવ નાંખી મુકામ કર્યો. ઉદાયિન પાસે ૧૦ સેવક રાજાઓ હોવાથી જે જગ્યાએ મુકામ કર્યો ત્યાં દશપુર નામનું ગામ વસ્યું. ચોમાસામાં જયારે પર્યુષણ પર્વનો છેલ્લો દિવસ આવ્યો તે વખતે ઉદાયિનરાજાએ ચણ્ડપ્રદ્યોતને કહ્યું "આજ હમારે ઉપવાસ છે, માટે તમારે જે ખાવા ઇચ્છા હોય તે બનાવી લેવું. ચંડપ્રદ્યોતે 'હું પણ ઉપવાસ કરીશ' એમ ઉત્તર આપ્યો. સાંજે પ્રતિક્રમણ સમયે ઉદાયિને ચણ્ડપ્રદ્યોતને કહ્યું 'આજ મહોટો દિવસ છે માટે અરસપરસ વૈરવિરોધની ક્ષમાયાચિ રાજી થવું જોઇએ.' તે વખતે ચંડપ્રદ્યોત બોલ્યો 'હું રાજી શી રીતે થાઉં? કેમકે તમે મારી સલતનત ખૂંટી લીધી! તે પાછી મળે તોજ રાજીથાઉં!" આથી ઉદાયિને તેજ વખતે તેનો ગુન્હો માફકરી ઉજ્જનનું રાજ્ય પાછું આપ્યું, અને ઉદાયિન વિત્તભયપત્તન, તથા ચંડપ્રદ્યોત ઉજ્જન આવ્યાં.

નવપદજીના પ્રતાપથી સર્વ રિધ્ધિપ્રાપ્ત કરનાર મયણા સુન્દરી, રાજામાનતુંગ, ભર્તૃહરી, વિક્રમ, અટન મલ્લ નામનો પહેલવાન, અને અવન્તી સુકુમાલ વિગેરે અહિંના રહીશો હતાં. મહારાજા વિક્રમના વખતમાં જૈનાચાર્ય સિધ્ધસેન દિવાકરે શિવપિણ્ડીમાંથી અવન્તીકા-પાર્શ્વનાથજીની પ્રતિમા અહિંજ કહાડી હતી, કે જે શિવ અને જિન મન્દિર ધર્મશાલામાંજ સામસામે છે. અહિં—

મંદિરોઃ—

સરાફ બજાર, ડેહરાખડકી, નયાપરૂ, અને ધર્મશાલા વિગેરેમાં છે. અહિંની અગરબત્તી, તેલ, અત્તર વિગેરે પ્રસિદ્ધ છે. માળવામાં અફીમનો પાક વિશેષ હોવાથી ઠામઠામ તેના છોડવાઓ નજરે પડે છે.

જોવાલાયક.

ક્ષિપ્રાનદીના દક્ષિણુ કિનારે ભૈરવગઢ, નદી કિનારે રાજા ભર્તૃહરીની ગુફા–કે જેમાં ભતૃહરિ; ગુરૂ ગોરખ; અને બીજી ઘણી મૂર્તિઓ છે; તે, જૂની ઉજ્જનમાં ગોલગઢ–કે જેમાં દશબાર હાથ નીચે જવાથી નિશાન મલે છે–તે, અને ક્ષિપ્રાકિનારે ઘાટ વિગેરે દેખવા લાયક છે. ઉજ્જનથી "ભોપાળ ઉજ્જન બ્રેન્ચલાઇનમાં" તાજપુર અને તારનારોડ થઇ મકસી સ્ટેશને ઉતરવું.

તીર્થ મકસીજી ૧.

સ્ટેશનથી અરધાકોશપર મકસી ગામમાં એક ધર્મશાળા, તથા મકસી-પાર્શ્વનાથજીનું ભવ્ય મંદિર છે. મંદિરને ફરતી, ત્રણુ ભમતી અને ૪૨ જિનાલય વિગેરે છે. જિનાલયમાં ઘણું કરીને સં૦ ૧૫૪૮ ના સાલની પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓ છે. મૂળનાયક મકસીપાર્શ્વનાથની પ્રતિમા નીચે એક ભોંયરૂં છે, કે જેમાંથી એ પ્રતિમા નીકળી હતી. મકસીપાર્શ્વનાથની પ્રતિમા બરોબર ગિરભમાં પધરાવેલી નથી, પણુ સ્હેજ બાજુમાં છે. આનું સબળ કારણુ કાંઇ બરોબર સાંપડતુ નથી, પણુ અનેક પ્રકારની બીનપાયાદાર કહાનીઓ સાંભલવામાં આવે છે મન્દિર. સુશોભિત અને જોવાલાયક છે.

મન્દિરબહાર ધર્મશાલા, પેઢી, બગીચો અને તળાવ વિગેરે છે. મકસીથી રેલ્વેમાં પાછા ઉજ્જન જંકશન આવી, ઉજ્જનથી નાગદા જંકશન આવવું અને ત્યાંથી "નાગદા મથુરા" રેલ્વેમાં શામગઢ સ્ટેશને ઉતરવું કે જ્યાંથી:—

તીર્થ પારાસલી—

જવાય છે. "નાગદા મથુરા લાઇનમાં" શામગઢથી ત્રણુ કોશપર ખુશ્કી રસ્તે પારાસલી એક પુરાનો કસ્બો છે. કસ્બાના નામથીજ તીર્થ

---

૧ ઉજ્જનથી પૂર્વ દિશામાં ૨૬ માઇલ.

પારાસલી પ્રસિદ્ધ છે. પારાસલી પહેલાં બહુજ મ્હોટું હતું, તેનાં નિશાનો અને કંઇક શિલા લેખો વખતે મલી આવે છે. રાજ્ય હોલકર સરકારનું અને સઘલો ઈંતેજામ તારીફ લાયકનો છે. હરસાલ અહીં ફાગણુ શુદી ચોથથી આઠમ સુધીનો મેળો ભરાય છે, તેપર આસપાસના ગામોના આશરે પાંચ હજાર માણુસો એકઠાં થાય છે. અહીં ધર્મશાલા છે, તથા ખાનપાનની સારી વસ્તુઓ મલી શકતી હોવાથી યાત્રિઓને બીલકુલ તકલીફ પડતી નથી. અહીંના કારખાનામાં વાસણુ ગોદડાં વિગેરેની સઘલી વ્યવસ્થા સારી છે, તેમજ દેખરેખ માટે નોકર ચાકરો પણુ રાખવામાં આવેલા છે.

મન્દિર.

અહીં આદીશ્વર ભગવાનનું મન્દિર છે, જેમાં અતિશય યુક્ત આશરે દોઢ હાથની પ્રતિમા તખ્તનશીન છે.

ફાગણુ સુદી પાંચમ અને છઠ્ઠને દિવસે બડી ધામધૂમથી સવારી કાઢવામાં આવેછે, અને ગામ બહાર મેદાનમાં લઇ જવામાં આવેછે. ત્યાં આગળ શામિયાનો તાણી, પ્રતિમા પધરાવી સ્નાન પૂજન વિગેરે કરી સવારી પાછી ફેરવવામાં આવે છે.

અહીંથી પાછા નાગદા જંકશન આવી, ત્યાંથી રેલ્વેમાં રતલામ જવું.

૧ રતલામ:—

મુલ્ક માળવામાં રતલામ શહેર બી૦ બી૦ એન્ડ સી૦ આઇ૦, અને આર૦ એમ૦ રેલ્વેનું એક જંકશન છે. અહિંથી એક રેલ્વે લાઇન વડોદરા, એક ચિતોડ થઇ અજમેર, અને એક, ઉજ્જન ભોપાલ થઈ કાનપુર અને ગ્વાલિયર, તથા નાગપુર તરફ જાય છે.

---

૧ વડોદરાથી ૧૬૦ અને ઉજ્જનથી ૫૩ માઇલ.

રતલામમાં જૈન મંદિરો મ્હોટા આલિશાન, તથા આસરે ૭૦૦ ઘરની શ્રાવકોની વસ્તી છે.

રતલામથી દક્ષિણ તરફ એક કોશપર કરંડી ગામમાં આદીશ્વર ભગવાનનું મન્દિર અને ધર્મશાળા છે.

રતલામથી પશ્ચિમ તરફ સાગોદ ગામમાં એક મંદિર અને ધર્મશાલા છે.

સાગોદથી અગાડી ૧ાા કોશપર વિવડોદ ગામમાં એક આદીશ્વર ભગવાનનું મંદિર અને ધર્મશાલા છે.

રતલામથી ૪ કોશપર સેમેરિયા ગામમાં સેમેરિય પાર્શ્વનાથજીનું એક તીર્થ છે. આને વાસ્તે કહેવાય છે કે, પર્યુષણ પર્વમાં મહાવીર જન્મ વંચાઇ રહ્યા બાદ તુરતજ મંદિરના થંભોમાંથી પાણી (અમી) ઝરે છે જે થોડોક વખત સુધી ચાલુ રહે છે. જોકે અહીં કેટલીક અગવવડ હોવાથી સાધુઓ ચોમાસું રહેતાં નથી, તેથી ત્યાંના શ્રાવકો ગોરજીને લાવી પર્યુષણ પર્વ કરે છે.

રતલામમાં રાજમહેલ, અમૃતસાગર તલાવ, કચેરી, હોસ્પીટાલ અને સ્કુલ વિગેરે જોવા લાયક છે. રતલામથી નામલી, જાવરા, ઢોઢર અને દલાવદા સ્ટેશન થઇ મંદસોર ઉતરવું, કે જ્યાંથી બહિ-પાર્શ્વનાથ જવાય છે.

મંદસોર.

માલવામાં રતલામથી બાવન માઇલ પર મંદસોર એક શહેર છે. એને દશપુર પણ કહે છે. જ્યારે વિતભયપત્તનનો ઉદાયિન ઉજ્જનના ચંડપ્રદ્યોતને બાંધી પોતાને દેશ જતો હતો, તે વખતે ચોમાસાની સીઝન પસાર કરવા અહિં રહ્યો, તે વખતથી દશપુર ગામ વસ્યું હતું ૧. અહિં મંદિર છે તેના દર્શન કરી ૫ કોશપર આવેલા :—

૧ જુઓ પાનું ૧૧૯.

બહિપાર્શ્વનાથ:—

જવું. માલવામાં બહિપાર્શ્વનાથજીનું તીર્થ મશહૂર છે, અને પોષ દશમીને દિવસે દરસાલ મેળો ભરાય છે. બહિપાર્શ્વનાથથી પાછા મંદસોર આવી, આગગાડીમાં થારોડ, પિપલીયા, મલ્હારગઢ, હાટર-કયાખાલ, નીમચ,* કેશરપુરા, નીંબહારી (નીંભાડા) અને શંભુ પુર થઇ:—

૧ ચિતોડગઢ:—

જવું. મેવાડમાં ઉદેપુર રાજ્યમાં એક પહાડીપર જમીનની સપાટીથી ૫૦૦ ફુટ ઉંચો ચિતોડગઢ કિલ્લો આવેલો છે. પહાડપર કિલ્લાનો ઘેરાવો ફરતો ૭ માઇલનો હોવાથી આગગાડીમાંથી આ કિલ્લો ઘણો સુન્દર જણાય છે. યાત્રિયોને માટે અહિં ધર્મશાલા જેવું કાંઇ નથી, પણ લોકો બહાર ખાલી દુકાનોમાં ઉતરે છે. ચિતોડ પહેલાં મ્હોટું શહેર હતું, જો કે અત્યારે માત્ર દશેક હજાર માણસનીજ વસ્તી છે, તો પણ રેલ્વેનું જંકશન હોવાથી કાંઇક આબાદી સારી છે.

ચિતોડમાં આશરે ૫૦ ઘરની શ્રાવકોની વસ્તી અને જૂના બજાર પાસે બે મન્દિરો છે. ચિતોડના મંદિરોના દર્શન કરી ચિતોડગઢ-કિલ્લા પર જવું. પણ, તે પહેલાં જવાનો પાસ રાજ્ય તરફથી મેળવવો. વગર રજાએ જવા દેતાં નથી. કિલ્લાપર જવાને પાકી સડક હોવાથી ઘોડાગાડી વિગેરે જાય છે, પણ ઘોડાગાડીઓ અહિં ભાડુતી નહીં હોવાથી બેલગાડી, સાંઢણી, અગર ટટ્ટુ વિગેરે પર બેશી જવું. ગઢપર પહોંચતાં મ્હોટાં મેદાન અને તળાવો વિગેરે નજરે પડે છે. અગાડી

---

* અહીંથી સેંટ્રલ ઇંડીયા છુટી મેવાડ શરૂ થાય છે.

૧ મંદસોરથી ઉત્તરે ૬૫ માઇલ.

ચાલતાં બજાર, દુકાનો, અને લોકોની વસ્તી આવશે. ગણેશદરવાજો, રામદરવાજો, લક્ષ્મણદરવાજો, અને કેટલાંક તુટા ફુટા જૂના મકાનો તથા ખંડિયેરો જોવાથી જૂનો બાદશાહી જમાનો યાદ આવેછે. ઇતિહાસોમાં પણ હર જગોએ ચિતોડગઢની તારીફ જોવામાં આવેછે, તેજ ચિતોડગઢ આજ વગર યોદ્ધાઓથી વિરાન પડેલો નિહાળવામાં આવેછે. ચિતોડગઢપર રત્નેશ્વર તળાવ પાસે એક શ્વેતાંબર મંદિર અને ઉપાશ્રય છે. જૂના કીર્તિસ્તંભ પાસે તથા રસ્તામાં બે મંદિરો વિનામૂર્તિના જોવામાં આવેછે, તેથી જણાય છે કે પ્રતિમાઓ બીજે લઇ જવામાં આવી હશે. જો કે બન્ને મંદિરો જીર્ણાવસ્થામાં પડેલાં છે છતાંપણ તેના સ્થંભો અને રંગ મંડપ વિગેરેની કારીગિરી એટલી ઉમદા તોરની છે કે, જે જોવાથી બહાર નીકળવાની ઇચ્છા થશેજ નહીં. ચિતોડગઢમાં પ્રાચીન જૈન પુસ્તકોનો ભંડાર હતો, પણ હાલ તે અહિં જણાતો નથી એટલુંજ નહીં ! પણ ક્યાં લઇ જવામાં આવ્યો તે પણ જણાયું નથી.

ગઢમાં ગૌમુખ કુણ્ડ પાસે 'સુકોશલ મુનિની' ગુફા અને ગુફામાં 'સુકોશલ મુનિ' તથા એક સિંહણની મૂર્તિછે. શાસ્ત્રમાં 'શ્રીકીર્તિધરમુનિ' અને 'સુકોશલ મુનિની' વાત છે કે તેઓ બંને બાપ બેટા હતા, તેમાં પહેલાં બાપ દીક્ષા લઇ મહર્ષિ કીર્તિધર થયા અને પછી તેનો પુત્ર દીક્ષા લઇને સુકોશલ મુનિ થયો. જે વખતે પુત્રે દીક્ષા લીધી; તે વખતે નારાજ થઇ તેની મા બુરાધ્યાનથી મરીને ચિતોડની પહાડીમાં એક સિંહણ થઇ હતી. એક દિવસ મહર્ષિ કીર્તિધર અને સુકોશલજી વિહરતાં જ્યારે ચિતોડ આવ્યા તે વખતે સિંહણ સામે આવી, અને એકજ ઝપાટામાં સુકોશલ મુનિને તોડી ફાડી ખાઇ ગઇ. બાદ મહર્ષિ કીર્તિધરે તેને ઉપદેશ આપતાં કહયું ''તું ત્હારા પૂર્વ ભવના પુત્રનેજ ખાઇ ગઇ'' વિગેરે ધર્મોપદેશથી સિંહણને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેજ દિવસથી તેને જીવહિંસા છોડી દઇ સદ્દગતિ મેળવી.

એક મંદિર જે કીર્તિ સ્થંભ, પાસે ખાલી પડ્યું છે તેની દિવાલમાં એક શિલાલેખમાં ચૌલુક્ય વંશનાંમૂળરાજ, સિદ્ધરાજ, કુમારપાલ વિગેરેના નામ છે, પણ વચમાંથી તુટી ગયેલો હોવાથી અસલ ખરી મતલબ લેખમાં શું છે તે જણાતું નથી. કીર્તિસ્તંભ લગભગ ૧૦૦ હાથ ઉંચો તથા ઉપર ચઢવાને ૧૨૧ પગથીઓ બનાવેલી છે. ઉપર નવમા માલ પર જવાથી બે શિલાલેખ જોવામાં આવે છે, જે પણ તુટેલા ફુટેલા છે, પણ ભૂપાલ 'હમીર' વિગેરે નામો જણાય છે.

ગઢપર શ્રીયુત રત્નસિંહજીનો મહેલ, જે તેરમી સદીમાં બનાવવામાં આવ્યો હતો તે જોવાલાયક છે. રત્નસિંહની રાણી પદ્મીનાનો મહેલ, સરોવર વિગેરે પણ જોવાલાયક છે. ઇ૦ સને ૧૨૯૦ માં ચિતોડને અલાઉદ્દીન ખીલજીએ જીત્યો હતો, તે વખતે હજારો રાજપુતાનીઓ પત રાખવાને આત્મઘાત કરી ગઇ હતી, જેમાં ખૂબસૂરત રાણી પદ્મીની પણ હતી, કે જેના પર મોહીત થઇ અલાઉદ્દીન ચઢી આવ્યો હતો.

ચિતોડગઢ પર મ્હોટા મ્હોટા ઘણાં યુધ્ધો થયાં છે, અને મેવાડીયો હિન્દુસ્તાનના બાદશાહોથી ચિતોડગઢને લઇનેજ બચ્યા છે. ચિતોડના મેવાડીયોદ્ધાઓમાં પ્રતાપ, સમરસિંહ, હમીર, કુંભારાણા, સંગ્રામસિંહ, સૂર્યમલ્લ, અને રાજસિંહ વિગેરે હતાં. ચિતોડગઢથી નીચે આવી ઉદેપુર ચિતોડ રેલ્વેમાં ગોસંડા, પાંડોલી, અને કપાસન થઇ;—

૧ કરેડા;—

ઉતરેવું. ચિતોડગઢથી પશ્ચિમ દિશામા કરેડા ૨૯ માઇલ પર આવેલું છે. અહિં એક મ્હોટું બાવન જિનાલયવાલું કરેડા પાર્શ્વનાથજીનું તીર્થ છે. આ મન્દિર આગગાડીમાંથી ઘણું રળિયામણું દેખાય છે મંદિર

---

૧ પહેલાં અહીં કેલાપુરપાટણ નામનું નગર હતું.

જીર્ણ હોવાથી ઘણાં લોકોની જાનમાં આ તીર્થ ન હતું. અહિંના લોકો કહે છે, કે આ દેહરૂ સં૦ ૯ ની સાલમાં બંધાયું હતું. હમણાં પાટણ-વાળા શેઠ લલુભાઇ જેચંદની મહેનતથી તીર્થના મન્દિરનો જીર્ણોધ્ધાર થયો છે, તથા અવારનવાર લોકો આવતું થયું છે. ઉતરવાને સારી સગવડ વાલી ધર્મશાલા, અને ગુમાસ્તા વિગેરે નોકર ચાકરો અહિં છે. હજુ કેટલુંક જીર્ણ કામ સુધરવું બાકી રહ્યું છે. મન્દિરમાં મૂળ પ્રતિમા કરેડા—પાર્શ્વનાથજીની તથા એક બીજી મલી બેજ છે. બાવન જિનાલય ખાલી પડેલાં છે. કરેડાથી સનવાર, માવલી, ભીમાલ, ખેમલી, અને દેબારી થઇ:—

ઉદેપુર:—

જવું. ચિતોડગઢથી પશ્ચિમ દક્ષિણ ૬૯ માઇલ પર મેવાડની શિરોતાજ રાજ્યધાનીનું શહેર ઉદેપુર છે. ચિતોડથી ઉદેપુરનો રસ્તો પહાડી અને ચઢાવનો હોવાથી રેલ્વેને જતાં આસરે પોણાપાંચ કલાક, અને ઉદેપુરથી ચિતોડ આવતાં ઉતરાન હોવાથી પોણાચાર કલાક થાય છે. મુસાફીરોને વાસ્તે સ્ટેશનપર એક્કા, ટાંગા, ગાડા વિગેરે મલે છે, અને ગામ બહાર ધર્મશાલા છે. જૈન યાત્રિયોને માટે શેઠજીની વાડીના મંદિરપાસે પણ ઉતરવાની જગ્યા છે. જ્યાં અનુકૂળ આવે ત્યાં જવું.

ઇ૦ ૧૫૬૮ માં જ્યારે અકબરે ચિતોડગઢ લીધો, તે વખતે મેવાડના મહારાણા ઉદયસિંહે અહિં પહાડીમાં ઉદયપુર વસાવ્યું. ઇ૦ ૧૫૭૭ માં અકબરની ફોજ ઉદેપુર આવીને રહી હતી, પણ બહાદુર પ્રતાપે ૧૫૮૬માં તેઓને ભગાડી રાજયધાની પોતાની કબજે લીધી હતી. સને ૧૭૬૯માં માધોજી સિન્ધિયાએ ઉદેપુરને ઘેરો ઘાલ્યો હતો, પણ દિવાન અમરચંદની હિમ્મત, અને કાંઇક મુલક આપવાથી બચ્યા હતા. ઉદેપુર રાજ્ય અત્યારે પણ ચિતોડના રાણાઓના વંશાનુયાયીઓ પાસેછે. અહીં—

મહીરોઃ—

વચલા બજારમા કોટવાલી પાસે, શેઠજીની વાડીમાં, હાથીપોળ દરવાજે, અને ગામ બહાર ચોગાન વિગેરેમાં ૩૫-૪૦ છે. શ્રાવકોની આબાદી આસરે ૪૦૦ ઘરોની છે. અહીં—

જોવા લાયકમાં—

તળાવમાં મહેલ, તળાવ કિનારે પહાડીપર રાજ્ય મહેલ જેમાં ઇલેકટ્રીક લાઇટ વિગેરે છે-તે, ચાર દરવાજા, કોટ, કિલ્લો અજાયબઘર, લાયબ્રેરી, ગુલાબબાગ, પિછોળા તળાવ, વીગેરે છે.

આઘાટપુર.

ઉદેપુરથી દોઢ કોશપર આઘાટપુર કસ્બો છે, જ્યાં શ્રીમજ્જગચ્ચન્દ્રસૂરિને તપાબિરૂદ-તપગછનો ખિતાબ મલ્યો હતો. આઘાટપુરમાં રિષભદેવનું ભગવાનનું, શાંતિનાથજીનું, સં૦૧૮૦૫ માં પધરાવેલું શંખેશ્વર-પાર્શ્વનાથજીનું, અને ચોથું સુપાર્શ્વનાથજીનું મંદિરછે. ચોથા મંદિરમાં ત્રણચરણ પાદુકાછે જે પર સં૦૧૬૯૨ અને શ્રી ભાનુચન્દ્રગણિનું નામ છે. યાત્રિયે બને તો અવસ્ય આઘાટપુર જવું. ઉદેપુરથી એકા, ટાંગા વિગેરે મળે છે અને બે કલાકનાં પાછા ઉદેપુર આવી શકાય છે.

તીર્થ કેશરીયાજી.

ઉદેપુરથી ૨૦ કોશપર ખુસ્કી રસ્તે કેશરીયાજી તીર્થ છે. સવારીને વાસ્તે બે ઘોડાની બગી, બેલગાડી, અને એકકા, વિગેરે મલેછે. ઉદેપુરથી ત્યાં જતાં રસ્તામાં ૧-બલીચાં, ૨-કાયાં, ૩-બારેપાલ,૪-બારીકુડા,૫-ટીડી, ૬-પડોગા, ૭-બારા, ૮-પરસાલ, અને ૯-પીપલી ચોકી આવેછે. ત્યાં ભીલ લોકોને ગાડા દીઠ ચાર ચાર આના અને પરસાલમાં આઠ આના આપવા પડે છે, માટે ઉદેપુરથી પાંચ દશ રૂપીયાના, અથવાતો સાથના પ્રમાણમાં ઉદેપુરી પઇસા લઇ લેવા. કારણકે તેઓ કલદાર પૈસામાં

સમજતાં નથી. કેશરીયાથી પાછા ફરતાં ધુલેવાજીની એક ચોકી વધારે ચુકાવવી પડે છે. ઉદેપુરથી કેશરીયા એક દિવસમાં પહોંચાતું નથી, માટે પરસાલ, બારાપાલ, અગરટીડીમાં એક રાત રહેવું પડે છે.

જ્યારે ખાસ ધુળેવાજી પહોંચશો એટલે ધુળેવા કસ્બો આવશે, કે જ્યાં કેશરીયા તીર્થ છે. ઉતરવાને એક ઉદેપુરવાલા મહેતા ગોવિંદસિંહની, એક જયપુરવાલાની તથા બીજી બે મળી ચાર ધર્મશાલા છે, ત્યાં ખુશી પડે તેમાં ઉતરવું કેશરીયાજીની પ્રતિમા લગભગ ૧,૦૦૦ વર્ષપર ધુળેવા ગામની બહાર જમીનમાંથી નીકલી હતી. ત્યારબાદ મહારાણા 'મોકલજી'ના વખતમાં બાવન જિનાલય મંદિર બનાવી મૂર્તિની પ્રતિસ્થા કરવામાં આવી હતી. રંગમંડપની જમણી દિવાલમાં એક શિલાલેખ છે તેમાં લખ્યુ છે કે "સં. ૧૪૩૧ વૈશાખ સુદી ૩ ને બુધવારે ફલાણું શખ્શે આ તીર્થની યાત્રા કરી." તે પરથી જણાય છે કે, સં૦ ૧૪૦૦ પહેલાનું આ મંદિર બંધાયેલું હોવું જોઇએ. આ શિવાય કોઇ બીજા શિલાલેખો જોવામાં આવતા નથી.

બહારના રંગમંડપમાં જે ડાબી તરફની દિવાલમાં એક શિલાલેખ મોજુદ છે. તેનો સંવત્ ખોદાઇ ગયો છે, અને નીચે જિનભકિતસૂરિ તથા જિનલાભસૂરિ વિગેરે નામ છે. મંદિરનો રંગમંડપ અને સિંગાર ચોકી ઉમદા કારીગિરીથી બનાવવામાં આવેલાં છે. મન્દિરમાં મૂળનાયકજી તીર્થંકર આદિશ્વર ભગવાનની શ્યામરંગ મૂર્તિ આસરે ૨॥ હાથ મ્હોટી તખ્તનશીન છે. આ મૂર્તિ પર કેશર ઘણું ચઢતું હોવાથી કેશરીયાજી નામ કહેવાય છે.

મન્દિર બહાર નગારખાના નીચે સ્થંભની બરોબર જે શિલાલેખ છે, તે મહારાણા સંગ્રામસિંહના વખતનો છે. તેની પાસે બીજો ન્હાનો શિલાલેખ સં૦૧૮૪૯નો બિલખ ગામના લોકોના કરારનામાનો

છે. તેમાં લખ્યું છે કે "હમે લોંકા મંદિરની ચોકી સારી રીતે કરીશું" એક લેખ સં૦૧૯૩૭નો ભિલ્લ લોકોના એકરાર નામાનો અને બીજો અરિસિંહનોછે, જેનોસંવત તુટી ગયોછે. મંદિરમાં દરવાજાની બહાર પહેલી ચોકીની છાજમાં ૮૧ કોઠાનુ યન્ત્ર, કારખાનુ, સામે હાથીપર મરૂદેવા માતાની મૂર્તિ, ગભથીયાની બન્ને બાજુ શાસનદેવી; ચક્રેશ્વેરી અને પદ્માવતી, અને કેટલાંક પત્થરના હાથીઓ વિગેરે છે.

મંદિરની બહારની ભમતીમાં એક જિનાલય પાર્શ્વનાથજીનું છે, જેમાં જગવલ્લભપાર્શ્વનાથજીની પ્રતિમા આસરે ૩ાા હાથ મ્હોટી તખ્તનશીન છે, તે પર લખ્યું છે કે "સં૦૧૮૦૯ વૈશાખ શુદિ ૫ને શુક્રવારે આ મૂર્તિ બનાવી, અને તપગચ્છના સુમતિચંદ્રગણિએ પ્રતિષ્ઠા કરી." કેશરીયાજીનું મંદિર બનાવતાં રૂ૦૧૫,૦૦,૦૦૦ ખર્ચ થયેલો કહેવાય છે.

હર સાલ અહિં ચૈત્ર વદી ૮ને દિવસે મેળો ભરાય છે. તે દિવસે મહારાણા ઉદેપુરની તરફથી હાથી વિગેર ફોજ આવે છે, અને ધામધૂમથી વરઘોડો નીકલી ગામ બહાર છત્રી સુધી જાય છે, કે જ્યાંથી કેશરીયાજી નીકળ્યાં હતાં. છત્રીમાં કેશરીયાજીના પગલાં છે, તથા આસ પાસ વાવડીઓ, અને બગીચો વિગેરે છે.

:o:

ગુજરાત, કચ્છ, સોરઠ, મારવાડ, સિંધ, પંજાબ, કાશ્મિર, અવધ, બેંગાળ, સેન્ટ્રલ ઇંડીયા, રાજપુતાના, બિરાર, માળવા, અને મેવાડ વિગેરે પૂર્વ; પશ્ચિમ; અને ઉત્તર દિશાના તીર્થોની યાત્રા અહિં ખલાસ થાય છે. હવે ખાનદેશ, હૈદરાબાદ, મદ્રાસ, લંકા, મલબારકોષ્ટ, મહીસુર, કર્ણાટક અને કોંકણુ વિગેરે દક્ષિણુ દિશાના તીર્થોમાં જવા સારૂ અહિંથી પાછા ફરવું.

કેશરીયાજીથી પાછા ફરી ઉદેપુરથી રેલ્વેમાં ચિતોડગઢ જંકશન, નીમચ, મંદસોર, રતલામ જંકશન, ફતીહાબાદ જંકશન, ઇન્દોર, મહુછાવની, ખંડવા જંકસન, અને બુરહાનપુર વિગેરે સ્ટેશનોએ થઇ ભુસાવળ જંકશન આવવું.

ભુસાવળથી દક્ષિણના તીર્થોનો રસ્તો.

ભુસાવલ જંકશનથી ભડલી, [1] જલગામ, શીરસોલી, મહસાવદ, મહેજી, [2] પાચોરા, ગલના, નાગરદેવલા, કજગામ, વાગલી, ચાલીશગામ [3] જંકશન, હીરાપુર, રોહીણી, નવીડુંગરી, પીંપરખેડ, નાંદગામ, પંજાન, અને હીસવાલ સ્ટેશન થઇ મનમાડ જંકશન ઉતરવું.

મનમાડથી એચ. એચ. ધી. નીઝામ સ્ટેટ રેલ્વેમાં અંકાઇ, નાગરસોલ, તારૂર, * (વીજાપુર) રોટાગામ, પરસોડા, લાસુર, ઇલોરારોડ, અને દોલતાબાદ થઇ ઔરંગાબાદ ઉતરવું.

ઔરંગાબાદ અને ઇલોરા

મુંબાઇથી ૧૮૬ અને સીકન્દરાબાદથી ૩૬૨ માઇલપર ઔરંગાબાદ નીઝામ રાજ્યનું એક જૂનું શહેર છે. અહીં બે શ્વેતાંબર મન્દિરો તથા મન્દિર પાસે ધર્મશાલા છે ત્યાં ઉતરવું.

---

૧ જલગામમાં શ્રાવકોની વસ્તી તથા મન્દિર છે. અને અહીંથી જલગામ અમલનેર બ્રાંચમાં અમલનેર જવાયછે, અમલનેરમાં પણ ઘણાં જૂના મન્દિરો છે. અમલનેરથી એક રેલ્વે લાઇન સુરત જાય છે.

૨ અહીં જૈન મન્દિર તથા શ્રાવકો છે.

૩ અહીં મંદિર તથા શ્રાવકો છે. ચાલીશ ગામથી એક રેલ્વે લાઇન ધુળિયા જાય છે. ધુળિયામાં એક જૈન મન્દિર યાત્રા કરવા લાયક છે.

* અહીંથી મુંબાઇ પ્રસીડેન્સી છુટી (દખન) હઇદરાબાદ શરૂ થાય છે.

અહીંથી, ઇલોરાની ગુફા જોવા ઇચ્છતા હોવ તો જવું. ઇલોરા દોલતાબાદથી, અને ઓરંગાબાદથી ૧૩ માઇલપર એક ગામ છે. પાસે થોડો કોટ અને અંદર મુસલમાનોના ખાનગાહ છે કે જે સારી દક્ષિણમાં શરીરના રોગો દૂર કરવાને પ્રખ્યાત છે. ઇલોરા, ગુફાને લીધે હિંદુસ્થાનમાં પ્રખ્યાત છે. ગુફામાં ત્રણ ખોહ છે. એકમાં બૌધ્ધોની, એકમાં જૈનોની અને એકમાં વૈદિકોની મૂર્તિઓ બનાવેલી છે. ગુફા જોવાથી અવશ્ય જોનારને અચંબો ઉત્પન થાય તેવી, બહારની તરફથી ૧૩૮ ફીટ, અંદરની તરફથી ૨૪૭ફીટ લાંબી, અને ૧૫૦ ફીટ ચોડાઇ છે. કોઇ કોઇ જગોએ ૧૦૦ ફીટ સુધીની પણ ઉંચાઇ છે. કહેવાય છે કે આ, ઇસ્વી આઠમી સદીમાં એલીચપુરના રાજા ' એદુ'એ બનાવી છે. કેમકે અહિંના પાણીમાં સ્નાન કરવાથી તેનો એક રોગ મટયો હતો. એદુના નામપરથી ગામનું નામ પણ 'એલોરા' કહેવાવા લાગ્યું. આમાં શિવનું મંદિર મહોટું કહેવાય છે, પણ તેમાં વિષ્ણું મૂર્તિ છે. એક બાજુ નાન્દીનો રંગમંડપ છે, તેમાં બે પાસે ધ્વજા દંડ ૪૫ ફુટ ઉંચા છે, તે પર શિવત્રિશૂલ ૪ ફુટ બાકી છે.

ઓરંગાબાદથી ૩૦ માઇલે ગોદાવરી કિનારે ' પૈઠન ' નામનું એક ગામ છે, કે જે પહેલાં શકજાતિના રાજા 'શાલિવાહાન'ની પ્રતિષ્ટાનપુર નામની રાજ્યધાની હતી.

ઓરંગાબાદથી આગગાડીમાં ચિકલઠાના કરમાડ, બદનાપુર,[૧] જાલના, કોડી, રંજની, પાતુંર, સતોના, મનવાથરોડ, પાઇદગામ, પુરભની, પુરના, લીંબગામ, નાનેડ, મુગટ, મહખેડ, સીવનગામ, ઉમરી, કરખેલી, ધર્માબાદ, બસર, નવીપેઠ, નિઝામાબાદ, ઢિચપલ્લી, મંડલવાઇ,

૧–જાલનામાં જૈનો અને જૈન મંદિર છે.

સિરના પલ્લી, ઉપલવાઇ, કામરેડી, બીકનુર, અકનાપેઠ, મિર્જાપલ્લી, વડીયારમ મસાઇપેઠ, મનોહરાબાદ, મેડચલ, ¹બલારામ, અલવાલ, અને સિકનદરાબાદ થઇ હૈદરાબાદ ઉતરવું.

(દક્ષીણ) હૈદરાબાદ.

મુંબઇથી ૫૫૪ અને સિકન્દરાબાદથી ૬ માઇલપર મુસા નદીને જમણે કિનારે હૈદરાબાદ નીઝામ સરકારની રાજ્યધાનીનું શહેર છે.

મન્દિરો—

બેગમબજાર, કારવાન, ચારકબાન, અને રેસીડેન્સીમાં આવેલાં છે. શ્રાવકોની વસ્તી પણ ચારકબાન, ઇશબચોક, પત્થરઘટી, બેગમબજાર, રસુલગંજ, અને રેસીડેન્સી વિગેરેમાં છે. અહિં જોવા લાયકમાં પબ્લીક અથવા મહેબુબબાગ, ઘોડ દોડનું મેદાન, અને રાજ્ય મહેલો વિગેરે છે.

અહિંથી સિકંદરાબાદ જવું. સિકંદરાબાદમાં અંગ્રેજી લશ્કરી છાવણી, શ્રાવકો, અને એક મંદિર છે. સિકન્દરાબાદથી મોલાઅલી, ઘટકેશર, બીડીનગર, ભોંગેર, રાયગિર, અને વંગાપાલી સ્ટેશન થઇ આલેર સ્ટેશન ઉતરવું, કે જ્યાંથી ખુશ્કી રસ્તે કુલ્પાકજી તીર્થ જવાય છે.

કુલ્પાક તીર્થ.

આલેર સ્ટેશનથી બે કોશપર કુલ્પાકજી જૂનું તીર્થ છે. તયાં જવાને આલેરથી પાકી સડક બાંધેલી છે. પહેલાં કુલ્પાક શહેર ઘણું આબાદ, અને શહેરના નામથી તીર્થનું નામ પણ કુલ્પાકજી પડયું હતું. અહિં રાગાડી સુપારી, લવિંગ, અને નાગરવેલના પાન વિગેરે ઘણાં થતાં હતાં. અહિંનું મંદિર મ્હોટું આલિશાન અને બુલંદ

---

૧ અહિં જૈનો અને જૈન મંદિરો છે.

શિખરબંધ હોવાથી દેવવિમાન જેવું છે. વિવિધતીર્થકલ્પમાં બતાવ્યું છે કે "આ મંદિર વિ૦ સં. ૬૮૦ માં બંધાયું હતું." મંદિરમાં શામરંગની તીર્થંકર આદીશ્વરભગવાનની મૂર્તિ લગભગ ૨॥ હાથ ઉંચી તપ્તાનશીન છે, તથા તેનું બીજું નામ 'માણિક્યદેવ' પણ કહેવાય છે. રંગમંડપના એક સ્થંભપર શિલાલેખમાં લખ્યું છે કે "વિ૦ સં૦ ૧૬૬૫ માં આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવામા આવ્યો." તથા વિજયસેનસૂરિનું નામ, અને રિષભદેવભગવાનની તારીફ લખેલી છે. અક્ષરો ઘસાઇ જવાથી બધો લેખ બરોબર વાંચી શકાતો નથી.

મંદિરના કોટની અંદર બીજા દરવાજા ઉપર એક શિલાલેખ છે. જેમાં:—

" स्वस्तिश्रीमत्पदांभोज—भेजुषा१ सन्मुखी सदा;

" तस्मै देवाधिदेवाय—श्रीआदिप्रभवे नमः ॥ १ ॥

" सं० १७६८ वर्षे—चैत्रशुद्ध दशम्यां पुष्यार्कदिने विजयमु-
" हूर्ते—श्रीमाणिक्यस्वामिनाम्नः आदीश्वरभगवतो—विम्बरत्नम्प्रति-
" ष्ठितम्—दील्लीश्वरबादशाह औरंगजेब—आलमगीरपुत्र—बादशाहश्री-
" बहादूरशाहविजयराज्ये—सूबेदारनवाब मुहम्मदयूसुफखानबहादुर-
" सहाय्यात्—तपागच्छे भट्टारकश्रीविजयरत्नसूरिवरंसति-पण्डितश्री-
" धर्मकुशलगणिशिष्य-पण्डितकेशरकुशलेन चैत्योद्धारःकृतः। शाके
" १६३३ प्रवर्तमाने इतिश्रेयः" લખેલું છે.

સં૦ ૧૯૬૫ માં ફરી દેદરાબારના શ્રાવકોએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, અને કોટ વિગેરે સુધરાવ્યું હતું. મંદિર પાસે યાત્રિયો માટે ઉતરવાને મકાન વિગેરે બનેલું છે.

—(*)—

१—भाजुषा.

ખાનદેશ અને નિઝામ હૈદરાબાદના તીર્થો અહિં ખલાસ થાય છે. એથી અગાડી મદ્રાસ પ્રેસીડેન્સી, લંકા, મલબાર, મહિસુર અને કર્ણાટક વિગેરેમાં હમણાં કોઇ જૈનતીર્થો નથી. જો કે લંકા, અને મદ્રાસ પ્રેસીડન્સીમાંના, કિષ્કિંધામાં અગાડી જૈનતીર્થો હતાં, પણ હાલ વિચ્છેદ થયાં છે. માત્ર ક્ષેત્ર ફરસના કરનારને રસ્તો સુગમ પડે તે માટે નીચે બતાવ્યો છે. છતાં એટલું યાદ રાખવું કે આજુબાજુપર કોઇપણ તીર્થંકરો વિચર્યા નથી. માત્ર પ્રાચીનમાં ઘણા વર્ષોપર ઉપર બતાવેલાં એ તીર્થો હતાં. તે શિવાય પણ જો કે કેટલેક હશે એમ અનુમાન થાય છે ખરૂ, પણ શંકરાચાર્યના આ બાજુ વધવાથી અહિં તીર્થો, તેમજ મ્હોટોભાગ શ્રાવકોનો નાશ થયેલો જણાય છે. દક્ષિણમાં તાપ વિશેષ હોવાથી 'દિગ્' વસ્ત્રે રહેનારા દિગમ્બરીયો પહેલાં આવતા હતાં. પણ એમ જણાય છે કે, તે વખતે આ તરફ આવતા દિગમ્બરોમાં કોઇ તેવો સમર્થ હશે નહિંજ. કે જે શંકરાચાર્ય સમીપ ખડો રહે! તેથી આ બાજુ શંકર અને વલ્લભાનુયાયિઓ વિશેષ છે. બૌધ્ધો પણ આ બાજુ જો કે ઉતરી આવ્યા હતા, પરન્તુ તેઓ પણ લાંબો સમય ટકયા હોય તેમ જણાતું નથી. બૌદ્ધની કેટલીક ગુફાઓ અને મંદિરોબી આજકાલ બ્રાહ્મણોના કબજામાં જોવામાં આવે છે.

હવે નાશિક અને થાના (કોકણમાં) એ તીર્થો બાકી રહ્યા. જેને અહિંથી નીચે દક્ષિણમાં જવા વિચાર ન હોય તેને તો કુલ્પાકથી આલેર સ્ટેશને આવી ત્યાંથી રેલ્વેમાં સિકન્દરાબાદ આવવું, અને ત્યાંથી જાલના, ઔરંગાબાદ અને ઇલોરારોડ વિગેરે સ્ટેશનો થઇ મનમાડ જંકશન જવું. (મનમાડથી સિકન્દરાબાદનો રસ્તો પછાડી પાને ૧૩૦ થી ૧૩૨ માં બતાવેલો છે તે રસ્તે પાછા આવવું.) મનમાડ જંકશનથી ૭૦ આઇ૦ પી૦ રેલ્વેમાં નાશિક ઉતરવું. નાશિકની યાત્રા કરી પાછા

રેલ્વેમાં કલ્યાણ જંકશન થઇ થાના ઉતરવું. અને થાનાથી યાત્રા ક- રીને મુમ્બાઇ આવવું. (નાશિક અને થાનાનું બ્યાન અગાડી દક્ષિણમાં ફરી આવ્યા બાદ કર્યું છે. ત્યાં જોઇ લેવું.)

કુલ્પાકથી મદ્રાસ, લંકા અને કિષ્કિંધાનો રસ્તો.

કુલ્પાકથી આલેર સ્ટેશને આવી આગગાડીમાં જાનગામ, રૂગનાથ- પલ્લી, ધાનપુર, કાઝીપેન્ઠ, વારંગાલ, ચિંતાલપલ્લી, નેકોન્ડા, કાસુમુદરં, આનુકોટા, ગારલા, ડોરનાકાલ જંકશન, પાપતાપલ્લી, ખામામેથ, ચિંતાકની, બોનાકલુ, મદીરા, યેરૂપાલીયમ (અહિં હૈદરાબાદ રાજ્ય ખલાસ થઇ બ્રિટિશ મદ્રાસ પ્રેસીન્ડેન્સી, અને કર્ણાટક શરૂથાય છે) ગાંગીનીની. અને કોણ્ડાપલ્લી થઇ બેજવાડા જંકશન ઉતરી જવું.

[બેજવાડા—મધરાસ રેલ્વે, સધર્ન મરાઠા રેલ્વે, અને નીઝામ સ્ટેટ રેલ્વેનું જંકશન છે. બેજવાડાથી એક રેલ્વે લાઇન વિઝીયાનગરમ, કુટાક, અને ઓરિસામાં બાલાસોર વિગેરે થઇ કલકત્તા; એક ગુંટાકાલ જંકશન વિગેરે થઇ મુંબાઇ, ગોવા, અને માયસોર; અને એક મદ્રાસ, વિલુપુરામ અને ત્રીચીનોપોલી વિગેરે થઇ રામેશ્વર અને તુતીકોરીન તરફ જાય છે.

બેજવાડામાં કોઇ જૈનમંદિર નથી, પણ ગુફાઓ અને શહેર જોવાની ઇચ્છા હોય તેને ઉતરવું. બેજવાડા કૃષ્ણા નદીના ડાબા કિનારે એક કસ્બો છે. અહિંથી મદ્રાસ, મછલીપટ્ટન, રાજમહેન્દ્રિ અને કાકનાડેમાં પાણીની નહેરો ગઇ છે. અહિં જૂના ખંડિયેરો ઘણાં છે, તથા પહાડમાં એક બુદ્ધ અને વૈદિકોના દેરાનું ગુફા મન્દિર છે. તે શિવાય પણ વૈદિકોના જૂના મંદિરો અહિં પુષ્કળ છે. એક કિલ્લો

કે જે ગુફાઓ પાસે ઇસ્ટ ઇન્ડીઆ કમ્પનીએ [બંધાવ્યો હતો તે, તથા મૂર્તી વિગેરે જોવાલાયક છે.]

બેજવાડાથી મદ્રાસ રેલ્વેમાં, કિસ્નાકેનાલ, ગોલકોંડા, પેડાવડલાપુડી, દુગીરાલા. કોલાકલુર, તેનાલી, તુન્ડુર, નીંદુબરૂલુ, આપીકાટલા, બાપટલા, ચીરાલા, વેટાપાલિયમ, ચીનાગંજામ, ઉપુગન્દુર, અમાનાબ્રોલુ, કારાવાડી, એંગોળ, સુરારેડીપાલમ, તાંગુટુર, સિંગારીયા કોન્ડા, ઉલ્વાપાડુ, તેટુ, કાવલી, બિટ્રાગુન્ટા, આલુરૂરોડ, તાલામંચી, કોડાવલુર, પડુગુપાડુ, નેલોર, વેંકટાચલમ, મનુબોલુ, ગુડુર જંકશન, પેદાપારિયા, નાયડુપેટા, ઘોડાવરીછતરમ, પોલીરડીપાલીયમ, સોલુરૂપેટ, ટાડા, અરામબાકમ, એલવુર, ગુમુદીપુન્દી, કાવરાઇ પેટા, પોનેરી, મિન્જુર, એનુર, એરાનાઉર, તીરૂવોતીયુર, તોન્ડાયારપેટે, કારૂકુપેટે, અને બેસ્તનબ્રીજ થઇ મદ્રાસ સ્ટેશને ઉતરવું.

શહેર મદ્રાસ.૧

મુંબાઇથી દક્ષિણ–પૂર્વ ૭૪૯, અને કલકત્તાથી પશ્ચમ–દક્ષિણ ૧૦૩૨ માઇલપર મદ્રાસ, ઇલાકાનું સદર મુકામ; અને રેલ્વેનું મહોટું જંકશન છે. મદ્રાસથી એક રેલ્વે લાઇન બેજવાડા વિગેરે થઇ કલકત્તા, એક ગુંટાકાલ; વાડી; અને ધોંડ વિગેરે થઇ મુંબાઇ, એક ગુંટાકાલ વિગેરે થઇ ગોવા અને પૂણા, એક જાલારપેટ વિગેરે થઇ બેંગલોર, એક ઇરોડ વિગેરે થઇ કલીકટ અને મેંગલોર, અને અક ત્રીચીનોપોલી અને મદુરા થઇ રામેશ્વર અને તુતીકોરીન વિગેરે તરફ ગઇ છે. અહિં જૈનઃ—

---

૧ મદ્રાસને દ્રવિડિયન લોકો ‘ચીનાપટ્ટન’ કહે છે.

મંદિર:—

બે સાહુકારપેંઠમાં, અને એક શુલેબાજારમાં મલી ત્રણ; તથા શ્રાવકોની વસ્તી આસરે ૩૦૦ ઘરોની છે. અગાડી શાસ્ત્રકારો આ મુલ્કને 'દ્રાવિડ' દેશ લખતા હતા. મદ્રાસમાં:—

જોવા લાયક:—

હાઇકોર્ટ, હસ્તકારી સ્કુલ, અજાયબઘર, તોપોનું કારખાનું, સ્કોટલેન્ડવાલાઓનું ચર્ચ, પીપલ્સ પાર્ક, વિકટોરિયામેમોરીયલ હોલ, લોર્ડમિન્ટો; લોર્ડકોર્નવોલિસ; અને જનરલ નીલની કબરો, નેપિયર પાર્ક, લૉકોલેજ, સેન્ટજોર્જ કિલ્લો અને ટીપુસુલતાનની બે તોપો, નવાબ કર્ણાટકીનો મહેલ, આકાશલોચન, ગવર્નમેન્ટહાઉસ, મદ્રાસ બેંક, ટેલીગ્રાફ ઓફીસ, દીવાદાંડી, અને રાણીબાગ વિગેરે છે.

સાઉથઇંડીયન અને મદ્રાસ રેલ્વેના અહિં છ છ સ્ટેશનો છે. દેશીઓને ઉતરવાને વાસ્તે ઘણાં આશ્રમો છે, તેમાં રાજા સર-રામસ્વામી મુડેલીયરની 'ચોલત્રી' સેન્ટ્રલ અને પાર્ક સ્ટેશનની પાસે છે. મદ્રાસના તમામ સ્ટેશનો પર ભાડુતી ગાડીયો મલે છે.

આ બાજુના લોકો સખ્ત તાપના કારણે કસ્તૂરી વર્ણવાલા એકાદ ઓછા કપડાથી ઢંકાયલા જોવામાં આવે છે. તેમજ સ્ત્રી વર્ગ પણ એકાદું લુગડું પહેરી આખે શરીરે હલધર ચોલેલી જોવામાં આવે છે.

હમણાં કેટલાંક ઉચ્ચ અને સુધરેલા વર્ગોમાંજ માત્ર વધારે કપડા પહેરવાનો રિવાજ જોવામાં આવે છે. અહિંના લોકોમાં એક રિવાજ એવો છે કે અઠવાડીયામાં એક વખત આખે શરીરે તેલ લગાડવું જોઇએ, તેથી તેઓ આખે શરીરે પુષ્કલ તેલ લગાવી દ્વિતીય હનુમાન રૂપ બને છે.

અહિંના લોકોમાં સોનું, ચાંદી અને માણેક પહેરવાનો રિવાજ વિશેષ જોવામાં આવે છે. કેમકે 'એક ગરીબમાં ગરીબ ધણીની સ્ત્રીને અંગે સોનું અને માણેક જોવામાં આવે છે. અને ઘણાંઓતો ગીની-ઓને નાકાંઝાલી નેકલેસો બનાવી પહેરે છે. આ કારણથી અહિં સોના ચાંદીના વ્યાપારી ન્હાના ગામમાં પણ જોવામાં આવે છે.

મદ્રાસ ઇલાકાના લોકોમાં ગાનાનો રિવાજ વિશેષ હોવાથી આ બાજુ ગવઇયાઓ ઘણાં એટલુંજ નહીં પણ શાહુકાર લોકોના છોકરા અને છોકરીઓ પણ ગાનામાં પ્રવીણ હોય છે, અને તેથી ખાસ છોકરા છોકરીને વાદ્ય અને સંગીતની નિશાલે મૂકવામાં આવે છે. વિશેષ ઉપયોગ આ બાજુ 'હારમોનીયમ' અને 'બીનનો થતો દેખાય છે.

મદ્રાસ ઇલાકામાં કારી, અને તમાકુનો પાક વિશેષ હોવા સાથે અહિંના લોકો પણ કોરી અને તપખીર—તમાકુનો ઘણો ઉપયોગ કરતાં જણાય છે. વળી અહિંના લોકોની ખાવાની રીત વખાણવા લાયક નથી. કેમકે ચોખા, દહીં, દુધ અને આમલીનું પાણી વિગેરે એકઠું કરીને એવી રીતે પાંચ સાત મિનિટમાં મ્હોટે કોળિયે ગળી જાય છે કે, બીજાઓને તો જોઇને અવશ્ય ચિતરીજ ચઢે.

આ ઇલાકામાં તૈલંગી, કાનડી, કર્ણાટકી, દ્રવિડી, અને મલબારી ભાષા જૂદી જૂદી જાતની, તથા સ્ત્રીઓનો પહેરવેશ પણ થોડા થોડા ફેરફારવાળો છે. મદ્રાસ ઇલાકામાં ઘણાંઓ દેશી પહેરવેશ અને જનો-ઇઓ રાખી ક્રીશ્ચયન ધર્મ પાલેછે. કેટલીક તો આખી ન્યાતોની ન્યાતો ક્રીશ્ચયન થઇ છે એટલુંજ નહીં, પણ કેટલાક ગામો ક્રીશ્ચ્યન થઈ ગયાં છે, અને દરેકના ઘરોના છાપરાપર આવો (†) ક્રોસ જોવામાં આવેછે. આ લોકો ક્રીશ્ચ્યન થયાં છે, છતાં પણ ઘણા ન્યાતી રિવાજો તેઓના દેશી છે. અહિંના લોકોમાં નાગરવેલનાં પાન ખાવાનો રિવાજ

પુષ્કલ છે. પણ તે સાથે લગ્ન થયાં પહેલાં પાન ન ખાવાનો પણરીવાજ છે. મ્હોટો ભાગ લગ્ન થયા પછીજ ખાયછે. આ બાજુ લાજ, ઘુંમટો, કે પરદાનો રિવાજ નથી. મદ્રાસના લોકોના ધોતીઆં, દોપટ્ટા, સાડીયો, ફેંટા, રેશમી કાપડ, તપખીર, ચીરૂટ, લાકડા અને માટીનાં રમકડાં, ચટાઇ, સેતરંજીઓ, વાંસ વિગેરેની ઝાંપી, ચાંદીનું, અને કારીગિરી કામ વિગેરે વખણાય છે.

મદ્રાસથી સાઉથ૦ઇન્ડીયા૦રેલ્વેમાં મદ્રાસ ફોર્ટ, પાર્ક, એગ્મોરા, ચેટપેટ, કોડમ્બાકમ, મામ્બાલમ્, સઇદાપેંઠ, ગુઇન્ડી, થોમસ માઉન્ટ, પાલાવરામ્, વન્ડલુર, ગુડવાનચેરી, સિંગારપેરમાલ કોઇલ, ચિંગલપેટ જંકશન, કોલાતુર નોર્થ, પડલામ, કરનઝંઝી, વિલુપુરામ જંકશન, સેરંડાનુર, મેલપટમ્બાકમ્, કડલુર, ચિદમ્બરમ્, માયાવરામ્ જંકશન, નરસિંગણ પેંઠ, અડુતુરાઇ, કુમ્બકોનામ (કુંભકરણમ્), પાપનાશમ, તેન્જોર જંકશન[1], અલાકુડી, બુડલુર, સોલાગમ પેટે, ત્રીચાનો-

---

૧ તેંજોર કાવેરી કિનારે ત્રિકોણી જગ્યાપર સુન્દર શહેર હોવાથી દક્ષિણ હિંદુસ્તાનનો બગીચો કહેવાય છે. ચોલાવંશના રાજાઓની છેલ્લી રાજધાની અહિં હતી, ત્યાર બાદ વિજયનગરવાળાઓનો નાયક અહિંનો હાકેમ હતો. સને ૧૬૫૬થી ૭૫ સુધી મરાઠાઓ પાસે રહ્યું, અને ત્યાર પછી ૧૬૭૯માં અંગરેજો પાસે આવ્યું. અને શિવાજીના મુઆ બાદ રાજધાની પણ સને ૧૮૮૫માં અંગ્રેજોના હાથમાં આવી. તેંજોર મન્દિરોને લીધે ઘણું પ્રખ્યાત છે જેમાંના ૧ મન્દિરનુ શિખર ૨૦૮ ફીટ ઉંચુ છે. દરવાજાની બુરૂજ સહુ કરતાં જૂની ' કાંજીવરામ ' ના રાજાની સને ૧૩૩૦ની બનાવેલી છે, તથા એક શિવએલ ૧૬ ફુટ લાંબો અને ૧૨ ફુટ ઉંચો જોવા લાયક છે. બેલને રોજ તેલ

ચઢાવવામાં આવતું હોવાથી પાષાણનો ચળકાત વધ્યો છે. દક્ષિણમાં તંજોર વિદ્યા. ધર્મ, અને રાજ્યનું હમેશને માટે ઘર હોવાથી ઘણું પ્રસિદ્ધ છે. જૈન મન્દિર કોઇ નથી.

૧—અહિં આઠ દશ શ્રાવકોની દુકાનો છે, પણ કોઇ મંદિર નથી. સને ૧૯૦૯માં વડોદરાવાળા શેઠ માણેકલાલ ઘેલાભાઇ તથા મુંબાઇવાલા શેઠ ગુલાબચંદ ધરમચંદે (જીવણચંદ લલ્લુભાઇ જવેરીની કંપનીવાળા) ત્રીચીમાં દહેરૂં બનાવવા ત્રીચીના શ્રાવકોને એકઠાં કરી પ્રયત્ન કર્યો હતો, અને શ્રાવકોએ પણ હા કહી હતી, તેથી થોડા વખતમાં ત્યાં જરૂર દહેરૂં થશે એવી વકકી છે. ત્રીચીના બડા બજારમાં તથા કેમ્પમાં શ્રાવકોની દુકાનો છે.

ત્રીચી કાવેરી કિનારે ઘણી લડાઇઓને લીધે પ્રખ્યાત છે. બડાબજારમાં એક પહાડીપર ગણપતિ વિ૦ મં૦ જોવા લાયક છે. ત્રીચીની પાસે 'વારિઓર' ગામ છે કે જે એક વખતે ચોલાવંશના રાજાઓની રાજધાની હતું. ત્રીચીની પાસે એક 'સુનેરી' અને બીજી 'ફકીરી' બે પહાડી છે, કે જ્યાં ઇંગ્રેજો અને ફ્રેંચોને લઢાઇ ચઇ હતી.

ત્રીચીની પાસે 'શ્રીરંગમ્' ગામ છે કે જે મૈસુરની રાજ્યધાની અને ઐતિહાસિક છે. ટીપુ અને અંગ્રેજને લડાઇઓ થઇ હતી અને અહિં તેઓ વચ્ચે સને ૧૭૯૨ માં કરારનામું પણ થયું હતું. ત્યારપછી ૧૭૯૯ માં હેરીસ અને ટીપુ વચ્ચેની લઢાઇમાં ટીપુ મરાયો હતો. અહિં નદીકિનારે 'દોલત' બાગ છે, જેમાં ટીપુનો ગરમીના દિવસોમાં રહેવાનો મહેલ અને મહેલપાસે ટીપુના બાપ હૈદરની કબર છે.

નામકનુર, વાડીપટી, સોલાવંદન, સમાય નાલુર, મદુરા[1], પશુમલાઇ[2], તિરૂમંગલમ્, સિવરાકોટ, કાલીગુડી, બેપીયાલીપટ્ટીછતરમ્, સેતુર, નલી

શ્રીરંગંમમાં રંગનાથનું મંદિર આબેહુબ જોવા લાયક છે. મંદિરને ફરતાં સાત કોટ ચણેલાં છે, જેમાંના અગાડીના બે ત્રણ કોટ સુધી ગામ, પછી મંદિરનું કારખાનું, જનાવરખાનુ, અને વચોવચ મંદિર છે. આ મંદિરને વાસ્તે અહિંના લોકો કહે છે કે, રામના વખતમાં 'વિભિષણે' દક્ષિણ દિશામાં રંગનાથનું મોંહ રાખી આ મંદિર બનાવ્યું છે, કે જેથી લંકામાં રહ્યા થકાં પોતે દર્શન કરી શકે. પણ આ વાત પાયાદાર લાગતી નથી. મંદિર ઘણું સારૂં હોવા છતાં પણ અંદરથી બહુ ડર્ટી છે કેમકે અહિંના લોકો તેલ ચઢાવે છે તથા હવાનો રસ્તો બરોબર ન હોવાથી પુષ્કળ વાસ મારે છે. આ મંદિરમાં વર્ષે એક લાખ રૂ. નું ઘી ખપે છે, તથા વેશ્યાઓ રોજ ગાનુગાવા આવે છે.

૧—આવશ્યકસૂત્ર વૃત્તિમાં જે 'દક્ષિણ મથુરા' કહી છે તે આજ છે. પહેલાં અહિં 'પાંડવ વંશના' રાજાઓ રાજય કરતા હતા. મદુરાના મંદિરો જોવા લાયક છે. જેમાં એક મંદિર ૧૦૦૦ સ્થંભનું સને ૧૫૫૦ માં 'આર્યાનાયકે' બધાવ્યું હતું, 'તીરૂમલાનું' મંદિર ૧૨૦ સ્થંભોનું છે જેમાં મૂર્તિયો, ગોદ્ધાઓ, અને ઘોડાઓ, બહુ ઉમદા કારીગિરીથી બનાવેલાં છે. આને વાસ્તે કહેવાય છે કે શિવે, રાજા 'તીરૂમલાને' વચન આપ્યું હતું કે દરવર્ષે ૧૦ દિવસ તહારી પાસે આવીને રહેવું, તેથી આ મંદિર બંધાવ્યું હતું. તાલટપ્પા કુલમ પણ આજ રાજાએ બંધાવ્યું હતું. તાલટપ્પાપર જાનેવારી મહિનામાં એક દિવસ એક લાખ દીપક કરવામાં આવે છે, તથા વરઘોડો કહાડવામાં આવે છે. અહીં જૈન મન્દિરો નથી. અહિંથી એક રેલ્વે લાઇન રામેશ્વર અને ધનુષકોડી જાય છે.

૨—પહાડને અહિંના લોકો 'મલાઇ' કહે છે.

કાયલપટ્ટી, કુમારપુરમ, દેવલંગલ, માનીયારચી જંકશન, અને તુતીમેલુર વિગેરે સ્ટેશનો થઇ :—

તુતી કોરીન:—

ઉતરવું. તુતીકોરીનને દ્રાવિડિયન લોકો 'તુતુગુડી' કહે છે. અહીં આવકો તેમજ મન્દિરો નથી. પણ અહીંથી સ્ટીમરમાં બેસી લંકા—સીલોન જવાય છે. તુતુકોરીનમાં મોતીની છીપો અને શંખ દરિયામાંથી કહાડવામાં આવે છે, જેને 'કાયલ'નું મોતી કહે છે. લંકા ટાપુ હોવાથી અહિંથી સ્ટીમરમાં બેસીને જવાય છે, માટે દરિયા રસ્તે લંકાના મુખ્ય શહેર કોલમ્બો જવું, કે જે, અહિંથી ૧૪૯ માઇલ છે. સ્ટીમરનું કનેકશન મેલટ્રેન સાથે હોવાથી મેલના પેસેંજરોને તુતીકોરીન રહેવુ પડતું નથી, અને બીજાઓને થોડા કલાક થોભવું પડે છે. મદ્રાસથી દક્ષિણ પશ્ચિમ ૪૪૩ માઇલે તુતીકોરીન આવેલું છે.

લંકા—સીલોન—સિંહલદ્વીપ.

લંકાને પ્રાચીનમાં સિંહલદ્વીપ, અને હમણાં સીલોન કહે છે. તીર્થંકર અજીતનાથજીના વખતમાં 'ધનવાહન' નામનો વિદ્યાધર અહિં રાજ્ય કરતો હતો. તીર્થંકર મુનિસુવ્રતસ્વામીના શાસનમાં રત્નાશ્રવ વિદ્યાધર રાજ્ય કરતો હતો, કે જેને કેકસી રાણીને કુખે રાવણ રાજા જનમ્યો હતો. રાવણના વડવાઓને એક મ્હોટો નવહીરાનોહાર દેવતાઓ તરફથી મળેલો હતો, જે તેના વડવાઓએ કેટલોક વખત પહેર્યો, અને ત્યાર પછીનાઓએ ન ઉંચકાવાથી દાબડામાં રાખી મૂકયો હતો. તે હાર રાવણે ઘણી ન્હાની વયમાં દાબડામાંથી કહાડીને પોતાના ગલામાં ઘાલ્યો. હારના નવે હીરામાં રાવણના મુખનું પ્રતિબિમ્બ પડવાથી લોકો તેને દશમુખકહેવા લાગ્યા. રાવણને દશ મોઢાં હતાં એમ જે લોકોનું કહેવુ છે, તે ખોટું છે.

અહિં રામ અને રાવણને ભારી યુદ્ધ થયું હતું, કે જેમાં રાવણને મારીને રામે વિભિષનને લંકાપર બેસાડયો હતો. તે વખતની હનુમાને બાંધેલી રામસેતુ–રામબ્રીજ રામેશ્વરના ટાપુ આગળથી દરિયામાં ભાગો તુટો હજુપણ મોજુદ છે. રાવણના વખતમાં લંકામાં જૈનધર્મનો પ્રચાર ઘણો હતો, તથા શાન્તિનાથમહારાજનું મ્હોટું તીર્થ–મંદિર હતુ. ગૌતમબુદ્ધના વખતમાં બૌદ્ધધર્મનો પ્રચાર અહિં હતો, કે જેના મંદિરો હજુ પણ અહીં મોજુદ છે. સિંહલદ્વીપ ટાપુમાં હમણાં કોલંબો, નિંગપુ, જાફના, કલતુરા, ચિકામલી, કાંડી, અને અનિરૂદ્ધ વિગેરે મશહૂર શહેરો છે. સિંહલદ્વીપને મુસલમાનો ' સરંદ્વી ' યુનાનીઓ ' ટોપરોવેન ' (એટલે રાવનનો ટાપુ), અને ઇંગ્રેજો ' સીલોન ' કહે છે. આ ટાપુમાં આશરે ૨૦૦ માઇલ લાંબી ' મહાબળી ગંગા ' નામની નદી, અને સમુદ્રથી ૬૨૦૦ ફીટ ઉંચો 'નવારાએલીયા' નામનો પહાડછે.

આ ટાપુમાં તજ, મરી, કાફી, ચા, એલચી, નાળિયેર અને સોપારી વિગેરેના પાક ઘણો છે. હકીક, પોખરાજ, શંગેશબ, તુરમલીન, શનિ, લસનિયા, ગોમેદક, ફટકડી, લોખંડ, અને બિલ્લોર અહિંની ખાણોમાંથી નીકળે છે, મોતીની છીપો અને શંખ અહિંના દરિયામાં પાકે છે. અહિંઆના જંગલોમાં હાથીની પેદાશ પણ થાય છે. બીજા જંગલોના કરતાં અહિંના હાથીઓ ચાલાક તથા વધારે મજબુત હોય છે. સિલોનમાં રાજ્ય આજ કાલ અંગ્રેજ લોકોનું છે. તથા અહીંનો વોયસરાય પણ જૂદો છે.

લંકાથી પાછા ફરી તુતીકોરીન આવવું, અને આગગાડીમાં મનીયાસી જંકશન, કોઇલપેટ, વિરૂદુપતી, મદુરા જંકશન અને ડીંડીગુલ વિગેરે સ્ટેશનો થઇ ત્રાચીનોપોલી ઉતરી પડવું. અને ત્યાંથી–કિષ્કિન્ધા જવા સારૂ–' ત્રીચીનોપોલી ઇરોડ બ્રેન્ચલાઇનમાં ત્રીચીફોર્ટ, શ્રી–

રંગમ્, તીરૂચચન્દુરી, એલામતુર, યાતાલાઈ, લાલાપેટ, મહાદતપુરમ્, પુગલુર, નાયલ, કુડીમુડી. અને ચવાડીપાલીયમ્, વિગેરે સ્ટેશનો થઈ ઇરોડ જંકશન ઉતરવું.

કલીકટ અને કોચિન.

ઇરોડ જંકશનથી 'સાઉથ ઇંડીઆ રેલ્વેની' એક લાઇન શોરનુર જંકશન થઇ 'કોચિન અને કલીકટ' ગઇ છે. ત્યાં બન્ને જગ્યાએ શ્રાવકોના મંદિર અને વસ્તી છે. કોચિન જનારને શોરનુર જંકશન થઇ ઇરનાકુલમ્ ઉતરી, ત્યાંથી સ્ટીમરમાં કોચિન જવું. અને કલીકટ જનારે શોરનુર જંકશનથી સીધા કલીકટ જવું. કોચિનની પાસે ૩૦ માઇલપર સમુદ્ર રસ્તે અલપાઇ ગામ છે. ત્યાં પણ શ્રાવકોની વસ્તી. મંદિર, અને ધર્મશાલા છે. તુતીકોરીનથી રેલ્વેમાં ન આવતાં સીધા સ્ટીમરમાં કોચિન અને અલપાઇ આવવું હોય તો આવી શકાય છે. તથા કોચિનથી કલીકટ પણ સ્ટીમરમાં જવું હોય તો જવાય છે. કોચિન ત્રાવનકોરમાં દેશી રાજ્યનું અને કલીકટ મલબાર કોષ્ટામાં અંગ્રેજી રાજ્યનું શહેર છે.

કોચિન અને કલીકટ ન જવું હોય તેને ઇરોડ જંકશનથી સાઉથ ઇન્ડીયા રેલ્વેમાં બેસી કાવેરી, અનંગુર, મેકડોનાલસ ચોલટરી, સેલમ, થીનાપટ્ટી, સમનપટી, કાગનકારી, વિગેરે સ્ટેશનો થઇ જાલારપેટ જંકશન ઉતરવું. અને જાલારપેટથી મદ્રાસ રેલ્વેમાં પચુર, મલનુમ, કુપમ, બિસાનાથમ્, કામસમુદરમ્, બોવરીંગપેટ જંકશન, દેવનકૂંડી, વાહઇટફીલ્ડ, કૃપણરાજપુરમ, અને બેંગલોર[1] કેમ્પ વિગેરે સ્ટેશનો થઇ,

[1] બેંગલોર સિટીઃ—

આવવું. મુલ્ક મૈસુરમાં બેંગલોર, સને ૧૭૫૦માં હૈદર પાસે હતું. અને ૧૭૯૧ માં અંગ્રેજોએ જીત્યુ, તથા ૧૭૯૯ માં બહિયાર વંશની

---

૧. મદ્રાસથી પશ્ચિમે ૨૧૯, અને મુંબાઇથી ૬૯૨ માઇલપર મદ્રાસ અને સધર્ન મરાઠા રેલ્વેનું જંકશન.

બાદમાંથી એકને આપવામાં આવ્યું. ઉતરવાને સ્ટેશન પાસે શેઠ પ્યા-રચંદીની ધર્મશાળા તથા બીજી ૮ ધર્મશાળા છે. શ્રાવકોની આબાદી તથા એક મન્દિર પણ બનેલું છે. અહિં મહિશુર રાજાનો મહેલ, કિલ્લો, ઘોડાદોડનુ મેદાન, અલસુર અને મિલ્લર નામનાં તળાવો, લાલ-બાગ, અને ગિબનપાર્ક વિગેરે જોવા લાયક છે. બેંગલોરનું રેશમ, રેશમી કિનારની સાડીઓ, ગલીચા, અને લેસ–પટા વિગેરે વખાણવા લાયકના છે.

બેંગલોરથી સધર્ન મરાઠા રેલ્વેમાં યશવંતપુર, રાસનકુંટી, હુડબા-લાપુર, મકલીગડગા, ગોરી બીદનુર, * હિન્દુપુર. પેનકુંડા, મકકાજીપદ, નાગસમુદ્રમ્, ધરમાવરામ્ જંકશન, અનનીપુર, કુલુર અને ખાદરપેઠ વિગેરે સ્ટેશનો થઇ ગુંટાકાલ જંકશન ઉતરવું. અને ત્યાંથી "ગુંટાકાલ હુબલી બ્રેન્ચમાં" બેવાહાલ, વિરાપુર, હગરી, બલ્લારી ૧ જંકશન બલ્લારી કેન્ટોનમેન્ટ, ટોરંગલુ, અને પાપીનાયક નહલ્લી વિગેરે સ્ટેશનો થઇ હોસ્પેટજંકશન ઉતરવું, કે જ્યાંથી કિષ્કિંધા જવાય છે.

વિચ્છેદ તીર્થ કિષ્કિન્ધા.

હોસ્પેટથી ૭ માઇલ ખુશ્કી રસ્તે કિષ્કિન્ધા એક જૂનું ગામ છે. રામ–લક્ષમણના વખતમાં સુગ્રીવ રાજા અહિં રાજ્ય કરતો હતો, તથા રામ–લક્ષ્મણ અહિં પધાર્યા હતાં. સાહસગતી–વિદ્યાધર અને સુગ્રીવને અહિં તારા રાણીને વાસ્તે યુદ્ધ થયું હતું, તેમાં રામ–લક્ષમણ સુગ્રીવની મદદે હતા. પહેલાં અહિં શાન્તિનાથ મહારાજનું તીર્થ હતું. હાલમાં નષ્ટ થયું છે.

---

* અહિં લગભગથી મૈસુર રાજ્ય છૂટી ગવર્નમેન્ટ રાજ્ય શરૂ થાય છે.

૧. બલ્લારીમાં મંદિર તથા શ્રાવકોની આબાદી છે.

કિષ્કિન્ધાથી પાછા હોસ્પેટ આવવું, અને આગગાડીમાં મુનિરાબાદ, જીનીગીરા, કુપલ, ભાનાપુર, બન્નીકુપા, હરલાપુર, અને કંગીનહાલ થઇ ગદક જંકશન ઉતરવું.

ગદક શહેર.

હુબલીથી ૩૬ અને ગુંટાકાલ જંકશનથી ૧૨૩ માઇલે ધારવાડ જીલ્લામાં ગદક એક શહેર છે- જૈ૦ શ્વે૦ શ્રાવકો અને મંદિરો અહિં આબાદ છે. દર્શન કરી અહિંથી રેલ્વેમાં બેસવું. અને હુલકોટી, અન્નીગારી અને કંકુર વિગેરે થઇ:—

હુબલી:—

જંકશન આવવું. ધારવાડ જીલ્લામાં હુબલી શહેર બેંગલોરથી ૨૯૧ માઇલે શ્વે૦ શ્રાવકો અને મંદિરોથી આબાદ છે. હુબલી જંકશનથી અમરગોલ સ્ટેશન થઇ:—

ધારવાડ:—

આવવું. હુબલીથી ૧૩ માઇલપર જીલ્લાના મુખ્ય શહેર ધારવાડમાં શ્વે૦ શ્રાવકો અને મંદિરો મોજુદ છે. ધારવાડનો કિલ્લો જોવાલાયક છે. ધારવાડથી સુગદ, કાંબરગંવા, તવરગી, નગરગલ્લી, લોંડા, ગુંજી, અને ખાનાપુર, વિગેરે સ્ટેશને થઇ:—

બેલગામ:—

જવું. જીલ્લાનું મુખ્ય શહેર બેલગામ ધારવાડથી પશ્ચિમોત્તર ૭૬ માઇલ પર જૈનો અને મંદિરની આબાદીવાળું એક શહેર છે. અહિંનો પણ કિલ્લો સારો છે. બેલગામથી સુલેભવી, સુલેધવલ, અને ઘુડપલ થઇ:-

૧ ગોકાક:—

રોડ ઉતરવું, ગોકાકરોડથી ૪ માઇલ પર ગોકાક એક કસ્બો છે. અહિં શ્રાવકો અને મંદિર છે. અહીં 'ગતપર્વ' નદીની ધારા ૧૭૫

---

૧. બેલગામથી ઉત્તરે ૩૯ માઇલ.

ફીટ ઉંચેથી પડે છે. તેને ગોકાકના નામથી, 'ગોકાકનો જલપ્રપાત' પણ કહે છે. ગોકાકથી ગોકાક રોડ આવી રેલ્વેમાં ચીકાડી રોડ, રાયબાગ, ચીંચલી, સેડવાલ, મીરજ, બુધગામ, તાસગામરોડ, કરડ, મસુર, આરવીરોડ, અને રહમનપુર વિગેરે સ્ટેશનો થઇઃ—

૧ સતારાઃ—

જવું. સતારારોડ સ્ટેશનથી ૧૦ માઇલે સતારા, જીલ્લાનું મુખ્ય શહેર આવેલું છે. જૈનોની વસ્તી અને મંદિર અહિં પણ મોજુદ છે. એક જૂનો કિલ્લો અહિં પહાડની ટેકરી પર બનેલો છે.

સતારારોડથી [૨] વથર, અડારકી, સલ્પા, લોનંદ, નીરા, જેજુરી, રાજેવાડી, અલંદી, પુરસંગી, સસવડરોડ, અને ઘોરપુરી વિગેરે સ્ટેશનો થઇ પૂણા જંકશન ઉતરવું.

શહેર પૂણા.

મૂળા–મૂથા નદીના સંગમ પર મુંબઇથી દક્ષિણે ૧૧૯, બેંગલોરથી ૬૨૫, અને સતારા રોડથી ઉતરે ૭૭ માઇલપર પૂણા અસલ પેશ્વાઓની રાજધાની હતું. પૂણા જી. આઇ. પી., અને સધર્ન મરાઠા રેલ્વેનું જંકશન છે. અહિંથી એક રેલ્વે લાઇન કલ્યાણી થઇ મુંબાઇ, એક કલ્યાણી થઇ ખાનદેશ; બેંગાળ અને સેન્ટ્રલ ઇન્ડીયા તરફ, એક વાડી જંકશન થઇ રાયચોર અને મદ્રાસ, તથા એક હુબલી જંકશન થઇ માયસોરમાં જાય છે. પૂણામાં ઉતરવા સારૂ સ્ટેશનપર ધર્મશાળા છે. તથા વૈતાળપેંઠ પાસે એક શેઠ મોતીચંદ ભગવાનની ધર્મશાળા છે. સ્ટેશનની થોડી દૂરથી એક બાજુએ કેમ્પની,

---

૧. ગોકાકથી ઉત્તરે ૧૩૨ માઇલ.

૨. મહાબળેશ્વર અહિંથી જવાય છે.

અને એક બાજુ ગામની આબાદી શરૂ થાય છે. જવાને માટે ટાંગાઓ, બગીઓ વિગેરે મળે છે. અહિં:—

મંદિરો:—

વૈતાળ પેંઠમાં, કેમ્પમાં, શોલાપુર બજારમાં, કિરકીમાં, અને શહેરથી બએ માઇલપર બે જગ્યાએ છે. પૂણાની તપખીર, તમાકુ, ત્રાંબા પિત્તળના વાસણ, ચાંદીનું નકશીકામ, અગરબત્તી, તેલો, અત્તર, ગુલકંદ, માટીના રમકડાં અને વાસણ, રેશ્મી અને સુતરાઉ કાપડ, અને કાગલો વિગેરે પ્રસિદ્ધ છે.

જોવાલાયક:—

એ મુંબઇ ઇલાકાની મુખ્ય લશ્કરી છાવની, બંડગાર્ડન, મૂલા-મૂથાનો બન્ધ, ડેકકન કોલેજ, હોસ્પીટાલ, ઘોડદોડ મેદાન, રે મારકેટ, પાર્વતી મંદિર, પેશ્વાઓનો હીરાબાગ—કે જેમાં અહમણું ટાઉનહોલ છે તે, ઇન્જીનીયર—કોલેજ, જેલ, અને ગનેશકિંડ, વિગેરે છે. પૂણાથી ૧૦–૨૦ માઇલપર સિન્ધર—પુરન્ધર કિલ્લો પણ દેખવા લાયક છે. અહિં શનિવાર પેંઠમાં પેશ્વાઓનો મહેલ મોજુદ છે, જેને હમણું 'જૂનો વાડો' કહેવામાં આવે છે. પૂણા હવાનું મુખ્ય શહેર છે. અહીં ક્ષય, દમ, અને બીજા કઠિણ રોગો સારાં થાય છે. અહીંની સીઝન જૂન—જૂલાઇથી શરૂ થાય છે અને લગભગ નવેમ્બર સુધી રહે છે. ચોમાસામાં પૂણાનો દેખાવ અતિરમ્ય, અને શીતળ હોય છે.

પૂણાથી જી. આ. પી. રેલ્વેમાં બેસી હડપસર, લોની, ઉરલી, યેવત, ખેડગામ, અને પતાસ થઇ ધોંડ જંકશન ઉતરવું, અને ત્યાંથી " ધોંડમનમાડ બ્રેન્ચમાં " પીપરી, બેલવાડી, વિસાપુર, સરોલા, અને અકલેનર થઇ:—

અહમદનગર:—

આવવું. પૂનાથી પૂર્વોત્તર દિશામાં ૮૯ માઇલે અહમદનગર જીલ્લાનું મુખ્ય શહેર અહમદનગર, સ્ટેશનથી ૧ માઇલપર આવેલું છે સ્ટેશનથી ગામમા જવા એક્કા, બેલગાડી મલે છે. યાત્રિયે શહેરમાં જઇ ખ્રિસ્તી ગલીમાં ધર્મશાલા છે ત્યાં ઉતરવું. અહિં બે શ્વે૦ મંદિરો છે. અહમદ નગરના ગાલીચા, અને ત્રાંબા પિત્તળના વાસણ વખણાય છે. શહેરથી ૧॥ માઇલપર એક કિલ્લો ફરતી ખાઇવાલો બનેલો છે.

અહમદ નગરથી વિલાડ, વાંબોરી, રાહોરી, લાખ, બેલાપુર, અને સંવત્સર વિગેરે સ્ટેશનો થઇ:—

યેવળા;—

જવું. અહમદનગરથી ઉત્તરે ૭૭ માઇલપર નાશિક જીલ્લામાં યેવલા એક શહેર છે. આંહિં એક મંદિર અને ધર્મશાલા છે. યેવલાના દોપટ્ટા, રેશમી કાપડ, અને કિનખાબ પ્રખ્યાત છે.

યેવળાથી અંકાઇ સ્ટેશન થઇ મનમાડ જંકશન ઉતરવું, અને મનમાડથી જી૦ આઇ૦ પી૦ રેલ્વેમાં સમેટ, લાસલગામ, ઉગામ, નિફાડ, ખેરગામ, ખેરવાડી અને ઓઢા સ્ટેશન થઇ નાશિકરોડ આવવું.

તીર્થ નાશિક.

મુંબઇથી પૂર્વોતર ૧૧૭ માઇલપર નાશિકરોડ સ્ટેશન છે. નાશિક રોડથી આસરે ૫ માઇલપર ગોદાવરી તટે જીલ્લાનું મુખ્ય શહેર નાશિક આવેલું છે. નાશિકને પહેલાં 'પદ્મપુર' કહેતાં હતાં તથા અહિંયાં ચન્દ્રપ્રભસ્વામીનું મ્હોટું મંદિર—તીર્થ હતું. વૈદિકો નાશિકને પશ્ચિમની કાશીપુરી માને છે, તથા તે લોકોનું પણ મ્હોટું તીર્થ છે. કેમકે રામચંદ્રજીએ પોતાનો વનવાસનો વખત ઘણો અહિં કહાડયો હતો.

તથા લક્ષ્મણે "સુર્પણખાનુ" નાક અહિં કાપ્યું હતું. તેસ્થળે પાંચ વડના ઝાડ નીચે પંચવતીનું શિવમંદિર છે. નાશિકમાં:—

મંદિરો:—

ત્ર્યંબક, તથા શ્રાવકોની આબાદી માત્ર ૨૫ સેક ઘરોની છે. ઉતરવાને ધર્મશાલાઓ અહિં ઘણી છે. તથા સ્ટેશનપરથી ગામમાં આવવાને ગાડીઓ, ગાડા અને ટ્રામકાર ચાલે છે. અહિં:—

જોવા લાયકમાં:—

પંચવતી, રામકુણ્ડ, સીતાગુફા, વિશ્વામિત્ર, અને પાંડવગુફા વિગેરે છે. અહિંથી ૨૦ માઇલપર ત્ર્યંબક આવેલું છે. (અસલ ત્રંબાવતી નગરી કહેવાતી હતી તે જ આ હોવી જોઇએ) ત્ર્યંબક પણ વૈદિકોનું મહોટું તીર્થ છે. નાશિકથી આગ્રારોડપર આસરે ચારેક માઇલપર એક ટેકરીપર-ગુફાઓ જોવા લાયક છે. જો કે આ ગુફાઓમાં મૂર્તિઓ કોતરેલી છે, તે બધી બૌધ્ધોનીજ જોવામાં આવે છે, છતાં પણ, વૈદિક ધર્મવાલાઓ રામની, પાંડવની, ભીષ્મપિતામહની, હનુમાનની, હિંગલાજદેવીની, અને ધ્રુવ સુખદેવ વિગેરેની કહે છે. ગુફાનું નામ પણ 'પાંડવ ગુફા' કહેવાય છે. પણ આ બધી બ્રાહ્મણોની પછાડીથી કરેલી કૃતિ જણાય છે. કેમકે મૂર્તિઓ જોતાં 'બૌધ્ધાસન' અને યજ્ઞોપવિત. તથા બૌદ્ધચિન્હો ખુલ્લા જણાઇ આવે છે. અહિં એક શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે મેળો પણ ભરાય છે.

નાશિકની આસપાસ ન્હાની ન્હાની પહાડીઓ ઘણી છે. જેમાં એક રામસેજ છે ત્યાં રામમંદિર, અને મશરૂના પહાડપર દિગમ્બરોનુ મન્દિર છે. રામસેજને વાસ્તે કહેવાય છે કે રામ અહિં આવી સુતા હતા. તેથી પહાડનું નામ રામસેજ—પથારી પડયું.

નાશિકથી નાશિક રોડ આવી રેલ્વે રસ્તે દેવલાલી. [દેવલાલી હવાનું મુખ્ય સ્થળ છે. અહીં ક્ષયરોગીઓને બહુજ આરામ રહે છે, અને ઘણાંઓ સુધરી જાય છે.] અસવાલી, ઘોટી, [1]ઇગતપુરી, કસારનોઘાટ, ખરદી, આટગામ, આસનગામ, વાસીંદ, ખાદોલી, તીતવલા, કલ્યાણી જંકશન, ડોંબાવલી, ડીવા, અને પારસીક વિગેરે સ્ટેશનો થઇ:—

થાના તીર્થ:—

ઉતરવું. મુંબઇથી ૨૧ માઇલે જીલ્લાનું મુખ્ય શહેર થાના ઘણું જુનું શહેર છે. શ્રીપાલરાજા જ્યારે ઉજ્જનથી દેશાટણે નીકળ્યાં હતાં તે વખતે તેઓ અહિં આવ્યા હતા. અહિં અત્યારે એક મંદિર તથા મંદિર પાસે ધર્મશાળા છે. બુદ્ધ લોકોની 'કનેરીની' ગુફા અહિંથી ૬ માઇલપર દેખવા લાયક છે. મેટહાઉસ તથા તળાવ–કે જેમાંથી થાનામાં પાણી લાવવામાં આવે છે તે પણ જોવા લાયક છે.

થાનાથી રેલ્વેમાં ભાંડુપ, વિખરોલી, ૨ ઘાટકુપર, કુરલા, સાવ, માટુંગા, ૨ દાદર, પરેલ, કરીરોડ, ચિંચપોખલી, ૨ ભાઇખલા, મજગામ, અને મસજીદ થઇ વિક્ટોરિયા ટરમીન્સ (મુમ્બાઇ) આવવું.

મુંબઇની તવારિખ સહુથી પહેલાં લખી ચુક્યા છીએ. મુંબાઇથીજ રસ્તો શરૂ કરેલો હતો તેથી મુંબાઇથી નીકળી પાછા મુંબાઇ આવતા સુધી રસ્તામાં જેટલા મંદિરો–તીર્થો હતા તે બતાવ્યા છે. ઘણે ભાગે તો કોઇ રહ્યા હશે નહીંજ ! છતાં, ભૂલથી રહ્યા હોય અને યાત્રિઓને ખબર હોય તો ત્યાં પણ જવું.

———:o:———

૧ અહીંથી વેસ્ટર્નઘાટ, અથવા સિહ્યાદ્રિ અને કોંકણ શરૂ થાય છે.

૨ અહિં જૈન મન્દિર છે.

સમુદ્ર રસ્તે એડન, ઉરન, રંગુન, જંગબાર, દાલગોવા બંદર, લીટીબંદર, મુંબાસા, વિગેરેમાં પણ મંદિરો છે. જેને જવું હોય તેને સ્ટીમરમાં જવું. રંગુન કલકત્તાથી જવાય છે.

બાકી રહી ગયેલાં ત્રણ તીર્થો.

૧-પાનસર (સ્ટેશન-વડાવ.)

બી૦ બી૦ સી૦ આઇ રેલવેના અમદાવાદ સ્ટેશનથી, આર. એમ. રેલ્વે જે મ્હેસાણા તરફ જાય છે, તેમાં વડાવ સ્ટેશને ઉતરવું. વડાવથી પાનસર ઘણું નજીક છે. ત્યાં હમણાં થોડા સમયપર એક જણાના ઘરમાંથી પ્રતિમા નીકળી હતી. આ પ્રતિમા બાબે બહુજ વિવિધ તરાહની વાર્તાઓ ચાલતી હતી પણ તે પ્રસ્તાવ અહીં યોગ્ય ન લાગવાથી છોડી દીધો છે. ખરી ખોટી બીના યાત્રિયે ત્યાં જઇ ચોક્કસ કરવી વધારે સારી છે. અહીંને માટે એક પેઢી સ્થપાઇ ગઇ છે. એક ધર્મશાળા પણ સાંભળવા પ્રમાણે શેઠ મણિભાઇ ગોકલભાઇ મૂળચંદ તરફથી બનાવવાની શરૂ થઇ ગઇ છે.

૨-અજારાપાર્શ્વનાથજીનું તીર્થ.

મથાળે જણાવેલ શ્રીઅજાર નગરમાં અજારાપાર્શ્વનાથજીનું ઘણા પ્રાચીન વખતનું તીર્થ આવેલું છે. આ તીર્થનું મહાત્મ્ય, શ્રીશત્રુંજય મહાત્મ્ય, હીરસોભાગ્ય કાવ્ય, હીરસુરિશ્વરનો રાસ આદિ અનેક ગ્રંથોમાં પ્રશંસા પૂર્વક વર્ણવેલું છે. તીર્થમાળાના સ્તવનમાં "અંતરીક્ષ અજાવરો અમીઝરોરે, જીરાવલો જગનાથ તીરથ તે નમુ રે" એવું આપણે હમેશાં બોલીએ છીએ. છતાં આ તીર્થ કઇ જગો ઉપર આવેલું છે તેની કેટલાએક ભાઇઓને બીલકુલ ખબર નથી. કેટલાએક ભાઇઓ એવું માને છે કે ઘણો જમાનો ચાલ્યો જવાથી આ તીર્થ

આપ લુપ્ત થઇ ગયું હશે! પણ તેમ નથી. એ અજારા પાર્શ્વનાથજીનું તીર્થ સોરઠ જીલ્લામાં ઉના અને દેલવાડા ગામની સમીપમાં હાલ મોજુદ છે, અને તેમાં ઘણીજ ચમત્કારી, અને પ્રભાવીક શ્રીઅજારા-પાર્શ્વનાથજીની પ્રતિમા બીરાજે છે. આ પ્રતિમાજીની ઉત્પત્તિ પણ ઘણી ચમત્કારી છે. તે બિંબ કોઇના ભરાવેલા નથી, પણ સાક્ષાત શાસન દેવતાએ હાજર થઇ સાગર નામના શ્રેષ્ટીને, તેમના કેટલાએક મનોરથ પૂરા પાડવા આપેલ હતા. આ વખતે સાગર શ્રેષ્ટી પોતાના ધંધા અર્થે વ્હાણમાં બેસી દરિયાઇ સફર કરતો હતો. શ્રેષ્ટી પ્રતિમાજી લઇ અતિ ઉલ્લાસથી પૂજન કરી અજાર નગરે આવ્યો. આ વખતે ત્યાં અજેપાળ રાજાને કુષ્ટ (કોઢ) નો સખ્ત વ્યાધી લાગુ પડેલો હતો. મોટા ધનવંતરી વૈદ્યોથી આરામ નહી થતાં તે પ્રતિમાજીનુ નમણુ ચોપડવાનો ઉપચાર ચાલુ કર્યો. નવ દિવસ નમણુ ચોપડવાથી રોગ તદન ઉપશમી ગયો. આથી અજેપાળ રાજાએ હર્ષિત થઇ બડી ધામધુમથી શુભ મુહૂર્તે એક ભવ્ય દેરાશર બંધાવી લાખો સોનૈયા ખર્ચી તે પ્રતિમાજીનું અજારાપાર્શ્વનાથજી નામ આપી અજાર નગરે પ્રતિષ્ટા કરી, અને કાયમના ખર્ચ ચલાવા માટે તે દેરાશર નીચે બાર ગામ અર્પણ કર્યા. આથી તે એક મ્હોટું તીર્થ કહેવાયું. અનેક દેશના સંઘ આવવા લાગ્યા, અને મહાત્મ્ય વધવા માંડયું.

અજારાપાર્શ્વનાથજીનો પ્રગટ થયાનો સમય.

અજારાપાર્શ્વનાથજી પ્રગટ થયાના સમયને સાડીબાર લાખ વરસ થયાનું તેમની ઉત્પત્તિ સંબંધીનાં સ્તવનમાં જણાવેલું છે. અને તેને શત્રુંજય મહાત્મ્ય અને હીરસૌભાગ્ય કાવ્ય આદિ ગ્રંથોથી સંપૂર્ણ ટેકો મળે છે. અને જેમ શંખેશ્વરાપાર્શ્વનાથજીની પ્રતિમા સૌથી પ્રાચીન

સમજવની છે, તેમ આ પ્રતિમા પણ તેવાજ પ્રાચીન સમજવની છે. અને થોડા વર્ષ પૂર્વે આ પ્રતિમાજીને ફેરી લેપ કરાવતાં પણ તેવુંજ અનુમાન થતું હતું. તેમ આ તીર્થને વિષે પણ પ્રાચીનતા બતાવનારો એક ઘંટ જાળવાઇ રહ્યો છે તે ઉપર "શ્રીઅજારાપાર્શ્વનાથ-સંવત્ ૧૦૧૪ ના શયચંદ" એવો લેખ લખાયેલો છે. એટલે તે ઘંટ પણ એ તીર્થની પ્રાચીનતાજ બતાવે છે.

આ તીર્થ સ્થળની સમીપનાં બીજા યાત્રાના ધામો.

આ તીર્થસ્થળની બે માઇલ દૂર ઉના ગામ છે. ત્યાં ભવ્ય પાંચ જિનાલયો છે અને અક પ્રાપ્ત કરનાર પરમ ઉપગારી શ્રીવિજયહીરસૂરિશ્વરજી, અને સવાઇ બીરૂદ સંપાદન કરનાર શ્રી વિજયસેનસૂરિશ્વરજી, અને તે પછી પાટે પરંપરામાં થયેલ આચાર્યોની પાદુકાની ૧૨ દેરીયો આવેલી છે. ઉપાશ્રયની અંદર જે જગ્યોએ વિજયહીરસૂરિશ્વર મહારાજ કાળ ધર્મ પામ્યા તે જગ્યોએ તેમની ગાદીની સ્થાપના છે. અજાર ગામથી અરધો માઇલ દૂર દેલવાડા ગામ છે, ત્યાં પણ એક ભવ્ય જિનાલય છે. તેનાથી બે ગાઉ દૂર દીવ કરીને ગામ છે. ત્યાં ત્રણ જિનાલયો છે. આ બધા સ્થળો પ્રાચીન વખતના છે. જો કે આ સ્થળોની કેટલાએક શ્રાવક ભાઇઓને માહીતી નહી હોવાથી અનુભવ જ્ઞાન થઇ શકેલ નથી. તો પણ શ્રી મુંબઇમાં ગોડીજી મહારાજના દેરાશરમાં પધરાવેલી ૪૦ પ્રતિમાજી અને ભાવનગરના દાદા સાહેબના દેરાસરમાં પધરાવેલી ૩૨ પ્રતિમાજી તથા સિદ્ધક્ષેત્રને વિષે બાબૂ માધવલાલ દુગડની ધર્મશાળાની અંદર આવેલા દેરાશરમાં મૂળનાયક અને તેમની પડખેની શ્યામ પ્રતિમાજી તથા જામનગર નજીક લાલપુર ગામના દેરાસરમાં પધરાવેલી ત્રણ પ્રતિમાજી આ સ્થળને વિષેથી લઇ જઇ પધરાવામાં આવેલા છે. આહીંથી તેટલો પરિવાર બહારગામ ગયા છતાં હજુ આંહી ઘણી ભવ્ય પ્રતિમાઓ છે. અને એક ખરેખર યાત્રા લાયકની પંચતીર્થી ગણાય છે.

આ સ્થળે જગદ્‌ગુરૂ વિજયહીરસૂરીશ્વર મહારાજનું પધારવું, તેમનો કાળધર્મ, અને તે પછીનો ચમત્કાર.

જગદ્‌ગુરૂ વિજય હીરસૂરિશ્વરનું નામ તેમના ચરિત્ર અને પ્રભાવથી શ્રાવક ભાઇઓમાં સ્થીર સ્મર્ણનીય રહેલું છે. તેઓ શ્રીએ આ તીર્થને વિષે બે ચાતુરમાસ કરેલા છે. તેમનું અંતિમ ચાતુર માસ આ ક્ષેત્રને વિષે હતું. તેમણે અકબર બાદશાહને પોતાની અમૃત તુલ્ય દેશનાથી પ્રતિબોધ આપ્યો અને તે પ્રતિબોધને ગ્રહણ કરી બાદશાહે ગુરૂજીને જગદ્‌ગુરૂનું બીરૂદ આપ્યું. તે સાથે એક વર્ષમાં છ માસ સુધી, પોતાની સર્વત્ર હકુમતમાં કોઇપણ માણસ, કોઇપણ વખતે, જીવહીંસા ન કરે એવો અમારીપડહ વજડાવ્યો. શત્રુંજય ઉપરનો મુંડકા વેરો માફ કર્યો. જજીઆ નામનો કર કાઢી નાંખ્યો. બંદીજનોને રૂણ મૂક્ત કર્યાં. ડાબર નામના મોટા સરોવરમાંથી મચ્છવધ બંધ કર્યો અને જે જે જગ્યોએ જૈન શ્વેતાંબરી ધર્મવાળાના તીર્થો, કોઠીયો, પૂજાના જગ્યાઓ અને સ્થળો હોય, તે સંઘના હવાલામાં યાવતચંદ્રદીવાકર સુધી રહેવાનો, અને તે ભૂમી નજીક કોઇપણ માણસ કોઇપણ દિવસે અને કોઇપણ વખતે પર પ્રાણીની ઘાત કરી નશકે એવા ફરમાનો કરી આપ્યા. આ વિગેરે અનેક ધર્મોના કાર્ય તેમણે કર્યા અને ગુરૂજીએ કરાવ્યાં ગુરૂજીએ ત્યાંથી વિહાર કરી સર્વ દેશના સંઘ સહિત સિદ્ધગિરિની યાત્રા કરી ઉન્નતપુર (ઉના) ગામમાં પધાર્યા. આ તેમનું અંતિમ ચોમાસુ હતું આંહી તેઓ શ્રી સં० ૧૬૫૨માં ભાદરવા શુદ ૧૧ ને દિવસે કાળ ધર્મ પામ્યા. શ્રાવકોએ પવિત્ર ભૂમી ઉપર આમ્રવૃક્ષની શીતળ છાયા નીચે તેમના સ્થુલ દેહનો અગ્નિસંસ્કાર કર્યો. તેજ રાત્રીમાં એ જગો ઉપર દીવ્ય નાટારંભ થવા લાગ્યો, તે એક સખ્સે દીઠો. પોતે ત્યાં ગયો, પણ તેવા ચમત્કારથી તે કાંઇક ડર્યો જેથી

ગામમાં આવી શ્રાવકોને વાત જણાવી. શ્રાવકો જોવાને ગયા. ત્યાં પ્રભાત થવા આવેલું એટલે નાટારંભ સમાપ્ત કરી દીધો. તીર્થંકર ભગવાનના વખતમાં જેમ અછેરા થતા હતા તેમ—વિજયહીરસૂરિશ્વર મહારાજનો જે ભૂમિ ઉપર અગ્નિસંસ્કાર કરેલ તે ભૂમિ પાસેના તમામ આંબા ફુલી નીકલ્યા. આ વખ્ત વર્ષારૂતુ હતી, ભાદરવા શુદ ૧૧ નો દિવસ હતો, અગ્નિસંસ્કાર વખ્તે તે આંબાઓ ઉપર મોહોર, કાચી કેરી, એમાંનું કાંઇ નહોતું છતાં એક રાત્રીમાં આંબાઓ ઉપર પાકેલી કેરીયો જોઇ, જેથી શ્રાવકોયે આ કળીકાળનું મહાન અછેરૂ માની કેરીયો તોડી લીધી. તેમાંની કેટલીક ખંભાત, અમદાવાદના 'સુબા સાહીબખાનને' અને કેટલીક અકબર બાદશાહને મલી એમ અનેક સ્થળે મોકલાવી. દરેકે તેનો ઉપયોગ લીધો, અને ખુશી થયા. તે સાથે તેવા મહાન્ જગદ્ ગુરૂનો વિરહ થવાથી બહુ દિલગીર થયા. શ્રાવકોયે જે જગ્યોએ અગ્નિસંસ્કાર કર્યો તે જગ્યોએ સ્થુભ (પાદુકા) ની સ્થાપના કરી. આ બંને સ્થળોએ અધ્યાપિ પર્યંત તેવા અનેક ચમત્કારો જોવામાં આવે છે. પણ લેખ લાંબો થવાના ભયે તેનું વિવેચન મુલ્તવી રાખ્યું છે.

આ તીર્થસ્થળની આધુનીક સ્થિતિ.

આ તીર્થસ્થળો નીચે ઉના અને અરજા ગામની અંદર જાગીરો આવેલી છે. અને તે બધા સ્થળોનો વહિવટ એકત્ર હોવાથી અત્રેના શ્રાવક કોમના અગ્રેસર, શાહના નામથી ઓળખાતા શાહ મૂળજી અભરાજ વહિવટ કરતા. પાછળથી તે આસામી કાચી પડવાથી ભંડારની તમામ સીલક તેમને ત્યાં રહી; એક પાઇ પણ પતી નહીં. અને જાગીરો પાછળથી એક ગોરજી દબાવી બેઠો એટલે આવકનું સાધન પણ બંધ થયુ. આથી આ સ્થળોનો ખર્ચ નીભાવવો મુસ્કેલ થઇ પડયો.

આ પુરાતન વખતના દેરાશરો હોવાથી ઘણીજ જીરણ સ્થિતિમાં આવી લાગ્યા, અને મહાન્ આશાતનાઓ થવા લાગી. આથી પરમાણંદ કરશનજી નામના એક સુશ્રાવકે જીર્ણોદ્ધાર કરવાનું કામ હાથ ધર્યું. કેટલોક પઇસો પોતાના પદરનો, અને કેટલોક બહારથી લાવીને ખર્ચ્યો. આથી કેટલોક ભાગ સુધારા ઉપર આવ્યો પણ નાણાની પૂરતી જોગવાઇના અભાવે, તથા પાછળથી તેઓ કાળ ધર્મ પામ્યાથી, બાકીના જીર્ણોદ્ધારનું કામ બંધ રહ્યું. આથી કેટલાક દેરાશરમાં હજુ ઘણું જીરણકામ જોવામાં આવે છે અને તેને લઇ મહાન્ આશાતનાઓ થાય છે. અજારાપાર્શ્વનાથજીનું શિખર ઘણું જીર્ણ થઇ ગયું છે. એમાંથી ભગવંત ઉપર વરસાદનું પાણી ટપકે છે તથા રંગમંડપ સમીપનો ભાગ ઘણોજ ખરાબ થઇ ગયો છે. દીવના ત્રણે દેરાશરના પવાસન અને રંગમંડપ તથા નીચેની ભુમિ લુણાવાળી હોવાથી ખવાઇ ગઇ છે. ઉના ગામ મધ્યેના શાંતિનાથજીના દેરાશરની ભમતીમાં આવેલા ત્રીશ દેરીયો, તથા એ દેરાશરનો રંગમંડપ; અને પાર્શ્વનાથજી, તથા નેમનાથજીના દેરાશરોના રંગમંડપની સ્થિતિ પણ તેવીજ છે. આથી ભગવંત ઉપર પુષ્કળ લુણાવાળો કચરો પડે છે. વર્ષા રતુમાં પાણી ટપકે છે અને ભોંય તળીઆની જમીનમાં પુષ્કળ ભેજ થાય છે. પવાસન આદિમાં ખાડાઓ પડેલા હોવાથી પખાલનું પાણી જ્યાં ત્યાં ભરાઇ રહે છે. આથી કુંથવા, અને બીજા શુદ્ર જીવોનો ઘણો ઉપદ્રવ થતો હોવાથી જિનાલયો છતાં, જીવાકુળ જેવી ભૂમિ લાગે છે. તેમજ શ્રીહીરસુરિશ્વરાદિ આચાર્યોની દેરીયોમાં તો આવા બધા સંજોગો સુવિશેષ જોવામાં આવે છે. અને તે આશાતનાનું તો વર્ણન થઇ શકે તેવું નથી. ઉપાશ્રય અને ધર્મશાળાની સ્થિતિ પણ મુનિ ગણો રહી શકે એવી રહી નથી.

અહીં સં૦ ૧૯૬૭ ના શ્રાવણ સુદી ૮ ના દિવસે મુનિ જયવિજયજીના ઉપદેશથી "જગદ્‌ગુરૂ હીરસૂરીશ્વર પુસ્તકાલય" ઉઘાડવામાં આવ્યું છે. અને તેના કાર્ય માટે મી૦ મોરારજી રઘુભાઇ વકીલ, અને શેઠ અમૃતલાલ ત્રિભોવનદાસને નિમવામાં આવ્યા છે.

અજારા, જૂનાગઢથી વેરાવળ સુધી રેલ્વેમાં આવી શકાય છે, અને વેરાવળથી માત્ર ૨૪ કોશ દૂર ખુશ્કી રસ્તે જવાય છે. આ શિવાય મુંબઇથી ભાવનગર જતીઆવતી સ્ટીમરોમાં પણ જાફરાબાદ બંદર ઉતરી ત્યાંથી જઇ શકાય છે. જાફરાબાદથી માત્ર દશ કોશજ દૂર છે.

ઉપર જણાવેલા બન્ને રસ્તાઓ ઘણાં સુલભ છે. આવવા જવા માટે બન્ને સ્થળોએ વાહનોની સગવડ સારી હોવાથી યાત્રાળુઓને જવું આવવું સ્હેલું થઇ પડે છે, માટે અવશ્ય આવા તીર્થોની યાત્રા કરવી જોઇએ.

૩–સાચોર.

મુલ્ક મારવાડના જોધપુર સ્ટેટમા સાંચોર કસ્બામાં મહાવીરસ્વામીનુ તીર્થ અત્યારે મોજુદ છે. રેલ્વે સ્ટેશન નથી.

વિચ્છેદ થયલાં તીર્થોના ટુંક અહેવાલ.

૧—અયોધ્યાની પાસે 'પુરીમતાલ શાખા' નગરમાં આદીશ્વર ભગવાનનું તીર્થ.

૨—'તક્ષશિલા' નગરીમાં કે જે હિંદુસ્થાન બહાર હતી. બાહુબલ વિનિર્મિત ધર્મચક્ર નામનું તીર્થ.

૩—પ્રયાગમાં શ્રી શીતળનાથજીનું.

૪—પ્રભાસમાં શશિભૂષણચંદ્રપ્રભ–જવાલામાલીની દેવનાવસર નામનું ગૌતમસ્વામી પ્રતિષ્ઠિત તીર્થ.

૫—'પ્રતિષ્ઠાનપુર'માં—કે જેને હમણાં પેઠન કહેવામાં આવે છે ત્યાં, મુનિસુવ્રતસ્વામીનું.

૬—'હેમસરોવર' અને 'માનસરોવર'ને કિનારે તીર્થ હતું.

૭—'કોટીશિલા' પાસે પણ એક તીર્થ હતું.

૮—'કાદમ્બરી' અટવીમાં કલિકુણ્ડપાર્શ્વનાથનું.

૯—હિમાલયની ઉત્તરે ચંપાનગરીમાં કે જ્યાં શાલ—મહાશાલ રાજ્ય કરતાં હતાં ત્યાં. 'આવશ્યકસૂત્રનાં' પહેલા અધ્યનમાં બયાન છે. કે મહાવીરસ્વામી અહિં પધાર્યા, અને શાલ—મહાશાલને દીક્ષા આપી,

૧૦—દંડકારણ્યમાં—કે જ્યાં રામ—લક્ષમણ વનવાસ વખતે રહ્યા હતા, ત્યાં પણ તીર્થ હતું.

૧૧—વિરાટનગરીમાં—કે જ્યાં પાણ્ડવો વનવાસ સમયે રહ્યા હતાં. વિરાટ જયપુર અને અમદાવાદ એમ બન્ને પાસે કહેવાય છે.

૧૨—'તારાતંબોલ'માં તીર્થ હતું. અત્યારે પણ કદાચ હશે! પરન્તુ પતો લાગતો નથી.

૧૩—'તામ્રલિપ્તી' નગરીમાં પણ તીર્થ હતું.

૧૪—ગંગા—યમુનાની વેણી સંગમ પર આદિકમણ્ડળ અને કુન્થુનાથજીનું તીર્થ.

૧૫—માહેન્દ્ર પર્વતમાં પદ્મપ્રભુ અને છાયા પાર્શ્વનાથજીનું.

૧૬—ગંગા નદી પાસે વિમળનાથજીનું.

૧૭—ત્રિકુટગિરિ પર્વતમા શાંતિનાથ મહારાજનું.

૧૮—શ્રીપર્વતમાં તીર્થંકર મલ્લિનાથજીનું.

૧૯—'માણિક્યદણ્ડકમા' મુનિસુવ્રતસ્વામીનું.

૨૦—૨૧—'શંખજિનાલયમાં' અને સ્થંભતીર્થમાં પાતાલગંગાભિધાન અને નેમિનાથજીનું તીર્થ.

૨૨—'ધંડખાતમાં' ભવ્યપુષ્કરાવર્ત-પાર્શ્વનાથજીનું.
૨૩—'બાવલસ્વામી'ગઢમાં દેવાધિદેવ નામનું તીર્થ હતું.
૨૪—'રામશયનમાં' પ્રદ્યોતકારી-શ્રીવર્દ્ધમાનસ્વામીનું.
૨૫—સિંહાદ્રિ પર્વતમાં પણ પહેલાં તીર્થ હતું.
૨૬—મુલ્ક દ્રવિડમાં તીર્થ હતું.
૨૭—કાન્યકુબ્જમાં પણ તીર્થ હતું.
૨૮—ખેંગારગઢમાં ઉગ્રસેનપૂજીત મેદિનીમુકુટ-આદિશ્વરભગવાનનું તીર્થ હતું.
૨૯—નગરમહાસ્થાનમાં યુગાદિ દેવનું તીર્થ.
૩૦-૩૧—મહાનગરી અને ઉદંડવિહારમાં આદિનાથજીનું.
૩૨—'કાશહૃદમાં' ત્રિભુવનમંગલકલશ-આદીશ્વરભગવાનનું.
૩૩—સોપારાપટ્ટનમાં-કે જ્યાં શ્રીપાળ પધાર્યા હતા ત્યાં, આદીશ્વર-ભગવાનનું તીર્થ હતું.
૩૪—મોક્ષ તીર્થમાં શ્રીનમિનાથ મહારાજનું.
૩૫-૩૬-૩૭-બંદરીમાં, તારણમાં, અને વિશ્વકોટિ શિલાપર અજિતનાથ મહારાજનુ તીર્થ હતું.
૩૮—'અગંદિકા નગરીમાં' અજિત-અને શાન્તિનાથ મહારાજનું બ્રહ્મેન્દ્રદેવતાવસર નામનું તીર્થ.
૩૯—નર્મદા નદીના મૂળપર સંગમતી ગામની પાસે તીર્થંકર અભિનન્દન જિનના નામનું તીર્થ હતું.
૪૦-૪૧-'હંસદ્વીપ' અને 'ક્રૌન્ચદ્વીપમાં' સુમતિનાથજીનું દેવપાદુકા નામનું.
૪૨—આમ્બુરી ગામમાં શ્રીમતીદેવ નામનુ તીર્થ હતું.
૪૩—'કોશાદ્વારમાં' સુવિધિનાથ સ્વામીનું તીર્થ હતું.

૪૪—વિન્ધ્યાચલ પર્વતે-કે જ્યાં હાથીઓની પેદાશ થતી હતી-ત્યાં કલિકુણ્ડવનમાં શુભપાર્શ્વનાથસ્વામીનું.

૪૫—મલયાગિરિમાં શ્રેયાંસ અને પાર્શ્વનાથ સ્વામીનું.

૪૬-૪૭-૪૮—દ્વારવતીમાં, દેવસમુદ્રમાં, અને શાકપાણિમાં શ્રીઅનન્તનાથસ્વામીનું તીર્થ હતું.

૪૯-૫૦—'અજાગૃહ' અને સ્થંભનતીર્થમાં નવનિધિપાર્શ્વનાથનું.

૫૧—'કરહેટકમાં' ઉપસર્ગહર-પાર્શ્વનાથસ્વામીનું તીર્થ હતું.

૫૨—'અહિ છત્રા' નગરીમાં ત્રિભુવનભાનુનામનું તીર્થ હતું.

૫૩-૫૪—કલિકુણ્ડ અને નાગહ્રદમાં પાર્શ્વનાથ સ્વામીનું.

૫૫—'કુર્કટેશ્વરમાં' વિશ્વગજ-પાર્શ્વનાથનું.

૫૬—ઓંકારપર્વતમાં સહસ્રફણા-પાર્શ્વનાથનું.

૫૭—'મહાકાલાન્તર'સ્થાનમાં પાતાલ ચક્રવર્તી-પાર્શ્વનાથ સ્વામીનું.

૫૮—ડાકુલીભીમેશ્વર સ્થાનમાં પાર્શ્વનાથસ્વામીનું.

૫૯—શત્રુઞ્જયગિરિપર્વતમાં મહાવીરસ્વામીનું.

૬૦-૬૧-૬૨—મોઢેરમાં, વાયડમાં, અને મેતુણ્ડકમાં એક એક જૈન તીર્થ હતાં.

૬૩-૬૪-૬૫—મુંડસ્થળમાં, શ્રીમાળપત્તનમાં. અને કુણ્ડગ્રામમાં પણ એક એક તીર્થ હતું.

૬૬-૬૭-૬૮—ટંકારસ્થાનમાં, ગંગાર્ઝાલમાં. અને સરસ્થાનમાં તીર્થ હતાં

૬૯-૭૦—'પુષ્કર પર્વત' અને 'નન્દીવર્ધ્ધનકોટિ' ભૂમિમાં પણ એક એક તીર્થ હતાં.

૭૧-૭૨-૭૩—તિમાલમાં, મુરીણ્ડમાં, અને શ્વેતમ્બિકાનગરીમાં પણ એકએકજૈનતીર્થ હતાં.

૭૪—*ચર્મણ્વતી નદીને કિનારે, ઢીંપુરીનગરીમાં પણ હતું.

૭૫—રાજા શ્રીપાલના સમયમાં રત્નસંચયાનગરમાં આદિનાથ સ્વામીનું.

૭૬—બરમામાં આવા નામનું શહેર અત્યારે મોજુદ છે. ચન્દરાજાના ચરિત્ર ઉપરથી જણાય છે કે, કદાચ એજ પહેલાં આભાપુરી હોય!

અષ્ટાપદ તીર્થ.

૭૭—અષ્ટાપદપર્ કે જે, વૈતાઢ્યપર્વતની × દક્ષિણમાં આવેલું છે. ત્યાં અહિંથી કોઇથી જવાતું નથી.

જૈન ચૈત્ય-સ્તવ. વૃત્ત-સગ્ધરા.

सद्भक्त्या देवलोके रविशशिभवने व्यन्तराणां निकाये,
नक्षत्राणां निवासे ग्रहगणपटले तारकाणां विमाने;
पाताले पन्नगेन्द्रे स्फुटमणिकिरणे ध्वस्तसान्द्रान्धकारे,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे. ॥ १ ॥
वैताढ्ये मेरुशृङ्गे रुचकगिरिवरे कुण्डले हस्तिदन्ते,
वक्षारे कूटनन्दीश्वरकनकगिरौ नैषधे नीलवन्ते;
चित्रे शैले विचित्रे यमकगिरिवरे चक्रवाले हिमाद्रौ,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे. ॥ २ ॥
श्रीशैले विन्ध्यशृङ्गे विमलगिरिवरे ह्यर्बुदे पावके वा,
सम्मेते तारके वा कुलगिरिशिखरेऽष्टापदे स्वर्णशैले;
सह्याद्रौ चोज्जयन्ते विपुलगिरिवरे गुर्जरे रोहणाद्रौ,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे. ॥ ३ ॥

* જેને હમણાં ચમેલ કહે છે. × હિમાલયનો એક ભાગ.

आघाटे मेदपाटे क्षितितटमुकुटे चित्रकूटे त्रिकूटे,
लाटे नाटे च घाटे विटपिघनतटे देवकूटे विराटे;
कर्णाटे हेमकूटे विकटतरकटे चक्रकोटे च भोटे,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे. ॥ ४ ॥
श्रीमाले मालवे वा मलयजनिखिले मेखले पिच्छले वा,
नेपाले नाहले वा कुवलयतिलके सिंहले मैथिले वा;
डाहाले कौशले वा विगलितसलिले जङ्गले वा तिमाले,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे. ॥ ५ ॥
अङ्गे वङ्गे कलिङ्गे सुगतजनपदे सत्प्रयागे तिलङ्गे,
गौडे चौडे मुरण्डे वरतरद्रविडे[1] उद्रियाणे च पौण्ड्रे;
आर्द्रे माद्रे पुलिन्द्रे द्रविडकुवलये कान्यकुब्जे सुराष्ट्रे,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे. ॥ ६ ॥
चम्पायां चन्द्रमुख्यां गजपुरमथुरापत्तने चोज्जयिन्यां,
कोशाम्ब्यां कोसलायां कनकपुरवरे देवगिर्यां च काश्याम्;
नासिक्ये राजगेहे दशपुरनगरे भद्दिले ताम्रलिप्त्यां,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे. ॥ ७ ॥
स्वर्गे मर्त्येऽन्तरिक्षे गिरिशिखरहृदे[1] स्वर्णदीनीरतीरे
शैलाग्रे नागलोके जलनिधिपुलिने दुर्गमध्ये त्रिसन्ध्यं
ग्रामेऽरण्ये वने वा स्थलजलविषमे भूरुहाणां निकुञ्जे,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे. ॥ ८ ॥
श्रीमन्मेरु (रू) कुलाद्रौ रुचकनगवरे शाल्मलौ जम्बूवृक्षे,
चौज्जन्ये चैत्यनन्दे रतिकररुचके कुण्डले मानुषाङ्के.

१ हृसंयोगयुक्तत्वदीर्घः ।

[illegible] कोटिकानाद्री दधिमुखगिरिवरे व्यन्तरे स्वर्गलोके,
श्रीमत्तीर्थङ्कराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे ॥ ९ ॥
इत्थं श्रीजैनचैत्यस्तवनमनुदिनं ये पठन्ति प्रवीणाः,
प्रोद्यत्कल्याणहेतुं कलिमलहरणं भक्तिभाजस्त्रिसन्ध्यम्;
तेषां श्रीतीर्थयात्राफलमतुलमलं जायते मानवानाम्,
कार्याणां सिद्धिरुच्चैः प्रमुदितमनसां चित्तमानन्दकारि ॥ १० ॥

—(*)—

જરૂરી રેલ્વે કાયદા.

નીચે લખેલા સ્ટેશનોપર કોઇ પણ વર્ગની ટીકીટો માટે રાત દિવસ ઓફીસ ખુલ્લી રાખવામાં આવે છે.

આઉધ એન્ડ રોહીલખંડ રેલ્વે. O. and R. Ry.

અયોધ્યા, કાશી, કાનપુર, ફૈજાબાદ, બનારસ, બારાબાંકી, મુરાદાબાદ, લખનૌ, વિગેરે. બાકીના સ્ટેશનોએ ગાડીના ૧ કલાક અગાડી ખોલવામાં આવે છે.

ઇસ્ટ ઇન્ડીયા રેલ્વે E. I. Ry.

અલીગઢ, આસનસોળ, અલાહાબાદ, ઈટાવા, કલકત્તા, કાનપુર. ગયા, ચંદ્રનગર, જબલપુર, ટુંડલા, દિલ્લી, દીનાજપુર, પટના, બરદવાન (વર્દ્ધમાન), બાંકીપુર, વૈદ્યનાથ, મીરજાપુર, મોગલસરાય. મોકામા. મેમારી, સેરામપુર, અને હાઉડા, વિગેરેમાં આખો દિવસ ખુલ્લી રહે છે. કલકતા શહેરમાં ટીકીટ ઓફીસો નીચે પ્રમાણે છે, તે સવારના ૬ થી સાંજના ૬ સુધી ખુલ્લી રાખવામાં આવે છે. ૧–ફેરલીપેલેસ ૨–નં૰ ૩૮–૩ ચૌરંઘી. ૩–આરમીનેવીસ્ટોર્સ. ૪–બડાબજાર નં૰ ૧૨૨ હેરીસનરોડ.

ગ્રેટ ઇંડીઆ પેનીનસુલા રેલ્વે G. I. P. Ry.

અહમદનગર, આકોલા, ઇટારસી, ઉમરાવતી, કલ્યાણ, કરીરાડ, ખંડવા, ગુલબરગા, થાના, નાસિક, નાગપુર, પુના, ભુસાવલ, ભોપાલ, બાબ્બાલા, મસજીદ, વરધા, વિક્ટોરિયા ટરમીનસ, હોશંગાબાદ, ચિઝર. બાકી સ્ટેશનોપર ગાડીની પહેલાં ૧ કલાક અગાડી ઉઘડે છે.

નોર્થ વેસ્ટર્ન રેલ્વે. N. W. Ry.

અમૃતસર, અંબાલા, ગુજરાત, ગુજરાનવાલા, જાળંધર, જેલમ, જેકબાબાદ, દિલ્હી, ફીરોજપુર, મીરટ, મુલતાન, લાહોર, લુધીયાના, સહારનપુર, અને હૈદ્રાબાદસિંધ.

નીઝામસ્ટેટ રેલ્વે. N. G. S. Ry.

બેગમપત્તન, બેજવાડા, સિકંદરાબાદ, અને હૈદરાબાદ સારો દિવસ ખુલ્લી રહે છે. ઔરંગાબાદ, જાલના, દૌલતાબાદ, અને વારંગલ વિગેરે પર ગાડીની પહેલાં ૧ કલાક અને બીજા સ્ટેશનો પર ગાડી પહેલાં ૦॥ કલાક અગાડી ખુલ્લી રહે છે.

બોંબે બરોડા અને સેન્ટ્રલઇંડિયા રેલ્વે. B. B & C. I. Ry., and R.M. Ry.

આ રેલ્વેમાં નીચે લખેલાં સ્ટેશનો પર ગાડીના બે કલાક અગાડી ખોલવામાં તથા ગાડીના ઉપડવાના ૫ મિનિટ અગાડી બંધ કરવામાં આવે છે. પણ બીજી વાહનોમાં જનાર દર વખતે ટીકીટ મેળવી શકે છે તથા સામાન તોલાવી શકે છે.

આબુ, અજમેર, અમદાવાદ, આગરા ફોર્ટ, અલવર, ઇંદોર, કાસગંજ, કાનપુર, જેપુર, દિલ્લી, નસીરાબાદ, નીમચ, પાલનપુર, બાંદીકુઇ, ભરુચ, મહુ, મથુરાકેન્ટોનમેન્ટ, રતલામ, વડોદરા, વઢવાણ.

અને સુરત. સુરત શહેરમાં કણપીઠમાં ટીકીટ ઓફીસ છે. સવારના ૧૦ થી સાંજના ૫ સુધી.

બંગાલ નોર્થવેસ્ટર્ન રેલ્વે. B. N. W. Ry.

ગાડીના આવવા પહેલાં ૧ કલાક અગાડી ટીકીટ ઓફીસ ખોલવામાં આવે છે.

મદ્રાસ રેલ્વે. M. Ry.

આરકોનામ, કોઇમ્બતુર, જોલારપેટ, બેંગલોર, મદરાસ. અને રાયચોર વિગેરેપર માત્ર મેલટ્રેનના પેસેંજરોને જ્યારે જોઇએ ત્યારે ટીકીટ મલે છે તથા સામાન તોલાવી શકાય છે.

સધર્ન મરાઠા રેલ્વે. S. M. Ry.

ગુંટાકાલ, બેંગલોર, ધારવાડ, અને હુબલી વિગેરે પર દિવસમાં આખો વખત ઉઘાડી રહે છે,

સાઉથ ઇંડિયા રેલ્વે. S. I. Ry.

આરકોનામ, ઇરોડ, કુંબકોનામ, ચિંગલપેટ, ત્રીચીનોપોલી, તંજોર તુતીકોરીન, માયાવરામ, મદ્રાસ (ઇગમોરા સ્ટેશન), મદુરા, વિગેરે. અને બાકીના સ્ટેશનોપર મેળા અગર તહેવારના દિવસોમાં રાત-દિવસ ખુલ્લાં રાખવામાં આવે છે.

મ્હોટા ભાગની રેલ્વે કમ્પનીઓએ ફર્સ્ટ, સેકન્ડ, ઇન્ટર, અને થર્ડ, એમ ચાર પ્રકારના વર્ગો પાડેલા છે ફર્સ્ટ, અને સેકન્ડ કલાસના પેસેંજરોને જો સૂતેલા હોય તો રેલ્વેનો કોઇપણ-નોકર જગાડી શકતો નથી. ૧ દિવસથી ત્રણ વર્ષ સુધીના બચ્ચાંને વગર ટીકીટે. અને ૩ થી ૧૨ સુધીનાને અડધી ટીકીટે મુસાફરી કરવા દેવામાં આવે છે. અને ૧૨વર્ષ સુધીના બચ્ચાંઓની ગાડીમાં પણ બેસી શકે છે. મુસાફરોએ એટલું ધ્યાન જરૂર રાખવું કે જ્યારે ટીકીટ લે-

વાચવામાં આવે કે તુરત વાંચી જોવી, અગર ન શીખેલાએ કોઇપાસે વંચાવી જોવી. કેમકે ભૂલથી બીજા સ્ટેશનોની ટીકીટો આપે નહીં તેમજ પૈસા વધારે લઇ શકે નહીં. રેલ્વે સ્ટેશનોપર દગાબાજ લોકો ઘણાં ફરતાં હોવાથી સાવચેત રહેવું. કેમકે તેઓ 'લાવો હું ટીકીટ લાવી આપું' કહી પૈસા લઇ જ્યાં જવું હોય ત્યાંની ટીકીટ નહીં લેતાં કોઇનજીકની ટીકીટ લાવી અને અભણ પટેલાઓને ફસાવે છે, તથા બાકીના પૈસા સ્વાહા કરી જાય છે. મુસાફરે ટીકીટ લીધી હોય, અને જગ્યા ન મલવાથી તે ટ્રેનમાં ન જવાય તો ત્રણ કલાકમાં સ્ટેશન માસ્તરને કહી પૈસા પાછા મેળવી શકે છે, અગર પછાડીની ગાડીમાં જઇ શકે છે. જે વર્ગની ટીકીટ લીધી હોય અને તે વર્ગમાં જગ્યા ન હોય, અને નીચલા વર્ગમાં જવું પડે તો બાકીના પૈસા પાછા મેલવાય છે, અગર ઉપલા દર્જાની ગાડીમાં જવું હોય તો વધારાના પૈસા આપી જઇ શકાય છે. આગગાડી ચાલતી હોય તે વખતે બારણું ઉઘાડવું એ જોખમ ભરેલું છે, તથા રેલ્વે ગુન્હામ ગણાય છે.

ટીકીટ ખરિદ્યાપછી કોઇપણ કારણને લીધે જઈ ન શકાય તો સ્ટેશન માસ્તરને તુર્ત ખબર આપી પૈસા પાછા મેળવી શકાય છે. જે સ્થળની ટીકીટ લીધી હોય અને તેથી અગાડી જવા મરજી થાય તો જવાને ઠેકાણે અગર તેથી પહેલાંના સ્ટેશને ગાર્ડને કહેવાથી જઇ શકાય છે, તથા તે નવી ટીકીટ મંગાવી આપે છે. જે વર્ગમાં જતા હોય અને થોડે ગયા પછી ઉપલા વર્ગમાં જવા વિચાર થાય, તે ગાર્ડને કહી બાકીનો વધારાનો ચાર્જ ભરી જઇ શકાય છે. દરેક વર્ગના મુસાફર પોતાની સફરમાં ૧૦૦-૧૦૦ માઇલને અંતરે મુકામ કરી શકે છે, તથા તેજ ટીકીટે જ્યાંની ટીકીટ હોય ત્યાં જઇ શકે છે.

જો કોઇ સ્ત્રી પોતાના ન્હાના બચ્ચાને લઇ મુસાફરી કરતી હોય, તો પોતા સાથે નીચલા વર્ગની ટીકીટથી એક નોકરડીને રાખી શકે છે. તેમજ કોઇ સીક માણુસ પણ સીવીલસરજ્યનના સરટીફીકેટથી નીચલા વર્ગની ટીકીટથી પોતા સાથે એક નોકર રાખી શકે છે. થર્ડ કલાસનો મુસાફર પોતા સાથે બંગાળી ૧૫ શેર, ઇન્ટરવાલા બિછાના અને ખોરાક શિવાય ૨૦ શેર, સેકન્ડ કલાસવાળો બીછાનું અને ખોરાક શિવાય ૩૦ શેર, ફસ્ટ કલાસવાળો બીછાનું અને ખોરાકશિવાય ૬૦ શેર વજન પોતા સાથે રાખી શકે છે. અને તેથી વધારે હોય તો બાકીનાનો ચાર્જ ભરી રાખી શકે છે.

જો આખી ગાડી અગર એક કમ્પાર્ટમેન્ટ રીઝર્વડ કરાવવો હોય તો કેટલી લાઇનોપર ૨૪ કલાક અગાડીથી, કેટલીકપર ૪૮ કલાક અગાડીથી, તથા કેટલીકપર ૭૨ કલાક અગાડીથી ખબર આપી કરાવી શકાય છે. એક આખો રીઝર્વડ કરાવનાર સફર રસ્તામાં કોઇ જગ્યાએ ગાડી રખાવવા માંગતો હોય તો રખાવી શકે છે, પણ તેનું ડેમેરજ કેટલી રેલ્વેમાં એક કલાકના ચાર આના તથા કેટલીકપર આઠ આના ભરવું પડે છે. તથા તે માટે ડબો રીઝર્વડ કરાવતી વખતે ગોઠવણ કરવી પડે છે. કેટલાંક સ્ટેશનોપર ટીકીટ ઓફીસ ગાડી ઉપડવા પહેલાં ૧૦ મિનિટ અગાડી. કેટલાંકપર ૫ મિનિટ અગાડી અને કેટલાંકપર ૨ મિનિટ અગાડીથી બંધ કરવામાં આવે છે.

જે સ્ટેશનોની ટીકીટ લીધી હોય અને ઉંઘી જવાથી અગર ગફલતીથી ત્યાં ઉતરવું ભૂલી અગાડી ચાલી જવાય તો, બાકીનો ડબલ ચાર્જ ભરવો પડે છે. પણ જો રેલ્વે કંપનીને ઠગવાને તેમ કરાવવામાં આવ્યું છે એમ જણાવવામાં આવે તો ગુન્હો

ગણાય છે. નીચલા વર્ગની ટીકીટથી ઉપલા વર્ગમાં ગાર્ડને કહ્યા વિના બેસવામાં આવે તો રેલ્વેને ઠગવાના આરોપમાં અવાય છે, અને દંડ ભરવો પડે છે. જો કોઇ પેસેંજર સ્ત્રીઓની ગાડીમાં જઇ બેસવાનું કરે, તો તેને પણ ગુન્હેગાર ઠરાવવામાં આવે છે, પણ સ્ત્રીઓ પુરૂષની ગાડીમાં બેસી શકે છે. કોઇ મુસાફર પોતાની ટીકીટનો નંબર, તારીખ, સ્ટેશનનું નામ વિગેરે છેકી ન વંચાય તેવું કરી નાખે તો તે પણ ગુન્હામાં ગણાય છે. કોઇ રેલ્વે નોકર પેસેંજરો સાથે સભ્યતાથી ન વર્તે, અગર ટંટો કરી હેરાન વિગેરે કરે તો તેને વાસ્તે મેનેજર અગર સુપ્રીન્ટેન્ડને અરજી કરી શકાય છે. પારસલોનો વખત રવિવાર શિવાય હમેશાં સવારના સાતથી સાંજના પાંચ વાગા સુધીનો હોય છે, પણ કેટલાંક મ્હોટા સ્ટેશનો પર રવિવારે પણ ફળ, શાક, પાન વિગેરેના પારસલો લેવાય છે, તથા કેટલેક તેવા પારસલો ટ્રેન ઉપડવાના અમુક કલાક પહેલાં પણ લેવાય છે.

કોઇ તેવો શખ્સ [illegible] હોય તેને મુસાફરી કરવા દેવી કે નહીં તે સ્ટેશન માસ્તરની મરજી પર છે. [illegible] તેવો કોઇ ચેપી રોગ હોય અને મુસાફરી કરતા [illegible] તેની [illegible] અને ગીરદી ડબામાં જેટલા માણસ બેસવાનો [illegible] હોય, અને ગાડીના [illegible] દંડ સુધીની શિક્ષા [illegible] તમાકુ [illegible] ડબામાં જો આજુબાજુના મુસાફરોની રજા વિના તમાકુ [illegible] આવે, કે જે મુસાફરો તેજ ડબામાં બેઠેલા હોય તો તેને રૂ. ૨૦ ના દંડ સુધીની શિક્ષા થાય છે. અગર કોઇ મુસાફરને રેલ્વે નોકર તમાકુ પીવા ના કહી જાય છતાં જો ન માને તો તેને ગાડીમાંથી ઉતારી મૂકવાને રેલ્વે નોકરોને સત્તા છે.

જો કોઇ મુસાફર રીટર્ન ટીકીટ વેચે, અગર વેચવાનો ઇરાદો કરે તો તેને વાસ્તે રૂા. ૫૦ નો દંડ છે, અને તે ટીકીટ લઇ મુસાફરી કરનારને તે ટીકીટ છતાં પણ નવું ભાડું કે જ્યાંથી મુસાફરી શરૂ કરી જ્યાં પૂરી કરવાની હોય ત્યાં સુધીનું આપવું પડે છે. જો કોઇ મુસાફર નીશો કરીને બેશે, અગર કોઇને ખરાબ શુકન કહે, અગર તકલીફ આપે, અગર બતી બુઝાવે, અગર કોઇ સ્ત્રી સાથે નિર્લજપણે વર્તે તો તેને રૂા. ૫૦ સુધીના દંડની શિક્ષા થાય છે. રેલ્વે નોકરોને કોઇપણ મુસાફરો પાસે ઇનામ માગવા અગર લેવાને સખત મનાઇ છે. નવી ગાડીઓમાં અકસ્માત વખતે રેલ્વે થોભાવવાસારૂ સાંકળો નાંખવામાં આવે છે, પણ જો મુસાફર વગર અકસ્માતે તે સાંકળનો ઉપયોગ કરે તો, રૂા. ૫૦ ના દંડને પાત્ર થાય છે.

આ શિવાયના બીજા ઘણા ધારાઓ દરેક રેલ્વેના જૂદા જૂદા હોય છે તે માટે રેલ્વે ટાઇમમાં પણ ફેર ફાર થાય છે તે માટે, ક્યાં ક્યાં રીફ્રેસમેન્ટ રૂમો, વેઇટીન્ગ રૂમો, અને ચા પાણી મલી શકશે તે માટે તથા કેટલો કેટલો વખત ટ્રેન ઉભી રહે છે તે વિગેરે જાણવા માટે અવશ્ય રેલ્વે ગાઇડ પાસે રાખવાથી યાત્રિને વધારે સુગમતા રહે છે.

સમાપ્ત

અકારાન્ત તીર્થોનું સૂચિ.

શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડમાંથી તૈયાર થયેલાં વેચવાનાં પુસ્તકોની યાદી.

	કિમ્મત.
૧ શ્રીવીતરાગસ્તોત્ર,—હેમચંદ્રાચાર્ય કૃત. શ્રીપ્રભાનંદસૂરિ કૃત ટીકા, અને વિશાલરાજકૃત અવચૂરિ સહિત.	૦—૮—૦
૨ શ્રીશ્રમણપ્રતિક્રમણસૂત્રવૃત્તિ—પૂર્વાચાર્ય કૃત.	૦—૨—૬
૩ શ્રીસ્યાદ્વાદભાષા—શ્રીમચ્છુભવિજય કૃત.	૦—૨—૬
૪ શ્રીપક્ખીસૂત્ર—શ્રીમદ્ યશોદેવ કૃત ખામણા, અને પાક્ષિકસૂત્ર પર ટીકા સહિત.	૦—૬—૦
૫ શ્રીઅધ્યાત્મમતપરીક્ષા—મહામહોપાધ્યાય શ્રીયશોવિજય કૃત ટીકા સહિત.	૦—૬—૦
૬ શ્રીષોડશક—શ્રીહરિભદ્રકૃત. શ્રીયશોભદ્રકૃત, અને યશોવિજયજી કૃત બન્ને ટીકાઓ સાથે.	૦—૬—૦
૭ શ્રીકલ્પસૂત્ર—વિનયવિજયોપાધ્યાય કૃત 'સુબોધિકા' સમેત.	૦—૧૨—૦
૮ વંદારુવૃત્તિ—દીવાળી પછી તૈયાર થશે.	—૬—૦

વેચાતી મળવાનું ઠેકાણું—

શા મગનલાલ વેલચંદ.

C/o શેઠ દેવચંદ લાલભાઈ ધર્મશાળા.

બડેખાં ચકલો, ગોપીપુરા સુરત.

દરેક જૈને અવશ્ય ખરીદવુંજ જોઈએ. એવું સારૂં અને એકનું
સ્વતંત્ર વિચારનું વર્તમાન પત્ર.

જૈન.

વાર્ષિક લવાજમ ટપાલ સાથે માત્ર રૂપિયા અઢી.
અધિપતિ—ભગુભાઇ ફતેહચંદ કારભારી.

આ પત્ર નવ વર્ષથી નીકળે છે. તે હવે ઘેર ઘેર વંચાતું છે. જે જૈન વસ્તી છે ત્યાંની ઝુંપડીમાંથી લઇ મહાન નગર શેઠના ત્યાં સુધી આનાઓને જાય છે, જાહેર પત્રો અને આપણા આગેવાનો તેઓ આનાએ વખાણ કરે છે. સેંકડો અભિપ્રાયોમાંથી માત્ર નીચે થોડા અભિપ્રાય તે માટે આપી આપશે.

Two well known Gujerati Weeklies--the Gujarati & th
JAIN. HINDUSTAN REVIEW.

That excellent weekly--the JAIN. THEJAINGAZETTE.

Mr. Bhagubhai is known amongst us more as an enterprizing than a successful JAIN Journalist.

MODERN REVIEW.

શેઠ લાલભાઈ દલપતભાઇ—તે (ભગુભાઇ) અમારી કોન્ફરન્સ સંબંધી સારો ભાગ લે છે. તેમનું જૈન પત્ર મારા વાંચવામાં આવે છે. તે પત્ર અમારી કોન્ફરન્સની સારી સેવા બજાવે છે.

મર્હુમ શેઠ ચીમનભાઈ નગીનદાશ—જૈન પત્ર મારા વાંચવામાં આવે છે.—અમારા પંથના અને કોન્ફરન્સ સંબંધીના વિષયો પોતાના પત્રમાં ચર્ચાવીને અમારા ધર્મની સેવા બજાવે છે.

" **જૈન** પત્રના અધિપતિએ અનેક લેખો લખીને જૈન કોમને જાગૃત કરવાની હામ બીડી છે. × × × જૈન પત્ર હજુ નિયમિત બહાર પડીને પોતાની ફરજ અદા કરે છે, તેનું કારણ તેના અધિપતી બાહોશ, હિંમતવાન, અને બુદ્ધિમાન છે. કોમની તેમના અંતઃકરણમાં દાઝ છે.

શિવબોધ ભા. ૨ પાનું ૧૩૧.× × "